# આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગ દર્શન

અને

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

卐

લેખક-વિવેચક :

ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા,

એમ. બી. બી. એસ.

# આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન

અને

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( આનંદઘનજીના દ્વિતીય-તૃતીય સ્તવનના
સવિસ્તર આશયસ્પર્શી વિવરણ ગર્ભિત )

લેખક : વિવેચક-
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા,
એમ. બી. બી. એસ.

પ્રકાશક-
રતનચંદ ખીમચંદ મોતીશા,
સી કૅસલ, ચોપાટી, મુંબઈ ૭

ૐ

આનંદઘન ચેતનમય મૂરતિ,
શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉં રે—શ્રી. આનંદઘનજી.

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.
બહિરાતમ તજ અંતર આતમ, રૂપ થઈ થિર ભાવ;
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ.
શ્રી. આનંદઘનજી.

મૂલ્ય : દોઢ રૂપીઓ

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦
સં. ૨૦૧૧ :: ઈ. સ. ૧૯૫૫
સર્વ હક્ક લેખકને સ્વાધીન

મુદ્રણ સ્થાન:
અંબાલાલ હીરાલાલ પટેલ,
એન. એમ. પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા, અમદાવાદ.

# समर्पण 'चतुष्पदी'

'ચંદ્રપ્રભુ મુખ ચંદ રે સખી દેખણ દે'—એ રાગ

જે આનંદઘન આનંદઘન વરષંતા રે,
સંત મયૂરો દર્શને હરષંતા રે;
તત્ત્વપિપાસુ ચાતકો તરષંતા રે,
જસ વચનામૃત પાનથી ઉલસંતા રે....જે આનંદઘન૦ ૧

જે આનંદઘન મહામુનીંદ્ર યતીંદ્રા રે,
નિર્ગ્રંથ વીતરાગ અવધૂત સંતા રે;
જાગતી જ્યોત જ્વલંત જે જોગીંદ્રા રે,
ભક્ત શિરોમણિ મહાગુરુ ભગવંતા રે....જે આનંદઘન૦ ૨

મહાઋષિ જે મહાગીતાર્થ મહંતે રે,
ગીત સંગીત આ દિવ્ય દૃષ્ટિવંતે રે;
ભક્તિ અમૃતરસ ભર્યું ગુણવંતું રે,
અમૃત પદદાયિ સદા જયવંતું રે....જે આનંદઘન૦ ૩

જશ ગાથા જસ 'અષ્ટપદી' જયવંતી રે,
ફરકાવી યશવિજયે વૈજયંતી રે;
તે આનંદઘન પદ ધર્યું ઉલ્લાસે રે,
ગ્રંથ નૈવેદ્ય એહ ભગવાન દાસે રે....જે આનંદઘન૦ ૪

ચૈત્ર વદી ૫, ૨૦૧૧ — ભગવાનદાસ

# વિશ્વવંદ્ય વીતરાગ દેવ

भवबीजाङ्कुरजनना रागाद्यः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥—શ્રીહેમચંદ્રાચાર્યજી.

सदाशिवः परंब्रह्म सिद्धात्मा तथातेति च ।
शब्दैस्तदुच्यतेऽन्वर्थादेकमेवैवमादिभिः ॥ —શ્રીહરિભદ્રાચાર્યજી.

ज्ञानलक्ष्मीघनाश्लेषप्रभवानन्दनन्दितम् ।
निष्ठितार्थमजं नौमि परमात्मानमव्ययम् ॥—શ્રીશુભચંદ્રાચાર્યજી.

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबंधवन्ध्यम्, तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥
—શ્રી મહાકવિ ધનપાલ.

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्, त्वं शङ्करोऽसि भुवनत्रयशंकरत्वात् ।
धाताऽसि धीर शिवमार्गविधेर्विधानात्, व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥
—શ્રી ભક્તામરસ્તોત્ર.

卐

શિવ શંકર જગદીશ્વરૂ રે, ચિદાનંદ ભગવાન;
જિન અરિહા તીર્થંકરૂ રે, જ્યોતિ સરૂપ અસમાન.
અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપતિ ન હોય.—શ્રી આનંદઘનજી.
પૂરણ બ્રહ્મ ને પૂર્ણાનંદી, દર્શન જ્ઞાન ચરણ રસ કંદી;
સકળ વિભાવ પ્રસંગ અફંદી, તેહ દેવ સમરસ મકરંદી.—શ્રી દેવચંદ્રજી.
કર્મ જિત્યાથી જિન છો જિષ્ણુ, સર્વજ્ઞ જ્ઞાને વ્યાપક વિષ્ણુ;
શંકર સહુનું શં કરવાથી, હરિ પુરુષોત્તમ અઘ હરવાથી.
સહજ સ્વરૂપે સ્વયં પ્રગટયાથી, બ્રહ્મ સ્વયંભૂ બુદ્ધ બુઝયાથી;
રામ તમે છો આતમરામી, સ્વામ તમે છો ચેતન સ્વામી.
—પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા.

# ભક્ત ગર્જના

દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયોરે, કુણ ગંજે નર ખેટ ? વિમલજિન.
તુજ મુજ અંતર અંતર ભાંજશે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે, આનંદઘન રસપૂર.
અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ ! નમો મુજ રે !
અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે.—આનંદઘનજી
ધ્યાયક ધ્યાન ધ્યેય ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીર નીર પેરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું.
કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગજવર સાથે રે.—યશોવિજયજી

એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી. × × આજનાં પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે. × × પ્રાપ્ત થયેલાં સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરૂં છઉં.

—શ્રીમદ્ રાજચંદ્રજી.

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.—પ્રીતમભક્ત
હવે સંપૂરણ સિદ્ધતણી શી વાર છે ?
દેવચંદ્ર જિનચંદ્ર પરમ આધાર છે....દીઠો સુવિધિ જિણંદ.
મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા ?
પ્રભુને ચરણ પસાય સેવક થયા નચિંતા.—શ્રી દેવચંદ્રજી.

# પ્રકાશકનું નિવેદન

ઘણા વખતથી હું તેમના કોઈ ગ્રંથનો પ્રકાશન લાભ મને મળે એવી માગણી **ડૉ. ભગવાનદાસભાઇ** પાસે કર્યા કરતો; મ્હારી આ માગણીને માન આપી તેઓએ આ ઉત્તમ ગ્રંથનો પ્રકાશનલાભ મને આપ્યો તેથી હું સંતોષની લાગણી અનુભવું છું. યોગદૃષ્ટિસમુચ્ચય મહાટીકા (વિવેચન), યોગદૃષ્ટિ કળશકાવ્ય, પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા વગેરે મહાગ્રંથોના કર્ત્તા તરીકે **ડૉ. ભગવાનદાસભાઇ**ની કીર્તિસુવાસ તો ફેલાયેલી જ છે, તેમાં આ ગ્રંથથી ઓર ઉમેરો થાય છે. વિદ્વાન્ લેખકે જેમાં આનંદઘનજીના બીજા-ત્રીજા સ્તવન પર એકેક ગ્રંથ લખવા જેટલો અથાગ નિઃસ્વાર્થ પરિશ્રમ લીધો છે, એવા આ શુદ્ધ લોકોપકારી ગ્રંથનું પ્રકાશન કરતાં મને ઘણો આનંદ થાય છે.

૨૨-૪-૫૫

૧૧, સી કૅસલ
ચોપાટી,
મુંબઇ ૭

રતનચંદ ખીમચંદ મોતીશા

# પ્રસ્તાવના

અબ હમ અમર ભયે ન મરેંગે....અબ૦
યા કારણુ મિથ્યાત દિયો તજ,
ક્યું કર દેહ ધરેંગે ?....અબ૦

**—શ્રી આનંદઘનજી**

—આ અમરં શબ્દોમાં નિજ આત્માની પરમ ધન્ય અમરતા સંગીત કરનાર મહાગીતાર્થ **મહર્ષિ આનંદઘનજી** અપૂર્વ ભક્તિરસામૃતથી સંભૃત સ્તવનોનું દિવ્ય સંગીત લલકારી ગયા છે. તે પૈકી બીજું સ્તવન જે છ કડી માત્ર પ્રમાણ છે, તેનો પરમાર્થ આશય પરિસ્ફુટ કરવા માટે અત્રે આ લેખકે '**આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગ દર્શન**' એ ગ્રંથ લખ્યો છે; અને ત્રીજું સ્તવન જે પણ છ કડી માત્ર પ્રમાણ છે, તેનો આશય સમજવા માટે '**પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા**' એ બીજો ગ્રંથ લખ્યો છે. આ બન્ને ગ્રંથ આ એક ગ્રંથમાં સમાવિષ્ટપણે અત્રે સુજ્ઞ વાંચકની દૃષ્ટિ સન્મુખ સમુપસ્થિત થાય છે.

## આનંદઘનજીનો દિવ્ય ધ્વનિ

આ ભક્તિરસ સંભૃત સ્તવનોમાં શ્રુત થતો દિવ્ય ધ્વનિ શ્રી **આનંદઘનજી**ના અંતરાત્માનો નાદ છે. એમાં પદે પદે નિર્ઝરતી પરા ભક્તિ એમના પરમ ભક્ત હૃદયનું પ્રતિબિંબ પાડનારું દર્પણ છે. આ અક્ષરદેહમાં એમનો અક્ષર આત્મા અક્ષરપણે રહ્યો છે. 'જેની યશસ્કાયમાં જરા-મરણજન્ય ભય

લાગતો નથી એવા સુકૃતી કવિઓ જયવંત છે ’ ×‘ **नास्ति येषां यशःकाये जरामरणजं भयं** ’ એ **ભર્તૃહરિની** ઉક્તિ આ સંત કવિની અમૃત વાણીના સંબંધમાં અક્ષરશઃ સાચી પડે છે.

દિવ્ય નયનથી પરમાર્થમય જિનમાર્ગનું દર્શન કરી, આ દિવ્ય દ્રષ્ટાએ પોતાના સંગીતમય દિવ્ય ધ્વનિથી આ દિવ્ય જિનમાર્ગનું આપણને દર્શન કરાવ્યું છે. આ દિવ્ય ધ્વનિ એટલી બધી અમૃત–માધુરીથી ભર્યો છે કે તેનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. શાંતસુધારસ જલનિધિ એવો આ દિવ્ય નાદ અખૂટ રસવાળો અક્ષયનિધિ છે. ‘ ક્ષણે ક્ષણે નવીનતા પામે, તે સુંદરતા ’ **क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः**—એવું કવિ **કાલિદાસે** કહેલું સૌંદર્ય-લક્ષણ આ સત્ કવિના કાવ્યમાં પ્રત્યક્ષ પ્રતીત થાય છે. એકેક સ્તવનની રજૂઆત કરવામાં ગૂઢ પશ્ચાદ્ભૂમિકારૂપ નેપથ્યવાળી અદ્ભુત નાટકીય રીતિ ( Dramatic style ) એમની અપૂર્વ નૈસર્ગિક કવિત્વશક્તિનો આપણને પરિચય આપે છે. સુશ્લિષ્ટ સુશિષ્ટ અને સુમિષ્ટ શૈલીથી ઉત્તમ કલામય રીતે સુંદર શબ્દચિત્રમાં ગુંથેલ એકેક સ્તુતિગ્રંથ આ મહા નિર્ગ્રંથ મુનીશ્વરનું અદ્ભુત ગ્રંથનિર્માણકૌશલ્ય દાખવે છે.

તેઓ અધ્યાત્મ માર્ગમાં અતિ ઉચ્ચ દશાને પામેલા ‘ જ્ઞાની ’ પુરુષ હતા, તે તેમના વચનોથી સુપ્રતીત થાય છે.

---

× “ *जयन्ति सुकृतिनो ते रससिद्धाः कवीश्वराः ।*
नास्ति येषां यशःकाये जरामरणजं भयं ॥ ” —**શ્રી ભર્તૃહરિ.**

**આનંદઘનજીની અમૃત વાણી**

પરમ ભક્તિભાવ નિર્ભર, ચૈતન્ય-રસની છોળો ઉછાળતા એમનાં સ્તવનો તો આત્માનુભવના પરમ પરિપાકરૂપ હોઈ, વાંચતાં કે સાંભળતાં, કોઈ અદ્‌ભુત આહ્‌લાદ આપે છે, મનનો થાક ઉતારી નાંખી પરમ ચિત્તપ્રસન્નતા અર્પે છે. તે વચનામૃતોમાં એવા તો અદ્‌ભુત માધુર્ય, પ્રાસાદ, ઓજસ્, ને ધ્વનિ ભર્યાં છે, એવું તો ઉચ્ચ ચૈતન્યવંતું કવિત્વ ભર્યું છે, કે તેનો રસાસ્વાદ લેતાં આત્મા જાણે તૃપ્ત થતો નથી. મોટા મોટા પંડિતોના વાગાડંબરભર્યા શાસ્ત્રાર્થોથી, કે મોટા મોટા વ્યાખ્યાન-ધરા ધ્રૂજાવનારા વાચસ્પતિઓના વ્યાખ્યાનોથી અનંતગુણો આનંદ અને બોધ, શ્રીમાન્ **આનંદઘનજી**ની એકાદ સીધી, સાદી, સચોટ ને સ્વયંભૂ વચનપંક્તિથી ઉપજે છે.

**આશયગંભીરતા**

વળી શ્રી આનંદઘનજીનો 'આશય' તો એટલો બધો પરમાર્થગંભીર છે કે સાગરની જેમ તેનું માપ કાઢવું કે તાગ લેવો તે અશક્ય વસ્તુ છે, કારણ કે તેમના એકેક વચન પાછળ અગાધ શાસ્ત્રજ્ઞાન ને અનન્ય તત્ત્વ-ચિંતન ઉપરાંત ઉત્તમ આત્માનુભવરૂપ સામર્થ્યયોગનું સમર્થ પીઠબળ રહ્યું છે. એટલે આવા ઉચ્ચ યોગદશાને પામેલા—ઉત્તમ ગુણસ્થાનસ્થિતિને પામેલા મહાત્માની કૃતિનો આશય યથાર્થપણે અવગાહી પ્રગટ કરવો, તે તો તેમના જેવી ઉચ્ચ આત્મદશાને પ્રાપ્ત થયેલા મહાત્મા યોગીશ્વરોનું કામ છે. તેઓ જ તેને યથાયોગ્ય ન્યાય આપી શકે, તેઓ જ તેનું

યથાયોગ્ય મૂલ્યાંકન કરી શકે. સાચા રત્નની **પરીક્ષા** નિપુણ રત્નપરીક્ષક જ કરી શકે. જેમકે—તેમના આશયનું તલસ્પર્શી અવગાહન કરી સમર્થ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ,** શ્રી આનંદઘનજીના પ્રથમ સ્તવનનો પરમ સુંદર અદ્ભુત પરમાર્થ પ્રગટ કર્યો છે અને તેમની પરમાર્થગંભીરતાની ઝાંખી કરાવી છે. (જુઓ આ ગ્રંથનું પરિશિષ્ટ) પણ દુર્ભાગ્યે તેઓશ્રીએ માત્ર એક જ સ્તવનનું વિવેચન કરેલું હોઈ, આપણે તેના વિશેષ લાભથી વંચિત રહ્યા છીએ. **મહામુનિ દેવચંદ્રજીએ** યથાર્થ જ કહ્યું છે કે—

**" તેહ જ એહનો જાણગ ભોક્તા,**
**જે તુમ સમ ગુણરાયજી. "**

આવા ઘન (નક્કર) આનંદ આપનારા અને આનંદના ઘન (મેઘ) વર્ષાવનારા યથાર્થનામા **આનંદઘનજીનું** એકેક

**અદ્ભુત સમાસશક્તિ**

સ્તવન—પદ તીવ્ર આત્મસંવેદનમય અંતરોદ્ગારરૂપ હોઇ પરમ આશય-ગંભીર છે. તે આશય યથાર્થપણે સમજવા—સમજાવવા માટે **શ્રીમદ્ રાજચંદ્રજી** જેવા પરમ જ્ઞાની યોગીશ્વર જ જોઇએ. ઈતર સામાન્ય જનને માટે તો તે આશયનો અનંતમો ભાગ પણ સમજવો—સમજાવવો કઠિન છે; તેને તો તે આશયની કંઇક સપાટી માત્ર હાથ લાગે, *ઉપલક ભૂમિકા માત્ર સ્પર્શવામાં આવે, સૂક્ષ્મ વિચારણારૂપ* ઊંડી અવગાહના વિના તેના અગાધ ઊંડાણનો ખ્યાલ આવે નહિં. એટલે સંક્ષેપથી કે વિસ્તારથી આ સ્તવનાવલી પર વિશદ વિચારણામય વિવેચનનું વિશાલ ક્ષેત્ર ખુલ્લું પડ્યું છે.

આ અંગે દીર્ઘ અભ્યાસપૂર્વક વિવિધ દૃષ્ટિએ જેટલો ઊહાપોહ–સૂક્ષ્મ વિચાર થાય, જેટલો અર્થવિસ્તાર થાય તેટલો ઓછો છે; કારણ કે **શ્રી હરિભદ્રાચાર્યજી** તથા **શ્રીમદ્ રાજચંદ્રજી**ની જેમ અદ્ભુત સમાસશક્તિથી **શ્રી આનંદઘનજી**એ બિન્દુમાં પ્રવચનસિંધુ સમાવ્યો છે.

> " પ્રવચન સમુદ્ર બિન્દુમાં, ઉલસી આવે જેમ;
> ચૌદ પૂર્વની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. "
>
> —**શ્રીમદ્ રાજચંદ્રજી.**

> " એક બુંદ જલસે ઉપના, શ્રુત સાગર વિસતારા;
> ધન્ય જીનોને ઉલટ ઉદધિકું, એક બુંદમેં ડારા. "
>
> —**શ્રી ચિદાનંદજી.**

## ગ્રંથ વસ્તુ દિગ્દર્શન

એટલે આવા આશયગંભીર પ્રવચનસિંધુમાંથી અર્થરત્નો ખોળી કાઢવાનું કામ ઊંડી વિચાર–ડૂબકી મારનારા અવગાહક વિવેચકોનું છે. એટલે કે આ સ્તવનોનો પરમાર્થ ઉકેલવામાં ઘણી ઘણી વિશદ વિશેષ વિચારણાનો અવકાશ છે; સુગ્રથિત એવા આ એકેક સ્તવન–ગ્રંથ પર એકેક ગ્રંથ લખી શકાય એવો વિશાલ પરમાર્થ તેમાં સમાયેલો છે; તે તે સ્તવનની વિવિધ શ્રુત–અનુભવમય પશ્ચાદ્ભૂમિકા ( Back-ground ) સમજ્યા–સમજાવ્યા વિના એની ખરી ખૂબી માલમ પડે એમ નથી. અને એટલા માટે જ એના દિગ્દર્શનાર્થે આ

**વિવેચકોનું વિશાલ ક્ષેત્રઃ એકેક સ્તવન પર એકેક ગ્રંથ**

લેખક-વિવેચકે આનંદઘનજીના બીજા અને ત્રીજા સ્તવન પર એકેક ગ્રંથ લખવાનો આ સ્વલ્પ પ્રયત્ન કર્યો છે.

**છપાઈ ગયેલ લેખમાળા ગ્રંથાકારે**

તેમાં-દ્વિતીય સ્તવનના વિવેચન ગર્ભિત '**આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગ દર્શન**' એ શીર્ષક સંવાદાત્મક શૈલીથી લખેલો પ્રથમ ગ્રંથ, અને તૃતીય સ્તવનના વિવરણરૂપ '**પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા**' એ શીર્ષક સળંગ વિવેચનાત્મક શૈલીથી લખેલો દ્વિતીય ગ્રંથ,—એ બન્ને ગ્રંથ આ લેખકે '**શ્રી જૈનધર્મ પ્રકાશ**' માસિકમાં (સં. ૨૦૦૦ થી ૨૦૦૮) અગાઉ લેખમાળારૂપે લખેલ હતા. પ્રસ્તુત માસિકમાં ક્રમશઃ બાવીશ બાવીશ લેખાંકોમાં છપાઈ ગયેલ આ બન્ને લેખમાળા અત્રે ગ્રંથાકારે રજૂ થાય છે.

**આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગ દર્શન**

'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે' એ પરમ ભાવવાહી પંક્તિથી શરૂ થતું બીજા અજિત જિનનું સ્તવન **આનંદઘનજી**ના અદ્ભુત આત્મ-સંવેદનમય અંતરોદ્ગારરૂપ હોઈ, પરમ આશયગંભીર છે. તે આશયનો અનંતમો ભાગ પણ સમજાવવો કઠિન છે. તો પણ યથાશક્તિ-યથામતિ સામાન્ય દૃષ્ટિએ જે કંઈ આશયની સપાટી માત્ર હાથ લાગી, ઉપલક ભૂમિકા માત્ર સ્પર્શવામાં આવી, તે આ લેખકે **આનંદઘનજી**ને જાણે જીવંત કલ્પીને અત્રે જિજ્ઞાસુ પથિક અને યોગિરાજના

સંવાદરૂપે રજૂ કરી છે, અને આ જાણે આધ્યાત્મિક પંચાંકી ભાવનાટક હોય એમ આ સંવાદને પંચ દશ્યમાં નિબદ્ધ કરેલ છે.

**પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા**

તેમજ—'સંભવ દેવ તે ધુર સેવો સવે રે'—એ ધ્રુવપંક્તિથી પ્રારંભાતું ત્રીજું સ્તવન પ્રભુસેવાની પ્રથમ ભૂમિકાનું હાર્દ પ્રગટ કરતું હોઈ, તેવું જ પરમ આશયગંભીર છે. તે આશયનું યત્કિંચિત અવગાહન કરાવતું સળંગ વિવેચન આલેખતાં આ લેખકે અભય-અદ્વેષ-અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકાની અને તદંતર્ગત ચરમાવર્ત્ત ચરમકરણ યોગદૃષ્ટિ આદિ વિવિધ તાત્વિક વિષયોની અત્ર શાસ્ત્રીય મીમાંસા કરી છે, અને વિષયની વિશદતા તથા વાંચકની સુગમતાર્થે આ વિવેચનને નવ પરિચ્છેદમાં પ્રવિભક્ત કરેલ છે.

આમ સામાન્યપણે આ બન્ને ગ્રંથની વસ્તુનું દિગ્દર્શન છે. વિશેષ તો આ ગ્રંથની વિષયાનુક્રમણિકા પ્રત્યે દૃષ્ટિપાત કરતાં વિવેકી વિચારકને સ્વયં જ્ઞાત થશે. એટલે અત્રે ચર્ચિત વિવિધ તત્ત્વવિષયોના વિશેષ વર્ણનથી તત્ત્વરસિક વાંચકના રસપ્રવાહની આડે નહિં આવતાં, તેમાં સીધું નિમજ્જન કરવાનું તેમને સપ્રેમ આહ્વાન કરૂં છું.

## આભાર : ઉપસંહાર

આ ગ્રંથના પ્રકાશનનું શ્રેય પોતાને પ્રાપ્ત થાય એવી પરમાર્થસ્નેહી **શ્રી રતનચંદભાઇ મોતીશાએ** આગ્રહભરી ભાવના વ્યક્ત કરી, અને તેનો મેં સાભાર સહર્ષ

સ્વીકાર કર્યો,-જેના ફળપરિપાકરૂપે આ ગ્રંથ વિવેકી વાંચકના કરકમળમાં આવે છે. સુપ્રસિદ્ધ 'મોતીશા' કુલની ધર્મ-ભાવનાને અનુરૂપપણે **શ્રી રતનચંદભાઇએ** જે ભક્તિભાવથી આ ગ્રંથનું પ્રકાશન શ્રેય હાંસલ કરવાનો ઉલ્લાસ દાખવ્યો છે, (અને તે પણ જ્ઞાન પ્રભાવનાર્થે પડતર કરતાં ઘણા ઓછા મૂલ્યે) તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદ ઘટે છે.

અત્રે પ્રેસની ગોઠવણ અંગે પરમાર્થસ્નેહી શ્રી મનસુખલાલભાઇ તારાચંદ મહેતા તથા શ્રી ચંદુલાલભાઇ ગુલાબચંદ મહેતાએ મિત્રભાવે સદ્ભાવથી લીધેલ શ્રમ માટે આભાર વ્યક્ત કરૂં છું.

અત્રે છેવટે એટલું જ ઉમેરવાનું કે—આ બન્ને ગ્રંથોમાં પ્રકૃતોપયોગી (Relevant) અનેકાનેક તત્ત્વવાર્ત્તા આ લેખકે ઉપન્યસ્ત કરી છે, અને તેને યથાસંભવ યથાસ્થાને વિનિયોજિત ***આનંદઘનજીના*** *વચનામૃતથી અને શાસ્ત્રા*-ધારથી સર્વત્ર સમર્થિત કરી છે. છતાં આવા ગહન વિષયમાં,— શુદ્ધ સમાજહિતદૃષ્ટિથી જે મહાગીતાર્થ **મહર્ષિ આનંદઘનજીએ** પોકાર્યું છે, લલકાર્યું છે, તેનો તેવી જ એકાંત શુદ્ધ સમાજહિતદૃષ્ટિથી આશય વિસ્તારતાં,-જો કાંઈ અસમંજસ વા આશયફેર જેવું જણાય, અથવા જાણ્યે અજાણ્યે ક્વચિત્ કિંચિત્ ક્ષતિ વા સ્ખલના જેવું ભાસે, તો તે આ મંદમતિ લેખક-વિવેચકનો જ દોષ છે એમ સુજ્ઞ સજ્જન મહાજને વિચારવું; અને દૂધમાંથી પોરા કાઢવાની કળામાં કુશળ કાકદૃષ્ટિ તો દોષદર્શનવિશારદ દુર્જન મહાશયો માટે અનામત રહેવા દઈ હંસદૃષ્ટિ રાખી ક્ષન્તવ્ય

ગણવું. છેવટમાં જે યોગદૃષ્ટિ કળશકાવ્યમાં વિજ્ઞાપ્યું છે, તે જ અત્ર નમ્રપણે વિજ્ઞાપું છું—

ગુણો જે કૈં 'હ્યાં તે સકલ ગણજો સંત જનના,
અને દોષો કૈં તે સકલ પણ હું પામર તણા;
કરી દોષો દૂરે સુગુણ ચરજો હંસ સુમતિ !
અમી દૃષ્ટિ ધારી સુણો જ ભગવાનદાસ વિનતિ.

૫-૪-૫૫
ચૈત્ર શુ. ૧૩, ૨૦૧૧
૫, ચોપાટી રોડ,
મુંબઇ ૭

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ. બી. બી. એસ.

# ભક્તિ સૂક્તો

ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.
મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર.—શ્રી આનંદઘનજી
જ્ઞાન વૈરાગ્યનો દેહ ધર્યો રે, માંહી જોગપણાનો છે જીવ;
ભક્તિ આભૂષણ પેરિયાં રે, એવો કોઈ સેવક શિવ.—શ્રી અખાભક્ત
સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સા. મુજ મન મંદિર માંહી, આવે જો અરિબલ ઝીપતો હો લાલ.
સા. મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જળહળે હો લાલ.
સા. ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચળે હો.—શ્રી યશોવિજયજી
શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળ પંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો ! ભજિને ભગવંત ભવંત લહો.
સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ ધ્યાન મહીં;
પર શાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિં કાંઇ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ.—શ્રીમદ્ રાજચંદ્રજી
ધરતીકા કાગજ કરૂં, કલમ કરૂં વનરાય;
સાત સમુદ્રકા શાહી કરૂં, પ્રભુગુણ લિખા ન જાય.—સંત કબીરજી
બાધકતા પલટાવવા રે લાલ, નાથ ભક્તિ આધાર રે;
પ્રભુ ગુણરંગી ચેતનારે લાલ, એહી જ જીવન સાર રે.
દેવચંદ્ર પ્રભુની હો કે પુણ્યે ભક્તિ સધે,
આતમ અનુભવની હો કે નિત નિત શક્તિ વધે.
ભલું થયું મેં પ્રભુગુણ ગાયા, રસનાનો ફળ લીધો રે;
દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકલ મનોરથ સીધો રે.—શ્રી દેવચંદ્રજી.

# ઉપોદ્‌ઘાત

## I. મહામુનીશ્વર મહર્ષિ આનંદઘનજી

રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવરી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી.
નિજ પદ રમે રામ સો કહિયે, રહિમ કરે રહેમાનરી;
કરસે કર્મ કાન સો કહિયે, મહાદેવ નિર્વાણરી.
પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મરી;
ઈહવિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિઃકર્મરી.

**—શ્રી આનન્દઘનજી.**

**'અવધૂ નિર્પક્ષ વિરલા કોઇ'**

ભારતવર્ષમાં મત-સંપ્રદાયથી પર એવા જે ગણ્યા-ગાંઠયા 'નિર્પક્ષ વિરલા કોઈ' સાચા સંત પુરુષો થયા છે, તેમાં **શ્રી આનંદઘનજી** કોઇ અનેરી ભાત પાડનારા વિલક્ષણ સંત 'અવધૂત' થઈ ગયા જે વિરલ જ્યોતિર્ધર મહાપુરુષો જિનશાસન-ગગનને અલંકૃત કરી ગયા છે, તેમા **શ્રીમાન્ આનંદઘનજી** કોઇ વિશિષ્ટ કોટિના જાગતી જ્યોત જેવા સમર્થ જ્યોતિર્ધર પ્રકાશી રહ્યા છે. આચાર્યોના આચાર્ય અને ગુરુઓના ગુરુ એવા આ પરમ જ્ઞાની મહાત્મા જિનમાર્ગના પરમ રહસ્યજ્ઞાતા અને સાચા પ્રભાવક પુરુષ થયા છે.

મહાત્મા **આનંદઘનજી** ૧૭મી સદીના અંત અને ૧૮મીના પ્રારંભ ભાગમાં વિદ્યમાન હતા, એ એમના સમકાલીન **યશોવિજયજી** આદિની સમયમર્યાદા પરથી જણાય છે. આ મહાપુરુષનો જન્મ ક્યાં થયો? એમના માતા–પિતા કોણ? એમણે દીક્ષા ક્યારે લીધી? એમના વિશિષ્ટ જીવનપ્રસંગો ક્યા? ઈત્યાદિ બા. આપણને કંઇ માહીતી ઉપલબ્ધ નથી. આ બધું ગમે તેમ હો, પણ આ વીતરાગ મુનીશ્વર અંગે આ એમના જ અમર શબ્દો આપણે યથાર્થપણે ગાઇ શકીએ એમ છે:—

**'મુનિજન માનસ હંસ' ધન્ય આનંદઘન!**

" નિર્મળ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિ જન માનસ હંસ;
ધન્ય તે નગરી રે ધન્ય વેળા ઘડી, માતપિતા કુલ વંશ. "

'મેરે માત આનંદઘન, તાત આનંદઘન' એમ લલકારનારા આ સ્વદેહમાં પણ નિર્મમ વીતરાગ મુનીશ્વરે પોતા સંબંધી કંઇ ઉલ્લેખ કર્યો નથી. માત્ર આપણે એટલું જાણી શકીએ છીએ કે તેમનું નામ 'લાભવિજય' અથવા 'લાભનંદ' હતું. તેમનો સિદ્ધાંત બોધ તીવ્ર હતો, અને તેમની શાસનદાઝ અનન્ય હતી, એ તેમના સંવેદનમય અંતરોદ્ગાર પરથી પ્રતીત થાય છે. 'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે,' 'ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં,' ઇત્યાદિ સ્થળોએ વ્યક્ત થતો ગર્ભિત ધ્વનિ આની સાક્ષી પૂરે છે. એમને ભગવાન જિનેશ્વરના અધ્યાત્મમય પરમાર્થ માર્ગની પરમ પ્રીત–પ્રતીત જાગી હતી, અનન્ય ભક્તિ

ઉપજી હતી; દિવ્ય યોગદૃષ્ટિથી તે વીતરાગ પરમાત્માના સર્વાંગસુંદર મૂળ માર્ગનું વિશિષ્ટ આત્માનુભવમય સમ્યગ્ દર્શન થયું હતું. પણ તે માર્ગને વર્ત્તમાનમાં 'ચરમ નયણ કરી મારગ જોવતા' ભૂલેલા લોકની માર્ગભ્રષ્ટ કરુણ દશા દેખી તેમનું સંત હૃદય દ્રવી ઊઠયું હતું.

**માર્ગની વર્તમાન સ્થિતિથી પરમાર્થ ખેદ**

તેમણે પોતાની દિવ્ય દૃષ્ટિથી જિનમાર્ગની વર્ત્તમાન પરિસ્થિતિ નિહાળી તો આંધળાની પાછળ આંધળાની હાર દોડી જતી હોય એવી સ્થિતિ પ્રાયે હતી. નાના પ્રકારના તુચ્છ ક્ષુદ્ર નિર્જીવ મતભેદોમાં, ગચ્છ કદાગ્રહોમાં, સંકુચિત વાડાઓમાં, મત-પંથના ઝઘડાઓમાં રચ્યા પચ્યા રહેલા બહિર્દૃષ્ટિ લોકો એક અખંડ જિનશાસનને ખંડખંડ કરી રહ્યા હતા. અહો ! કેવો સુંદર સરસ નિર્મલ માર્ગ ! પણ અહીં બ્હાર નજર ફેરવી તો તેની આસપાસ અનંત જાળાં બાઝી ગયા હતા, અનંત થર જામી ગયા હતા, કદાગ્રહી જનોએ દૃઢમૂલ કરેલા આગ્રહોના પોપડા વજ્રલેપ બન્યા હતા, ભગવાનના મૂળ પરમાર્થમાર્ગનું ભાન પ્રાય: કયાંય દેખાતું ન્હોતું, માત્ર પાંદડા કે ડાંખળા પકડીને લોકો કૃતકૃત્યતા માની બેઠા હતા ! એક બાજુ તુચ્છ ગચ્છભેદોમાં ઈતિકર્ત્તવ્યતા માનનારાઓ બીજી બાજુ તત્ત્વની વાતો કરતાં લાજતા ન્હોતા ! ચારેકોર કલિકાલનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું ! આવી વિષમ સ્થિતિ નિહાળી તેમના આત્મામાં સ્વાભાવિક સંક્ષોભ થયો, તીવ્ર ખેદનું સંવેદન થયું, અને તેથી જ તેમના આવા અંતરોદ્ગાર નીકળી પડયા છે કે:—

"ચરમ નયણુ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર."

" ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે!
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકા,
મોહ નડિયા કલિકાલ રાજે...."

" પુરુષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધોઅંધ પલાય...પંથડો૦" —ઇત્યાદિ.

એટલે આવી સાચી અંતરંગ શાસનદાઝથી પ્રેરિત થઈ એમણે સ્વ-પર હિતરૂપ લોકોપકાર પ્રવૃત્તિ શરૂ કરી,

**લોકોપકાર પ્રવૃત્તિ : અજ્ઞાત અસંગ વાસ**

ભગવાનના મૂળ પરમાર્થમાર્ગ પ્રત્યે લોકોને વાળવા પુરુષાર્થ આદર્યો, પણ લોકો તેમના તે દિવ્ય સંદેશને ઝીલી શકવા અસમર્થ હતા-તૈયાર ન્હોતા. તેઓ પરમ ઉપકારી **આનંદઘનજીને** ઓળખી શકયા નહિં. એટલે આત્માર્થ વણસે છે અને લોકહિત પણ કાર્યકારી થતું નથી, એમ સમજી 'કાળલબ્ધિ'ની ગવેષણા કરી પોતે વનમાં ચાલ્યા ગયા, અને પ્રાય: અજ્ઞાત રહી અસંગ નિર્ગ્રંથ અવધૂત દશામાં વિચરવા લાગ્યા.

" કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી! જાણજો રે, આનંદઘન મત અંબ."
—આનંદઘનજી.

આમ લોકસંગ ત્યજી વનવાસી થયેલા **આનંદઘનજીના** જીવન સંબંધી કિંવદંતીઓ શિવાય વિશેષ માહીતી આપણને મળતી નથી. પણ એટલી વાત તો

**આનંદઘનજીનો અસાધારણ આત્મપુરુષાર્થ**

સુનિશ્ચિત છે કે આ અવસ્થામાં તેમણે અદ્ભુત આધ્યાત્મિક પ્રગતિ સાધી હતી, મોક્ષસાધક યોગ માર્ગે અસાધારણ પુરુષાર્થ વેગથી–સંવેગથી તેઓ આગળ ધપી રહ્યા હતા. 'સેંગૂ કોઈ ન સાથ'–સાથે કોઇ સોબતી વિના એકાકી વિચરતા આ પુરુષસિંહ 'ઘાતી ડુંગર આડા અતિ ઘણા'ની પરવાહ કર્યા વગર 'ધીઠાઇ કરી માર્ગે સંચરી' રહ્યા હતા.

" ઘાતી ડુંગર આડા અતિ ઘણા,
તુજ દરિશણ જગનાથ !
ધીઠાઇ કરી મારગ સંચરું,
સેંગૂ કોઈ ન સાથ....
અભિનંદન જિન દરિશણ તરસિયે. "

–ઇત્યાદિ વચન તેની સાક્ષી પૂરે છે.

**નિષ્કારણ કરુણાથી લોકાનુગ્રહ**

ધર્મધુરંધર **યશોવિજયજી** તેમના સમાગમમાં આવ્યા હતા, તેમણે આપેલા પરિચય પરથી એ અવધૂત મહાત્મા **આનંદઘનજીની** અપૂર્વ મસ્ત દશાની આપણને કંઈક ઝાંખી થાય છે. આ પ્રસંગ અલગ ચર્ચ્યો છે. વનમાં રહ્યા છતાં પણ પરોક્ષ રહી **યોગિરાજ આનંદઘનજી** લોકોપકાર તો કરતા જ ગયા. આ સ્તવનાવલી તથા પદાવલી એ પોતાના અનુભવની આરસી જેવી અનુપમ કૃતિઓ રચી, તેઓ નિષ્કારણ

કરુણાથી લોકાનુગ્રહનું પરમ ઉપકારકાર્ય કરી ગયા; અને આવી પરિપકવ અનુભવ પ્રસાદીમાંથી પ્રવહતી અમૃતરસ સરિતામાં નિમજ્જન કરવાનો સર્વ મુમુક્ષુઓને સાચો 'ધર્મલાભ' આપતા ગયા. આ અંગે પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** ભવ્ય ભાવાંજલિ અર્પી છે કે—

**આનંદઘનજીને શ્રીમદ્ રાજચંદ્રજીની ભવ્ય ભાવાંજલિ**

" શ્રી **આનંદઘનજીએ** સ્વપરહિત બુદ્ધિથી લોકોપકાર પ્રવૃત્તિ શરૂ કરી. આ મુખ્ય પ્રવૃત્તિમાં આત્મહિત ગૌણ કર્યું, પણ વીતરાગધર્મવિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઇ હતી કે લોકો ધર્મને કે **આનંદઘનજીને** પિછાણી ન શક્યાં, ઓળખી ન શક્યાં. પરિણામે શ્રી આનંદઘનજીને લાગ્યું કે પ્રબળ વ્યાપી ગયેલી વિષમતા યોગે લોકોપકાર, પરમાર્થપ્રકાશ કારગત થતો નથી, અને આત્મહિત ગૌણ થઇ તેમાં બાધા આવે છે, માટે આત્મહિતને મુખ્ય કરી તેમાં પ્રવર્ત્તવું યોગ્ય છે. આવી વિચારણાને પરિણામે તે લોકસંગ તજી દઇ વનમાં ચાલી નીકળ્યા. વનમાં વિચરતાં છતાં અપ્રગટપણે રહી ચોવીશી-પદ આદિ વડે લોકોપકાર તો કરી ગયા. નિષ્કારણ લોકોપકાર એ મહાપુરુષોનો ધર્મ છે. પ્રગટપણે લોકો આનંદઘનજીને ઓળખી ન શક્યાં, પણ આનંદઘનજી અપ્રગટ રહી તેમનું હિત કરતા ગયા. "

**શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૮૦૭.**

# ૧. આનંદઘનજી અને યશોવિજયજી

શ્રી **આનંદઘનજી** અને **યશોવિજયજી** સમકાલીન હતા; અને બંનેનો પરમાર્થ સંબંધ ઘનિષ્ઠ હતો.

**મહાપુરુષરત્ન આનંદઘન અને રત્નપરીક્ષક યશોવિજય**

'ઉપાધ્યાયજી' નામથી સુપ્રસિદ્ધ અને પરમ પ્રમાણભૂત ગણાતા યશોવિજયજીનો શ્રી **આનંદઘનજી** સાથેનો દર્શન-સમાગમ એ એમના જીવનની એક ક્રાંતિકારી વિશિષ્ટ ઘટના છે. તે વખતનો સમાજ, એવી પરમ અવધૂત નિર્ગ્રંથ જ્ઞાનદશાવાળા, આત્માનંદમાં મગ્ન રહેનારા, આત્મારામી **આનંદઘનજી** જેવા સંત પુરુષને ઓળખી ન શક્યો, અને આ '**લાભાનંદજી**'નો યથેચ્છ લાભ ન ઉઠાવી શક્યો, ઘર આંગણે ઉગેલા કલ્પવૃક્ષને ન આરાધી વાંચ્છિત ફલથી વંચિત રહ્યો એ સમાજનું મહાદુર્ભાગ્ય અથવા કરાલ કલિકાલનો-દુષમ કાળનો મહા પ્રભાવ! પણ તેવું તેવાને ખેંચે, Like attracts like, લોહચુંબક લોહને ખેંચે એ ન્યાયે શ્રી **યશોવિજયજી** **આનંદઘનજીને** તેમના યથાર્થ સ્વરૂપમાં ઓળખી શક્યા,-વર્ત્તમાનમાં પરમ યોગીશ્વર **શ્રીમદ્ રાજચંદ્રજી** ઓળખી-ઓળખાવી શક્યા છે તેમ. ખરેખર! તેવો જ તેવાને ઓળખી શકે. સાચો ઝવેરી જ ઝવેરાત પારખી શકે. તેમ તે સમયે પણ શ્રી **યશોવિજયજી** જેવા વિરલા રત્નપરીક્ષક જ શ્રી **આનંદઘનજી** જેવા મહાપુરુષરત્નને યથાર્થ સ્વરૂપે ઓળખી શક્યા. દર્શનથી

પણ પાવન એવા કલ્યાણમૂર્ત્તિ સંત સાથે તથાદર્શનથી–સ્વરૂપપિછાણથી યોગ થવો તે શાસ્ત્રપરિભાષામાં **યોગાવંચક** કહેવાય છે. તેવો પરમ ધન્ય અવંચક યોગ શ્રી **યશોવિજયજીને આનંદઘનજીના** દર્શન સમાગમથી સાંપડયો.

> " **सद्भिः कल्याणसंपन्नै र्दर्शनादपि पावनैः ।**
> **तथादर्शनतो योगः योगावंचक उच्यते ॥** "
>
> —**શ્રી હરિભદ્રાચાર્યજી** કૃત યોગદૃષ્ટિસમુચ્ચય.

> " નિર્મળ સાધુ ભગતિ લહી....સખી ! દેખણ દે !
> યોગ અવંચક હોય....રે સખી૦
> કિરિયાવંચક તિમ સહી....સખી૦
> ફલ અવંચક જોય....રે સખી૦....ચંદ્રપ્રભુ. "
>
> —**શ્રી આનંદઘનજી.**

આ પરમ અવધૂત–ભાવનિર્ગ્રંથ **આનંદઘનજીના** દર્શન–સમાગમ યોગથી શ્રી **યશોવિજયજીને** ઘણો ઘણો આત્મલાભ થયો, અત્યંત આત્માનંદ થયો. આ પરમ ઉપકારની સ્મૃતિમાં શ્રી **યશોવિજયજીએ આનંદઘનજીની** સ્તુતિરૂપે **અષ્ટપદી** રચી છે. તેમાં તેમણે પરમ આત્મોલ્લાસથી આનંદઘનજીની મુક્તકંઠે ભારોભાર પ્રશંસા કરી છે. ત્યાં તેઓ શ્રી કહે છે કે—માર્ગમાં ચાલતાં ચાલતાં **આનંદઘનજી** ગાતા હતા અને આનંદપૂર્ણ રહેતા હતા, આત્માનુભવજન્ય પરમ આનંદમય અદ્વૈત નિર્વિકલ્પ દશામાં વિલસતા હતા.

**આનંદઘનજીની સ્તુતિરૂપ યશોવિજયજીની 'અષ્ટપદી'**

" મારગ ચલત ચલત ગાત આનંદઘન પ્યારે,
રહત આનંદ ભરપૂર. "

" કોઇ આનંદઘન છિદ્ર હી પેખત,
જસ રાય સંગ ચઢી આયા,
આનંદઘન આનંદરસ ઝીલત,
દેખત હી જસ ગુણ ગાયા. "

શ્રી **યશોવિજયજી** કહે છે કે-' આવા પરમ આત્માનંદ-મય યોગીશ્વરના દર્શન-સમાગમથી પોતાને આનંદ આનંદ થયો. પારસમણિના સ્પર્શથી લોઢું જેમ સોનું થાય, તેમ **આનંદઘનજી** સાથે જ્યારે **સુજશ** મળ્યો ત્યારે હું **સુજશ** આનંદ સમો થયો.

**' પારસ સ્પર્શથી લોઢું સોનું બન્યું '**

અર્થાત્ પારસમણિ સમા **આનંદઘનજી**ના સમાગમથી લોહ જેવો હું **યશોવિજય** સુવર્ણ બન્યો. ' કેવી ભવ્ય ભાવાંજલિ !

" આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ,
તબ આનંદ સમ ભયો સુજસ;
પારસ સંગ લોહા જો ફરસત,
કંચન હોત હી તાકે કસ "

" એરી આજ આનંદ ભયો મેરે,
તેરો મુખ નિરખ નિરખ;
રોમ રોમ શીતલ ભયો અંગો અંગ.
શુદ્ધ સમજણ સમતારસ ઝીલત,
આનંદઘન ભયો અનંત રંગ....એરી૦

એસી આનંદ દશા પ્રગટી ચિત્ત અંતર,
તાકો પ્રભાવ ચલત નિરમલ ગંગ;
વાહી ગંગ સમતા દોઉ મિલ રહે,
જસવિજય ઝીલત તાકે સંગ....એરી૦ "

**શ્રી યશોવિજયજીકૃત અષ્ટપદી.**

આમ પોતાના **પરમાર્થગુરુ આનંદઘનજીના** પરમ ઉપકારની પુણ્ય સ્મૃતિ કૃતજ્ઞશિરોમણિ શ્રી **યશોવિજયજીએ** પોતાના ગ્રંથોમાં પરમાનંદ, પૂર્ણાનંદ, સહજાનંદ, ચિદાનંદ-ઘન આદિ શબ્દોમાં જાળવી રાખી અમર કરી છે.

**શ્રી યશોવિજયજીની સરલતા અને નિરભિમાનિતા**

હવે અત્રે આ ઉપરથી એક વિચારણીય રસપ્રદ પ્રસંગ ઉપસ્થિત થાય છે કે-આવો ન્યાયનો એક ધુરંધર આચાર્ય, ષડ્ દર્શનનો સમર્થ વેત્તા, સકલ આગમ રહસ્યનો જાણ, વિદ્વદ્-શિરોમણિ **યશોવિજય** જેવો પુરુષ, આ અનુભવયોગી **આનંદ-નઘનજીના** પ્રથમ દર્શન-સમાગમે જાણે મંત્રમુગ્ધ થયો હોય એમ આનંદતરંગિણીમાં ઝીલે છે, અને તે યોગીશ્વરની અદ્‌ભુત આત્માનંદમય વીતરાગ દશા દેખીને સાનંદાશ્ચર્ય અનુભવે છે! અને પોતાની સમસ્ત વિદ્વત્તાનું અભિમાન એકી સપાટે ફગાવી દઈ, બાલક જેવી નિર્દોષ પરમ સરલતાથી કહે છે કે-લોઢા જેવો હું આ પારસમણિના સ્પર્શથી સોનું બન્યો! અહો! કેવી નિર્માનિતા! કેવી સરલતા! કેવી નિર્દંભતા! કેવી ગુણગ્રાહિતા! આને

બદલે બીજો કોઈ હોત તો ? તેને માન આડું આવી ઉભું રહેત કે 'હું' આવડો મોટો ધુરંધર આચાર્ય, આટલા બધા શિષ્ય-પરિવારનો અગ્રણી ગચ્છાધિપતિ, સમસ્ત વિદ્વત સમાજમાં સુપ્રતિષ્ઠિત,—આવો 'હું' તે શું આવાને નમું ? પણ યશોવિજયજી ઓર પુરુષ હતા, એટલે આનંદઘનજીનો દિવ્ય ધ્વનિ તેમના આત્માએ સાંભળ્યો ને તે સંતના ચરણે ઢળી પડયો.

" અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિં ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન. "

શ્રીમદ્ રાજચંદ્રજી

**આનંદઘન ચરણે યશોવિજયનું નમન**

શ્રી યશોવિજયજીના આ ભાવભીના વચન ઉપચાર માત્ર નથી, પણ ખરેખરા છે, સાચેસાચા હૃદયના ઉંડાણમાંથી નીકળેલા અંતરોદ્ગાર છે. કારણ કે શ્રી યશોવિજયજીને અત્ર પ્રત્યક્ષ વેદાયું જણાય છે કે આ અનુભવ-જ્ઞાની પરમ યોગી પુરુષની પાસે મ્હારૂં ગમે તેટલું શાસ્ત્રજ્ઞાન (Theoretical knowledge) શૂન્યરૂપ છે, મોટું મીંડું છે; કારણ કે અધ્યાત્મ વિનાનું—આત્માનુભવ વિનાનું શાસ્ત્ર એકડા વિનાના મીંડા જેવું છે. હું આટલા વર્ષ ન્યાય, દર્શન આદિ સર્વ આગમ-શાસ્ત્ર ભણ્યો, પણ લોઢું જ રહ્યો. પણ આ આત્મજ્ઞાનના નિધાનરૂપ પારસમણિ આનંદઘનના જાદૂઇ સ્પર્શથી લોઢા જેવો હું સોનામાં ફેરવાઇ ગયો ! એવા સંવેદનથી એમનો આત્મા પરમ ભાવાવેશમાં આવી જઈ શ્રી આનંદઘનજીને સર્વ

પ્રદેશથી નમી પડયો, એમ અત્ર પ્રતીત થાય છે. અને આવી નિર્દંભ લઘુતામાં જ **યશોવિજયજીની** સાચી ગુરુતા રહેલી છે.

આ **આનંદઘનજીના** પ્રસંગ ઉપરથી વર્તમાનમાં પણ જે કોઇ અલ્પશ્રુત અજ્ઞાની જન યત્ર તત્રથી કંઇક શીખી લઈ પોતાને જ્ઞાની માની બેસવાનો ફાંકો રાખતા હોય તેને ઘણો ધડો લેવા જેવું છે, અને આ મુદ્દો ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે કે–આત્માનુભવી એવા સાચા સદ્ગુરુના સમાગમ-યોગ વિનાનું ગમે તેટલું દ્રવ્ય શ્રુતજ્ઞાન પણ પરમાર્થથી મિથ્યા છે, એવા તથારૂપ ભાવયોગી સદ્ગુરુથી પ્રાપ્ત ભાવગુરુગમ વિનાનું જ્ઞાન અકિંચિત્કર છે. તેનું આ જલવંત ઉદાહરણ છે. જેને '**કૂર્ચાલી શારદ**' —મૂછાળી સરસ્વતીનું બિરુદ મળ્યું હતું અને કલિયુગમાં જે **હરિભદ્રનો** લઘુ બંધુ કહેવાતો હતો, એવો ગુરુઓનો ગુરુ અને આચાર્યોનો આચાર્ય આ શ્રી યશોવિજય જેવો ધર્મધુરંધર મહાશ્રુતધર પુરુષ પણ ગંભીરપણે નિખાલસતાથી એકરાર કરે છે કે—'હું આવા આત્મજ્ઞ સંતના દર્શન સમાગમ પહેલાં લોઢું હતો, ને આ પારસમણિના સમાગમ યોગ પછી સોનું બન્યો છું.'

**આનંદઘનજી યશોવિજયજીના પારમાર્થિક સદ્ગુરુ**

આ પારમાર્થિક સદ્ગુરુનો અને તેવા આત્મજ્ઞાની વીતરાગ સદ્ગુરુ થકી પ્રાપ્ત ભાવ–ગુરુગમનો અપૂર્વ મહિમા સૂચવે છે. શાસ્ત્રમાં જે ગુરુમહિમા બહુ ગાવામાં આવ્યો છે તેનું રહસ્ય આ જ છે. આમ તો આ પૂર્વે શ્રી યશોવિજયજીને

બીજા વ્યાવહારિક ગુરુઓનો કાંઈ તોટો ન્હોતો; ન્યાય, દર્શન, વિદ્યા આદિ અંગે તેમને અનેક ઉત્તમ ગુરુ સાંપડયા હતા, છતાં તે ‘ લોઢું ’ કેમ રહ્યા ? કારણ એટલું જ કે પારમાર્થિક કલ્યાણ તો એક જ્ઞાની પારમાર્થિક સદ્‌ગુરુના યોગથીજ થાય છે. શ્રી યશોવિજયજીને આનંદઘનજીનો સમાગમ થતાં આ પારમાર્થિક ગુરુની ખોટ પૂરાઈ. આમ આનંદઘનજી શ્રી યશોવિજયજીના પરમ ઉપકારી પારમાર્થિક સદ્‌ગુરુ છે, એ આ ઉપરથી ફલિત થાય છે.

“ બૂઝી ચહત જો પ્યાસકી, હૈ બૂઝનકી રીત;
પાવે નહિં ગુરુગમ બિના, યેહી અનાદિ સ્થિત. ”

—શ્રીમદ્ રાજચંદ્રજી.

“ ગગન મંડલમેં અધબિચ કૂવા, ઉંહા હૈ અમીકા વાસા;
સગુરા હોએ સો ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા. ”

—શ્રી આનંદઘનજી.

શ્રી આનંદઘનજીનો સમાગમ એ શ્રી યશોવિજયજીના જીવનનો પરમ ધન્ય અને મહત્વનો પ્રસંગ છે; અને આ પ્રસંગ આનંદઘનજીના જીવન પર ઉપયોગી પ્રકાશ પાડે છે, એટલા માટે અત્ર કંઈક વિચાર્યો છે.

## ૨. ભક્ત ત્રિમૂર્ત્તિ : એક તુલના

નમું આનંદોના ઘન વરષિ આનંદઘનને,
નમું દેવચંદ્રા અમૃતઝરણા જ્ઞાનઘનને;

યશ:શ્રીના સ્વામી શ્રુતનિધિ યશોવિજય નમું,
ત્રિમૂર્તિ ગીતાર્થે ગીત અમૃત ભક્તિરસ રમું.
—( ભગવાનદાસ ).

ઉત્તમ ભક્તિ–અમૃતરસનો પ્રવાહ વહાવનારી કૃતિઓ રચનારા ત્રણ ભક્તરાજો સુપ્રસિદ્ધ છે–શ્રીમાન્ **આનંદઘનજી** શ્રી. **દેવચંદ્રજી**, શ્રી. **યશોવિજયજી**. તેઓ પ્રત્યેકની શૈલી કંઇ ને કંઇ વિશિષ્ટતાવાળી છે.

શ્રી **આનંદઘનજી**ના સ્તવનોમાં સહજ સ્વયંભૂ અધ્યાત્મરસના ને તેના પરમ પરિપાક સાથે આત્માનુભવના ચમત્કાર દૃષ્ટિગોચર થાય છે. તેમાં પદે પદે ઉત્તમ કવિત્વમય પ્રસાદ ને માધુર્ય ગુણની નિષ્પત્તિ થાય છે: અને તેની ભાષાશૈલી સરલ સાદી ને લાલિત્યમય પરમ સંસ્કારી છતાં પરમ અર્થગૌરવવંતી ને પરમાર્થ આશયગંભીર–'સાગરવર ગંભીરા' છે.

શ્રીમાન્ **દેવચંદ્રજી**ની કૃતિમાં ઉત્તમ તાત્ત્વિક ભક્તિની પ્રધાનતા છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાથી પ્રભુનું શુદ્ધ તત્ત્વસ્વરૂપ વિસ્તારથી વર્ણવી, ને તેની ભક્તિના કાર્ય–કારણભાવની તલસ્પર્શી સૂક્ષ્મ મીમાંસા કરી, પ્રભુના ગુણાતિશયથી ઉપજતી પરમ પ્રીતિમય ભક્તિ અત્ર મુખ્યપણે ગાવામાં આવી છે. શ્રી **દેવચંદ્રજી**ની શૈલી પ્રથમ દર્શને કંઇક કઠિન, અર્થઘન ને પ્રૌઢ છે, અને તેમાં ઓજસ્ ગુણની પ્રધાનતા છે; છતાં જેમ જેમ અવગાહન કરીએ–ઊંડા ઉતરીએ તેમ તેમ ઉચ્ચ કવિત્વના ચમત્કાર યુક્ત ઊંડા ભક્તિરસ પ્રવાહવાળી તે પ્રતીત થાય છે.

" નિર્મળ તત્ત્વરુચિ થઈ રે....મન મોહના રે લાલ.
કરજો જિનપતિ ભક્તિ રે....ભવિ બોહના રે લાલ.
દેવચંદ્ર પદ પામશો રે....મન૦
સુયશ મહોદય યુક્તિ રે....ભવિ૦ "–**શ્રી દેવચંદ્રજી.**

શ્રી **યશોવિજયજી**ની સ્તવનાવલીમાં પ્રેમલક્ષણા ભક્તિ મુખ્યપણે વર્ણવી હોઈ, તે પરમ પ્રેમ રસ પ્રવાહથી છલકાતી છે. તેની શૈલી આબાલવૃદ્ધ સમજી શકે એવી અત્યંત સરલ મીઠાશવાળી ને સુપ્રસન્ન હોઈ, સાવ સાદી છે, છતાં ઉત્તમ કવિત્વમય પ્રાસાદ ને માધુર્ય ગુણથી સંપન્ન છે, ઉત્તમ ભક્તિરસમાં નિમજ્જન કરાવે એવી છે જેમકે—

" કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવ લબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગજવર સાથે રે.
" લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ તુમને દિલમાં લાવું રે;
કુણને એ દીજે સાબાશી રે?
કહો સુવિધિ જિણંદ! વિમાસી રે? "

આ પરમ ભક્ત–ત્રિમૂર્તિની તુલના માટે એક સ્થૂલ દૃષ્ટાંત યોજીએ તો શ્રી **આનંદઘન**જીની કૃતિ સાકરના ઘન જેવી છે: અર્થાત્ જેમ જેમ ચગળીએ તેમ તેમ મીઠાશ આવ્યા જ કરે છે, અને તેમાં પરિશ્રમ પડતો નથી, તેના અમૃતપાનથી તન–મનનો થાક ઉતરી જાય છે.

" તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિયે રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહિયેરે રે. "

શ્રી દેવચંદ્રજીની કૃતિ શેરડીના ટૂકડા જેવી છે. એટલે તેમાં મીઠાશ તો સર્વ પ્રદેશે ભરેલી જ છે, પણ તેમાં ચાવવાની મહેનત કરવી પડે તેમ છે, તો જ તેની અમૃત સમી મીઠાશની ખબર પડે. અર્થાત્ જેમ જેમ શેરડીનું ચર્વણ થાય–ચાવવામાં આવે તેમ તેમ તેમાંથી રસ આવે, તેની પેઠે જેમ જેમ આ ભક્તિરસભંડાર સ્તવનો ઊંડા ઉતરી અવગાહવામાં આવે, તેમ તેમ તેમાંથી રસનિષ્પત્તિ થયા જ કરે–ઓર ને ઓર મીઠાશ આવ્યા જ કરે.

શ્રીમાન્ **યશોવિજયજી**ની કવિતા શેરડીના તાજા રસ જેવી છે. અને તેનું યથેચ્છ મધુર અમૃતપાન સહુ કોઈ તત્કાળ સુગમતાથી કરી શકે એમ છે, તેમાં તકલીફ પડતી નથી.

આ જાગતી જ્યોત જેવા આ ત્રણેય સમ્યગ્દૃષ્ટિ ભક્તરાજોએ ઉત્તમ ભક્તિરસની જાહ્નવી વહાવી, આપણને તેમાં નિરંતર નિમજ્જન કરી પાવન થવાની અનુકૂળતા કરી આપીને આપણા પર પરમ ઉપકાર કર્યો છે. ભાગ્યવંત જનો હોય તે જ તેમાં નિમજ્જન કરી અવશ્ય પાવન થાય છે ને યથેચ્છ આત્માનંદ લૂંટે છે.

વહાવી છે જેણે સરસ સરિતા ભક્તિરસની,
બહાવી છે ધારા અમૃતમય આત્માનુભવની;
જગાવી છે જોગાનલતણી ધૂણી જાગતી જગે,
ત્રિમૂર્ત્તિ જોગીન્દ્રો પ્રણમું જસ જ્યોતિ ઝગઝગે.

(ભગવાનદાસ)

## ૩. આનંદઘનજી અને શ્રીમદ્ રાજચંદ્રજી : એક તુલના

મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન....મેરે૦
માત આનન્દઘન, તાત આનન્દઘન,
ગાત આનન્દઘન, જાત આનન્દઘન....મેરે૦
કાજ આનન્દઘન, સાજ આનન્દઘન,
રાજ(?)આનન્દઘન, લાજ આનન્દઘન....મેરે૦
આભ આનન્દઘન, ગાભ આનન્દઘન,
નાભ આનન્દઘન, લાભ આનન્દઘન....મેરે૦

શ્રી આનંદઘનજી.

—આ અમૃત પદમાં પોતાની આનંદઘનમય અધ્યાત્મ જીવનદશાની મસ્તી લલકારનાર **આનન્દઘનજી**ના આ શબ્દો,– **શ્રીમદ્ રાજચંદ્રજી**ના સ્થળે સ્થળે તેવી જ પરમ આત્માનંદમય અધ્યાત્મ દશાનું અદ્‌ભુત સંવેદન દર્શાવનારા તેવા જ ભાવવાળા શબ્દોનું અનુસ્મરણ કરાવે છે.

મહાત્મા આનંદઘનજી અને શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનમાં અને કવનમાં ઘણું સામ્ય દૃશ્ય થાય છે. બન્નેનું જીવન પરમ અધ્યાત્મપ્રધાન છે; બન્ને આત્મગુણવિકાસની ઉચ્ચ દશાને પામેલા સમ્યગ્‌દૃષ્ટિ જ્ઞાની વીતરાગ પુરુષો છે. બન્ને વિશિષ્ટ આત્માનુભવને પામેલા યોગીન્દ્રો છે,— આ એમના પ્રગટ અનુભવની આરસી જેવા વચનામૃતોથી સુપ્રતીત થાય છે. ભક્તશિરોમણિ શ્રી આનંદઘનજીની પરમ વીતરાગ ભક્તિ એમની સ્તવનાવલીમાં પ્રત્યક્ષ થાય છે. પરાભક્તિની પરાકાષ્ઠા વટાવી ગયેલા શ્રીમદ્ રાજચંદ્રજીની અનન્ય વીતરાગ ભક્તિ પદે પદે નિર્ઝરે છે. બન્ને પરમાત્મ-દર્શનને પામેલા સાક્ષાત્ દ્રષ્ટા પુરુષો છે.

બન્નેની વીતરાગ શાસન પ્રત્યેની સાચી અંતર્દાઝ-નિષ્કારણ કરુણાથી શાસનપ્રભાવનની ભાવના સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે બન્નેએ અપૂર્વ ભક્તિથી વીતરાગ-માર્ગની અનન્ય સેવા કરી છે, દર્શનપ્રભાવક ગ્રંથાદિ વડે 'સત્ય ધર્મના ઉદ્ધાર'રૂપ અનન્ય ઉપકાર કર્યો છે. જેમ જેમ આ મહાત્માઓની યથાર્થ પીછાન-ઓળખાણ-સ્વરૂપદર્શન થતું જશે, તેમ તેમ તેમના પરમ ઉપકારનો જનતાને પરિચય થતો જશે. પણ તે પૂજ્યપણું પીછાનતાં લોકોને વખત લાગે છે, તેટલો તેમને પોતાને જ લાભઅંતરાય રહે છે. જગત્ વંદે કે નિંદે તેનું આવા સમદર્શી સત્પુરુષોને કાંઈ પ્રયોજન નથી કે તેથી તેમને કંઇ લાભ-હાનિ નથી. લાભ-અલાભ તો વંદક-નિંદકને પોતાને જ છે. સ્વદેહમાં પણ નિઃસ્પૃહ અને નિર્મમ એવા આ અવધૂત વીતરાગ સત્પુરુષોએ તો વંદક-નિંદક બન્નેને સમ ગણ્યા છે, અને સ્તુતિનિંદાથી નિરપેક્ષપણે નિષ્કારણ કરુણાથી જગત્નું કલ્યાણકાર્ય કરી તેઓ ચાલતા થયા છે.

સમાનશીલ અને સમાનધર્મા સત્સંગી સાચા સંત સુહૃદોનો વિરહ બન્નેને અત્યંતપણે સંવેદાયો છે, છતાં તેઓનો પુરુષાર્થ અસીમ છે, અસાધારણ છે. મોક્ષમાર્ગના આ વિરલ પ્રવાસી પુરુષસિંહોએ અપૂર્વ આત્મજાગ્રતિપૂર્વક મોક્ષમાર્ગે અપ્રમત્ત અખંડ પ્રયાણ આદર્યું છે. "ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેંગૂં કોઈ ન સાથ' એ શ્રી આનંદઘનજીના 'ઉદ્ગાર, તથા 'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો,' 'ગમે તેટલા દુઃખ વેઠો, ગમે તેટલા પરિસહ

સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો '–ઇત્યાદિ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતો આ વાતની સાક્ષી પૂરે છે.

બન્ને ઉચ્ચતમ કોટિના નૈસર્ગિક કવીશ્વરો ( Born poets ) છે, 'કવિ' પ્રભાવકો છે. પણ તેઓએ પોતાની અપૂર્વ કવિત્વશક્તિ પરમ શાંતરસમય પરમાર્થમાં જ અવતારી છે. થોડા શબ્દોમાં ઘણું કહી નાખવાની બન્નેની આશયશક્તિ અદ્‌ભુત છે, અસાધારણ છે. બન્નેનું કવન અધ્યાત્મપ્રધાન હોઇ સર્વત્ર આત્માનું સંકીર્ત્તન છે. બન્નેની શૈલી સીધી, સાદી, સરલ, સહજ, સુપ્રસન્ન અને માધુર્ય અમૃતથી સભર ભરેલી છે. એમનો એકેક અક્ષર આત્માનુભવરૂપ તીવ્ર સંવેદનથી અંતરાત્માના ઊંડાણમાંથી નીકળેલો સુપ્રતીત થઇ, સહૃદય શ્રોતાના હૃદય સોંસરો નીકળી જાય એવો વેધક અને માર્મિક છે. બન્નેનો આશય પરમાર્થપૂર્ણ 'સાગરવરગંભીર' છે. જોકે પ્રમાણમાં ( Quantity ) આનંદઘનજીનું ગ્રંથ નિર્માણ ઘણું અલ્પ છે, તો પણ ગુણદૃષ્ટિએ ( Quality ) સામાન્યપણે આ તુલના છે. આમ સામાન્યપણે આ બન્ને જ્ઞાની મહાત્માઓનું સામ્ય સમજાય છે. આવી જગપાવનકર વિરલ વિભૂતિઓ માટે જરૂર ગાઇ શકાય કે—

" જગપાવનકર તે અવતર્યા,
અન્ય માત ઉદરનો ભાર....જીવ્યું ધન્ય તેહનું !
જાણે સંત સલુણા તેહને,
જેને હોય છેલ્લો અવતાર....જીવ્યું ધન્ય તેહનું ! "

—વૈષ્ણવ કવિ મનોરદાસ.

卐

## ૧૧. જિનભક્તિ પ્રયોજન.

" જિન પદ નિજ પદ એકતા, ભેદભાવ નહિં કાંઇ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ. "

શ્રીમદ્ રાજચંદ્રજી.

હવે આ **આનંદઘન**–સ્તવનાવલીનો ઉદ્દેશ અને તેના અભિધેય વિષયની પીઠિકા સમજવા માટે, સામાન્યપણે **ભક્તિ પ્રયોજન** સંબંધી કંઇક વિશદ વિચારણા કરવાનું પ્રસંગથી પ્રાપ્ત થાય છે:—

### ૧. 'જિન પદ જિન પદ એકતા'

'મૂળ શુદ્ધ તે આત્મ પદ'

શ્રી જિન ભગવાનનું જેવું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવું જ શુદ્ધ નિશ્ચય નયની દૃષ્ટિએ આ આત્માનું મૂળ સ્વરૂપ છે. કર્મરૂપ આવરણ ટળ્યું હોવાથી ભગવાનનું તે સ્વરૂપ સંપૂર્ણ વ્યક્તતા–આવિર્ભાવ પામ્યું છે; આવરણ વર્ત્તતું હોવાથી આત્માનું તે સ્વરૂપ તિરોભાવ પામેલું હોઇ અવ્યક્ત–શક્તિપણે રહ્યું છે. આમ કર્મઆવરણરૂપ ઔપાધિક ભેદને લીધે ભગવાનમાં અને આ આત્મામાં અંતર પડયું છે, જીવ અને શિવનો ભેદ પડયો છે. **આનંદઘનજી**ના શબ્દોમાં કહીએ તો 'કર્મ વિપાકે હો કારણ જોઇને કોઇ કહે મતિમંત.' પણ મૂળ સ્વરૂપ દૃષ્ટિથી તે બન્નેમાં કંઈ પણ ભેદ નથી.

જેવું 'અનંત સુખસ્વરૂપ' તે જિનપદ છે, તેવું જ આ 'મૂળ શુદ્ધ તે આત્મપદ' છે. આ જિનપદ અને નિજપદની એકતા છે, એ લક્ષ થવાને માટે જ સુખદાયક એવા સર્વ શાસ્ત્રનું નિરૂપણ છે, અને એ જ આ ભક્તિનું પ્રયોજન છે.

'ઇચ્છે છે જે જોગીજન'

એટલે એવા અનંત સુખસ્વરૂપ મૂળ શુદ્ધ તે આત્મપદને જે ઇચ્છે છે તે '**જોગીજને,**' તે પ્રગટસ્વરૂપી સયોગી જિન પદની અખંડ એકનિષ્ઠાથી આરાધના અવશ્ય કરવી જોઇએ

"ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ."

—શ્રીમદ્ રાજચંદ્રજી

કાર્યસિદ્ધિના કારણ: યોગબીજ

કારણ કે તે જિન ભગવાને સ્વરૂપસિદ્ધિરૂપ નિજ કાર્ય સિદ્ધ કર્યું છે. એટલે તે સ્વરૂપસિદ્ધિરૂપ કાર્ય જે કરવા ઇચ્છતા હોય, શુદ્ધ સ્વસ્વભાવરૂપ મોક્ષફળની જે કામના રાખતા હોય એવા મુમુક્ષુ જીવે, તેના અમોઘ કારણરૂપ તે કૃતકૃત્ય સિદ્ધ સ્વરૂપનું અવલંબન લેવું ઉપકારી છે. કોઇ પણ કાર્યની સિદ્ધિ એમ ને એમ તાબડતોબ થઇ જતી નથી; તે કાર્યસિદ્ધિના કારણરૂપ બીજ પહેલાં વાવવા પડે છે. પછી તેમાંથી અંકુર

ફૂટી, છોડ બની, અનુક્રમે મોટું વૃક્ષ થઇ, સિદ્ધિરૂપ ફૂલ-ફલ ભારથી લચી પડે છે; તેમ મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ માટે તેના અમોઘ કારણરૂપ **યોગબીજની** ચિત્તભૂમિમાં વાવણી કરવી અતિ અતિ આવશ્યક છે, કે જે અમોઘ-અવંધ્ય યોગબીજમાંથી ઉત્તમ યોગભાવાંકુર પ્રગટી-ફૂટી નીકળી, અનુક્રમે મહાન્ મોક્ષવૃક્ષ ફુલીફાલી ફલ-ફૂલભારથી લચી પડે છે, અને સાક્ષાત્ જિનસ્વરૂપ અથવા નિર્વાણરૂપ પરમ અમૃત ફળની પ્રાપ્તિ થાય છે. એટલા માટે મોક્ષકાર્યની સિદ્ધિ માટે મુમુક્ષુ જીવે તેના અવંધ્ય કારણરૂપ મોક્ષસાધક યોગ-બીજનો ચિત્તભૂમિમાં પ્રક્ષેપ કરવા યોગ્ય છે.

અને તે યોગ-બીજમાં સૌથી પ્રથમ અને સૌથી પ્રધાન એવું પરમ યોગબીજ શ્રી **જિનેશ્વરની ભક્તિ** છે,

**જિનભક્તિ ઉત્તમ યોગબીજ**

કારણ કે વીતરાગ દશાને પામેલા શ્રી જિનેશ્વર ભગવાન રાગ-દ્વેષ-મોહાદિ સમસ્ત અંતરંગ શત્રુઓને જીતી લઈ, સકલ કર્મકટકનો પરાજય કરી, શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં બિરાજમાન થયેલા શુદ્ધ આત્મા છે: અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યથી યુક્ત એવા મુક્ત સિદ્ધ પરમાત્મા છે. એવા પરમ યોગી સાક્ષાત્ શુદ્ધ સ્વભાવમય મોક્ષને પામેલા સિદ્ધ આત્માને આદર્શ સ્થાને સ્થાપી, તેની એકનિષ્ઠ આરાધના કરવી, તે મુખ્ય-પ્રધાન-અનુત્તમ યોગબીજ થઈ પડે એમાં જરાયે આશ્ચર્ય નથી.

“ जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ॥ ”

શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય.

‘ અજકુલગત કેસરી ’

ઘેટાના ટોળામાં ચિરકાળથી વસેલા સિંહશિશુનું દૃષ્ટાંત અત્ર ઘટે છે. કોઈ સિંહનું બચ્ચું જન્મથી માંડી ઘેટાના ટોળામાં વસ્યું છે, ઉછર્યું છે અને ચિર સંવાસથી તે પોતાને ઘેટું જ માની બેઠું છે. ત્યાં કોઈ સિંહ દેખાય છે. તેને દેખી તે સિંહશિશુ ધારી ધારી તેનું રૂપ જુએ છે, અને પાછું પોતાનું સ્વરૂપ નિહાળે છે તો બન્નેનું સ્વરૂપ સમાન દેખાય છે, અને તેને ભાન થાય છે કે હું ઘેટું નથી પણ સિંહશિશુ છું. તેમ આ આત્મા પણ અનાદિકાળથી પરભાવના સંવાસમાં વસેલો છે, અને પોતાને પરરૂપ જ માની બેઠો છે. તેને સમાધિરસભર્યા સ્વરૂપસિદ્ધ પ્રભુના દર્શનથી ચિરવિસ્મૃત નિજ સ્વરૂપનું ભાન થાય છે.

“ અજકુલગત કેસરી લહે રે, નિજ પદ સિંહ નિહાળ;
તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ
અજિત જિન તારજો દીનદયાળ ! ”

—શ્રી દેવચંદ્રજી

અને આમ તે જિન સમ સ્વરૂપસત્તા ઓળખે છે, એટલે તેના પ્રાગૂભાવની-પ્રગટ આવિર્ભાવની ઈહા-ઇચ્છા તેને પ્રગટે

સ્વરૂપરુચિ : અંતરાત્મભાવ

છે, કે આવું જિન ભગવાન જેવું પરમાનંદમય શુદ્ધ આનંદઘન સ્વરૂપ મને પ્રગટે તો કેવું સારું ? એવી અંતરંગ રુચિરૂપ તીવ્ર ઇચ્છાથી તે પરપરિણતિમાં નિરીહ–નિષ્કામ અંતરાત્મા બની આત્મ-પરિણતિ ભણી વળે છે.

" જિન સમ જિન સમ સત્તા ઓળખી હોજી
તસુ પ્રાગ્ભાવની ઈહ;
અંતર અંતર આતમતા લહી હોજી,
પરપરિણતિ નિરીહ...નમિપ્રભ૦ "—શ્રીદેવચંદ્રજી.

અને પછી એવો તે અંતરાત્મા આદર્શ પરમાત્મસ્વરૂપની સાધના કરે છે. જેવો ઉપાસ્ય આદર્શ તેવી સિદ્ધિ થાય છે.

પ્રતિછંદસ્થાનીય પ્રભુ

કુશલ શિલ્પી જેમ આદર્શને (Model) નિરંતર દૃષ્ટિસન્મુખ રાખી પોતાની કલાકૃતિ ઘડે છે, તેમ મુમુક્ષુ આત્મા પણ પ્રતિછંદસ્થાનીય–આદર્શરૂપ પ્રભુને નિરંતર દૃષ્ટિ સન્મુખ રાખી નિજ આત્મસ્વરૂપની પૂર્ણકલામય ઘટના કરે છે, ' દર્પણ જિમ અવિકાર ' પ્રભુના રૂપદર્પણમાં નિજ સ્વરૂપનું દર્શન કરે છે.

" પ્રતિછંદે પ્રતિછંદે જિનરાજના હોજી,
કરતાં સાધક ભાવ;
દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી,
શુદ્ધાતમ પ્રાગ્ભાવ...નમિપ્રભ."—શ્રી દેવચંદ્રજી.

એટલે સ્વરૂપદર્શનના કામી એવા મુમુક્ષુ જીવે તે ભગવાનનું આરાધન-સેવન કરવા તત્પર થવું તે પોતાના જ આત્મકલ્યાણની-આત્મહિતની વાત છે. એથી કરીને સૌથી પ્રથમ તે ભગવાનનું સેવન કરવા આત્માર્થી મુમુક્ષુએ સર્વાત્માથી પ્રવર્ત્તવું જોઈએ.

**આત્માર્થે ઉપાસના**

"સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપપ્રાપ્તિનો હેતુ જાણ્યો છે. ક્ષીણમોહ ગુણસ્થાનક પર્યંત તે સ્વરૂપ ચિંતવના જીવને પ્રબળ અવલંબન છે."

—શ્રીમદ્ રાજચંદ્ર અં. ૬૯૩

## ૨. અર્હંત અને સિદ્ધની ઉપાસના.

સ્વરૂપસિદ્ધ એવા જિન ભગવાનને ભજો કે સિદ્ધ ભગવાનને ભજો તે બન્ને એક જ છે. માત્ર ફરક એટલો જ છે કે જિન-અર્હંત ભગવાન્ સયોગી સિદ્ધ છે, દેહધારી સિદ્ધ આત્મા છે, દેહ છતાં દેહાતીત દશાએ વિચરનારા સાકાર સજીવન મૂર્ત્તિ છે, સદેહ મુક્ત-જીવન્મુક્ત છે; અને સિદ્ધ ભગવાન અયોગી સિદ્ધ છે, દેહરહિત સિદ્ધ આત્મા છે, નિરાકાર શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ છે, વિદેહ મુક્ત છે. ઘાતી-અઘાતી બન્ને પ્રકારના કર્મનો ક્ષય થયો હોવાથી સિદ્ધ ભગવાન્ સર્વથા કર્મ રહિત છે; અને માત્ર વેદનીય આદિ ચાર અઘાતિ કર્મના હોવાપણાને લીધે જિન ભગવાનને દેહધારીપણું

અને પૂર્વપ્રારબ્ધાનુસાર વિચરવાપણું છે. પણ ઘાતિ કર્મનો સર્વથા ક્ષય બન્નેને સમાન હોવાથી, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય—એ અનંતચતુષ્ટયનો આવિર્ભાવ બન્નેમાં સમાન છે, બન્નેનું સ્વરૂપરમણપણું એક સરખું છે, બન્નેનું સહજાત્મસ્વરૂપે સુસ્થિતપણું તુલ્ય છે. એટલે સહજ સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપને પામેલા સિદ્ધ ભગવાન્ કે અર્હંત ભગવાનની ઉપાસનાથી આત્મા સ્વરૂપલયને પામી શકે છે, માટે તે બન્નેની ઉપાસના સ્વરૂપ જિજ્ઞાસુ પુરુષોએ કર્ત્તવ્ય છે. મહર્ષિ **કુંદકુંદાચાર્યજી**એ શ્રી **પ્રવચનસાર**માં કહ્યું છે કે—" જે ભગવાન્ અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે, અને તેનો નિશ્ચયે કરીને મોહ નાશ પામે."

" जो जाणइ अरिहंते दव्वगुणपज्जवेहिंय ।
सो जाणइ निय अप्पा, मोहो खलु जाइय तस्स लयं ॥ "

" શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યય ધ્યાને,
શિવ દીએ પ્રભુ સપરાણો રે. "—**શ્રી યશોવિજયજી**.

આ અર્હંત ભગવંતોમાં પણ જેણે 'સવિ જીવ કરું શાસનરસી' એવી પરમ ઉદાત્ત વિશ્વવત્સલ ભાવનાથી તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું હોય છે, તે ધર્મ-તીર્થની સ્થાપના કરનાર એવા તીર્થંકર કહેવાય છે, વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વિભૂતિરૂપ આ તીર્થંકર ભગવંતોનો પુણ્ય પરિપાક અસાધારણ અદ્ભુત હોય છે, વચનાતિશય આદિ

**તીર્થંકર દેવ**

અતિશયો અસામાન્ય હોય છે, અને પરમાર્થ તત્ત્વના સદુપદેશદાનથી જગજ્જનો પર તેઓનો ઉપકાર અનન્ય હોય છે. એક અર્ધ કાળચક્રમાં એવા ચોવીશ જિનેશ્વરો થાય છે. આ વર્ત્તમાન અવસર્પિણી કાળમાં પણ એવા ચોવીશ તીર્થંકરો થયા છે—શ્રી ઋષભદેવથી શ્રીવર્દ્ધમાનસ્વામી પર્યંત.

**ભૂતપ્રજ્ઞાપનીય નયથી સ્તુતિ**

તે અર્હંતો પણ પોતાનો તે ચરમ દેહપર્યાય પૂર્ણ થતાં સિદ્ધ થાય છે, તેમ આ તીર્થંકર ભગવંતો પણ વર્ત્તમાનમાં સિદ્ધાલયમાં બિરાજે છે. પણ ભૂતપ્રજ્ઞાપનીય નયથી શ્રી **આનંદઘનજીએ** તે જિનેશ્વર ભગવંતોની અત્ર સ્તુતિ કરી છે. અર્થાત્ ભૂતકાળમાં બની ગયેલા તે બનાવનું વર્ત્તમાનમાં તાદૃશ્યપણે સ્મરણ કરી તે ભગવાનોની તે જિનદશારૂપે સ્તવના કરી છે. રાગદ્વેષાદિ અરિદલનો સર્વથા સંહાર કરી, સકલ ઘાતિ કર્મકલંકનો સંક્ષય કરી, તે ભગવંતોએ શુદ્ધ સહજ આત્મસ્વરૂપને પ્રાપ્ત કર્યું હતું; અને દેહ છતાં દેહાતીત એવી પરમ ઉદાસીન કાયોત્સર્ગ દશાએ શુદ્ધ સહજાત્મ-સ્વરૂપમાં બિરાજમાન તે પ્રભુ નિષ્કારણ કરુણાથી આ જગતીતલ પર વિહાર કરી, જગત્‌જનને પરમ કલ્યાણમાર્ગનો ઉપદેશ દેતા હતા, પરમાર્થ મેઘની વૃષ્ટિ કરી પરમ શાંતિપ્રદ ધર્મામૃતનો પ્રવાહ વહાવતા હતા.

એવા પરમ ઉપકારી સદેહે વિચરતા તે જિન ભગવંતોને શ્રી આનંદઘનજીએ જ્ઞાનદૃષ્ટિથી સાક્ષાત્ દૃશ્ય કરી

'સંભવ દેવ તે ધુર સેવો સવે રે'

તેમની અત્ર સ્તવના કરી છે. અને સર્વ મુમુક્ષુ આત્મબંધુઓને આહ્વાન કર્યું છે કે—આ અર્હંત ભગવંતને તમે ધુરે–સૌથી પ્રથમ સેવો, 'સંભવ દેવ તે ધુર સેવો સવે રે.' અર્થાત્—આ વિવેચતાં આ ગ્રંથમાં આ લેખકે પ્રદર્શિત કર્યું છે તેમ–આ પરમ ઉપકારી પરમ કરુણાસિંધુ જિનદેવને તમે 'ધુરે' સૌથી પ્રથમ, સૌથી પહેલું, પ્રધાન પદ આપીને સેવો, બીજા બધા કાર્ય કરતાં એને પહેલું સ્થાન આપીને સેવો. જગતના બીજા બધાં કામ પડતા મૂકી, આ પ્રભુની સેવા કરવારૂપ આત્માર્થનું કામ સૌથી પહેલું કરો. જગત્‌ના બીજા બધાં કામ તુચ્છ–અલ્પ ફળદાયી અને આ લોક પૂરતાં જ ઉપયોગી કે ઉપકારી છે. પણ આ પ્રભુ-સેવારૂપ ખરેખરૂં 'સ્વાર્થ' કાર્ય તો પરમ મોક્ષફલદાયી અને આ લોક–પરલોકમાં આત્માનું પરમ કલ્યાણકારી, પરમ ઉપકારી છે; માટે તે પ્રભુસેવાને પરમ ઉપાદેય ગણી, બીજા બધાં કાર્ય કરતાં એ પ્રત્યે અનંત અનંત ગુણવિશિષ્ટ પરમ 'આદર' ધારણ કરી, તે સેવનકાર્યમાં પરમ પ્રીતિ ભક્તિથી લાગી જાઓ! લીન થઈ જાઓ! તાત્પર્ય કે–જગતના અન્ય કોઈપણ પદાર્થ કરતાં અનંત અનંતગણા મહિમાવાન એવા આ પરમ 'અર્હત્' પ્રભુને પરમ પૂજાના પાત્ર, પરમપૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય, અને પરમ સેવ્ય ગણી તેની પૂજામાં, તેની આરાધનામાં, તેની ઉપાસનામાં, તેની સેવનામાં સૌથી પ્રથમ તત્પર થાઓ; હે સર્વ મુમુક્ષુ આત્મબંધુઓ! આ પરમ પ્રભુની સેવામાં લાગી જવા માટે હું તમને સર્વને પરમ પ્રેમથી આમંત્રણ કરૂં છું.

આમ આ આનંદઘનજી આદિ પરમ ભક્ત મહાત્માઓના વચન પરથી ફલિત થાય છે કે—આત્માર્થી મુમુક્ષુએ અર્હંત-સિદ્ધ ભગવંતની ભક્તિ અવશ્ય કરવા યોગ્ય છે. બન્ને અભેદ સ્વરૂપ હોવાથી એકની ભક્તિમાં અન્યની ભક્તિ અંતર્ભાવ પામે છે. તેમાં પણ સાકાર સજીવન મૂર્ત્તિ હોવાથી અર્હંત ભગવાનની ભક્તિ પ્રાથમિક દશાવાળા સામન્ય જનને પણ વિશેષ ઉપકારી થાય છે. સિદ્ધ ભગવાન નિરાકાર હોવાથી અર્હંત તેઓનું સ્વરૂપ એકદમ ચિંતવવું દુર્ગમ્ય થઈ પડે છે. જો કે મૂળ સ્વરૂપ દૃષ્ટિએ અર્હંતનું સ્વરૂપ ચિંતવન તેવું જ દુર્ગમ્ય છે, તો પણ સાકાર હોવાથી સામાન્ય જીવને પણ તે ધ્યાન માટે અનુકૂળ આલંબનરૂપ થઈ પડે છે. અરે! તે સજીવન ચૈતન્ય મૂર્ત્તિની સ્થાપનામૂર્ત્તિ—વીતરાગ ભાવનું પ્રતિબિંબ પાડતી પાષાણ પ્રતિમા પણ તેવી જ ધ્યાનાલંબનરૂપ ઉપકારી થઈ પડે છે. અને એટલા માટે જ 'જિનપડિમા જિન સારિખી' એમ સૂત્રમાં કહ્યું છે.

**સાકાર-નિરાકાર સ્વરૂપાવલંબન**

" ચરમ જિનેસર વિગત સ્વરૂપનું રે, ધ્યાવું કેમ સ્વરૂપ?
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એઅવિકારી અરૂપ."
—આનંદઘનજી (?)

અને આ સાકાર અવલંબને પણ નિરાકાર એવા શુદ્ધ સ્વરૂપ ચિંતન પર ચઢવાનું છે કે—જેવું આ અર્હંત-સિદ્ધ ભગવંતનું સ્વરૂપ છે તેવું જ આ મ્હારા આત્માનું સ્વરૂપ છે.

અને આમ શુદ્ધ નિશ્ચયથી તો સર્વ જીવ સિદ્ધ

સમાન છે, પણ તે તો જે સમ્યક્પ્રકારે સમજે તે થાય.
'સર્વ જીવ છે સિદ્ધ સમ' અને તેમ થવામાં નિમિત્ત કારણરૂપ સદ્ગુરુ આજ્ઞા, જિનદશા આદિ છે. પણ ઉપાદાનનું નામ લઈ જે આ અનુપમ નિમિત્તને છોડી દે છે, તે કદી સિદ્ધપણું પામતા નથી, અને ભ્રાંતિમાં જ સ્થિતિ કરે છે.

" સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય.
ઉપાદાનનું નામ લઈ, જે એ ત્યજે નિમિત્ત;
પામે નહિં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત "
—**શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.**

## ૩. ઉપાદાન અને નિમિત્ત.

કેટલાક લોકો સમજ્યા વિના **ઉપાદાનની** વાતો કર્યા કરે છે, અને જાણ્યે અજાણ્યે **નિમિત્તની** ગૌણતા ગણી તેનો અપલાપ-નિહ્નવ કરે છે. તે તેમની અણસમજરૂપ મિથ્યા ભ્રાંતિનો દોષ છે, કારણ કે ઉપાદાન અને નિમિત્ત એ કાંઈ પરસ્પર વિરોધી નથી, કે પ્રતિપક્ષી નથી, પણ અવિરુદ્ધ સહકારી અને સહયોગી છે. ઉપાદાનની જાગ્રતિ અને શુદ્ધિ તો અવશ્ય કર્ત્તવ્ય છે, અને શુદ્ધ નિમિત્તના સેવનનો ઉદ્દેશ-લક્ષ્ય પણ તે જ છે. પણ ઉપાદાનની શુદ્ધિ-જાગ્રતિ અર્થે, ઉપાદાનને ઉપાદાનકારણપણે પ્રગટાવવા અર્થે પણ જિનભક્તિ આદિ પરમ ઉપકારી નિમિત્ત કારણના

અવલંબનની અનિવાર્ય આવશ્યકતા છે, એ આ મહાનુભાવો ભૂલી જાય છે. પ્રભુસેવા એ ઉપાદાનને ઉપાદાનકારણપણે પ્રગટાવવા **પુષ્ટ આલંબન-પુષ્ટ નિમિત્ત** છે. શાસ્ત્રકારોએ તો પોકારી પોકારીને કહ્યું છે કે-સમતા અમૃતની ખાણ એવા જિનરાજ જ પરમ નિમિત્ત હેતુ છે, અને તેના અવલંબને જ '**નિયમા**' સિદ્ધિ હોય છે. ભક્તશિરોમણિ **દેવચંદ્રજીએ** ભાવથી ગાયું છે કે:—

" ઉપાદાન આત્મા સહી રે, પુષ્ટાલંબન દેવ....જિનવર પૂજો.
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ....જિન "

" નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી. "

**—શ્રી દેવચંદ્રજી.**

આવા પ્રબલ નિમિત્ત અવલંબન વિના સીધેસીધું (Directly) સ્વરૂપશ્રેણીએ ચઢવું અતિ અતિ દુષ્કર છે; પણ જેને પ્રગટ આત્મસ્વરૂપ પ્રગટ્યું છે એવા સાક્ષાત સહજાત્મસ્વરૂપી અર્હંત-સિદ્ધ પ્રભુનાં ધ્યાનાલંબનથી તે શ્રેણીએ ચઢવું સુગમ થઇ પડે છે. કારણકે **શ્રીમદ્ રાજચંદ્રજીએ** કહ્યું છે તેમ 'ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થદૃષ્ટિવાન્ પુરુષોને ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે, જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે.' **શ્રી દેવચંદ્રસ્વામીએ** પણ કહ્યું છે કે 'જિનવર પૂજા રે તે નિજ પૂજના રે.'

કોઇ કહેશે કે આ નિમિત્તનું શું કામ છે? અપણે

તો સીધા ઉપાદાન આત્માને જ વળગીએ, માત્ર અધ્યાત્મ સ્વરૂપનું જ ચિંતવન કરીએ. પણ

**શુષ્ક અધ્યાત્મના ભયસ્થાન**

આ તેમનું માનવું ભૂલભરેલું છે, કારણ કે આલંબન વિનાનું તેવું અધ્યાત્મસ્વરૂપ ચિંતવન તો અતિ ઉચ્ચ અપ્રમત્ત દશાને પામેલા ઉત્તમ અધિકારીઓ માટે છે. પણ તેવી તથારૂપ ઉચ્ચ અધિકાર દશા વિના **સમયસાર-વેદાંત** આદિ જેવા અધ્યાત્મ શાસ્ત્રો સ્વમતિકલ્પનાએ વાંચી, ઉપાદાનના નામે માત્ર અધ્યાત્મ સ્વરૂપ ચિંતવનની વાતો કરવામાં અનેક દોષરૂપ ભયસ્થાનો રહેલા છે. જેમકે–કવચિત્ તેથી જીવને વ્યામોહ ઉપજે છે. પોતાની તેવી આત્મદશા થઈ નહિં છતાં, પોતાની તેવી દશાની કલ્પનારૂપ ભ્રાંતિ ઉપજે છે. 'અહં બ્રહ્માસ્મિ'ને બદલે ભ્રમાસ્મિ થઈ જાય છે! કવચિત્ ભક્તિરસની આર્દ્રતાના અભાવે શુષ્કતા આવી જાય છે, શુષ્કઅધ્યાત્મીપણું થાય છે. બંધ–મોક્ષ તો કલ્પના છે એમ વાણીમાં બોલે છે, પણ પોતે તો મોહાવેશમાં વર્ત્તે છે. એવું શુષ્કજ્ઞાનીપણું ઉપજે છે અને તેથી સ્વછંદાચારપણું હોય છે, અથવા જ્ઞાનના અજીર્ણરૂપ-અપરિણમનરૂપ ઉન્મત્ત પ્રલાપ થાય છે. અંતરનો મોહ છૂટયો નથી, 'સકલ જગત્ તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન' જાણ્યું નથી, અને એવી અમોહરૂપ જ્ઞાનદશા ઉપજી નથી, છતાં ઉન્મત્તની જેમ 'વાચાજ્ઞાન' દાખવે છે કે 'હમ તો જ્ઞાની હૈ, બંધેલા જ નહિં તો મુક્ત કૈસે હોવે ?' તેમજ કૃત્રિમતા, દાંભિકતાદિ દોષ પણ ઉપજે છે. ઈત્યાદિ પ્રકારે અનેક દોષની ઉપપત્તિ, એકલા નિરાલંબન અધ્યાત્મ ચિંતનમાં સંભવે છે. પણ

ભગવદ્‌ભક્તિના આલંબનથી તેવા કોઈપણ દોષની સંભાવના નથી હોતી, અને આત્મા સ્વાભાવિક એવી અધ્યાત્મ ગુણશ્રેણીએ આરોહણ કરતો જાય છે. આ અંગે પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી**ના આ ટંકોત્કીર્ણ વચનો પ્રત્યેક અધ્યાત્મપ્રેમી મુમુક્ષુએ હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે:—

"વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપ ચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારિપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્ત-પ્રલાપદશા ઉત્પન્ન કરે છે. ભગવાનના સ્વરૂપના ધ્યાનાલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે, અને અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે. જેથી શુષ્કતા, સ્વેચ્છાચારિપણું અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી. આત્મદશાબળ થવાથી સ્વાભાવિક અધ્યાત્મપ્રધાનતા થાય છે. આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે, એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતા નથી; અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતા નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે. જ્યાં અર્હંતાદિના સ્વરૂપધ્યાનાવલંબન વગર વૃત્તિ આત્માકારતા ભજે છે, ત્યાં—" **શ્રીમદ્ રાજચંદ્રકૃત આનંદઘન ચોવીશી વિવેચનની પ્રસ્તાવના.**

એટલે આમ ભક્તિમય અધ્યાત્મ અથવા અધ્યાત્મમય ભક્તિના માર્ગે ચઢતાં ઉક્ત દોષરૂપ પતન સ્થાન (Pitfalls) નથી હોતાં.

**ભક્તિપ્રધાનપણે સહજ અધ્યાત્મ દશા**

ભક્તિપ્રધાનપણે વર્તતાં જીવ અનુક્રમે ઉચ્ચ ઉચ્ચ અધ્યાત્મ ગુણસ્થાનો સ્પર્શતો જાય છે, વ્યક્ત ગુણીના ગુણગ્રામથી સહજ

અધ્યાત્મદશા પ્રગટે છે, અને છેવટે પૂર્ણ આત્મગુણવિકાસને પામે છે.

**" લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસ ફરસન પામ રે;**
**પ્રગટે અધ્યાતમ દશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણગ્રામ રે. "**
**—શ્રી દેવચંદ્રજી**

## ૪. જિન આલંબને નિજ આલંબની

જેમ જેમ જિનવરના અવલંબને જીવ આગળ વધતો જઈ એકતાનતા સાધતો જાય છે, તેમ તેમ તે આત્માવલંબની થતો જાય છે; અને પ્રભુના સ્વરૂપમાં ચિત્તવૃત્તિની તન્મયતારૂપ લય થતાં સંપૂર્ણ સ્વરૂપાવલંબની થાય છે, એટલે કે **શ્રીમદ્ રાજચંદ્રજી**ના મનનીય અમર શબ્દોમાં 'પ્રભુના સ્વરૂપ ધ્યાનાવલંબન વગર–નિરાલંબનપણે વૃત્તિ આત્માકારતા ભજે છે.'

**" જિમ જિનવર આલંબને, વધે સધે એકતાન હો મિત્ત;**
**તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત. "**
**" પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને, સ્વાલંબન લય ઠાને;**
**દેવચંદ્ર ગુણને એકતાને, પહોંચે પૂરણ થાને. "**
**—શ્રી દેવચંદ્રજી**

**રાજમાર્ગ અને એકપદી**

આમ 'પુષ્ટ નિમિત્ત' રૂપ પ્રભુનું આલંબન ધ્યાન આત્માને સ્વરૂપારોહણ કરવાનો સુગમ ને શ્રેષ્ઠ ઉપાય છે, **રાજમાર્ગ** છે. વાટ દીવાની ઉપાસના કરતાં પોતે દીવો બને છે, તેમ આત્મા પરમાત્માની ઉપાસના કરતાં સ્વયં પરમાત્મા થાય છે; ઉપાસ્યની

ઉપાસનાથી ઉપાસક પોતે ઉપાસ્ય બને છે; 'નમો મુજ નમો મુજ' એવી આનંદઘનજીએ તેમજ તેવા પ્રકારે શ્રીમદ્ રાજચંદ્રજીએ ગાએલી પરમ ધન્ય દશા પ્રાપ્ત થાય છે.

" भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः ।
वर्त्ति दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ॥ "

—શ્રી પૂજ્યપાદસ્વામી કૃત સમાધિશતક.

"જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે." આનંદઘનજી.

અથવા આત્મા પોતે આત્મમંથન કરી પરમ બને છે,—જેમ ઝાડ પોતાને મથીને પોતે અગ્નિ બને છે તેમ. પણ આ તો કોઈ સમર્થ યોગીવિશેષને યોગ્ય એવો એકપદીરૂપ માર્ગ છે, અને તેમાં અતિશય અસાધારણ બળ વાપરવું પડે છે. મથી મથીને મરી જાય તોપણ પ્રગટ પરમાત્મ સ્વરૂપના અવલંબન વિના પોતાની મેળે પરમ પદની પ્રાપ્તિ દુર્ઘટ છે, પણ તે પરમ પુરુષના અવલંબને તે સાવ સુઘટ—સુગમ થઈ પડે છે. જે સંસાર સમુદ્ર સમાન તરવો અતિ દુસ્તર છે, તે પ્રભુના અવલંબને ગોષ્પદ સમાન લીલા માત્રમાં પાર ઉતરી જવાય એવો બની જાય છે ! એટલા માટે શ્રી દેવચંદ્રજી જેવા ભક્તશિરોમણિ ગાઈ ગયા છે કે—જિનઆલંબની નિરાલંબનતા પામી નિજઆલંબની થાય છે, તેથી અમે તો તે સમર્થ પ્રભુનું પ્રબલ અવલંબન ગ્રહી નિજ ગુણના શુદ્ધ નંદનવનમાં રમશું. તે એટલે સુધી કે નિજ સંપદાયુક્ત આત્મતત્ત્વ જ્યાં સુધી સંપૂર્ણ નહિ થાય ત્યાં સુધી હું આ જગગુરુદેવના ચરણ સદાય સેવ્યા કરીશ,

યાવત્ બારમા ક્ષીણમોહ ગુણસ્થાનના અંતપર્યંત તેનું અવલંબન હું છોડીશ નહિં.

“ અતિ દુસ્તર જે જલધિ સમો સંસાર જો
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો;
જિન આલંબની નિરાલંબતા પામે જો,
તિણે હુમ રમશું નિજ ગુણ શુદ્ધ નંદનવને રે લો.
જગત દિવાકર શ્રી નમીશ્વર૦ ”

“ શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જ્યાં લગે પૂર્ણ ન થાય રે;
ત્યાં લગી જગગુરુ દેવના, સેવું ચરણ સદાય...
શ્રી ઋષભાનન વંદિયે.—” શ્રી દેવચંદ્રજી

પરમ ઉપકારી જિનભક્તિરૂપ ઉત્તમ નિમિત્ત કારણનું આટલું બધું ગુણ—ગૌરવ બહુમાન જ્ઞાની મહાત્માઓ પરમાદરથી ગાઇ ગયા છે, છતાં શુષ્ક અધ્યાત્મના ઉંધા રવાડે ચડી ગયેલા અધ્યાત્મઆભાસી લોકો આ સીધી સાદી સાચી સ્પષ્ટ વાત સમજી શકતા નથી એ મહદ્ આશ્ચર્ય છે ! ખુદ મહાત્મા **આનંદઘનજી**એ પણ ગાયું છે કે—

“ કારણજોગે હો કારજ નીપજે રે, એમાં કોઇ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે,
એ નિજ મત ઉન્માદ...સંભવદેવ. ”

**‘ જિનપેં ભાવ વિના કબૂ, નહિ છૂટત દુઃખ દાવ ’**

આમ ભક્તિને સર્વ શાસ્ત્રકારોએ એકી અવાજે વખાણી છે. ભક્તિ એ મુક્તિનો ભવ્ય રાજમાર્ગ છે. ‘ જિનપતિ ભક્તિ મુક્તિનો મારગ, અનુપમ શિવસુખકંદો રે, ’ એમ ભક્તરાજ **દેવચંદ્રજી** કહે છે. ‘ જિનપેં ભાવ વિના કબૂ નહિં

છૂટત દુખ:દાવ' એમ પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** અનુભવવચન ભાખે છે. 'શાસ્ત્રસમુદ્રનું અવગાહન કરતાં મને આ સાર મળ્યો કે ભગવદ્‌ની ભક્તિ એ જ પરમાનંદ સંપદાઓનું બીજ છે.'—એમ સર્વશાસ્ત્રપારંગત શ્રી **યશોવિજયજીનું** સુભાષિત છે.

" **सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।**
**भक्तिर्भागवती बीजं परमानंदसंपदाम् ॥** "

"પ્રભુ દરશન મહામેઘ તણે પરવેશમેં રે,
પરમાનંદ સુભિક્ષ થયા અમ દેશમેં રે." **શ્રી દેવચંદ્રજી.**

**આનંદઘનજીનું દિવ્ય સંગીત**

અને આવા ભક્તિપ્રધાનપણે વર્ત્તતાં જીવ અધ્યાત્મ-માર્ગે—મોક્ષસાધક યોગરૂપ મોક્ષમાર્ગે કેવી સરલતાથી—સુગમતાથી આગળ વધ્યો જાય છે, તે જ મહાગીતાર્થ શ્રી **આનંદ-ઘનજીએ** આ પોતાના સ્તવનોમાં પરમ ભક્તિભાવથી સંગીત કર્યું છે, દિવ્ય ધ્વનિથી લલકાર્યું છે,—જે દિવ્ય ધ્વનિ હજુ તેવો ને તેવો તાજો સકર્ણ જનો સાંભળે છે, અને નિરવધિ કાળ પર્યંત સાંભળશે ! **જય આનંદઘન !**

૨૦૧૧, ચૈત્ર વદી ૫
૫, ચોપાટી રોડ,
મુંબઈ, ૭

ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.
એમ. બી. બી. એસ.

# વિષયાનુક્રમણિકા

## આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન


| વિભાગ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **દૃશ્ય પહેલું : 'પંથડા'ની શોધમાં** | ૧-૧૮ |
| ૧. | ચર્મચક્ષુથી માર્ગ દેખતાં ભાન ભૂલેલો લોક | ૪—૫ |
| ૨. | 'મૂળ મારગ સાંભળો જિનનો રે' | ૬-૧૨ |
| | પરમાર્થ-વ્યવહારનો સાક્ષેપ સંબંધ-સમન્વય | ૮ |
| | જ્ઞાન-ક્રિયાનો સુમેળ : આરાધના અને વિરાધના | ૯ |
| | 'સાગરવરગંભીરા' યોગીરાજને ભક્ત્યંજલિ | ૧૨ |
| ૩. | દિવ્ય 'આનંદઘન' મૂર્તિનું દર્શન | ૧૩-૧૮ |
| | **દૃશ્ય બીજું :** | ૧૯—૫૮ |
| | **'ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર'** | |
| | **( અંતર્ગત-સમાજની સ્થિતિનો કરુણ ચિતાર )** | |
| ૧. | જિનનો સનાતન સંપ્રદાય : એક અભેદ મોક્ષમાર્ગ | ૨૧-૩૦ |
| | ગચ્છના ભેદ અને કલિકાલનું મોહસામ્રાજ્ય | ૨૩ |
| | જિનના ખરેખરા અનુયાયી 'ભાવ જૈન' કેવા હોય ? | ૨૫ |
| | કલિકાલ અને દુર્જન બગલા ! | ૨૬ |
| | જિનદર્શન તત્ત્વ વૃક્ષનું આત્મધર્મ મૂળ | ૨૭ |
| | સર્વજ્ઞતત્ત્વ અભેદ અને સર્વ દર્શનની એકતા | ૨૮ |
| | 'જિનવરમાં દરિશન સઘળા છે' | ૨૯ |
| ૨. | ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની:બન્ને મોક્ષમાર્ગના અનધિકારી | ૩૧-૩૯ |
| ૩. | નિશ્ચય-વ્યવહારનું પરસ્પર સાપેક્ષ સ્વરૂપ | ૩૯-૪૫ |
| ૪. | 'દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?' | ૪૫-૫૦ |
| | 'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે' | ૪૭ |
| ૫. | સૂત્ર-ઉત્સૂત્રનું રહસ્ય | ૫૧-૫૭ |
| | 'ज्ञानक्रियाभ्यां मोक्षः'—એ સૂત્રનો પરમાર્થ | ૫૩ |
| | ભાવનું પ્રાધાન્ય અને દ્રવ્યનું યથાયોગ્ય સ્થાન | ૫૫ |
| | સમાજ અંગે કરુણાથી યોગિરાજનો પોકાર | ૫૭ |

| વિભાગ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | દૃશ્ય ત્રીજું : | ૫૯–૭૨ |
| | દિવ્ય 'યોગદૃષ્ટિ' નયનથી દિવ્ય જિનમાર્ગ દર્શન | |
| ૧. | ઓઘદૃષ્ટિ 'ચરમ નયન' : યોગદૃષ્ટિ 'દિવ્ય નયન' | ૬૧–૬૬ |
| | ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિનો તફાવત | ૬૩ |
| ૨. | આઠ યોગદૃષ્ટિનું સામાન્ય સ્વરૂપ | ૬૬–૭૨ |
| | દૃશ્ય ચોથું : 'અંધો અંધ પલાય' | ૭૩–૧૧૯ |
| ૧. | અંધ પુરુષપરંપરા પાસેથી દિવ્ય નયનની આશા વ્યર્થ | ૭૩–૭૮ |
| | દિવ્ય નયન પ્રાપ્ત દૃષ્ટા પુરુષની દુર્લભતા | ૭૪ |
| | ભાવાચાર્ય દ્રવ્યાચાર્ય આદિના વિવેકની જરૂર | ૭૫ |
| | ભાવાચાર્ય આદિનું જ મુખ્યપણે માન્યપણું | ૭૬ |
| ૨. | 'વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય' | ૭૮–૮૧ |
| | ક્યાં આગમોપદેશ ? ક્યાં આચરણ ? | ૭૯ |
| | માનાર્થ આદિની એવના તેટલી આત્માર્થની નહિં ! | ૮૦ |
| ૩. | દૃષ્ટિઅંધપણું શી રીતે ? : સમ્યગ્દૃષ્ટિ અને દૃષ્ટિરાગ | ૮૧–૮૭ |
| | શુદ્ધ તાત્ત્વિક શ્રદ્ધા વિરલ : અંધ શ્રદ્ધા ઠેર ઠેર ! | ૮૪ |
| | સમ્યગ્દૃષ્ટિ વા 'વેદ્ય સંવેદ્ય પદ' એજ 'દિવ્ય નયન' | ૮૫ |
| | સમ્યગ્દૃષ્ટિ અને દૃષ્ટિરાગનો તફાવત | ૮૬ |
| ૪. | 'ભાગવતી દીક્ષા' અને સાચું શાસનસંરક્ષણ | ૮૮–૯૩ |
| | 'ભાગવતી' દીક્ષાના મહાપાત્ર : દીક્ષાની યોગ્યતા | ૮૯ |
| | સાચા સાધુ, ભાવ મુનિ–ભિક્ષુ–યતિ–શ્રમણ કોણ ? | ૯૧ |
| | શાસનપાલન તે શાસનસંરક્ષણ | ૯૩ |
| ૫. | આત્મદૃષ્ટા સદ્‌ગુરુદ્વારા પ્રવચનઅંજનથકી દિવ્ય નયનપ્રાપ્તિ | ૯૪–૧૦૨ |
| | 'નિજ ઘર ન લહો રે ધર્મ !' | ૯૯ |
| | વિભાવ અધર્મ : સ્વભાવ ધર્મ | ૧૦૧ |
| ૬. | ભાવગુરુગમ વિના દિવ્ય નયનનો અસંભવ | ૧૦૨–૧૦૯ |
| | ગમ પડયા વિના આગમનો અપચો ! | ૧૦૩ |

| વિભાગ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ભાવગુરુગમ દુર્લભ:ભાવશ્રુતધર આત્મજ્ઞ વિરલ | ૧૦૪ |
| | ભાવ શ્રુત પ્રાપ્તિમાં દ્રવ્ય શ્રુતનો ઉપકાર | ૧૦૬ |
| | ‘ ગીતાર્થ ’ ગુરુ : અને ગુરુપદની જોખમદારી | ૧૦૮ |
| ૭. | અધ્યાત્મરસપરિણતિ વિનાનું શાસ્ત્રજ્ઞાન ભારરૂપ | ૧૦૯–૧૧૪ |
| | વિદ્વાન્ અને જ્ઞાનીમાં આકાશ પાતાલનું અંતર | ૧૧૦ |
| | આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન એકડા વિનાના મીંડા જેવું ! | ૧૧૧ |
| | ભાવશ્રુતધર થકી ભાવગુરુગમ : દીવામાંથી દીવો | ૧૧૩ |
| | આત્મજ્ઞાની સદ્‌ગુરૂ થકી અમૃત પ્રાપ્તિ | ૧૧૪ |
| ૮. | ભાવઅધ્યાત્મથી જ આત્મકલ્યાણ | ૧૧૪–૧૧૯ |
| | યોગમાર્ગ પ્રદીપ સમી યોગિરાજની વીરવાણી | ૧૧૮ |
| | **દૃશ્ય પાંચમું :** | **૧૨૦–૧૫૫** |
| | **દિવ્યનયનનો વિરહ અને કાલલબ્ધિની પ્રતીક્ષા** | |
| ૧. | તર્કવિચાર–દર્શનચર્ચાથી દિવ્યનયનઅસંભવ | ૧૨૧–૧૨૫ |
| ૨. | સમ્યગ્ અનેકાન્ત દૃષ્ટિથી દિવ્યનયનની યોગ્યતા | ૧૨૫–૧૩૦ |
| | સર્વ વિરોધ મથનાર અનેકાન્ત દર્શન | ૧૨૬ |
| ૩. | ઇષ્ટવસ્તુદર્શી ‘ દૃષ્ટા ’ વિરલ : દિવ્ય નયન દુર્લભ | ૧૩૦–૧૩૩ |
| ૪. | વસ્તુ વિચારમાં દિવ્ય નયનનો ‘ વિરહ ’ | ૧૩૩–૧૩૮ |
| | બ્રહ્માંડ જાણ્યું, આત્મા ન જાણ્યો ! | ૧૩૬ |
| | વિષમિશ્ર અન્ન સમો વાસિત બોધ વિચાર | ૧૩૮ |
| ૫. | વાસિતબોધ વિબુધો પાસેથી દિવ્યનયનઅસંભવ | ૧૩૯–૧૪૨ |
| | ‘ તરતમ યોગે રે તરતમ વાસના રે ’ | ૧૪૦ |
| ૬. | કાલલબ્ધિની પ્રતીક્ષા અને પુરુષાર્થની સ્ફુરણા | ૧૪૨–૧૪૬ |
| ૭. | દ્રવ્ય–ભાવ આજ્ઞા અને દિવ્ય જિનમાર્ગના અધિકારી | ૧૪૬–૧૫૧ |
| | અપુનર્બન્ધકાદિ જ દિવ્ય જિનમાર્ગના અધિકારી | ૧૫૦ |
| ૮. | કાળલબ્ધિ આશા અવલંબને મુમુક્ષુનું પરમાર્થ જીવન | ૧૫૨–૧૫૫ |
| | ‘ કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે ’ | ૧૫૨ |

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા


| વિભાગ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **પ્રથમ પરિચ્છેદ** | **૧૫૯–૧૬૬** |
| | **પ્રભુ સેવનનો ભેદ : અભય અદ્વેષ અખેદ** | |
| | મોક્ષપ્રાસાદનો યોગબીજ પાયો : પ્રભુભક્તિ ઉત્તમ યોગબીજ | ૧૬૦ |
| | 'સંભવ દેવ તે ધુર સેવો સવે રે' | ૧૬૩ |
| | પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા : 'અભય અદ્વેષ અખેદ' | ૧૬૫ |
| | **દ્વિતીય પરિચ્છેદ :** | |
| | **અભય–અદ્વેષ–અખેદની વ્યાખ્યા** | **૧૬૭–૨૦૦** |
| ૧. | અભય : 'ભય ચંચલતા હો જે પરિણામની રે' | ૧૬૮-૧૭૬ |
| ૨. | અદ્વેષ : 'દ્વેષ અરોચક ભાવ' | ૧૭૭–૧૮૬ |
| | ભોજનનું દૃષ્ટાંત : રાજવૈદનું દૃષ્ટાંત | ૧૭૭ |
| | રોચક ભાવથી પ્રભુભક્તિ : રાજસેવાનું દૃષ્ટાંત | ૧૭૯ |
| | અદ્વેષ એટલે મૈત્રી ભાવના : 'મિત્રા' દૃષ્ટિ | ૧૮૩ |
| | અદ્વેષ એ નકારાત્મક મોટો ગુણ : તે પણ વિરલ ! | ૧૮૫ |
| ૩. | અખેદ : 'ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે' | ૧૮૭–૨૦૦ |
| | અર્થ–કામમાં અથાક પ્રવૃત્તિ !–તેનું રહસ્ય કારણ | ૧૮૯ |
| | પરપ્રવૃત્તિમાં અખેદ ! આત્મપ્રવૃત્તિમાં ખેદ !! | ૧૯૧ |
| | ખેદાદિ આઠ ચિત્તદોષ અને તેની સંકલના | ૧૯૭ |
| | **તૃતીય પરિચ્છેદ : ચરમાવર્ત્ત મીમાંસા** | **૨૦૧–૨૨૭** |
| ૧. | ચરમાવર્ત્ત–છેલ્લો પુદ્ગલપરાવર્ત્ત : તથાભવ્યત્વપાક | ૨૦૧–૨૦૫ |
| ૨. | ચરમાવર્ત્તમાં જ યોગ્યતા કેમ ? | ૨૦૫–૨૧૯ |
| ૩. | ચરમાવર્ત્તનું વ્યવહારુ લક્ષણ : દુઃખી દયાદિ | ૨૨૦–૨૨૩ |
| ૪. | સારબોધ : 'માત્ર મોક્ષ અભિલાષ' | ૨૨૪–૨૨૭ |

| વિભાગ | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| | **ચતુર્થ પરિચ્છેદ :** | ૨૨૮–૨૩૮ |
| | **ચરમ કરણ અને તથાભવ્યત્વ પરિપાક** | |
| ૧. | ચરમ કરણ એટલે શું ? | ૨૨૮–૨૩૩ |
| | અપૂર્વ કરણ : અપૂર્વ આત્મપુરુષાર્થ | ૨૩૦ |
| | ત્રણ કરણ અને ગ્રંથિ ભેદ | ૨૩૧ |
| ૨. | 'તથા રે ભવ પરિણતિ પરિપાક' : યોગ્યતાપરિપાક | ૨૩૪–૨૩૮ |
| | યોગ્યતાથીજ યોગબીજ પ્રાપ્તિ : કરો સત્ય પુરુષાર્થ' | ૨૩૫ |
| | તાત્પર્ય : યોગ્ય-પાત્ર જીવના લક્ષણ | ૨૩૭ |
| | **પંચમ પરિચ્છેદ :** | ૨૩૯–૨૬૨ |
| | **દૃષ્ટિ ઉન્મીલન અને પ્રવચન વાક્ પ્રાપ્તિ** | |
| ૧. | 'દૃષ્ટિ ખૂલે ભલી રે' | ૨૪૦–૨૫૫ |
| | ઓઘદૃષ્ટિ : યોગદૃષ્ટિ : આંખનું દૃષ્ટાંત–નેત્રરોગીનું દૃષ્ટાંત | ૨૪૧ |
| | 'બિના નયન પાવે નહિં, બિના નયનકી બાત' | ૨૪૭ |
| | આઠ દૃષ્ટિને યથાર્થ ઉપમા : આત્માનું 'થર્મોમીટર' | ૨૫૦ |
| | પહેલી ચાર દૃષ્ટિ સુધી મિથ્યાત્વ 'ગુણસ્થાનક' | ૨૫૧ |
| | છતાં આ દૃષ્ટિ 'ભલી' કેમ ? શેરડીમાંથી શુદ્ધ સાકર | ૨૫૨ |
| | અભવ્યો મિત્રા આદિ દૃષ્ટિ પામવા અયોગ્ય-અપાત્ર | ૨૫૪ |
| ૨. | 'પ્રાપતિ પ્રવચન વાક' | ૨૫૬–૨૬૨ |
| | પ્રવચનસાર : પ્રવચન પ્રયોજન | ૨૫૯ |
| | 'જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે' | ૨૬૨ |
| | **ષષ્ઠ પરિચ્છેદ : સત્સંગ અને ભાવમલની ક્ષીણતા** | ૨૬૩–૨૭૭ |
| ૧. | 'પરિચય પાતક ઘાતક સાધુ શું' | ૨૬૪–૨૭૨ |
| | સાધુગુણભૂષિત ભાવસાધુનું જ માન્યપણું | ૨૬૫ |

| વિભાગ | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| | ઘાતકઘાતક સાધુ કેવા હોય? : આદર્શ નિર્ગ્રંથનું સ્વરૂપ | ૨૬૭ |
| | પરિચય એટલે શું? : સત્સંગનો અનન્ય મહિમા | ૨૭૦ |
| ૨. | ' અકુશલ અપચય ચેત ' : ભાવમલ અલ્પતા | ૨૭૩–૨૭૭ |
| | હિત પ્રવૃત્તિ : અહિત નિવૃત્તિ | ૨૭૬ |

## સપ્તમ પરિચ્છેદ : ૨૭૮–૨૯૯

## અધ્યાત્મગ્રંથના શ્રવણ–મનન–પરિશીલન

| | | |
|---|---|---|
| ૧. | ' ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે ' | ૨૭૮–૨૮૬ |
| | આત્મજ્ઞાની સદ્‌ગુરુ સત્પુરુષ જ સદુપદેષ્ટા | ૨૭૯ |
| | શુશ્રૂષાપૂર્વક શ્રવણ : શુશ્રૂષા વિનાનું શ્રવણ વ્યર્થ | ૨૮૧ |
| | સદ્‌ગુરુમુખે વા સતશાસ્ત્રમુખે શ્રવણ : અધ્યાત્મ મનન | ૨૮૪ |
| ૨. | પરિશીલન : ભાવના જ્ઞાન | ૨૮૭–૨૮૯ |
| | શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન | ૨૮૮ |
| ૩. | ' પરિશીલન નય હેત ' : અધ્યાત્મમાં નય પરિશીલન | ૨૯૦–૨૯૩ |
| | અનેકાંત પરમાર્થ પ્રત્યે દોરી જાય તે ' નય ' | ૨૯૧ |
| | તત્ત્વવિનિશ્ચય માટે નયવાદની ઉપયોગિતા | ૨૯૨ |
| ૪. | આત્મામાં સપ્ત નયની અદ્‌ભુત પરમાર્થ ઘટના | ૨૯૪–૨૯૯ |

## અષ્ટમ પરિચ્છેદ : ૩૦૧–૩૧૫

## કારણ યોગે કાર્યસિદ્ધિ : નિમિત્ત અને ઉપાદાન

| | | |
|---|---|---|
| ૧. | પુરુષાર્થનું પ્રાધાન્ય : કર્તા અને ચાર કારણ | ૩૦૨–૩૦૫ |
| ૨. | ઉપાદાન અને નિમિત્ત : નિમિત્તનો પરમ ઉપકાર | ૩૦૬–૩૧૦ |
| ૩. | ભક્તિમય અધ્યાત્મ અથવા અધ્યાત્મમય ભક્તિ | ૩૧૦–૩૧૪ |
| | નિરાલંબન અધ્યાત્મ ચિંતનના ભયસ્થાનો | ૩૧૧ |

| વિભાગ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ભક્તિમય અધ્યાત્મથી સહજ અધ્યાત્મ દશા | ૩૧૨ |
| | 'પણ કારણવિણ કારજ સાધિયે, એ નિજમત ઉન્માદ' | ૩૧૩ |
| | **નવમ પરિચ્છેદ :** | **૩૧૫–૩૩૨** |
| | **અગમ અનૂપ પ્રભુસેવા અને છેવટની પ્રાર્થના** | |
| ૧. | પશ્ચાદ્ ભૂમિકાનું દિગ્દર્શન : દિવ્ય જિન માર્ગ દર્શન | ૩૧૬–૩૨૩ |
| | લોકોત્તર દેવ : લોકોત્તર માર્ગ | ૩૧૬ |
| | ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિ : દિવ્ય દૃષ્ટા યોગીશ્વરો | ૩૧૭ |
| | આત્મ નિરીક્ષણ–Introspection | ૩૨૦ |
| | અપુનર્બંધકથી માંડી માર્ગનો અધિકારી | ૩૨૧ |
| ૨. | 'મુગધ સુગમ કરી સેવન આદરે' | ૩૨૩–૩૨૮ |
| | પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પણ વિકટ અને દુર્ગમ | ૩૨૩ |
| | 'કપટ રહિત થઈ આતમ અરપણા' | ૩૨૫ |
| | મુગ્ધપણાનો આવિષ્કાર : વિષ–ગર અનુષ્ઠાન અને અનનુષ્ઠાન | ૩૨૬ |
| ૩. | 'સેવન અગમ અનૂપ' : છેવટની પ્રાર્થના | ૩૨૮–૩૩૨ |
| | દ્રવ્ય–ભાવસેવા | ૩૨૯ |
| | 'દેજો કદાચિત સેવક યાચના' | ૩૩૧ |
| | **પરિશિષ્ટ :** | **૩૩૩–૩૪૩** |
| | **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી ઋષભજિન સ્તવન વિવેચન** | |

# આ ગ્રંથમાં અવતરણ લીધેલા ગ્રંથોની સૂચિ

| ગ્રંથકર્તા | ગ્રંથો |
| --- | --- |
| આનંદઘનજી | આનંદઘન ચોવીશી, આનંદઘન પદ |
| હરિભદ્રસૂરિ | યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિન્દુ, યોગ· વિંશિકા, સંબોધ પ્રકરણ, અષ્ટક, પંચાશક, ષોડશક, લલિતવિસ્તરા, ધર્મબિન્દુ, શાસ્ત્રવાર્તા સમુચ્ચય. |
| કુંદકુંદાચાર્ય | સમયસાર, પ્રવચનસાર, અષ્ટપ્રાભૃત |
| દેવચંદ્રજી | દેવચંદ્ર ચોવીશી |
| સિદ્ધસેન દિવાકર | સન્મતિતર્ક, કલ્યાણમંદિર |
| નરસિંહ મહેતા, કબીર, પ્રીતમ૦ | ભજનો–પદો |
| સમંતભદ્રાચાર્ય | બૃહત્ સ્વયંભૂસ્તોત્ર, આપ્તમીમાંસા |
| યશોવિજયજી | યશોવિજય ચોવીશી, સાડા ત્રણસો ગાથા સ્તવન, સવાસો ગાથા સ્તવન, યોગદૃષ્ટિ-સજ્ઝાય, દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, અધ્યાત્મ-સાર, અધ્યાત્મોપનિષદ્, ઉપદેશ રહસ્ય |
| શ્રીમદ્ રાજચંદ્રજી | 'શ્રીમદ્ રાજચંદ્ર,' આત્મસિદ્ધિ, મોક્ષમાળા |
| આર્ષ ( જિનાગમ ) | આચારાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ |
| અમૃતચંદ્રાચાર્ય | પુરુષાર્થસિદ્ધિ ઉપાય, સમયસાર કળશ |
| ચિદાનંદજી | પદાવલી |
| પદ્મનંદિઆચાર્ય | પદ્મનંદિ પંચવિંશતિકા |
| શુભચંદ્રાચાર્ય | જ્ઞાનાર્ણવ |
| પૂજ્યપાદ સ્વામી | સમાધિશતક |
| મહાકવિ ધનપાલ | સ્તુતિ |
| ડૉ. આનંદશંકર ધ્રુવ | આપણો ધર્મ |
| ડૉ. ભગવાનદાસ મ. મહેતા | યોગદૃષ્ટિસમુચ્ચય વિવેચન, યોગદૃષ્ટિ કળશ કાવ્ય, પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા |

# દિવ્યાત્માઓની પ્રાર્થના પ્રસાદી

વારંવાર જિનરાજ ! તુજ પદ સેવા હો હોજો નિર્મળી;
તુજ શાસન અનુજાયિ, વાસન ભાસન હો તત્ત્વરમણ વળી.

—**શ્રી દેવચંદ્રજી.**

કઇયેં હો પ્રભુ ! કઇયેં મ દેશો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિશણ તણોજી.

—**શ્રી યશોવિજયજી.**

卐

હે પરમ કૃપાળુ દેવ ! × × આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ ! ૐ શાંતિ: શાંતિ: શાંતિ:.

—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

卐

તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિયે રે,
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહિયે રે.
ષડ દરિશન જિન અંગ ભણીજે.—**શ્રી આનંદઘનજી.**

# આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન

લેખક :—

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા,

એમ. બી. બી. એસ.

૫, ચોપાટી રોડ, મુંબઇ ૭.

[ શ્રી આનંદઘનજીના દ્વિતીય સ્તવન પર 'આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન' એ શીર્ષક એક વિવેચન ગર્ભિત લેખમાળા આ લેખકે 'શ્રી જૈનધર્મ પ્રકાશ'માં (પુ. ૬૦ થી ૬૩, સં. ૨૦૦૦ થી ૨૦૦૩) લખી હતી. ક્રમશઃ બાવીશ લેખાંકોમાં છપાયેલી તે લેખમાળા અત્રે ગ્રંથાકારે રજૂ કરવામાં આવી છે. ]

# મહર્ષિ આનંદઘનજી પ્રણીત

# દ્વિતીય શ્રી અજિત જિન સ્તવન

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે,
અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તિણે હું જીતિયો રે,
પુરુષ કિશ્યું મુજ નામ ?...પંથડો૦ ૧.

ચરમ નયણ કરી મારગ જોવતાં રે,
ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઇએ રે,
નયણ તે દિવ્ય વિચાર...પંથડો૦ ૨.

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહીં ઠાય...પંથડો૦ ૩.

તર્ક વિચારે રે વાદ પરંપરા રે,
પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે,
તે વિરલા જગ જોય...પંથડો૦ ૪.

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે,
વિરહ પડયો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર...પંથડો૦ ૫.

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે
એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી ! જાણજો રે,
આનંદઘન મત અંબ...પંથડો૦ ૬.

ॐ

# આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન

## દૃશ્ય પહેલું : 'પંથડા'ની શોધમાં

[કોઈ એક 'અવધૂત' યોગિરાજ ધૂનમાં ને ધૂનમાં ચાલ્યા જાય છે. 'પંથડો પંથડો' એવું રટતા જાય છે. તેની નિસર્ગગંભીર સુપ્રસન્ન સૌમ્ય મુખમુદ્રા પર પણ એક પ્રકારની વ્યગ્રતા છવાઇ રહી જણાય છે. કોઈ ખોવાઈ ગયેલી 'વસ્તુ'ની શોધમાં તે પડયા હોય, પણ તે વસ્તુ કયાંય જડતી ન હોય એવું તેના ઇંગિતાકાર પરથી, મુખ પર તરી આવતા ભાવ પરથી જણાય છે. 'પંથડો' નામની કોઇ અત્યંત વહાલી વસ્તુનો 'વિરહ' તેને પડયો હોય, એમ તે શબ્દના તેના પુનઃ પુનઃ રટનથી–ધૂનથી સૂચિત થાય છે. ચોતરફ તે ચકળવકળ ચક્ષુ ફેરવી રહ્યા છે છતાં કોઈ દિશામાં તે પંથડો કેમે કરીને તેની નજરે ચડતો નથી, એટલે તે પંથડા માટેની તેની વ્યાકુલતા ક્ષણે ક્ષણે વધતી જાય છે.]

આવા તે અવધૂત ચાલ્યા જાય છે ત્યાં રસ્તામાં તેને કોઇ વટેમાર્ગુનો ભેટો થાય છે. તે તેની વ્યગ્ર વ્યાકુલ દશા જોઇ સદ્ભાવથી પૂછે છે કે–હે મસ્તરાજ ! તમે આમ બેબાકળા કેમ બની ગયા છો ? તમારું શું ખોવાઈ ગયું છે ? આ ચારે તરફ શું શોધો છો ? ને આ 'પંથડો પંથડો' શું બોલો છો ?

એટલે તે મસ્તરાજ બોલી ઉઠે છે—

" પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."

હે ભાઈ ! હું તો બીજા જિનના પંથડાની શોધમાં પડચો છું મારો પંથડો, વહાલો પંથ, પ્રિય માર્ગ હું શોધી રહ્યો છું. જિનનો-વીતરાગનો માર્ગ-પંથ મને પરમ પ્રિય છે, તે હું ખોળી રહ્યો છું, પણ મને તે કયાંય ગોત્યો જડતો નથી; ચારે તરફ નજર ફેરવું છું, પણ કયાંય એનો પત્તો ખાતો નથી. તમે કાંઇ તેની ભાળ આપી શકો એમ હો તો કહો.

**વટેમાર્ગુ**—આપ કાંઇ તે માર્ગની નિશાની આપો તો ખબર પડે. એમ તો અહીં અનેક માર્ગ છે. તેમાં તમે કયો માર્ગ શોધો છો તેની નિશાની વિના કેમ બતાવાય ? માટે કાંઇ એંધાણ આપો તો સમજણ પડે.

**મસ્તરાજ**—હું તો બીજા **અજિત જિનનો**-વીતરાગનો માર્ગ શોધું છું, ને લ્યો તેની નિશાની બતાવું. એ અજિત જિનનો માર્ગ અજિત ( રાગદ્વેષાદિ દોષથી અજિત-નહિં જીતાયેલો ) ને ગુણનું ધામ છે; નિર્દોષ ને ગુણધામ એવા તે માર્ગને હું શોધું છું. આ એંધાણવાળો માર્ગ તમને કયાંય નજરે ચડયો હોય તો બતાવો, નહિં તો થયું. એમ કહીને પુનઃ મધુર સ્વરે લલકારે છેઃ

" પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,
અજિત અજિત ગુણધામ."

**વટેમાર્ગુ**—અહોહો ! એમાં તે શું છે ? પણે એ માર્ગ રહ્યો, એ તો સ્પષ્ટ દેખાય છે. અજિત અજિત માર્ગે ચાલ્યાં

અને પોતે અજિત થઈ નિર્દોષ ને ગુણધામ બન્યા, તેને પગલે પગલે ચાલ્યા જાઓ. અજિત જિનના સાચા 'અનુયાયી' બની જાઓ. અજિત રાગદ્વેષાદિથી અજિત છે તેમ તમે પણ રાગદ્વેષાદિથી અજિત બની જાઓ, એટલે તમે પણ અજિત થઇ નિર્દોષ ને ગુણધામ બનશો. આમ 'પંથડો પંથડો' કર્યા કરવાથી શું ? માર્ગે પડો ! ચાલવા માંડો !

**મસ્તરાજ**—(વ્યંગમાં) અરે ભલા ભાઈ! વાતો કરવી સહેલી છે. પણ અંતરાત્મા તો ભાવે છે કે-મારામાં તો તેવી જોઈતી ત્રેવડ નથી. જે અજિતે જીત્યા છે તેને જીતવાની મારી પૂરેપૂરી તાકાત હજુ દેખાતી નથી. ઊલટા તેણે (રાગાદિએ) મને જીતી લીધો છે. ખરેખર ! હું તો પુરુષ જ નથી, મને 'પુરુષ' નામ જ ઘટતું નથી, કારણ કે 'મરદ' હોય તે દુશ્મનને હાથે માર ખાઇ-મ્હાત થઈ બેસી રહે એમ બને નહિ. સાચો પુરુષ હોય તે તો શત્રુઓનો નાશ કરી નાંખે. પણ હું તો તેવો 'પુરુષ' નથી, એટલે તે અજિતના માર્ગે ચાલવા સમર્થ નથી.

**"જે તેં જિત્યા રે, તિણે હું જીતિયો રે,**
**પુરુષ કિશ્યું મુજ નામ ?**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે." ૧.**

વળી તમે જે કહ્યું કે તેના પગલે પગલે ચાલ્યા જાઓ, પણ તેના પગલાં જ દેખાતા નથી તો કેવી રીતે ચાલવા માંડવું ? ખરેખર ! હું તો મુંઝાઇ ગયો છું !

## ૧. 'ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર'

**વટેમાર્ગુ**—અરે ભદ્ર પુરુષ ! તમે આમ શું કહો છો ? પણે આ માર્ગ દેખાય, ત્યાં આટલા બધા માણસો તે માર્ગે ચાલી રહ્યા છે તે શું તમારી નજરે નથી ચડતા ? તે શું તમારી ગણત્રીમાં આવતા નથી ? તેનું શું તમને લેખું નથી ? જુઓ !આ પણે સફેદ કપડાવાળા, હાથમાં દંડવાળા, મુખવસ્ત્રિકા ધરતા મહાનુભાવ મનુષ્યોનું ટોળું ચાલ્યું જાય છે ! આ પેલી તરફ દિશાનું વસ્ત્ર પરિધાન કરતા, કરમાં કમંડળ પકડી મયૂરપિચ્છ હલાવતા મહાજનોનું જૂથ ચાલ્યું જાય છે ! અને તેમના સંપ્રદાયના અનુસારે ચાલ્યા જતા આ મોટી પાઘડીવાળા, આ ઉજ્જવલ વસ્ત્ર પહેરેલા, 'જય જિનેશ્વર ! જય જિનેશ્વર ! જિનશાસનનો જય હો ! જિનશાસનનો જય હો !' એમ મુખેથી બોલતા ને 'ધામધૂમની ધમાધમ' મચાવતા સદ્‌ગૃહસ્થો ને આ સન્નારીઓનો આવડો મોટો સમુદાય પણ શું તમારી નજરે ચડતો નથી ? આ તે કેવું આશ્ચર્ય ? આ બધા શું જિનના માર્ગે–જિનના પગલે નથી ચાલી રહ્યા ? એ બધા તો દાવો કરે છે કે–અમે જિનમાર્ગે જઈએ છીએ, અમે જિનમાર્ગને 'અનુસરીએ' છીએ, અમે જિનમાર્ગના 'અનુયાયી' છીએ. શું એ બધા ખોટા હશે ? ખોટું કરતા હશે ? માટે તમારું ડહાપણ છોડી દઈ એ માર્ગે ચાલવા માંડો.

**ચર્મચક્ષુથી માર્ગ દેખતાં ભાન ભૂલેલો લોક**

એટલે અવધૂત ખડખડાટ હસી પડ્યા ને ક્ષણવાર મૌન રહી બોલ્યા—ભાઈ ! તમે પણ ભલા માણસ જણાઓ છો, તદ્દન મુગ્ધ લાગો છો ! 'આંધળે બ્હેરું કૂટાય છે !' હું પૂછું છું કાંઈ ને તમે જવાબ આપો છો કાંઈ ! મારો કહેવાનો 'આશય' તમે

સમજયા નથી તમે જે કહ્યું તે કોઇ અપેક્ષાએ સાચું હોય તો પણ મુખ્યત્વે પ્રાયે તમે જે કહો છો તે તો સ્થૂળ માર્ગ છે, બાહ્ય માર્ગ છે, દ્રવ્ય માર્ગ છે. 'ચર્મચક્ષુથી' જો તે માર્ગ દેખાતો હોત તો આ બધી માથાફોડ શાને કરત? **આખો સંસાર ચર્મચક્ષુથી માર્ગને જોતાં ગોથું ખાઇ ગયો છે;** બાહ્ય-સ્થૂળ દૃષ્ટિથી એ માર્ગને અવલોકવા જતાં ભૂલાવામાં પડી ગયો છે! તમે પણ એવું ગોથું ખાઇ ગયા છો! અરે! હું પણ પહેલાં તો એવું જ ગોથું ખાઇ ગયેલો; હું પણ અત્યાર સુધી 'ચર્મચક્ષુ'-આંખો ફાડી ફાડીને માર્ગ જોયા કરતો હતો, પણ મને ક્યાંય તે દેખાયો નહિં; માર્ગ તો શું, માર્ગનો પડછાયો પણ દેખાયો નહિં. વળી તમે જે તે તે સંપ્રદાય વગેરેની વાત કરી તેમાં પણ કંઇ માલ નથી. એ માર્ગ કંઇ 'વાડામાં' પૂરાઇ ગયો નથી! એવડો મોટો વિશાળ માર્ગ કાંઇ નાના સાંકડા 'ચીલા'માં સમાય ખરો? અને બહિર્દૃષ્ટિથી લોકો જે 'માર્ગ માર્ગ' માની બેઠા છે તે કાંઈ માર્ગ નથી, કારણકે તે માર્ગ તો અંતરંગ માર્ગ છે, બહિરંગ માર્ગ નથી. ધૂળ, માટી, પથ્થર વગેરેનો બનેલો માર્ગ હોય તે ચર્મચક્ષુએ દેખાય, પણ આ કાંઇ તેવો માર્ગ નથી કે ચર્મ-ચક્ષુએ દેખી શકાય. **આમ અંતરંગ માર્ગને બહિરંગ માર્ગ માની લઈ આખો સંસાર (લોક) ભૂલાવો ખાઇ ગયો છે;** એ બધો માર્ગ માની બેઠો છે, તે તો પ્રાયે મિથ્યાભિમાન સિવાય બીજું કાંઇ નથી. **ખરો માર્ગ આધ્યાત્મિક જ છે,** અને તે જ માર્ગ હું શોધું છું. એમ કહીને યોગિરાજ ધૂન લગાવે છે—

> **"ચરમ નયણ કરી મારગ જોવતો રે,**
> **ભૂલ્યો સકલ સંસાર."**

વટેમાર્ગુ—મહારાજ! આપે આ બધું ગૂઢાર્થમાં કહ્યું, પણ મને તેમાં કાંઇ સમજણ પડી નહિં, માટે કૃપા કરી ફોડ પાડીને ખુલાસાથી કાંઇ વાત કરો તો સમજણ પડે. **આપ જેવા અગમ જોગી તો 'મર્મ'માં થોડા શબ્દ કહી નાંખે, પણ અમારા જેવા પ્રાકૃત જનને એમાં શી ગમ પડે?**

યોગિરાજ—હે ભદ્ર! તારે જિજ્ઞાસા છે તો લે સાંભળ, તને રહસ્યવાર્તા કહું છું. પણ આ કથની લાંબી છે ને વિસ્તારથી કથવા બેસું તો મહાગ્રંથ ભરાય તેટલી છે, તો પણ સંક્ષેપમાં તને સારભૂત કહી બતાવું છું. ચાલ પેલા નદીતટ પરના એકાંત શાંત સ્થળમાં, ત્યાં હું કહું તે સ્થિરતાથી શાંત ચિત્તે શ્રવણ કરી તું મનન કરજે.

## ૨. 'મૂળ મારગ સાંભળો જિનનો રે'

(બન્ને એકાંત શાંત સ્થળે જાય છે. યોગિરાજના મુખારવિંદ પર કોઇ અદ્‌ભુત પ્રસન્નતા, અદ્‌ભુત ગંભીરતા, અદ્‌ભુત સ્વસ્થતા છવાઈ રહેલ છે. યોગિરાજ પોતાની નિસર્ગ-મધુર, પરમાર્થ-ગંભીર, માર્દવ-આર્જવભરી પરમ અમૃત-વાણીમાં પોતાનું વક્તવ્ય આગળ ચલાવે છે-)

**જિનનો મૂળ માર્ગ: પરમાર્થ માર્ગ**

હે આત્મબંધુ! પ્રથમ તો એ વિચારવું ઘટે છે કે જિનમાર્ગ એટલે શું? તે બાહ્ય માર્ગ છે કે અભ્યંતર માર્ગ છે? તે દ્રવ્યમાર્ગ છે કે ભાવમાર્ગ છે? તે વ્યવહારમાર્ગ છે કે નિશ્ચય-માર્ગ છે? તે સંસાર માર્ગ છે કે કે મોક્ષમાર્ગ છે? જિન-

**માર્ગ એટલે જિન-વીતરાગ જે માર્ગે ગયા તે માર્ગ અને તે વીતરાગ માર્ગ તો મોક્ષનો** છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવા શુદ્ધ આત્માનું સમ્યગ્દર્શન, શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન, શુદ્ધ આત્માનું સમ્યક્ચારિત્ર–એ ત્રણેની અભેદ એકતા આત્મામાં પરિણમાવી, ભગવાન્ શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષને પામ્યા. એટલે શુદ્ધ આત્મદર્શન, આત્મજ્ઞાન ને આત્મચારિત્રની અભેદ એકતા સાધવી એ **જિનનો મૂળ માર્ગ** છે. આમ આ જિનનો મૂળ માર્ગ તો કેવળ આત્મપરિણતિરૂપ હોઇ મુખ્યપણે આધ્યાત્મિક માર્ગ છે, પરમાર્થ માર્ગ છે, નિશ્ચય માર્ગ છે. ભાવ માર્ગ છે; અંતરંગ માર્ગ છે, બહિરંગ માર્ગ નથી. આ વસ્તુતત્ત્વ તદ્દન સ્પષ્ટ છે. જે કોઈ સિદ્ધ થયા છે, થાય છે કે થશે તે આ જિનના મૂળ પરમાર્થ માર્ગે પ્રયાણ કરીને જ–એમ સર્વ જ્ઞાની સત્પુરુષોનો પરમ નિશ્ચય છે. ગમે તે દેશમાં, ગમે તે કાળમાં એ જ એક ત્રિકાલાબાધિત મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચલ નિશ્ચયસિદ્ધાંત સ્થિત છે. **આમ શુદ્ધ આત્માને જાણવો, શ્રદ્ધવો ને આચરવો એ જ એક સનાતન નિશ્ચય સાધ્ય છે, ધ્યેય છે, લક્ષ્ય છે.**

તો પછી આ વ્યવહાર માર્ગનું નિરૂપણ શા માટે કરવામાં આવ્યું હશે? એવો સ્વાભાવિક પ્રશ્ન થશે. તે વ્યવ-

વ્યવહાર માર્ગનું ઉપકારી પ્રયોજન

**હાર માર્ગ પણ પરમાર્થનું જ પ્રતિપાદન કરવા માટે, પરમાર્થ સમજાવવા માટે જ પ્રરૂપવામાં આવ્યો છે,**

પરમાર્થરૂપ નિશ્ચય લક્ષ્ય પ્રત્યે જ જીવનું લક્ષ દોરવા માટે બોધવામાં આવ્યો છે. મ્લેચ્છને સમજાવવા માટે જેમ મ્લેચ્છ ભાષાનો પ્રયોગ કરવો પડે, તેમ પરમાર્થથી અનભિજ્ઞ જીવને પરમાર્થ પમાડવા માટે વ્યવહારનો ઉપયોગ આવશ્યક છે. એટલે જ શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે—" જે નિશ્ચયને—પરમાર્થને છેદે છે, ઉત્થાપે છે, તે તત્ત્વને છેદે છે; અને જે વ્યવહારને છેદે છે તે તીર્થને ઉત્થાપે છે. *" પણ આ એક વાત ભૂલવા જેવી નથી કે પરમાર્થ જ સાધ્ય છે, વ્યવહાર સાધ્ય નથી, વ્યવહાર તો સાધન છે, પરમાર્થરૂપ લક્ષ્યનો લક્ષ કરાવવા માટે જ વ્યવહારની ઉપયોગિતા છે. વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ઉત્તરોત્તર શુદ્ધિ પણ ક્રમે કરીને આત્માને સ્વરૂપ પર પુનઃ આરોપવા માટે છે, સ્વરૂપ પર પુનઃ આરૂઢ કરવા માટે છે; કારણ કે સ્વરૂપભ્રષ્ટ થવાથી જ આત્માનું સંસારપરિભ્રમણ થયું છે. માટે સમસ્ત વ્યવહારનું પણ પ્રથમ ને એક જ પ્રયોજન આત્માને પુનઃ સ્વરૂપમાં આણી 'નિજ ઘર' પધરાવવાનું છે. અને પછી વ્યવહાર રત્નત્રયી દ્વારા આ સ્વરૂપઆરોપણરૂપ પ્રથમ ભૂમિકા—નિજ 'પદ' પ્રાપ્ત કરી, જીવ નિશ્ચય રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનો સાધક—સાધુ બની, ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ ભૂમિકાઓને—દશાઓને સ્પર્શતો સ્પર્શતો મોક્ષમાર્ગે આગળ વધતો જાય છે, અને છેવટે આત્મશુદ્ધિની પરમ પરાકાષ્ઠાને પ્રાપ્ત કરી તે શુદ્ધ આત્મસિદ્ધિરૂપ મોક્ષને પામે છે—સિદ્ધ બને છે.

---

* " जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयए।
एगेण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ॥ "

આમ નિશ્ચય-વ્યવહારનો પરસ્પર સાપેક્ષ સંબંધ છે. તેમાં પરમાર્થ ભૂતાર્થ છે, વ્યવહાર અભૂતાર્થ છે. પરમાર્થ તે પરમાર્થ છે, વ્યવહાર તે વ્યવહાર છે. પરમાર્થ તે વ્યવહાર નથી, વ્યવહાર તે પરમાર્થ નથી. વ્યવહારના આલંબન સાધનથી પરમાર્થ પ્રત્યે આવી, જે પરમાર્થને પરમાર્થરૂપે આરાધે છે તે મોક્ષ પામે છે. જે વ્યવહારને જ પરમાર્થ માની બેસી વ્યવહારના કુંડાળામાં જ ગોળ ગોળ ફર્યા કરે છે, તે સંસારના કુંડાળામાં પણ ફર્યા કરે છે. સંક્ષેપમાં આ જિનના મોક્ષમાર્ગની વ્યવસ્થા છે. તાત્પર્ય એ કે-જે જિનના મૂળ પરમાર્થમાર્ગમાં વર્તે છે તે સાક્ષાત્ જિનમાર્ગમાં છે; તે મૂલ માર્ગનો સતત લક્ષ રાખી સકલ વ્યવહાર તેની સાધના પ્રત્યે પ્રવર્તાવે છે, તે જિનમાર્ગાનુસારી છે; અને જે વ્યવહારને જ પરમાર્થ માની તેને જ આરાધ્યા કરે છે તે જિનમાર્ગથી બાહ્ય છે.

**પરમાર્થ-વ્યવહારનો સાપેક્ષ સંબંધ**

આ ઉપરથી સારભૂત યુક્ત પક્ષ આ છે કે-જ્ઞાન ને ક્રિયા એ બન્ને નયની ‘ પરસ્પર તીવ્ર મૈત્રી કરાવી,’ શુદ્ધ આત્મજ્ઞાન ને રાગદ્વેષરહિત નિષ્કષાય શુદ્ધ આત્મપરિણતિરૂપ ક્રિયાનો સુમેળ સાધવો, એ જ શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષની સિદ્ધિનો પરમ ઉપાય છે. **એટલે કે પરપરિણતિને ત્યજવી ને આત્મપરિણતિને ભજવી તે મોક્ષમાર્ગની આરાધના છે;** પરપરિણતિને ભજવી ને આત્મપરિણતિને ત્યજવી તે મોક્ષમાર્ગની વિરાધના

**જ્ઞાન ક્રિયાનો સુમેળ: આરાધના અને વિરાધના**

છે. પરપરિણતિ ત્યજી આત્મપરિણતિને ભજનારો જીવ આરાધક છે, આત્મપરિણતિ ત્યજી પરપરિણતિ ભજનારો જીવ વિરાધક છે. **પરપરિણતિને ભજે છે તે જીવ પરવસ્તુનો ચોર હોઇ અપરાધી દંડપાત્ર છે;** પરપરિણતિને ત્યજે છે તે જીવ નિરપરાધી હોઈ દંડપાત્ર નથી. જેટલે અંશે નિરપરાધી તેટલે અંશે આરાધક, જેટલે અંશે અપરાધી તેટલે અંશે વિરાધક. આ પ્રમાણે જિનમાર્ગની ત્રિકાલાબાધિત શાશ્વત સ્થિતિ છે, ને આ જ તત્ત્વજ્ઞાનની રહસ્ય ચાવી છે.

**નિશ્ચય વ્યવહારનો સમન્વય**

આમ જિનનો મોક્ષમાર્ગ તો સીધામાં સીધો, સરલમાં સરલ, ઋજુમાં ઋજુ, સાદામાં સાદો, ટૂંકામાં ટૂંકો ને ચોખ્ખામાં ચોખ્ખો છે. એમાં કાંઈ વિસંવાદ નથી, એમાં કાંઈ ગોટાળો નથી. ગોટાળો ને વિસંવાદ તો તેના અનુયાયી કહેવાતા લોકોએ ઊભો કર્યો છે. આ લોકો મૂળ માર્ગને પ્રાયઃ વિસરી ગયા છે, ને પાંડદાને પકડી બેસી બાહ્ય કૂટારો ખૂબ વધારી દઈને મૂળ માર્ગથી લાખો ગાઉ દૂર પડયા છે. નિશ્ચય–વ્યવહારનો યથાયોગ્ય સમન્વય કરતાં તેમને આવડતો નથી, એટલે એકાંત પક્ષને પકડી બેસી તેઓ માર્ગભ્રષ્ટ થાય છે. કારણ કે જે વ્યવહારને છોડી દઈને યથાયોગ્ય આત્મદશા વિના કેવળ નિશ્ચયને જ ગ્રહે છે, તે સાધન વિના નિશ્ચયરૂપ સાધ્યને સાધશે શી રીતે ? તે તો જ્ઞાનદશા પામ્યા નથી ને સાધનદશા છોડી દે છે, એટલે તે ઉભયભ્રષ્ટ થાય છે. જે નિશ્ચયને છોડી કેવળ વ્યવહારને જ વળગ્યા રહે છે, વ્યવહારરૂપ સાધનને સાધ્ય માને છે,

લાકડાના ઘોડાને સાચો ઘોડો માને છે, 'સિંહ' કહેવાતા બિલાડાને સાચો સિંહ માને છે, તે તો વ્યવહારના વર્તુલમાં જ ભમ્યા કરે છે ને મધ્યબિન્દુરૂપ નિશ્ચય લક્ષ્યને ચૂકી જઈ અનંત પરિભ્રમણમાં જ ભમ્યા કરે છે. પણ સર્વ વ્યવહારસાધનને એક નિશ્ચયરૂપ મધ્યબિન્દુના લક્ષ્ય પ્રત્યે-સાધ્ય પ્રત્યે જે દોરી જાય છે, તે જ નિશ્ચયરૂપ આત્મવસ્તુની સિદ્ધિ કરે છે, તે જ પરમાર્થરૂપ મોક્ષમાર્ગને પામે છે, તે જ સિદ્ધ બની કૃતકૃત્ય થાય છે. આમ યથાર્થ વસ્તુસ્થિતિનું તેમને ભાન નહિં હોવાથી તેઓ માર્ગને પામતા નથી.

મને તે પરમાત્મા પ્રત્યે પરમ પ્રીતિ-ભક્તિ જાગી છે. તે પરમ પ્રીતિના પ્રભાવે મારો કંઈક અંતરાત્મામાં પ્રવેશ થતાં,

'ડાળને છંડી મૂળને વળગો'

મને તે પરમાત્માના સર્વાંગસુંદર મૂળ માર્ગનું કંઈક દર્શન થયું છે. અહો ! કેવો સુંદર, સરસ, નિર્મલ માર્ગ ! પણ અહીં બહાર નજર ફેરવું છું તો તેની આસપાસ અનંત જાળા બાઝી ગયા છે, અનંત થર જામી ગયા છે, તે મૂળમાર્ગનું ભાન ક્યાંય દેખાતું નથી, માત્ર પાંદડાં કે ડાંખળાં પકડીને લોકો કૃતકૃત્યતા માની બેઠા છે ! એટલે મારા આત્મામાં સ્વાભાવિક સંક્ષોભ થયો કે આવો પરમ સુંદર માર્ગ છતાં આ લોકો તેનું ભાન કેમ ભૂલી ગયા હશે ? **આમ તે માર્ગ પરના પરમ પ્રેમથી મારા આત્મામાં તીવ્ર ખેદનું સંવેદન થયું**, જેથી સ્વાભાવિક અંતરોદ્ગાર સહજ નીકળી પડયા કે:—

**"પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."**

આ ઉપરથી હે આત્મબંધુ ! તું મારો આશય સમજી શક્યો હોઈશ; ઉક્ત દૃષ્ટિબિન્દુ લક્ષ્યમાં રાખી ઉપર જે કહ્યું તેનો વિશેષ વિચાર કરી જોજે, એટલે તારી સર્વ શંકાનું સમાધાન થશે. આ પ્રમાણે કહી યોગિરાજ મૌન રહ્યા.

એટલે તે પથિક પરમ ભાવોલ્લાસમાં આવી જઈ તે યોગિરાજના ચરણે પડયો ને બોલી ઉઠયો—મહારાજ !

**'સાગરવર ગંભીરા' યોગી-રાજને ભક્ત્યંજલિ**

આપે તો ભારે કરી ! થોડા સાદા શબ્દોમાં આપે આટલું બધું રહસ્ય છુપાવ્યું હશે, આટલો બધો આશય ગોપવ્યો હશે, આટલો બધો 'ધ્વનિ' રાખ્યો હશે એની મારા જેવા પામરને ખબર ન્હોતી, એટલે દોઢડાહ્યા થઇ મેં આપને માર્ગ દેખાડવાની ધૃષ્ટતા કરી તેથી જે કાંઈ અવિનય થયો હોય તે માટે ક્ષમા કરજો ! ખરેખર, આપ તો **'સાગરવરગંભીરા'** છો, આપનો આશય સમુદ્ર જેવો અગાધ છે, આપ પરમ જ્ઞાની મહાત્મા છો, આપ આચાર્યોના આચાર્ય છો, આપ ગુરુઓના ગુરુ છો. જે પૂર્વે કદી પણ ક્યાંય સાંભળ્યું ન્હોતું એવું અપૂર્વ માર્ગરહસ્ય સમજાવી, આપે આ પામર પર પરમ ઉપકાર કર્યો છે. આપની જિનમાર્ગ પ્રત્યેની અંતરૂદાઝ પણ પરમ અદ્ભુત છે, જિનમાર્ગના સાચા પરમ પ્રભાવક આપ છો, જિનશાસનના સાચા શણગાર આપ છો. યોગિરાજ ! વર્તમાન સમાજ વગેરેને અપેક્ષીને આપે જે કંઇ કહ્યું, તેનું વિશેષ સ્પષ્ટીકરણ હું આપના શ્રીમુખે જ શ્રવણ કરવા ઇચ્છું છું.

**યોગિરાજ**—મહાનુભાવ ! આજે સમય બહુ થઇ ગયો છે. મારે હજુ સ્વાધ્યાય-ધ્યાન આદિમાં પ્રવર્તવાનું છે; માટે આજે કહ્યું છે તેનું મનન કરજે, ને કાલે આ સામેના ગિરિશૃંગ પર પુનઃ પ્રાતઃકાળે મળજે, એટલે હું તારી જિજ્ઞાસાને તૃપ્ત કરીશ.

**વટેમાર્ગુ**—જેવી આપની આજ્ઞા. ( બન્ને પોતપોતાને પંથે પડે છે )

## ૩. દિવ્ય 'આનંદઘન' મૂર્ત્તિનું દર્શન

પથિક પોતાને આવાસે આવ્યો. ત્યાં પણ તેના મનમાં અવધૂત યોગિરાજનાં વચનામૃતોનું મનન ચાલી રહ્યું હતું.

યોગિરાજનું ગુણદર્શન

તે આજનો દિવસ ધન્ય ધન્ય માનતો હતો. આવા અદ્ભુત મહાત્મા મુનીશ્વરનો આકસ્મિક સમાગમ થયો તે પોતાનો પુણ્યોદય સમજતો હતો, તેમજ ચિંતવતો હતો કે—મેં મારી આટલી જીવનયાત્રામાં અનેક શાસ્ત્રવિશારદોનો સમાગમ કર્યો હશે, અનેક ન્યાયપારંગત પંડિતોનો પરિચય સાધ્યો હશે, અનેક સાધુસંતોનો સંસર્ગ સેવ્યો હશે, પણ મને ક્યાંય આ અવધૂતના જેવી ચોખ્ખી, સ્પષ્ટ, નિર્મલ વાત સાંભળવામાં નહોતી આવી. આજે મને અપૂર્વ શાંતિ ઉપજી છે. અહો ! યોગિરાજની કેવી અદ્ભુત આત્મ-સમાધિ ! કેવી તેમની સુપ્રસન્ન આનંદમય મૂર્તિ ! અહો ! એમનું મૌન પણ પરમ ઉપદેશ દેતું હતું ! શી એમની મધુર વચનામૃતધારા ! મૌનીંદ્ર પ્રવચનનું એમનું રહસ્યજ્ઞાન

કેવું અગાધ! એમનો આશય કેટલો ગંભીર! એમનો બોધ કેવો વિશદ! કેવો નિર્મલ! એમનું હૃદય કેવું આર્દ્ર! કેવું વાત્સલ્યવંત! હું ખરેખરો ધન્ય કે મને આવા પરમ સંતનું સાક્ષાત્ દર્શન થયું. ક્યારે સવાર પડે ને પુનઃ હું એ મહાત્માનાં દર્શન કરી પાવન થઉં, તેમજ તેમના શ્રીમુખે મારી શંકાઓનું સમાધાન પામી માર્ગરહસ્ય જાણું, ઈત્યાદિ ચિંતવતો ચિંતવતો તે થાકીપાકીને શયન કરી ગયો.

**દિવ્ય આનંદઘન મૂર્ત્તિનું દર્શન**

રાત્રિના પ્રાંતભાગમાં તેને એક સુંદર સ્વપ્ન આવ્યું. જાણે કોઈ ભવ્ય મૂર્ત્તિ-દિવ્ય પુરુષનાં તેને દર્શન થયાં, ને તેને ઉદ્દેશીને તે જાણે પોકારી રહ્યા હતા: "ઓ ભવ્ય પથિક! જાગ, જાગ! આ વિષમ ભવમાર્ગમાં આમ ને આમ તારે ક્યાં સુધી ભ્રમણ કર્યા કરવું છે? હે મુસાફર! આવી ને આવી અનંત રખડપટ્ટી કર્યા છતાં તું શું હજુ થાક્યો નથી? હવે તો વિરામ પામ! અલ્યા! તું તને પોતાને જ ભૂલી ગયો! આનાથી મોટું અંધેર કયું? ઓ ભાનભૂલા વટેમાર્ગુ! તારી આ ઘોર નિદ્રામાંથી ઊઠ, ઊઠ! જાગ્રત થા! જાગ્રત થા! 'દૃષ્ટિ' ઉઘાડ! ને નિજ સ્વરૂપનું ભાન પામવા આ આનંદઘનસ્વરૂપ ભગવાન જિનનું દર્શન કર! દર્શન કર! આ અનુપમ ગુણધામ આનંદમૂર્ત્તિ પરમાત્માને પ્રેમથી આરાધ, આરાધ! ચિત્તપ્રસન્નતાથી એની અખંડિત પૂજા કરી પૂજનફલની પ્રાપ્તિ કર! કપટ રહિત થઈ આ પરમ પ્રભુનાં ચરણકમલમાં સર્વાત્માથી આત્માર્પણ કરી દે! ને આનંદઘનપદની

પ્રાપ્તિ કર!" એવું કહેતાં જ તે દિવ્ય પુરુષ અંતર્ધાન થઈ ગયા.

ત્યાં તો પક્ષીઓના કલરવથી તેની સ્વપ્નસૃષ્ટિમાં ભંગ પડયો ને તે જાગી ઊઠયો. તેના તન ને મન પ્રફુલ્લ હતાં. આનંદપ્રદ સ્વપ્નની ખુમારી હજુ તેને ઊતરી નહોતી. તેની સ્મૃતિ તેને વારંવાર થયા કરતી હતી.

પછી આવશ્યક પ્રાતઃવિધિ ઝટપટ આટોપી લઈ તેણે પૂર્ણ ઉત્સાહથી ગિરિરાજ ભણી પગલાં માંડયાં, ત્યારે ગગનમાં દિનમણિનો ઉદય થઈ ચૂકયો હતો. બાલરવિના સોનેરી કિરણો પર્વત પર પડતાં તે જાણે સુવર્ણમય હોય એવો દૂરથી ભાસ આપતો હતો. તેની નિકટમાં એક બાજુ નાની સરિતા વહી જતી હતી. તળેટીમાં એક સુંદર મંદિર હતું ને આજુબાજુ સહકાર આદિ વૃક્ષોની ઘટા આવી હતી. પર્વતનો કટિપ્રદેશ વિપુલ વનરાજીથી વિરાજી રહ્યો હતો ને તેના શિખર પર દૂર દૂરથી દેવાલયનાં દર્શન થતાં હતાં.

તીવ્ર જિજ્ઞાસાથી પ્રેરિત થતો તે ભવ્ય જિજ્ઞાસુ પથિક યોગિરાજના દર્શનાર્થે ઉત્કંઠિત થઇ ત્વરાથી ચાલતો ચાલતો તળેટીએ આવી પહોંચ્યો, ને દર્શનનો ભાવ ઉપજતાં મંદિરમાં પેઠો. ત્યાં તેને અદ્‌ભુત દિવ્ય જિનમુદ્રાનાં દર્શન થયાં. તે મૂર્ત્તિ જાણે 'અમિય ભરી રચી' હોયની! સકલ ઉપમાનથી વિલક્ષણ હોઈ, તેને કોઈ ઉપમા ઘટતી નહોતી. તે શાંતસુધારસ ઝીલી રહી હતી ને તેને નિરખતાં કેમે કરીને તૃપ્તિ ઉપજતી નહોતી.

"અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંતસુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય.

વિમલ જિન ! દીઠા લોયણ આજ." **શ્રી આનંદઘનજી**

તે જિનની પ્રતિકૃતિનાં દર્શન થતાં, તેના મુખમાંથી સહજ ઉદ્‌ગાર નીકળી પડયા કે— અહો ! આની દૃષ્ટિ કેવા *પ્રશમરસમાં નિમગ્ન થયેલી છે ! **'અમિય ભરી મૂરતિ રચી રે'** આનું મુખકમલ કેવું પ્રસન્ન, શાંત, સૌમ્ય છે. નથી દેખાતી આના ખોળામાં કામિની કે નથી આના હાથમાં હથિયાર ! અહો ! સમભાવભરી એની દૃષ્ટિ જાણે સમ પરિણામે જગત્‌ને દેખી રહી છે ! એની પ્રસન્ન મુખમુદ્રા પરમ ચિત્તપ્રસન્નતા વ્યક્ત કરી રહી છે ! એની અસંગતા જાણે સર્વ પરભાવની પરિવર્જના પ્રકાશી રહી છે. એના ખુલ્લા ખાલી હાથ જાણે એમ સૂચવી રહ્યા છે કે અમને હવે આ ચિત્રવિચિત્ર જગત્ સાથે કાંઇ લેવાદેવા નથી. અમે અમારું કામ કરી લીધું છે, હવે અમારે કંઈ પણ કરવાપણું રહ્યું નથી. અહો ! આવી અદ્‌ભુત નિર્વિકાર મુદ્રા મેં પૂર્વે કદી પણ દીઠી નહોતી. ખરેખર ! જગત્‌માં કોઈ વીતરાગ દેવ હોય તો તે આવા જ ઘટે. હું ધન્ય છું, ધન્ય છું કે આવી દિવ્ય મૂર્ત્તિનાં મને દર્શન થયાં. એમ બોલતાં તેના

*"प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबंधवन्ध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥"
—**મહાકવિ ધનપાલ**

"ઉપશમ રસ ભરી, સર્વજન શંકરી,
મૂર્તિ જિનરાજની આજ પેખી;
કારણે કાર્યનિષ્પતિ શ્રદ્ધાન છે,
તિણે ભવભ્રમણની ભીડ મેટી."—**શ્રી દેવચંદ્રજી**

રોમાંચ ઉલ્લસિત થયા, તેનો અંતરાનંદ તનમાં નહિં સમાતાં આનંદાશ્રુધારારૂપે છલકાવા લાગ્યો.

એમ તે પથિક ભાવિતાત્મા થઈને વંદન કરી બહાર નીકળ્યો. પછી ક્રમે કરીને ઉન્નત ગિરિ પર ચઢતાં ચઢતાં ઉન્નત ભાવ પર આરૂઢ થવા લાગ્યો.

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે'

આગલે દિવસે યોગિરાજ પાસેથી શ્રવણ કરેલી અશ્રુતપૂર્વ રહસ્યવાર્તા તેના હૃદયમાં રમી રહી હતી, તેના મનમાં તેનું મનન-ચર્વણ ચાલ્યા કરતું હતું. તેથી ક્ષણે ક્ષણે તેના ભાવમાં વૃદ્ધિ થયા કરતી હતી, ને તેમાં વળી તેણે દીઠેલા દિવ્ય સ્વપ્ને તથા અદ્‌ભુત જિનમુદ્રાના દર્શને તો ઓર વધારો કર્યો હતો. તેને શ્રી જિનેશ્વર ભગવાન પ્રત્યે પરમ પ્રેમ સ્ફુર્યો હતો, ને તેની શુદ્ધ ચૈતન્ય વૃત્તિએ તે પરમાત્માને 'પ્રિયતમ' તરિકે માન્ય કર્યા હતા. જેમ દમયંતી હંસદ્વારા નળરાજાના ઉત્તમ ગુણનું પરોક્ષ વર્ણન સાંભળી મુગ્ધ થઈ તેને મનથી વરી ચૂકી હતી, તેમ તે ભવ્ય પથિકની ચેતના પણ પરોક્ષ રીતે પ્રભુના અનુપમ ગુણનું શ્રવણ કરી તેને અંતરાત્માથી વરી ચૂકી હતી. એટલે જગત્‌ના કોઈ પણ અન્ય પદાર્થ કરતાં અનેકગણો પ્રેમ તેને તે પરમાત્મારૂપ પતિ પ્રતિ પ્રગટી ચૂકયો હતો. કારણ કે—

"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત."

—આનંદઘનજી

હવે તેની ચેતના તે પરમાત્માના સાક્ષાત્ દર્શનને, સાક્ષાત્કારને, સાક્ષાત્ મિલનને ઝંખી રહી હતી. જિનનું દર્શન કેમ થાય ? કયે માર્ગે જતાં ભગવાનનું દર્શન પ્રાપ્ત થાય ? તે માર્ગ કેવો હશે ? તે આનંદઘન ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ કેવું હશે ? તે મનમોહન મૂર્ત્તિનું પ્રત્યક્ષ રૂપ દેખવાને હું ક્યારે ભાગ્યશાળી થઇશ ? ઈત્યાદિ જાણવાની તીવ્ર જિજ્ઞાસા, ઉત્કંઠા, તમન્ના તેને ઉત્પન્ન થઈ હતી. આ બધા પ્રશ્નોનું મને યોગિરાજ પાસેથી સાંગોપાંગ સમાધાન સાંપડશે, એવી દૃઢ પ્રતીતિ તેના અંતરાત્મામાં વસી હતી. એવી વિચાર-ભાવપરંપરામાં નિમગ્ન થતો તે ગિરિશૃંગે આવી પહોંચ્યો.

## દૃશ્ય બીજું :

### 'ચરમનયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર'

(અંતર્ગત-સમાજની સ્થિતિનો કરુણ ચિતાર)

ત્યાં તો દેવાલયની દિશામાંથી દૂરથી સુમધુર સ્વર તેના કર્ણપટમાં અથડાયો—

"ચિત્ત પ્્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તિણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ? .પં૦

ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયન તે દિવ્ય વિચાર. પં૦

તે સ્વરના અનુસારે તેણે અનુમાન કર્યું કે યોગિરાજ દેવાલયમાં બિરાજતા હશે, માટે ચાલ, ત્યાં જ જઈને તેમના સુમધુર કંઠમાંથી નીકળતી ભક્તિનિર્ભર અમૃત રસવાણીનું પાન કરું. એમ વિચારી તેણે દેવાલયમાં પ્રવેશ કર્યો, ને મૌનપણે એક બાજુ ઊભો રહીને જુએ છે તો યોગિરાજ પ્રભુમુદ્રા પ્રત્યે સ્થિર એકતાન દૃષ્ટિ કરી પરમ ભાવોલ્લાસથી લલકારી રહ્યા હતા કે—

"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી! જાણજો રે, આનંદઘન મત અંબ.
....પંથડો૦"

એમ લલકારતાં યોગિરાજ સમાધિમાં લીન થઇ ગયા.

તે પથિક તો અવધૂતની અદ્‌ભુત એકતાનતા, ભક્તિ-તન્મયતા દેખીને દિંગ જ થઈ ગયો. આવી નિર્વ્યાજ અપૂર્વ પરા ભક્તિ તેણે કયાંય પણ કદી દીઠી નહોતી. અધ્યાત્મનિમગ્ન યોગિરાજ આવા ઉત્તમ કોટિના ભક્તરાજ હોઈ ઉત્કૃષ્ટ ભક્તિ-અમૃત-રસની આવી સરસ રસાર્દ્રતા નિષ્પન્ન કરી શકતા હશે, આબાદ જમાવટ કરી શકતા હશે, એ તો એની કલ્પનામાં પણ નહોતું. તેને અત્યાર સુધી તો જ્યાં ત્યાં દેવાલયાદિમાં ધામધૂમની ધમાલ, કોલાહલ, બેસૂરા રાગડા, નાટકીઆં ગાયનની ઢબનાં નમાલાં જોડકણાં આદિ જોવાનું-સાંભળવાનું મળ્યું હતું. આવી અપૂર્વ શાંતિમય ભક્તિ તેણે કયાંય અનુભવી નહોતી. એટલે યોગિરાજ પ્રત્યેનો તેનો ભક્તિભાવ ઓર ને ઓર વધતો ચાલ્યો, ને મોટેથી તેના ઉદ્‌ગાર નીકળી પડયા—'ધન્ય ! ધન્ય !'

**યોગિરાજની અદ્‌ભુત પરાભક્તિ**

એટલે યોગિરાજ સહજ સમાધિમાંથી જાગ્રત થઈ પાછું વાળીને જુએ છે તો પથિકને દીઠો. પછી પ્રભુને વંદન કરી તેઓ બહાર નીકળ્યા. પથિક પણ પ્રભુને પ્રણામ કરી તેમની પાછળ પાછળ ચાલ્યો. પછી એક વૃક્ષની છાયા તળે વિશુદ્ધ શિલાપટ્ટ પર યોગિરાજ દૃઢ આસન જમાવીને મૌનપણે બેઠા. પથિકને સંજ્ઞા કરી બેસવાનું કહ્યું, એટલે તે પણ યથોચિત વિનયોપચાર આચરીને બેઠો.

યોગિરાજનું મૌન પણ અદ્‌ભુત બોધ આપતું હતું. તેમની

નિર્વિકાર વૈરાગ્યભાવ પ્રદર્શક સૌમ્ય મુખમુદ્રા, તેમની અદ્‌ભુત સહજ આત્મસમાધિ હજારો ગ્રંથો કે લાખો વ્યાખ્યાનો કરતાં વધારે સચોટ ઉપદેશ આપતી હતી. અરે! પાષાણમયી વીતરાગ જિનમુદ્રા પણ મૌનવાણીથી તેવો જ અવાચ્ય અનુપમ બોધ આપે છે, તેથી જ 'જિનપ્રતિમા જિન સારખી' એમ કહ્યું હશે, તો પછી આ તો સાક્ષાત્ વીતરાગ મુદ્રા, જંગમ ચૈતન્યમૂર્તિ, હાલતુંચાલતું '**ચૈત્ય**' તેવો બોધ કેમ ન આપે?

મુનિનું 'મૌન' ભાષણ

## ૧. જિનનો સનાતન સંપ્રદાય : એક અખંડ અભેદ મોક્ષમાર્ગ

પછી થોડી વારે પથિક મૌનનો ભંગ કરી વિનયથી બોલ્યો. મુનિરાજ! આપે ગઈકાલે વર્તમાન સમાજ, સંપ્રદાય આદિ અંગે મારી જિજ્ઞાસા પરિતોષવાને જણાવ્યું હતું, તો તે સંબંધી આપશ્રીનું વક્તવ્ય શ્રવણ કરવાનો હું અભિલાષી છું. કૃપા કરો!

એટલે ધીર-ગંભીર મિષ્ટ વાણીથી યોગીરાજ વદ્યા-હે ભદ્ર! શાંતિથી શ્રવણ કર. બધું ય કહું છું. પણ તે પહેલાં એક વાત તને કહી દઉં તે તું સતત લક્ષમાં રાખજે. સંપ્રદાય આદિ અંગે મેં જે કંઈ કહ્યું હોય કે કહું, તેમાં આ આત્માને કંઈ દ્વેષભાવ નથી કે રાગભાવ નથી. કેવલ નિષ્પક્ષપાત ન્યાયથી, એકાંત મધ્યસ્થતાથી, શુદ્ધ આશયથી પ્રેરિત આત્મહિતાર્થે

આત્મહિતાર્થે રાગ દ્વેષ રહિત કથન

બુદ્ધિથી મારું સમસ્ત કથન છે; કારણ કે આત્મધર્મ સિવાય બીજો કોઈ મારો ધર્મ નથી, ને તે આત્મધર્મને સિદ્ધ કરે તે સિવાય બીજો મારો સંપ્રદાય નથી. એટલે મારો ઉદ્દેશ અન્યથા હોઇ શકે નહિં.

અને 'સંપ્રદાય' એટલે શું ? તે પણ વિચારવા યોગ્ય છે. સત્પુરુષોનો સદ્બોધ, સદ્ગુરુ પરંપરા દ્વારા, સત્‌શિષ્ય–પાત્ર-પરંપરાને, સમ્યક્‌પણે પ્રદાન કરવામાં આવે તે 'સંપ્રદાય'. આમ 'સંપ્રદાય' શબ્દનો મૂળ અર્થ તો પ્રશસ્ત છે, પણ વર્તમાન કાળના લોકોએ તેનો સંકુચિત અર્થ કરી નાંખી, ગચ્છ–વાડા આદિના આગ્રહરૂપે તેની સાંકડી મર્યાદા બાંધી લઈ, તેની ઉદાર ભાવનાને કુંઠિત કરી મૂકી છે. એટલે નાના નાના કુંડાળા–નાના નાના વર્તુલો પડી ગયા છે, દોરા–મુહપત્તિ જેવા કે ચોથ–પાંચમ જેવા નમાલા મતભેદોના ઓઠા નીચે ફાંટા પડી ગયા છે, કદાગ્રહો ને સંઘર્ષો વધ્યા છે અને સંઘબળ ઘટયું છે.

**જિનનો સનાતન સંપ્રદાય**

જો જિનનો કોઈ સનાતન સંપ્રદાય હોય તો તે આ એક જ અખંડ અભેદ સંપ્રદાય છે ને તે સર્વસંમાન્ય છે કે–'**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**',– સમ્યગ્‌દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષ-માર્ગ છે. પૂર્વે કહ્યું હતું તેમ સમ્યગ્‌દર્શન–જ્ઞાન–ચારિત્રની અભેદ એકતા **આત્મામાં પરિણત કરવી** તે મોક્ષમાર્ગ છે. શુદ્ધ આત્માનું સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એટલે કે

**સમ્યગ્‌દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ**

શુદ્ધ આત્માને દેખવો, જાણવો ને આચરવો તે જ પરમાર્થ મોક્ષમાર્ગ છે. આમ **મોક્ષમાર્ગ** તો **આત્માશ્રિત** છે, તેમાં* દેહાદિ આશ્રિત બાહ્ય લિંગ કારણભૂત નથી, જાતિવેષનો આગ્રહ કાર્યકારી નથી. અમુક જાતિવાળાને જ, અમુક વેષવાળાને જ, અમુક લિંગવાળાને જ મુક્તિ પ્રાપ્ત થાય, એ માન્યતા સર્વથા નિર્મૂળ છે. જાતિ–વેષાદિનો ભેદ કે આગ્રહ એમાં અકિંચિત્કર છે. જે પરમાર્થથી ઉક્ત મોક્ષમાર્ગને× સાધે છે, આત્મામાં પરિણમાવે છે, તે જ મોક્ષ પામે છે.

**ગચ્છના ભેદ અને કલિકાલનું મોહસામ્રાજ્ય**

આમ સર્વથા નિરાધાર એવા ગચ્છ, વાડા, નાના નાના સંપ્રદાય, કદાગ્રહ આદિ કોઈને શુદ્ધ મોક્ષમાર્ગની ગવેષણામાં ઊભા રહેવાનું સ્થાન રહેતું નથી. તત્ત્વમાર્ગનો જો વિચાર કરીએ તો એ બધા એક સપાટે પાનાના મહેલની જેમ પડી જાય છે. જ્યાં ગચ્છ–વાડા

---

*"पासंडिलिंगाणि व गिहलिंगाणि य बहुप्पयाराणि ।
घित्तु वदंति मूढा लिंगमिणं मोक्खमग्गो त्ति ॥
ण उ होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा ।
लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेयंति ॥" ઇત્યાદિ.

**શ્રી કુંદકુંદાચાર્યજીપ્રણીત શ્રી સમયસાર**

×"જાતિ વેષનો ભેદ નહિં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."

**શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત આત્મસિદ્ધિ**

"मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय ॥
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु ॥"—**શ્રી સમયસાર**

આદિના આગ્રહ છે ત્યાં મોક્ષમાર્ગ નથી, ને જ્યાં મોક્ષમાર્ગ છે ત્યાં તેવો આગ્રહ નથી; છતાં જો કોઇ ગચ્છના ભેદ આગ્રહને પકડી રાખતો હોય ને તત્ત્વજ્ઞાનની મોટી મોટી વાતો કરતો હોય તો તે નિર્લજ્જ લાજતો નથી એમ કહેવું પડશે; કારણ કે તે બન્નેનો કોઈ કાળે મેળ ખાય એમ નથી. ગચ્છાદિના આગ્રહી તો ઉદરભરણ આદિ પોતાનું કામ કાઢી લેવા ખાતર, કે સમાજમાં પોતાના માન–પ્રતિષ્ઠા–વર્ચસ્વ જાળવવા ખાતર, કે પોતાની માનેલી લૌકિક મોટાઈને–પોતાના સત્કારપુરસ્કારને હાનિ ન ઉપજે તેની ખાતર, તદ્દન ક્ષુદ્ર મતભેદોને–કદાગ્રહોને પોષી રહ્યા છે, સમાજની ક્ષીણતા કરી રહ્યા છે. અફસોસ! અફસોસ! પણ આ કલિકાળનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે તેમાં મોહનું આવું પ્રાબલ્ય ન હોય તો ક્યારે હોય ?

"ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકા, મોહ નડિયા કલિકાલ રાજે.
ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા"—

**આનંદઘનજી**

પરંતુ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સાધનવડે શુદ્ધ આત્મધર્મની સિદ્ધિ કરવી, શુદ્ધ આત્માને પ્રગટ કરવો, એજ

**એક અખંડ અભેદ મોક્ષમાર્ગ**

ભગવાન જિનેશ્વરનો સનાતન સંપ્રદાય છે, તે જ જૈનધર્મ છે, તે જ જિનમાર્ગ છે. જે વાટે ભગવાન ઋષભદેવજી તર્યા તે જ વાટે ભગવાન મહાવીર દેવ તર્યા છે, તે જ વાટે અન્ય સર્વ કોઇ મોક્ષગામી જીવ

તરશે. આમ ત્રણે કાળમાં મોક્ષમાર્ગ એક અખંડ ને અભેદ છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આદિને આશ્રીને બાહ્ય લિંગ વ્રત આદિમાં ભેદ પડે તે ભલે, પણ મૂળમાર્ગ–પરમાર્થમાર્ગ તો ત્રણે કાળમાં એક જ છે, અને તે પરમાર્થને પ્રેરે–સાધ્ય કરે એવો સદ્વ્યવહાર જ સંતજનોને સંમત છે.

એવા શિષ્ટસંમત જિનમાર્ગને પરમાર્થથી જેટલે જેટલે અંશે જે જે અનુસરતા હોય તે તે તેટલે તેટલે અંશે જિન માર્ગમાં છે. બાકી બીજા જે તે માર્ગે ચાલવાનો દાવો કરે છે ને 'અમે જિનના અનુયાયી છીએ' એમ કહે છે, તે ભલે બાહ્ય દૃષ્ટિથી તેમ કહેતા હોય વા કહેવાતા હોય, પણ અંતરંગ દૃષ્ટિથી જોઈએ તો ભાવથી, પરમાર્થથી, તત્ત્વથી જે જિનના માર્ગમાં વિચરતા હોય તે જ ખરા અર્થમાં જિનના સાચા અનુયાયી વા **ભાવજૈન** છે; બાકી તો નામજૈન છે–સંખ્યાપૂરણ માત્ર છે; કારણ કે 'જૈન' એ કાંઈ મત–આગ્રહવાચક શબ્દ નથી, પણ તત્ત્વદર્શનવાચક શબ્દ છે. એવા તત્ત્વદર્શનનો અનુયાયી તે જૈન અથવા જિન–વીતરાગનો અનુયાયી તે જૈન.

**જિનના ખરેખરા અનુયાયી 'ભાવ જૈન' કેવા હોય ?**

આવો '**જૈન**' જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં ન હોય રાગ કે ન હોય દ્વેષ, ન હોય ક્લેશ કે ન હોય કષાય, ન હોય કલહ કે ન હોય વિસંવાદ, ન હોય ઝઘડા કે ન હોય ટંટાફિસાદ, ન હોય દંડાદંડી કે ન હોય ગાલિપ્રદાન, ન હોય આગ્રહ કે ન હોય અસહિષ્ણુતા; ત્યાં તો કેવળ વિશુદ્ધ આત્મપ્રેમનું વાતાવરણ હોય, શાંતિનું સામ્રાજ્ય હોય, '**દયા દયા નિર્મળ અવિરોધ**'

હોય, સર્વ જીવ પ્રત્યે સમભાવ હોય, સ્યાદ્‌વાદી સમ્યગ્‌દૃષ્ટિની ઉદાર દૃષ્ટિવિશાલતા હોય, સમ્યગ્‌દર્શન–જ્ઞાન–ચારિત્રની પરમ ભક્તિથી નિર્મલ આરાધના–ઉપાસના હોય.

**કલિકાલ અને દુર્જન બગલા !**

આવા સાચા જિનભક્તોના દર્શન વર્તમાન દુષમ કાળમાં દુર્લભ થઈ પડ્યા છે, પારમાર્થિક–આધ્યાત્મિક જિનમાર્ગે પ્રવાસ કરતા આવા મહાનુભાવો વિરલ જણાય છે. તેથી આ માર્ગ પ્રાયે શૂનકાર જેવો થઈ પડ્યો છે. ક્વચિત્ ક્વચિત્ અંતરે અંતરે અત્રે કોઈ સિંહશિશુ જેવો એકલદોકલ પ્રવાસી નજરે પડે છે, ને તે પણ સંગાથે વિહરનારા સહયોગીઓનો વિરહ વેદતાં પોકારી ઊઠે છે કે **'સેંગૂ કોઈ ન સાથ.'** વળી એવો કોઈ મહાનુભાવ મહાત્મા સંત આ કલિકાળમાં પાકે છે–ભૂલો પડી જાય છે તો તેને બાહ્યદૃષ્ટિ લોકો–જગત્‌જીવો ઓળખી શકતા નથી, ને પોતાના કાટલે તેનું માપ કરી તેનો યથેચ્છ લાભ ઉઠાવવાને બદલે ઊલટા તેને ઉપસર્ગ કરે છે! જેમ ગ્રીષ્મકાળમાં તળાવ સૂકાઇ જતાં માછલીઓ એની મેળે ઓછી થઇ ગઈ હોય છે ને રહીસહી હોય તે પણ બગલાની ચાંચમાંથી છટકી શકે નહિં, બગલા તેને પીંખી ખાય, તેમ આ *કલિકાળરૂપ

---

*"कलावेकः साधुर्भवति कथमप्यत्र भवने,
स चाघ्रातः क्षुद्रैः कथमकरुणैर्जीवति चिरम् ।
अतिग्रीष्मे शुष्यत्सरसि विचरच्चञ्चुरतया,
बकोटानामग्रे तरलशफरी गच्छति कियत् ॥"

શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા

ગ્રીષ્મમાં સાચા આત્માર્થી—પરમાર્થરંગી સત્પુરુષોનો આવિર્ભાવ વિરલ છે, ને તેવા વિરલ સત્પુરુષોને પણ ખલજનોરૂપ બગલાઓની છિદ્રાન્વેષણરૂપ ચાંચમાંથી છટકવું મુશ્કેલ થઈ પડે છે, દાંભિક દુર્જનોરૂપ બક—ભક્તો તેને પીંખી નાંખવા સદા તત્પર રહે છે.

આવી વિષમ પરિસ્થિતિમાં જિનમાર્ગે પ્રવાસ કરવા જે અંતરાત્માથી ઇચ્છતો હોય એવો સત્યતત્ત્વગવેષક સુજ્ઞ જિજ્ઞાસુ, પરમાર્થપ્રેરક સહકારી બળોના અભાવે એકલતા અનુભવતો સતો, કેમ પોકારી ન ઊઠે ? કે—

**"ચરમ નયન કરી મારગ જોવતો રે,**
**ભૂલ્યો સયલ સંસાર;**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."**

પથિક—યોગિરાજ ! જો આમ આપે કહ્યું તેમ જિનમાર્ગની એકતા સિદ્ધ છે, તો પછી તેના નામે આ ભિન્ન ભિન્ન સંપ્રદાયો કેમ ઝઘડતા હશે ? કેમ વિવાદ કરતા હશે ?

યોગિરાજ—હે ભદ્ર ! એ જ મહાખેદની વાર્તા છે. જિનસંપ્રદાયની એકતા તો નિર્વિવાદ છે. મૂળ તત્ત્વની દૃષ્ટિએ વિચારતાં એ સહજ પ્રતીત થાય છે. ઝાડનું મૂળ એક હોય છે, મૂળને પકડીએ તો આખું ઝાડ હાથમાં આવે છે; ડાંખળાં—પાંદડાં ભિન્ન ભિન્ન અનેક હોય છે, તે પકડે છે તેને આખું ઝાડ હાથમાં આવતું નથી. તેમ **જિનદર્શનરૂપ તત્ત્વવૃક્ષનું આત્મ-**

જિનદર્શન તત્ત્વવૃક્ષનું આત્મધર્મ મૂળ

**ધર્મરૂપ× મૂળ** જે પકડે છે, તેને આખો માર્ગ હાથમાં આવે છે; જે બાહ્ય સાધન-વ્યવહારના ભેદરૂપ ડાંખળાં-પાંદડાં પકડે છે તેને તે હાથમાં આવતો નથી, તે તો ભ્રાંતિમાં ભૂલા ભમે છે ને મિથ્યા ઝઘડામાં પડે છે, તેવા મતાગ્રહી જીવો કોઈ કાળે કલ્યાણ પામતા નથી; માટે તેવા મતાગ્રહમાં પડવું આત્માર્થીને યોગ્ય નથી.

" પરમારથ પંથ જે વહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે લહે, તેહના ભેદ અનંત રે.
ધરમ પરમ અરનાથનો.

વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધનય થાપના સેવતાં, રહે ન દુવિધા સાથ રે.
ધરમ પરમ૦ " —**આનંદઘનજી**

**સર્વજ્ઞ તત્ત્વ અભેદ અને સર્વ દર્શનની એકતા**

વળી સર્વજ્ઞરૂપ આરાધ્ય દેવ જો એક છે, તો તેના આરાધકોમાં કેમ ભેદ હોઈ શકે ? વિશાળ દૃષ્ટિથી જોઈએ તો સર્વજ્ઞને માન્ય કરનારા સર્વ કોઇ-જૈન કે જૈનેતર એક જ સંપ્રદાયના છે. જેમ કોઈ રાજાના અશ્રિત, વિવિધ સ્થાનમાં નિયુક્ત થયેલા, એવા અનેક નાના-મોટા સેવક-દાસ હોય, પણ તે બધાય તેના ભૃત્યવર્ગમાં ગણાય છે; તેમ સર્વજ્ઞ પરમાત્મારૂપ સ્વામીને માનનારા જૈન તો શું-અજૈન પણ-તે એક ભગવાનના જ સેવક ભક્ત હોઈ, એક જ સનાતન સંપ્રદાયના અનુયાયી છે.

---

×" તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ."
**—મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી**

જો આરાધ્ય *સર્વજ્ઞ દેવ એક છે, તેના સ્વરૂપમાં ભેદ નથી, અને જો સામાન્યથી સર્વ દર્શનવાદીઓ તેનો સ્વીકાર કરે છે ને તેના વિશેષ સ્વરૂપને તો અસર્વદર્શીઓ જાણતા નથી, તો પછી તે સર્વજ્ઞના આરાધક ભક્તો એક અભેદ સંપ્રદાયના કેમ ન ગણી શકાય વારુ ? સમર્થ યોગાચાર્ય **મહર્ષિ હરિભદ્રાચાર્યજીએ** એમ જ ઉદાર વિચાર દર્શાવ્યા છે, તો પછી મત-દર્શનના ઝઘડા શા ? ટંટા શા ? વિસંવાદ શા ?

### 'જિનવરમાં દરિશન સઘળા છે'

અરે ! ભગવાન જિનેશ્વરનું દર્શન તો સાગર જેવું છે. જેમ સમસ્ત સરિતાઓ સમુદ્રમાં સમાઈ જાય છે, તેમ ઇતર દર્શનરૂપ સરિતાઓ જિનશાસનરૂપ સાગરના એક દેશમાં સમાઇ જાય છે—અંતર્ભૂત થઈ જાય છે. પરાર્ધની સંખ્યામાં સો સમાઈ જાય ખરા કે નહિં ? છએ દર્શન સમ્યગ્દૃષ્ટિથી જોઇએ તો જિનદર્શનના અંગભૂત છે. 'સ્વસમયમાં પરસમય અવતારવાનું પટુત્વ ન આવ્યું તો જ્ઞાનગર્ભતા કેમ આવશે ?'

---

*"નહિં સર્વજ્ઞો જૂજૂઆ જી, તેહના વળી દાસ;
ભક્તિ દેવની પણ કહી જી, ચિત્ર અચિત્ર પ્રકાશ.
મનમોહન જિનજી ! મીઠી તાહરી વાણુ."
**શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિ સજ્ઝાય**

"यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः ।
दूरासन्नादिभेदेऽपि तद्भृत्या सर्व एव ते ॥
सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः ।
सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥"
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

"જિનવરમાં સઘળા દર્શન છે, દર્શન જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિની સાગર ભજના રે....
ષડ્ દરશન જિન અંગ ભણીજે.—**આનંદઘનજી**

આવા પરમ ઉદાર જિનદર્શનનો જે અનુયાયી હોય તે મત-પંથ આદિનો આગ્રહી કેમ હોય ? ન જ હોય. તે મહાનુભાવ તો સર્વથા નિરાગ્રહી, અનેકાંત દૃષ્ટિવાળો સ્યાદ્વાદી જ હોય; તેની દૃષ્ટિ અત્યંત વિશાળ હોય, તેનું હૃદય પરમ ઉદાર હોય; તે સાપેક્ષ દૃષ્ટિથી જોનારો હોઇ, સર્વ વિરોધનું મથન કરી સર્વ કોઇને પોતાના વિશાળ પટમાં શમાવનારો હોય; તે વિશ્વબંધુત્વની ભાવનાથી ભાવિત હોઇ વિશ્વવત્સલ હોય.

પણ વર્તમાન સમાજની સ્થિતિ વિચારીએ તો કોઇ પણ સહૃદયનું હૃદય દ્રવે એવી છે. આ વર્તમાન કાળમાં

**ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની**

મોક્ષમાર્ગ ઘણો લોપ જેવો થઈ ગયો છે, તે જોઈ કરુણા ઉપજે એવી સ્થિતિ છે. કોઈ જીવો કેવળ બાહ્ય ક્રિયાના આગ્રહી–'**ક્રિયાજડ**' થઇ બેઠા છે, તો કોઇ કેવળ '**શુષ્કજ્ઞાની**' થઈ પડ્યા છે, ને પોતે મોક્ષમાર્ગ આરાધે છે એમ માની આત્મસંતોષ અનુભવે છે ! કોઈ જીવો કેવળ નિશ્ચયને જ વળગી રહી વ્યવહારનો નિષેધ કરે છે, તો કોઈ વળી વ્યવહારનો જ કદાગ્રહ કરી નિશ્ચયનો દુર્લક્ષ કરે છે, ને તે પ્રત્યેક પોતે મોક્ષમાર્ગને અવલંબે છે એમ મિથ્યા અભિમાન ધરે છે. પણ સર્વ વિરોધનું મથન કરનારા અનેકાંત સ્યાદ્વાદની દૃષ્ટિએ તે તે એકાંતપક્ષવાદી ખોટા છે, કેવળ સ્વચ્છંદે વર્તે છે એમ જણાય છે.

## ૨. ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની : બન્ને મોક્ષમાર્ગના અનધિકારી

જિજ્ઞાસુ પથિક—મહાત્મન્ ! આપે આ ક્રિયાજડ ને શુષ્કજ્ઞાની કહ્યા, તેની કાંઈ વિશેષ સ્પષ્ટતા કરવા કૃપા કરો.

અવધૂત યોગિરાજ—મહાનુભાવ ! અત્રે જે ક્રિયાજડ લોકો છે તેઓ પ્રાયઃ બાહ્ય વ્યવહાર સાધનને સાધ્ય માની બેઠા છે ને મુખ્ય નિશ્ચય સાધ્યને ભૂલી ગયા 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા' છે. એટલે તેઓ અનેક પ્રકારની દ્રવ્ય ક્રિયા કરવામાં ખૂબ પરિશ્રમ ઉઠાવે છે, પણ પ્રાયે ભાવને સ્પર્શતા નથી; ક્રિયાજડપણે યંત્રવત્ ક્રિયા કર્યા કરે છે, પણ અંતરંગ આત્મપરિણતિરૂપ ભાવક્રિયાને–અધ્યાત્મ ક્રિયાને પ્રાયે સ્પર્શતા નથી, કંઇ પણ અંતર્ભેદ અનુભવતા નથી. વળી તેઓ જ્ઞાનમાર્ગનો નિષેધ કરે છે. એટલે જ એઓની ક્રિયામાં પ્રાયે નિરસતા–શુષ્કતા જણાય છે, ભાવરૂપ ચૈતન્યરસની આર્દ્રતાની ખામી જણાય છે. તેમાં તે તે ક્રિયાનો કાંઇ દોષ નથી, તે તે પ્રત્યેક ક્રિયા તો પરમ અદ્ભુત ને સ્વભાવસુંદર હોઈ અધ્યાત્મતરંગિણીમાં નિમજ્જન કરાવનાર છે. દોષ હોય તો આ જીવોની સમજણનો છે, કારણ કે તેઓ તે તે ક્રિયાને અવગાહતા નથી, તેમાં ઊંડા ઉતરતા નથી, તેનો અધ્યાત્મરસ ચાખતા નથી, પોતે મીઠાશ અનુભવતા નથી, ને તે તે ક્રિયાના ઉદ્દિષ્ટ ઇષ્ટ પરમાર્થ ફળથી વંચિત રહે છે. દાખલા તરીકે– ત્યાગ–વૈરાગ્ય

+ આદિ એ મોક્ષમાર્ગના સાધન છે ખરા, પણ તે જો આત્મજ્ઞાન સહિત પ્રવર્તતા હોય તો મોક્ષરૂપ એકાંત ફળ આપવાવડે કરીને સફળ છે; કારણ કે જેના ચિત્તમાં-અંતરંગમાં-અંતરાત્મામાં ત્યાગવૈરાગ્યનો દૃઢ રંગ ન લાગ્યો હોય તેને જ્ઞાન થાય નહિં; ને જે ત્યાગ-વૈરાગ્યમાં જ અટકી પડે-તેથી આગળ ઈષ્ટ નિશ્ચય લક્ષ્ય ભણી ન વધે, તે પોતાનું જ ભાન ભૂલી જાય, ને મોક્ષરૂપ એકાંત ઈષ્ટ ફળ પામે નહિં. હા, પુણ્યોપાર્જનરૂપ અનેકાંત ફળ પામે, પણ ભવભ્રમણ ટળે નહિં, એમ સ્થિતિ છે.

"એક કહે સાધીએ વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહે લેખે.
ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા.
—આનંદઘનજી

વળી કોઈ લોકો શુષ્ક જ્ઞાનની જ 'વાતો' કરે છે. આત્મા-આત્મા એમ કહ્યા કરે છે, 'બંધ-મોક્ષ આદિ કલ્પના છે' એમ કહે છે, પણ પોતે તો મોહાવેશમાં વર્તે છે ને સ્વચ્છંદે પ્રવર્ત્તે છે! તેઓ તો શુષ્ક-

'શુષ્ક જ્ઞાનમાં કોઈ'

+" ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણા નિદાન." —શ્રી આત્મસિદ્ધિ

**જ્ઞાનીઓ,** નામ અધ્યાત્મીઓ, કથન જ્ઞાનીઓ, પોલા જ્ઞાનીઓ છે. તેમના મુખમાં જ્ઞાનની વાતો છે, પણ આત્મામાં આત્માનો નિશ્ચય નથી. તેવા શુષ્કજ્ઞાનીઓ અથવા તો શુદ્ધ અધ્યાત્મરસની આર્દ્રતા વિનાના કોરાધાકોડ અજ્ઞાનીઓ ભલે 'જ્ઞાનદશા' પામ્યા વિના ખાલી પોકળ વાતો કરે, વાચાજ્ઞાન બતાવે, પાંડિત્યનું પ્રદર્શન કરે, મોટા મોટા વ્યાખ્યાનો કરી વક્તાબાજી કરે, પણ તેઓ તો જ્ઞાનીનો દ્રોહ જ કરે છે. સકલ જગત્ એઠ જેવું કે સ્વપ્ન–ઇંદ્રજાળ જેવું જેને સાચેસાચી દૃઢ આત્મપ્રતીતિથી ભાસે તેવા નિર્મોહી જ જ્ઞાની છે; બાકી બીજા બધા તો નામઅધ્યાત્મી, વાતો કરનારા વાતુલ–વાતોડિઆ છે. કારણ કે તેઓ 'અધ્યાત્મ અધ્યાત્મ' કહ્યા કરે છે, પણ અધ્યાત્મનું સ્વરૂપ સમજતા નથી કે–'જે ક્રિયા નિજ સ્વરૂપને સાધે છે તે અધ્યાત્મ છે, ને જે ક્રિયા કરી ચતુર્ગતિ સાધે તે અધ્યાત્મ નથી, માટે સાચો અધ્યાત્મપ્રેમી હોય તે તો નામઅધ્યાત્મ આદિ છોડી દઈ, નિજ ગુણને સાધનારા '**ભાવ અધ્યાત્મ**'માં જ રઢ લગાડીને મંડી પડે. વસ્તુનો વિચાર કરે તે અધ્યાત્મ–અધ્યાત્મી છે, બાકી બીજા લબાડ છે, લપલપીઆ છે.'

"નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે,
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે.
શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે.

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે.
—શ્રી શ્રેયાંસજિન૦

અધ્યાતમ જે વસ્તુ વિચારે, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે.
શ્રી શ્રેયાંસજિન૦"
—આનંદઘનજી

**પથિક**—યોગિરાજ! આવું ક્રિયાજડપણું ને શુષ્કજ્ઞાનીપણું થઇ જવાનું શું કારણ હશે?

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય! નિશ્ચય ને વ્યવહારના સ્વરૂપની યથાયોગ્ય સમજણ નહિં હોવાથી, તેમ જ તે બેયનો યથાયોગ્ય સમન્વય કરવાની આવડત નહિં હોવાથી તેમ બને છે. કારણ કે કોઇ તો સમસ્ત વ્યવહારને એક પરમાર્થરૂપ નિશ્ચય લક્ષ્ય પ્રત્યે જોડવાને બદલે વ્યવહારને જ પરમાર્થ માની બેસી પરમાર્થથી વંચિત થાય છે. જેમ એક લક્ષ્ય નિશાન પ્રત્યે બરાબર તાકીને બાણનું અનુસંધાન કરી છોડવામાં આવે, તો લક્ષ્ય અવશ્યપણે વીંધાય છે, અચૂક જાય છે, પણ તે લક્ષ્યના અનુસંધાન વિના જો બાણ છોડવામાં આવે તો નિશાન ખાલી જાય છે, ચૂકી જવાય છે, વંચક થાય છે; તેમ પરમાર્થરૂપ સાધ્ય નિશ્ચય લક્ષ્યને બરાબર તાકીને જો વ્યવહારનો યોગ કરી, તથારૂપ સમ્યક્ ક્રિયા કરવામાં આવે, તો પરમાર્થપ્રાપ્તિરૂપ અવંચક ફલની અવશ્ય પ્રાપ્તિ થાય; કારણ કે **યોગ** *__અવંચક છે, ક્રિયા પણ__

**નિશ્ચય વ્યવહારસાપેક્ષ અને વ્યવહાર નિશ્ચય-સાપેક્ષ જોઇએ.**

* " योगक्रियाफलाख्यं यच्छ्रूयतेऽवञ्चकत्रयम् ।
साधूनाश्रित्य परममिषुलक्ष्यक्रियोपमम् ॥ " श्री योगदृष्टिसमुच्चय

અવંચક છે, તો ફળ પણ અવંચક હોય. પણ જો પરમાર્થ લક્ષ્યને દુર્લક્ષ કરી, તેના અનુસંધાન વિના વ્યવહાર યોગ-ક્રિયા કરવામાં આવે, તો પરમાર્થપ્રાપ્તિરૂપ અવંચક ફળ ન મળે, કારણ કે પરમાર્થ લક્ષ્ય ચૂકી જવાથી વંચક યોગ ને વંચક ક્રિયાને લીધે ફળ પણ વંચક હોય.

"નિર્મલ સાધુ ભગતિ લહી....સખી દેખણ દે!
યોગ અવંચક હોય....રે સખી૦
કિરિયા અવંચક તિમ સહી....સખી૦
ફળ અવંચક જોય....રે સખી." આનંદઘનજી

નિશ્ચયના નિરંતર લક્ષ્ય વિનાનો વ્યવહાર 'એકડા વિનાના મીંડા' જેવો ને 'વર વિનાની જાન' જેવો છે. કારણ કે નિશ્ચય વ્યવહારસાપેક્ષ જોઈએ ને વ્યવહાર નિશ્ચયસાપેક્ષ જોઈએ એમ જિનવચન છે. માટે નિશ્ચયનિરપેક્ષ વ્યવહાર એકાંતવાદી હોવાથી અનેકાંતી જિનવચનથી વિરુદ્ધપણે-નિરપેક્ષપણે વર્તે છે; અને 'વચનનિરપેક્ષ જે વ્યવહાર છે તે તો જૂઠો કહ્યો છે, વચનસાપેક્ષ વ્યવહાર હોય તે જ સાચો વ્યવહાર છે; વચનનિરપેક્ષ વ્યવહારનું ફળ સંસાર છે.'

"વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચનસાપેક્ષ વ્યવહાર સાચો;
વચનનિરપેક્ષવ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો....
ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા."
શ્રીમાન્ આનંદઘનજી

નિશ્ચયનિરપેક્ષ વ્યવહાર માટે શાસ્ત્રમાં એટલે સુધી કહ્યું છે કે 'જેમ જેમ બહુશ્રુત-ઘણા શાસ્ત્રનો જાણકાર હોય,

નિશ્ચયનિરપેક્ષ વ્યવહાર જૂઠો

બહુજનને સંમત હોય, ઘણા શિષ્ય-પરિવારવાળો હોય, પણ સમયમાં જો વિનિશ્ચિત ન હોય–નિશ્ચયવંત ન હોય તેમ તેમ તે સિદ્ધાંતનો પ્રત્યનીક છે–જિનશાસનનો વૈરી છે.' 'જે ચરણ–કરણ પ્રધાન (ક્રિયાકાંડમાં રચ્યાપચ્યા રહેનારા) હોય, પણ સ્વસમય–પરસમયના વ્યાપારથી મુક્ત હોય, (સ્વસમય–પરસમયનું ભાન ન હોય), તે ચરણ–કરણનો નિશ્ચયશુદ્ધ સાર જાણતા નથી.'

" जह जह बहुस्सुओ सम्मओ अ सीसगणसंपरिवुडो अ ।
अविणिच्छिओ अ समए तह तह सिद्धंतपडिणीओ ॥*
चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं निच्छयसुद्धं न याणंति ॥ "

—શ્રીસમ્મતિ તર્કસૂત્ર

આ ઉપરથી સમજી શકાશે કે કોઈને પોતાને નિશ્ચયનું ભાન ન હોય, છતાં હું બહુશ્રુત છું–આગમધર છું–ઘણા શાસ્ત્રોનો જાણકાર મહાપંડિત છું, 'મહારાજ મોટા વિદ્વાન્ છે,' એમ જાણી ઘણા લોકો મને સન્માને છે–હું લોકસંમત

* " જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુ શિષ્યે પરવરીઓ;
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચય દરીઓ રે.
જિનજી ! વિનતડી અવધારો.
ખંડ ખંડ પંડિત જે હોવે, તે નવિ કહીયે નાણી;
નિશ્ચિત સમય લહે તે નાણી, સંમતિની સહિનાણી રે.
...જિનજી ! "

—શ્રી યશોવિજયજીકૃત સાડાત્રણસો ગાથાનું સ્તવન

છું, હું આટલા બધા ચેલા–ચેલી મુંડીને આવડા મોટા શિષ્યપરિવારવાળો છું, એમ ફાંકો રાખી મિથ્યાભિમાન ધરતો હોય, તે તો જિનશાસનનો દુશ્મન છે; કારણ કે જિનશાસનનો મુખ્ય ઉદ્દેશ પરમાર્થ તત્ત્વરૂપ નિશ્ચયની સિદ્ધિ છે; ને તેનું તો તેને ભાન નહિં હોવાથી તેની નિશ્રાએ ચાલનારા દૃષ્ટિરાગી ઈતર જનોને પણ તે ઉન્માર્ગે દોરે છે, જિનના મૂળ તત્ત્વ-માર્ગથી વિમુખ કરે છે, તેની જોખમદારી પણ તે 'ગુરુ' થઇ પડેલાને શિરે છે; તેથી આવો અજ્ઞાની ભલે +ગચ્છનો ધણીરણી થઈ પડી પોતાની પાછળ ગાડરિયું 'ટોળું' ચલાવતો હોય, તો પણ તે જિનશાસનના દુશ્મનનું કામ સારે છે.

અને જેને નિશ્ચયનું ભાન નથી એવા આત્મ–અજ્ઞાનીનો વ્યવહાર પણ શુદ્ધ નથી હોતો, કારણ કે જ્યાં આત્મતત્ત્વનો નિશ્ચય નથી ત્યાં સમ્યગ્દર્શન નથી; અને જ્યાં સમ્યગ્દર્શન

---

\+ "અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું;<br>
ધર્મદાસ ગણી વચન વિચારી, મન નવિ કીજે ભોળું રે.<br>
...જિનજી !"

અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાયે વિહારી;<br>
અજ્ઞાની જો ગચ્છને ચલવે, તે તો અનંત સંસારી રે.<br>
...જિનજી !"

—સાડાત્રણસો ગાથાનું સ્તવન

"તત્ત્વાગમ જાણંગ ત્યજી રે, બહુજનસંમત જેહ;<br>
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ.<br>
...ચંદ્રાનન જિન."

—શ્રી દેવચંદ્રજી

નથી ત્યાં જ્ઞાન અજ્ઞાન છે, ને ચારિત્ર પણ અસમ્યક્ હોઈ કુચારિત્ર છે.

વળી આ ક્રિયાજડ જનોમાં ઘણા તો ગચ્છ–મત આદિની કલ્પનાને વ્યવહાર માને છે, ને ગચ્છ-કદાગ્રહ* સાચવવામાં જ ઈતિકર્તવ્યતા સમજે છે ! એમાં જ ધર્મ સમાઈ ગયો એમ માને છે ! પણ તે તો અસદ્ વ્યવહાર છે. સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રની જેથી વૃદ્ધિ થાય, પુષ્ટતા થાય તે જ સાચો વ્યવહાર છે.

હવે જે **શુષ્કજ્ઞાની** જનો છે તેઓ એકાંત નિશ્ચયને પકડે છે, ને તે પણ માત્ર શબ્દમાં. તેઓ નિશ્ચયનયની કેવળ

---

* "દ્રવ્ય ક્રિયારુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિહીન;
ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન ?
રે ચંદ્રાનન જિન !

ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધમ પ્રસિદ્ધ;
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ.
રે ચંદ્રાનન જિન !

આણા સાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ;
દંસણ નાણ ચરિત્તનો રે, મૂળ ન જાણ્યો મર્મ.
રે ચંદ્રાનન જિન !

તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જનસંવાદ;
જાણો છો જિનરાજજી રે, સઘળો એહ વિષાદ.
રે ચંદ્રાનન જિન ! "

—તત્ત્વરંગી મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

શુષ્કજ્ઞાની વ્યવહાર-નિરપેક્ષઃ ક્રિયાજડ નિશ્ચયનિરપેક્ષ

વાતો કરે છે, પણ તેના ભાવને સ્પર્શતા નથી. વળી તેઓ પરમાર્થના સાધક વ્યવહાર સાધનને છોડી દે છે ને સ્વચ્છંદે વર્તે છે. આમ તેઓ જ્ઞાનદશા પામ્યા નથી ને સાધનદશા છોડી દીએ છે, એટલે ઉભયભ્રષ્ટ થાય છે. યમ, નિયમ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ આદિ સાધનો પરમાર્થ સાધનામાં ઉપકારી છે, તેને તે છોડી દે છે, ને તેનામાં તેવી જ્ઞાનદશા તો આવી નથી એટલે તે ભવભ્રમણ કરે છે. આ પ્રકારે વ્યવહારનિરપેક્ષ હોઈ, સ્વચ્છંદપણે શુષ્કજ્ઞાનીની વર્તના હોય છે. આમ **ક્રિયાજડ** જીવો વ્યવહારના આગ્રહી થઈ નિશ્ચયનિરપેક્ષ હોય છે, તેથી મોક્ષમાર્ગના અનધિકારી છે; અને **શુષ્કજ્ઞાની** જીવો નિશ્ચયના આગ્રહી હોઈ વ્યવહાર-નિરપેક્ષ વર્તે છે, તેથી તેઓ પણ મોક્ષમાર્ગના અનધિકારી જ છે. આવા ક્રિયાજડ તે શુષ્કજ્ઞાની જીવોનું વર્તમાનમાં બાહુલ્ય જોવામાં આવે છે, તેથી મોક્ષમાર્ગનો ઘણો લોપ થઈ ગયો જણાય છે, જે દેખીને કરુણા ઉપજે એવી પરિસ્થિતિ છે.

## ૩. નિશ્ચય-વ્યવહારનું પરસ્પર સાપેક્ષ સ્વરૂપ

**પથિક**—મહાત્મન્! નિશ્ચયનું સ્વરૂપ કહેવા કૃપા કરો.

**યોગિરાજ**—હે ભદ્ર! નિશ્ચય એટલે શુદ્ધ તત્ત્વ, પરમાર્થ. શુદ્ધ નયની અપેક્ષાએ જે વસ્તુસ્વરૂપ છે તે નિશ્ચય;

નિશ્ચયનું સ્વરૂપ

ત્રણે કાળમાં જે ન ફરે એવો નિશ્ચળ સિદ્ધાંત તે નિશ્ચય. જેમ બે ને બે ચાર, તે ગમે તે દેશમાં–ગમે તે

કાળમાં ફરે નહિં; તેમ ચેતન ને જડ એ ત્રણે કાળમાં ભિન્ન વસ્તુ છે, ચેતન તે ચેતન છે ને જડ તે જડ છે. ચેતન પલટીને જડ થાય નહીં ને જડ પલટીને ચેતન થાય નહિં. આ નિશ્ચલ નિશ્ચયસિદ્ધાંત છે. આ ઉપરથી સારભૂત નિશ્ચય તો સર્વ અન્ય દેહાદિ પરદ્રવ્યથી ભિન્ન એવા શુદ્ધ ચૈતન્યમય આત્મસ્વરૂપનું ભાન થવું, એ છે. 'હું **એક*, શુદ્ધ દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી છું, પરમાણુ માત્ર પણ પરવસ્તુ મારી નથી.**'– આ સંક્ષેપમાં નિશ્ચયનો સાર છે, સમયનો સાર છે, સિદ્ધાંતનો સાર છે. શુદ્ધ, બુદ્ધ, આનંદઘન એવો **ચૈતન્યમૂર્ત્તિ+ આત્મા જ માત્ર આદેય છે; બાકી બીજું બધું ય હેય છે–એ દ્વાદશાંગીનો સારભૂત નિશ્ચય છે.** નિશ્ચયથી આત્મા નથી દેવ, નથી મનુષ્ય, નથી તિર્યંચ, નથી નારકી; નથી પુરુષ, નથી સ્ત્રી, નથી નપુંસક; નથી બ્રાહ્મણ, નથી વૈશ્ય, નથી ક્ષત્રિય, નથી શૂદ્ર; નથી જૈન, નથી વૈષ્ણવ, નથી બૌદ્ધ, નથી ઇસ્લામી; નથી શ્વેતાંબર, નથી દિગંબર, નથી પીતાંબર; નથી ઢુંઢિઓ, નથી તપો કે નથી અન્ય કોઈ. આત્મા તો શુદ્ધ એક જ્ઞાયક ભાવ સિવાય બીજી કોઇ વસ્તુ નથી. દર્શન–જ્ઞાન–ચારિત્ર પણ તેમાં જ અંતર્ભાવ પામે છે. '**પુદ્ગલમય કર્મપ્રદેશમાં**

---

* " अहमिक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी ।
णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणुमित्तंपि ॥ "
—**શ્રી સમયસાર**

+ " उक्तं जिनैर्द्वादशभेदमङ्गं, श्रुतं ततो बाह्यमनन्तभेदम् ।
तस्मिन्नुपादेयतया चिदात्मा, ततः परं हेयतयाऽभ्यधायि ॥ "
—**શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા**

સ્થિત આત્મા તે પરસમય× છે, ને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત આત્મા તે સ્વસમય છે.' આ બધી સંપેક્ષમાં નિશ્ચયવાર્તા છે.

**પથિક**—યોગિરાજ ! આપે થોડા શબ્દોમાં નિશ્ચયનું વિશદ ને સુંદર સ્વરૂપ કહ્યું. હવે વ્યવહારનું સ્વરૂપ શ્રવણ કરવા ઈચ્છું છું. આપે સાચો વ્યવહાર ને જૂઠો વ્યવહાર કહ્યો, તેની પણ સ્પષ્ટતા કરવા કૃપા કરો.

વ્યવહારનું સ્વરૂપ અને તેની ઠેઠ સુધી ઉપયોગિતા

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય ! જે નિશ્ચયનું હમણાં સ્વરૂપ કહ્યું તે નિશ્ચયરૂપ સાધ્ય લક્ષ્યને સિદ્ધ કરવા માટે, એટલે કે આત્મવસ્તુનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા માટે જે જે સાધન ઉપકારી થાય તે વ્યવહાર છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યાં સુધી આત્મવસ્તુ સાથે જે અન્ય સંયોગ છે-કર્મરૂપ વસ્તુનો સંબંધ છે, તે સર્વથા દૂર ન થાય ત્યાં લગી સંસાર છે ને ત્યાંલગી વ્યવહાર છે, એટલે શુદ્ધ આત્મસ્વભાવની જ્યાં સ્થિરતા છે એવું કેવળજ્ઞાન જ્યાં લગી ન થાય ત્યાં લગી વ્યવહારની આવશ્યકતા છે, અને

× "जीवो चरित्तदंसणणाणट्ठिओ तं हि ससमयं जाण ।
पुग्गलकम्मपदेसट्ठियं च तं जाण परसमयं ॥" —શ્રી સમયસાર

"શુદ્ધાતમ અનુભવ સદા, તે સ્વસમયવિલાસ રે;
પરવડી છાંહડી જ્યાં પડે, તે પરસમય નિવાસ રે...
ધરમ પરમ અરનાથનો."
—શ્રીમાન્ આનંદઘનજી

એટલા માટે જ શાસ્ત્રમાં બારમા §ગુણસ્થાનકના અંત પર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન કહ્યું છે, તેમાં ઘણું રહસ્ય છે. જેમ સોનું ષોડશ વર્ણિકાવાળું શુદ્ધ સુવર્ણ ન થાય ત્યાં સુધી તેને અગ્નિ–તાપની અપેક્ષા રહે છે, પણ ષોડશ વર્ણિકા પ્રાપ્ત થયા પછી તેની અપેક્ષા રહેતી નથી; તેમ જ્યાં સુધી આત્મા નિર્મળ કર્મરહિત શુદ્ધ આત્મસ્વભાવ પામતો નથી ત્યાં સુધી તેને શુદ્ધ વ્યવહારરૂપ અગ્નિ–તાપદ્વારા આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાની અપેક્ષા રહે છે, પણ નિર્મળ પરમાત્મદશાને પામેલા યોગારૂઢ* પરમર્ષિઓને તેની અપેક્ષા રહેતી નથી. તેવા પુરુષો કલ્પાતીત હોય છે; પરંતુ તેવી પરમ દશા પ્રાપ્ત થયા પૂર્વે, પોતાની તેવી દશા કલ્પી લઈ, જે શિથિલાચારી, સ્વચ્છંદવિહારી જનો શુદ્ધ વ્યવહારનું અવલંબન છોડી દે છે, તેઓ માર્ગભ્રષ્ટ થાય છે, એટલું જ નહિં પણ અધઃપાતને પણ પામે છે, સંયમશ્રેણીથી લડથડતા લડથડતા પહેલે ગુણસ્થાનકે પણ આવી પડે છે.

જે પરમાર્થનો સાધક થાય તે જ **સદ્વ્યવહાર** છે, જે પરમાર્થનો બાધક થાય તે **અસદ્વ્યવહાર** છે. સમસ્ત

---

§ "શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જ્યાં લગે પૂર્ણ ન થાય;
ત્યાં લગે જગગુરુ દેવના, સેવું ચરણ સદાય.. શ્રી ઋષભાનન વંદીએ."
**—શ્રી દેવચંદ્રજી**

* "सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे ॥"—**શ્રી સમયસાર**

"व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या–मिह निहितपदानां हंत हस्तावलंबः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं, परविरहितमंतः पश्यतां नैष किंचित्॥"
**—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત શ્રી સમયસારકલશ**

પરમાર્થનો સાધક તે જ સદ્‌વ્યવહાર

જિનવાણી પણ પરમાર્થસાધક વ્યવહારના વિવરણરૂપ છે. એટલે પરમાર્થમૂળ જિનવચનસાપેક્ષ જે વ્યવહાર છે તે સાચો વ્યવહાર છે, બાકી બીજો બધો વચનનિરપેક્ષ વ્યવહાર તે જૂઠો વ્યવહાર છે. કેટલાક લોકો ગચ્છ-મતની જે કલ્પના છે તેને વ્યવહાર માની બેઠા છે, વાડાના કદાગ્રહ સાચવવામાં ને પોષવામાં જ વ્યવહારની પર્યાપ્તિ માની બેઠા છે, પરંતુ તે તો અસદ્‌વ્યવહાર છે, તે તો અલૌકિક લોકોત્તર માર્ગને લૌકિક કરી મૂકવા જેવું છે; કારણ કે ક્યાં ભગવાન્ જિનેશ્વરનો પરમ ઉદાર સુવિશાલ તત્ત્વમાર્ગ ? ક્યાં ક્ષુદ્ર મતભેદોના નિવાસસ્થાનરૂપ સંકુચિત ગચ્છભેદના નામે ચાલતા સાંકડા ચીલા ? તે બન્નેનો મેળ કોઈ કાળે થાય એમ નથી. વર્તમાન કાળમાં ઘણા લોકો ગચ્છ-કદાગ્રહ ને પોતપોતાના 'વાડા' સાચવવામાં શૂરા-પૂરા છે, છતાં તત્ત્વની મોટી મોટી વાતો કરતાં લાજતા નથી ! આ પણ કાળની બલિહારી છે ! !

"ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે !
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે.
ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા."

**શ્રીમાન્ આનંદઘનજી.**

સાચો વ્યવહાર તો શુદ્ધ આત્મારૂપ સત્ વસ્તુને જે સાધ્ય કરે, તેના સાધનમાં જે નિમિત્તભૂત થઈ ઉપકારી થાય, તે છે.

સદ્‌વ્યવહાર સાધન

દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનું સ્વરૂપ છે, એટલે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની જેથી વૃદ્ધિ

થાય, પુષ્ટિ થાય, નિર્મળતા થાય, તે સર્વ સાધન સદ્‌વ્યવહાર-રૂપ છે. **'જેમ કોઈ *અર્થનો અર્થી પુરુષ પ્રથમ તો રાજાને જાણે, સદ્દહે ને પછી પ્રયત્નથી અનુચરે** તેમ **મોક્ષનો અર્થી–મુમુક્ષુ આત્માર્થી જીવ-રાજાને (આત્માને) જાણે, સદ્દહે ને પ્રયત્નથી અનુચરે.'** શુદ્ધ આત્માનું જ્ઞાન થવામાં, દર્શન થવામાં ને અનુચરણ થવામાં જે જે દ્રવ્ય-ભાવ સાધન ઉપકારી થાય, તેનું તેનું અવલંબન આત્માર્થી અવશ્ય ગ્રહણ કરે. તેમાં પણ દ્રવ્ય સાધન, ભાવની ઉત્પત્તિમાં નિમિત્તભૂત થવાના કારણે ઉપકારી થાય છે, ને તેમ થાય તો જ તેની સફળતા છે. નહિં તો ભાવ વિના કે ભાવના લક્ષ વિના દ્રવ્ય સાધન અનંતવાર કર્યાં કરે તો પણ કાંઈ ફળ આવે નહિ; ભાવ વિના બધું ય લૂખું છે; દ્રવ્ય ખોખું છે, ભાવ પ્રાણ છે. આમ સર્વત્ર +ભાવની મુખ્યતા છે.

દાન, શીલ, તપ ને ભાવ એ ચતુર્વિધ ધર્મની આરાધના પણ સદ્‌વ્યવહારના અંગભૂત છે. ટૂંકામાં, શુભેચ્છાથી માંડીને

---

* " जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि ।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण ॥
एवं हि जीवराया णायव्वो तह य सद्दहेदव्वो ।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण ॥
दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं ।
ताणि पुण जाण तिण्णिवि अप्पाणं चेव णिच्छयदो ॥ "
—શ્રી સમયસાર

\+ " નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્ય ક્ષેત્ર તિમ કાલ;
ભાવધર્મના હો હેતુપણે ભલા, ભાવ વિના સહુ આલ.
...સ્વામી સ્વયંપ્રભને જાઉં ભામણે. " —શ્રી દેવચંદ્રજી

શૈલેશીકરણ પર્યંતની સમસ્ત ભૂમિકાઓ, ને સામાન્ય સદાચારથી માંડીને યમ-નિયમાદિ અષ્ટાંગ યોગની સાધનાઓ ઇત્યાદિ સર્વ સત્સાધન આ સદ્વ્યવહારમાં સમાય છે.

**દેવતત્ત્વ, ગુરુતત્ત્વ ને ધર્મતત્ત્વની શુદ્ધિ** એ સદ્વ્યવહારના મુખ્ય સાધનભૂત છે, ને તે શુદ્ધિનો આધાર પણ **શુદ્ધ શ્રદ્ધાન** પર છે. સદ્દેવ, સદ્ગુરુ ને સદ્ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના શ્રદ્ધાન શુદ્ધ કેમ હોય? ને શ્રદ્ધાન શુદ્ધ ન હોય તો દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ પણ કહો કેમ રહે? તેવા શુદ્ધ શ્રદ્ધાન વિના જે કાંઇ ક્રિયા કરવામાં આવે તે તો **'છાર પર લિંપણા'** જેવી નિષ્ફળ થઇ પડે.

"દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે?
કિમ રહે-શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ કિરિયા કરી,
છાર પર લિંપણો તેહ જાણો. ધાર તરવારની સોહલી૦"

**શ્રી. આનંદઘનજી**

ખેદની વાર્તા છે કે-વર્તમાનમાં ઘણા જીવોને આ દેવ-ગુરુ-ધર્મની યથાર્થ શ્રદ્ધા નથી,-શ્રદ્ધા તો દૂર રહી, સમજણ પણ નથી; તેથી તેમની ક્રિયા પણ 'છાર પર લિંપણા' જેવી પ્રાયે થઈ પડી છે.

## ૪. 'દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કિમ રહે?'

**પથિક**—મહાત્મન્! તે કેવી રીતે? તેની સમજણ પાડો. તત્ત્વનું તત્ત્વ દર્શાવતી આપની માર્મિક તત્ત્વવાર્તા સાંભળતાં તૃપ્તિ થતી નથી, આજે મારા કર્ણને ઉત્સવ પ્રાપ્ત

થયો છે; છતાં આપના મર્મવેધક વચનામૃતનું પાન કરવાની પિપાસા વધતી જાય છે.

**યોગિરાજ**—હે ભદ્ર ! જે લોકોત્તર વીતરાગ દેવ છે તેને લોકો લૌકિક ભાવથી ભજે છે ! જે વીતરાગ દેવની શાંત મુદ્રા પણ દેખતાં જ સામા માણસને સમભાવ પ્રેરે છે—ઠારી દે છે, તેવી નિર્દોષ મુદ્રાને પણ લોકો દેખાદેખીથી અતિશય બાહ્ય ઠઠારો કરી, પરમ ભાવવાહી મૂળ સહજ સ્વરૂપ કળવું કઠિન થઈ પડે એવી કરી મૂકે છે ! સમવસરણ, પ્રાતિહાર્ય આદિ બાહ્ય મહિમા એ જ માત્ર જાણે જિનેશ્વરનું સ્વરૂપ છે એમ પ્રાયે બાહ્યદૃષ્ટિ જીવો સમજે છે, પણ એટલું જાણતા નથી કે આવો *મહિમા તો ઇંદ્રજાલીઆ પણ કરી દેખાડે. પ્રભુનો ખરો મહિમા તો તેમના અંતરંગ શુદ્ધ આત્મસ્વરૂપનો છે, વીતરાગતાનો છે, તેનો તેમને લક્ષ નથી. જેમ દેવ-દેવીની માનતા કરે છે તેમ લોકો વીતરાગની પણ માનતા કરે છે, ને સંસારથી પર એવા તે લોકોત્તર દેવની પાસેથી પણ સાંસારિક—લૌકિક ફલની અપેક્ષા રાખે છે ! પણ નિજ સ્વરૂપને પ્રાપ્ત થયેલા જિન ભગવંતની શુદ્ધ ભાવભક્તિથી નિજ સ્વરૂપની પ્રાપ્તિનો લક્ષ રાખવાની

'જે લોકોત્તર દેવ નમું લૌકિકથી !'

---

* "देवागमनभोयानचामरादिविभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥"
—શ્રી સમંતભદ્રાચાર્યજી

વિશેષ માટે જુઓ શ્રીયશોવિજયજીકૃત દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકાન્તર્ગત જિન મહત્ત્વ દ્વાત્રિંશિકા

"જે લોકોત્તર દેવ નમું લૌકિકથી." —શ્રી દેવચંદ્રજી

તે દરકાર કરતા નથી! 'અઢાર દૂષણથી રહિત એવા મનવિશ્રામી વીતરાગ દેવનું યથાર્થ સ્વરૂપ પારખીને જે જિનવરના ગુણ ગાય છે, તે દીનબંધુની મહેર નજરથી **આનંદઘન** પદ પામે છે,' એ નિઃસંદેહ વાર્તા છે, પણ બહુ અલ્પ જનો જ તેનું યથાર્થ સ્વરૂપ સમજે છે.

"ઈણવિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે રે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે રે.
સેવક કિમ અવગણિયે, હો મલ્લિજિન!" **શ્રી આનંદઘનજી**

વળી બાહ્ય ત્યાગી—સાધુવેષધારી, પણ આત્મજ્ઞાનથી રહિત એવાઓને તેઓ ગુરુ કરીને થાપે છે; અથવા તો આ 'અમારા' કુલ સંપ્રદાયના છે એમ જાણી તે પ્રત્યે ગુરુપણાનું મમત્વ રાખે છે. આમ તે રૂઢિબદ્ધ જનો પોતાના કુલ સંપ્રદાયના **દ્રવ્યલિંગી**× સાધુવેષધારીઓને ગુરુ માને છે; પણ સાધુ—શ્રમણ—ગુરુના સાચા સ્વરૂપને જાણતા નથી. જે **આત્મજ્ઞાની, ભાવયોગી, ભાવસાધુ, ભાવાચાર્ય** હોય, સાચા સાધુપણાના—શાસ્ત્રોક્ત નિર્ગ્રંથપણાના સદ્‌ગુણથી શોભતા હોય, આચાર્યપણાના લક્ષણથી વિરાજતા હોય, તે જ સાચા

'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે'

× "बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन ॥

बाह्यं लिङ्गमसारं, तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।
धारयति कार्यवशतो, यस्माच्च विडम्बकोऽप्येतत् ॥"

—શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક ૧, ૨-૪

સાધુ-શ્રમણ છે, તે જ સાચા સદ્‌ગુરુ છે, એમ ×શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે. જેણે કષાયમુંડનરૂપ **અંતરની મુંડ *મુંડાવી હોય તે જ સાચા ભાવમુનિ** છે, છતાં બાલ લોકો તો સાધુના કપડા પહેર્યા, વેષપલટો કર્યો, દ્રવ્યલિંગ ધારણ કર્યું એટલે ગુરુ બની ગયા એમ માને છે. પણ તેઓને ખબર નથી કે–'જેનામાં શુદ્ધ આત્મજ્ઞાન હોય, જે સમકિતી–સમ્યગ્‌દર્શની હોય, જે આગમધર, સંપ્રદાયી ને અવંચક હોય, જે સંવરસાર (સંવરપ્રધાન) ક્રિયાના કરનારા હોય, શુદ્ધ આત્માનુભવી હોય,' તે જ ગુરુ છે, તે જ મુનિ છે, તે જ શ્રમણ છે.

"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે;
વાસુપૂજ્ય જિન !"

"આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે.
શાંતિ જિન ! એક મુજ વિનતિ."–**શ્રી આનંદઘનજી**

---

× "आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।
वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ॥"—**શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય**

* "**કારજ સિદ્ધ ભયો તિનકો, જિને અંતર મુંડ મુંડાય લીયા રે.**"
—**શ્રી ચિદાનંદજી**

(આથી ઉલટું)—

"નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે.
યોગ ગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોગટ મોટાઈ મન રાખે, તસ ગુણ દૂરે નાશે."

"પરપરિણતિ પોતાની માને, વરતે આરતધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે."
—**શ્રી યશોવિજયજીકૃત સાડાત્રણસો ગાથાનું સ્તવન**

હજારો દ્રવ્યલિંગીઓની જમાત એકઠી થતાં પણ જે જનકલ્યાણ કે શાસનઉદ્યોત નથી કરી શકતી, તે એક સાચો આદર્શ **ભાવનિર્ગ્રંથ** સહજ સ્વભાવે કરી શકે છે,—જેમ એક જ સૂર્ય કે ચંદ્ર વિશ્વમાં પ્રકાશ રેલાવી શકે છે, હજારો ટમટમતા તારાઓ એકત્રપણે પણ તેમ કરી શકતા નથી. બાકી તો જે યથોક્ત ગુરુગુણરૂપ તથારૂપ યોગ્યતા વિના 'ગુરુ' બની બેસે છે ને શિષ્યાદિના વિનયનો ગેરલાભ લ્યે છે, તે મહામોહનીય કર્મના ભારથી '**ગુરુ**' (ભારે) બની ભવસાગરમાં બૂડી જાય છે. પણ તે બિચારાને પરમાર્થનું ભાન નથી એટલે તેમ કરે એમાં શું આશ્ચર્ય છે? તેના કરતાં તો જગત્‌ના ચેલા થવું સારું.

"જગત ગુરુ મેરા, મૈં જગતકા ચેરા;
મિટ ગયા વાદવિવાદકા ડેરા."—શ્રી આનંદઘનજી

માત્ર બાહ્ય દ્રવ્ય ક્રિયાકાંડને અથવા ગચ્છના કદાગ્રહ સાચવવાને લોકો ધર્મ માને છે, પણ નિષ્કષાયતારૂપ સાચો આત્મધર્મ આરાધતા નથી!

"ધરમ ધરમ કરતો સહુ જગ ફિરે,
ધર્મ ન જાણે હો મર્મ....જિનેસર!
ધર્મ જિનેસર ગાઉં રંગશું."—**શ્રી આનંદઘનજી**

"એક કહે સાધીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે."—**શ્રી આનંદઘનજી**

તેમાં પણ કોઈ લોકો તો પોતાના અવગુણ *ઢાંકવા ખાતર, લોકારાધન ખાતર કે ધાર્મિકમાં ખપવા ખાતર, ઉપરછલ્લી ડોળઘાલુ દાંભિક દ્રવ્ય ક્રિયા માત્ર કરે છે ને પોતે ધર્મ કરે છે એમ જગત્‌ને રૂડું દેખાડવા પ્રયત્ન કરે છે, પણ તેવા '**લોકપંક્તિ**'માં વર્તતા લોકોથી ધર્મ લાખો ગાઉ દૂર છે. વળી કોઈ દૃષ્ટિરાગની પુષ્ટિને સમકિત માની બેસી ગૌરવ અનુભવે છે, પણ નિજ સ્વરૂપને જાણતા નથી,—તેવા જનો પણ ધર્મથી દૂર છે. સાચો ધર્મ તો આત્મધર્મ છે. 'वत्थुसहावो धम्मो'। વસ્તુનો સ્વભાવ તે ધર્મ, આત્મવસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ. તે આત્મધર્મને જે સાધ્ય કરે તે જ વાસ્તવિક ધર્મ છે. સમ્યગ્‌દર્શન—સમ્યગ્‌જ્ઞાન—સમ્યક્‌ચારિત્ર તે ધર્મનાં સાધન છે આ મૂળભૂત વસ્તુધર્મના સ્વરૂપનું લોકોને ભાન નથી.

**'ધર્મ ન જાણે હો મર્મ'**

આમ એઓને દેવ—ગુરુ—ધર્મની પણ સાચી ઓળખાણ નથી—સમજણ નથી, તો શ્રદ્ધા તો ક્યાંથી હોય ? ને સાચી શ્રદ્ધા વિના એઓ જે કાંઈ ધર્મને નામે ઓળખાતી ક્રિયા કરતા હોય, તે પણ 'છાર પર લિંપણા' જેવી પરમાર્થથી નિરર્થક હોય એમાં નવાઇ શું ?

---

*" અવગુણ ઢાંકણ કાજ, કરૂં જિનમત ક્રિયા;
છંડું ન અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા !

" ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;
આતમ ગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ...ચંદ્રાનન જિન !"

શ્રી દેવચંદ્રજી

માટે એઓ પ્રાયે મોક્ષમાર્ગના યથોક્ત મૂળ સૂત્રને જ ભૂલી ગયા હોઈ વા યથાર્થ નહિં સમજતા હોઇ, ઉત્સૂત્ર ભાષણ ને ઉત્સૂત્ર આચરણ જ કરી રહ્યા છે. અને એ ઉત્સૂત્ર ભાષણ-આચરણ જેવું બીજું પાપ શું છે? સૂત્ર જેવો જગત્માં બીજો ધર્મ શો છે? સૂત્ર અનુસાર જે ભવિક ક્રિયા કરે છે તેનું ચારિત્ર શુદ્ધ છે.

"પાપ નહિં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસો,
ધર્મ નહિં કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો....ધાર તરવારની૦"

**શ્રી આનંદઘનજી**

## ૫. સૂત્ર-ઉત્સૂત્રનું રહસ્ય

**પથિક**—મહાત્મન્! એ કેવી રીતે? સૂત્ર ને ઉત્સૂત્ર શું તે સમજાવવા કૃપા કરો.

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય! **સૂત્ર** એટલે આપ્ત વચન; આપ્ત પુરુષનું સુભાષિત **સંક્ષિપ્ત** છતાં સંપૂર્ણ એવું વચન તે સૂત્ર. જેમ કોઈ પુરુષની છબી એના દેહપ્રમાણ મોટી પણ હોય ને મુદ્રિકામાં સમાય એટલી નાની પણ હોય, છતાં તે નાની પ્રતિકૃતિ પણ તે પુરુષની સંપૂર્ણ આકૃતિનો ખ્યાલ આપે છે, તેમ સૂત્ર પણ સંક્ષિપ્તપણે થોડા શબ્દોમાં કહ્યા છતાં, તત્ત્વનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. આવું

'સૂત્ર'નું રહસ્ય

અર્થગંભીર રહસ્યપૂર્ણ સૂત્રાત્મક વચન તે સત્પુરુષોની કથનપદ્ધતિની અદ્‌ભુત ચમત્કૃતિ છે. અથવા સૂત્ર એટલે દોરો. દોર હાથમાં હોય ત્યાં સુધી પતંગ ગમે તેટલે ઊંચે ચઢાવી શકાય, પણ દોર હાથમાંથી છૂટી જતાં પતંગ તરત પડી જાય છે; તેમ સૂત્ર હાથમાં રાખતાં—અનુસરતાં તત્ત્વજ્ઞાનની પતંગ ગમે તેટલે ચઢાવી શકાય, પણ સૂત્ર છોડી દેતાં તે નિરાધારપણે શીઘ્ર પડી જાય છે. અથવા તો સૂત્રનો—દોરાનો નાનકડો દડો વિંટાડવામાં આવ્યો હોય તો તે મુઠ્ઠીમાં સમાઈ જાય, પણ તે જો ઉકેલવામાં આવે તો તેનો વિસ્તાર ગાઉના ગાઉ જેટલો થાય; તેમ ન્હાનકડું સૂત્રવચન થોડા શબ્દોમાં કહેવામાં આવ્યું હોય, પણ તેનું કોકડું જો ઉકેલવામાં આવે તો તેનો વિસ્તાર ગ્રંથોના ગ્રંથો ભરાય તેટલો થાય. જેમકે **આર્હતી મુષ્ટિ**—'રાગદ્વેષથી બંધ છે ને સંવરથી મોક્ષ છે', 'ઉપશમ વિવેક ને સંવર' અથવા એક સૂત્રમાં—દોરામાં મણુકા પરોવ્યા હોય તો હાર બને, પણ એક સૂત્ર વિના હાર ન બને; તેમ વચનરૂપ મણુકા એક સૂત્રમાં અનુવિદ્ધ—પરોવાયેલા હોય તો તત્ત્વજ્ઞાનરૂપ હાર બને, પણ એક સૂત્રમાં નહિં પરોવાયેલા—અનનુવિદ્ધ વિશૃંખલ વચનનો તત્ત્વરૂપ હાર ન બને. અથવા વિવિધ સુગંધી પુષ્પો એક સૂત્રથી—દોરાથી ગુંથવામાં આવતાં એક સુંદર પુષ્પમાળા બને, તેમ વિવિધ સુભાષિત વચન—પુષ્પો એક સૂત્રથી ગુંથવામાં આવતાં એક સુંદર તત્ત્વમાળા બને. આ બધા સ્થૂલ દૃષ્ટાંત છે, પણ તે 'સૂત્ર' શબ્દમાં ઘણું રહસ્ય છે એમ સૂચવે છે. સમસ્ત જિનવચન એકસૂત્રરૂપ છે, એકવાકયતા ધરાવે છે, એક જ અર્થ પ્રત્યે લઈ જાય છે. બે-ત્રણ દાખલા લઈએ—

'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।'—સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. આ સૂત્ર કેટલું બધું અર્થગંભીર છે? એ મૂળભૂત વચનના વિસ્તારરૂપ આખું જિનશાસન છે.

'वत्थुसहावो धम्मो'—વસ્તુનો સ્વભાવ તે ધર્મ. આત્મવસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ. આ આત્મસ્વભાવ પણ જે સાધનથી પ્રગટ થાય તે પણ ધર્મ. અને એ સાધન પણ મુખ્યપણે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જ છે. આમ આ ધર્મની વ્યાખ્યા પણ કેટલી બધી વ્યાપક ને સર્વગ્રાહી છે?

'ज्ञानक्रियाभ्यां मोक्षः'—જ્ઞાન ને ક્રિયાથી મોક્ષ છે, એ સૂત્ર પણ એટલું જ અર્થગંભીર રહસ્યપૂર્ણ છે, પણ તે ઉકેલતાં આવડવું જોઈએ. કેટલાક લોક આ સૂત્ર ઉચ્ચારે છે, પણ જ્ઞાન શું ને ક્રિયા શું? તેનું તેમને વાસ્તવિક ભાન નથી હોતું. દેવના આટલા ભેદ, નરકના આટલા પાથડા, ઇત્યાદિ ભંગજાલમાં જ માત્ર તેઓ જ્ઞાનની પર્યાપ્તિ માને છે, ને બાહ્ય દ્રવ્ય ક્રિયામાં જ—શરીરાદિની ચેષ્ટામાં જ ક્રિયાની પૂર્ણતા માને છે. પણ દ્રવ્યશ્રુતજ્ઞાનના આલંબનથી પણ ભાવશ્રુતજ્ઞાન એટલે કે શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય તે જ વાસ્તવિક જ્ઞાન છે; ને દ્રવ્ય ક્રિયાનું આલંબન લઈને પણ અંતરૂમાં ભાવ–દીપક પ્રગટાવવો, અંતરાત્મામાં ભાવક્રિયા સાધવી, શુદ્ધ આત્માનું અનુચરણ કરવું તે જ વાસ્તવિક ક્રિયા વા ચારિત્ર છે. આવા શુદ્ધ આત્મજ્ઞાન

**'ज्ञानक्रियाभ्यां मोक्षः' એ સૂત્રનો પરમાર્થ**

ને શુદ્ધ આત્મચારિત્રનો જ્યારે *સુમેળ પ્રાપ્ત થાય ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય એમાં કોઈ વાદ નથી. બાકી તો શાસ્ત્રમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે—'**જો નવ પૂર્વ સુધી ભણ્યો હોય, પણ જીવને જાણ્યો ન હોય, તો તે સર્વ અજ્ઞાન છે.**' કારણ કે તે દ્રવ્યશ્રુતજ્ઞાન તેને ભાવશ્રુતરૂપે-શુદ્ધ આત્મજ્ઞાનરૂપે પરિણમ્યું નથી. ઊલટું તે તો અનધિકારી જીવને મિથ્યાભિમાનનું કારણ પણ થઈ પડવાનો સંભવ છે કે—અહો! હું આટલું બધું શ્રુત જાણું છું, હું સકલ આગમનો રહસ્યવેત્તા છું, હું શ્રુતધર–આગમધર છું, હું શાસ્ત્રનું કેવું વ્યાખ્યાન કરી શકું છું! લોકો મને કેવો વક્તા–શિરોમણિ માને છે! એવા મિથ્યાભિમાનથી તે ફૂલીને ફાળકો બને છે, ને 'ઓછું પાત્ર ન અધિકું ભણ્યો' તેના જેવું થાય છે. **ઉપમિતિ ભવપ્રપંચા** કથામાં વર્ણવેલું **સિંહસૂરિનું** દૃષ્ટાંત અત્રે બરાબર લાગુ પડે છે. પણ તે બિચારાને ખબર નથી કે '**અગ્નિ+ શસ્ત્ર કે વ્યાલની જેમ શ્રમણપણું દુર્ગૃહીત હોય-બરાબર ન ગ્રહ્યું**

---

* फलं ज्ञानक्रियायोगे सर्वमेवोपपद्यते ।
तयोरपि च तद्भावपरमार्थेन नान्यथा ॥ "
—**શ્રી હરિભદ્રસૂરિકૃત શાસ્ત્રવાર્તા સમુચ્ચય**

+ " अत एव च शस्त्राग्निव्यालदुर्ग्रहसन्निभः ।
श्रामण्यदुर्ग्रहोऽस्वन्तः शास्त्र उक्तो महात्मभिः ॥
ग्रैवेयकाप्तिरप्येवं नातः श्लाघ्या सुनीतितः ।
यथाऽन्यायार्जिता संपद्विपाकविरसत्वतः ॥ "
—**શ્રી હરિભદ્રાચાર્યજીપ્રણીત શ્રી યોગબિંદુ**

હોય-ઊલટું પકડ્યું હોય, તો તે અનર્થકારક થઈ પડે છે.' એમ તો× અભવ્યો પણ તેવું દ્રવ્યશ્રુતજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, પણ ભાવશ્રુતજ્ઞાન પામવાને કદી યોગ્ય હોતા નથી, તેથી જ તે અભવ્ય રહે છે, કદી પણ મોક્ષ પામવાને યોગ્ય હોતા નથી.

સારાંશ એ છે કે—જ્ઞાન શબ્દથી ભાવશ્રુતજ્ઞાન અથવા શુદ્ધ આત્મજ્ઞાન, ક્રિયા શબ્દથી ભાવચારિત્ર અથવા શુદ્ધ આત્મચારિત્ર વિવક્ષિત છે. એવા જ્ઞાન—ક્રિયાનો મેળ મળે ત્યારે જ મોક્ષ મળે એ નિશ્ચય છે. બાકી ક્રિયા એટલે દ્રવ્ય ક્રિયા જ એવો અર્થ જો કરીએ, તો અનંતકાળથી આ જીવ એવી તો અનંત ક્રિયાઓ કરતો આવ્યો છે. તેણે અનેક વાર સાધુનો વેષ પહેર્યો હશે, અનેક વાર દ્રવ્ય દીક્ષા લીધી હશે, અનેક વાર આચાર્ય થઈ પાટ શોભાવી હશે, અનેક વાર વ્યાખ્યાનો આપી વ્યાખ્યાનશાળાઓ ગજાવી હશે. છતાં કલ્યાણ નથી થયું તેનું શું કારણ? કારણ એટલું જ કે તે ભાવ પર ન હોતો આવ્યો 'यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः' **ભાવશૂન્ય ક્રિયાઓ ફળવતી થતી નથી.** પણ આ ઉપરથી એમ સમજવાનું નથી કે દ્રવ્ય જ્ઞાન કે દ્રવ્ય ક્રિયા નિષિદ્ધ છે. દ્રવ્ય જ્ઞાન ને દ્રવ્ય ક્રિયા તો અવશ્યમેવ આરાધવા યોગ્ય છે, પરમ ઉપકારી છે, ભાવ પર ચઢવા માટે પ્રબળ આલંબનભૂત છે; પણ તેનું આલંબન લઈને પણ ભાવ પર

**ભાવનું પ્રાધાન્ય અને ભાવ પર ચઢવા માટે દ્રવ્યનું પણ યથાયોગ્ય સ્થાન**

× “ ण मुयइ पयडिमभव्वो सुट्ठुवि अज्झाइऊण सत्थाणि ।
गुडदुद्धंपि पिबंता ण पण्णया णिव्विसा हुंति ॥ ”—શ્રી સમયસાર

આરૂઢ થવાનો નિરંતર લક્ષ રાખવામાં આવે તો જ તેની સફળતા છે. કેવળ શુદ્ધ બુદ્ધિથી કથવામાં આવતું મારું આ સમસ્ત કથન સાપેક્ષ છે—એકાંતિક નથી, એ લક્ષમાં રાખજે.

આમ આ ત્રણે સૂત્રની એકવાકયતા છે; એ જ પ્રકારે સમસ્ત જિનવચન એકસૂત્રરૂપ છે, કારણ કે તેનો ઇષ્ટ ઉદ્દેશ એક જ છે કે—શુદ્ધ આત્મતત્ત્વની

**ઉત્સૂત્ર ભાષણ આચરણ**

સિદ્ધિ કરવી અને આ ઇષ્ટ ઉદ્દેશનો દુર્લક્ષ કરી, એકસૂત્રરૂપ જિનવચનથી વિરુદ્ધ જે ભાષણ કે આચરણ કરવું, તે ઉત્સૂત્ર ભાષણ કે આચરણ છે. આ જે બધું સંક્ષેપમાં સારભૂત કહ્યું તેનો શાંતિથી સમાજ પરત્વે વિચાર કરતાં તને મેં જે આગળ કહ્યું હતું તેની ખાત્રી થશે કે—

**"ચરમ નયણ કરી મારગ જોવતાં રે,**
**ભૂલ્યો સયલ સંસાર........**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."**

ખરેખર ! વર્તમાન સમાજની ખેદજનક—દયાજનક પરિસ્થિતિ નિહાળતાં મારા એ અંતરોદ્‌ગાર નીકળી પડયા હતા.

**જિજ્ઞાસુ પથિક**—યોગીરાજ ! ત્યારે માર્ગનું દર્શન કેવી રીતે થાય ? કેવા નયનથી થાય ? તે દર્શાવવા કૃપા કરો.

**યોગિરાજ**—જે નયને કરી માર્ગ દેખાય તે તો દિવ્ય નયન છે.

**"જિણે નયણે કરી મારગ જોઇએ રે,**
**નયણ તે દિવ્ય વિચાર...." પંથડો નિહાળું રે૦**

**જિજ્ઞાસુ**—યોગિરાજ! તે દિવ્ય નયન શું ? ને તે કેમ પ્રાપ્ત થાય ? મને તેવું દિવ્ય નયન પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા છે.

**યોગિરાજ**—અહો જિજ્ઞાસુ ! તારી જિજ્ઞાસાના અતિરેકમાં મધ્યાહ્ન થયો તેનું પણ તને ભાન નથી રહ્યું ખરેખર ! સન્માર્ગના જિજ્ઞાસુમાં આવી જ ઉત્કટ જિજ્ઞાસા જોઇએ. તેવી પ્રશસ્ત જિજ્ઞાસાથી અહો ! ભવ્ય ! તારો યોગમાર્ગમાં પ્રવેશ થઇ ચૂકયો છે પણ બહુ મોડું થયું હોવાથી હમણા તું જા, અને આવતી કાલે પ્રાતઃકાળે તળેટીના દેવાલયની પાર્શ્વભૂમિમાં મને મળજે. ત્યારે હું તારી જિજ્ઞાસાને વિસ્તારથી સંતોષીશ.

**પથિક**—જેવી આપની આજ્ઞા.

(બન્ને પોતપોતાની દિશામાં જાય છે)

**સમાજ અંગે નિષ્કારણ કરુણાથી યોગિરાજનો કરુણ પોકાર**

પથિક યોગીરાજ પાસેથી છૂટો પડીને પોતાના નિવાસસ્થાને આવ્યો. યોગિરાજની વેધક અમૃત વાણી હજુ તેના કાનમાં ગુંજી રહી હતી અને તેના અર્થનું તેના હૃદયમાં મંથન ચાલી રહ્યું હતુ આવી અપૂર્વ તત્ત્વવાર્ત્તા તેણે પૂર્વે કદી સાંભળી નહોતી. યોગિરાજના શ્રીમુખે તે શ્રવણ ાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું તેથી તે પોતાની પરમ ધતા માનતો હતો. હું આ તીર્થસ્થળે આવી ચડયો એ બ સારૂં થયું. મારી આ તીર્થયાત્રા બહુ ફળવતી થઈ. ના તો આવા સત્પુરુષ–વિરલ સંતના દર્શન–સમાગમનો લા ક્યાંથી મળત ? આ કોઈ પૂર્વપુણ્યનો અંકુર ફૂટી નિયો, તેથી અકસ્માત્ આ જંગમ તીર્થસ્વરૂપ મહાત્મા યોગિરાજનો મને અહીં ભેટો થઇ ગયો. આવા રમતારામ, અવ, સાચા નિર્ગ્રંથ મુનીશ્વરનો 'જોગ' બનવો ખરેખર

દેવોને પણ દુર્લભ છે એમ તે ચિંતવતો હતો. યોગિરાજે કહેલી પ્રત્યેક તત્ત્વવાર્તા તેના હૃદયમાં સચોટ લાગી હતી–પ્રતીત થઇ હતી તેમણે માર્ગ સંબંધી ઉઠાવેલો કરુણ પોકાર તેના સહૃદય હૃદયને કરુણાભાવથી આર્દ્ર કરી વલોવી રહ્યો હતો, કારણ કે કુશલ સદ્વૈદ્યની માફક સમાજની નાડ બરાબર પારખી, આ સાચા સાધુપુરુષે તેના રોગનું સાચું નિદાન કરી, તેના નિવારણનો સાચો ને સચોટ ઉપાય બતાવ્યો છે, એમ તેનો અંતરાત્મા સાક્ષી પૂરતો હતો. કવચિત્ તેમનો મીઠા ઠપકારૂપ પુણ્યપ્રકોપ ઉઠી આવતો હતો, તે પણ તેમની જિનશાસન પ્રત્યેની અંતર્દાઝવાળી પરમ ભક્તિ સૂચવતો હોઇ પ્રશસ્ત ભવ્ય ભાસતો હતો.

હજુ પણ તેને એક શંકા રહી હતી. ચર્મચક્ષુથી માર્ગ જોઈ રહેલો સમસ્ત સંસાર ભૂલ ખાઈ ગયો છે એ વાત તો તેને સમજાઈ, પણ જે નયને કરી માર્ગ જોઇએ, તે તો દિવ્ય નયન છે, એમ જે યોગિરાજે કહ્યું, તેમાં દિવ્ય નયન તે શું ? તેનં એને હજુ સમજણ પડતી નહોતી. તે દિવ્ય નયન શું કો દેવતાઇ ચક્ષુ હશે ? કે કોઈ અદ્ભુત જાદુઇ શક્તિવાળ દૃષ્ટિ હશે ? કે કોઇ અજબ નજરબંધીનો ચમત્કાર હશે કે બીજું કાંઈ હશે ? એ હજુ તેને સમજાતું નહોતું. ગુ યોગિરાજ પાસેથી પ્રાતઃકાળે તેનું યથાયોગ્ય સમાધાન મી જશે એમ તેને ખાત્રી હતી. એટલે બહુ વિકલ્પ કર્યાથી ? એમ ચિંતવતો ચિંતવતો તે શયન કરી ગયો.

## દૃશ્ય ત્રીજું

# દિવ્ય 'યોગદષ્ટિ' નયનથી દિવ્ય જિનમાર્ગ દર્શન

પછી પ્રાતઃકાળે વહેલા ઊઠી, પ્રાતઃવિધિથી પરવારી તેણે ગિરિરાજની તળેટી ભણી પગલા માંડયા ને અનુક્રમે ત્યાં પહોંચ્યો. ત્યાં દેવાલયમાં પ્રભુને પ્રણામ કરી, તે તેની પશ્ચાત્ ભૂમિકામાં પ્રવિષ્ટ થયો. ત્યાં સુંદર આમ્રવાટિકા હતી. ઊંચા આમ્રવૃક્ષો ફલભારથી લચી રહ્યા હતા કોયલ મધુર સ્વરે ટહુકા કરી રહી હતી સુગંધી પુષ્પદ્રુમોની સૌરભથી વાતાવરણ મઘમઘી રહ્યું હતું ને તેનાથી આકર્ષાઈને ભમરા ગુંજારવ કરી રહ્યા હતા.

"રુડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણ ને સહકાર....વાલા;
કેતકી જાઈ ને માલતી રે, ભ્રમર કરે ગુંજાર....વાલા."
—પંચકલ્યાણક પૂજા

ઋતુરાજ વસંતનો જાણે અત્ર અવતાર થયો હતો! પ્રકૃતિ જાણે આનંદથી પ્રફુલ્લ બની નૃત્ય કરી રહી હતી! આવા સુરમ્ય સ્થળમાં તેણે આજુમાજુ નજર કરી, પણ યોગિરાજ દેખાયા નહિં એટલે એ એક શિલાતલ પર બેઠો ને યોગિરાજની પ્રતીક્ષા કરવા લાગ્યો.

ત્યાં થોડી વાર પછી દેવાલયની દિશામાંથી સુંદર કર્ણમધુર ધ્વનિ તેને સંભળાયો. તેની હલક ઉપરથી તેણે યોગિરાજનો સ્પષ્ટ અવાજ ઓળખ્યો, એટલે તે એકચિત્તે સાંભળવા લાગ્યો—

" ચરમ નયન કરી મારગ જોવતો રે,
ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઈએ,
નયન તે દિવ્ય વિચાર.
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે.
પુરુષપરંપર અનુભવ જોવતાં રે,
અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહિ ઠાય પંથડો૦
કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે,
એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે,
આનંદઘન મત અંબ. પંથડો૦"

**અપૂર્વ ભક્તિ તન્મયતા**

આ પંક્તિઓ યોગિરાજે એટલા બધા સહજ ભાવાવેશથી પુનઃપુનઃ લલકારીને એટલું બધું ભક્તિપૂર વહાવ્યું કે તેનો પાવન પ્રવાહ જેને જેને સ્પર્શ્યો તે સર્વ અપૂર્વ ભક્તિરસમાં તણાવા લાગ્યા. તે પથિકનો અંતરાત્મા પણ તે પરમ ભક્તિનિર્ભર સ્તવન સાંભળી અત્યંત ઉલ્લસિત થયો, તેના ભાવ રોમાંચ ખડા થયા, આનંદાશ્રુ ઝરવા લાગ્યા અને તે ભક્તિ તરંગિણીમાં નિમજ્જન કરવા લાગ્યો. અને તેમાં એટલો બધો તન્મય થઈ ગયો કે તે આજુબાજુનું ભાન પણ ભૂલી ગયો. પછી થોડી વારે જ્યારે યોગિરાજ પોતે

પાસે આવીને 'અહો ! ભવ્ય ! તું વહેલો વહેલો આવી ગયો છે કે ?' એમ મીઠા અવાજે બોલ્યા ત્યારે તેને ખબર પડી કે યોગિરાજ તો આવી ગયા છે. એટલે સંભ્રમથી તે એકદમ ઊભો થયો ને વિનયથી નમસ્કાર કરી બોલ્યો—મહાત્મન્ ! ક્ષમા કરજો ! આપ આવ્યા છો એની મને ખબર નહિં. હું તો આપે વહાવેલા પરમ અદ્ભુત ભક્તિરસનો આસ્વાદ લઈ રહ્યો હતો અને એની ખુમારી એટલી બધી ચઢી હતી કે મને આપના આગમનની પણ ખબર ન પડી!

**યોગિરાજ**—હે ભદ્ર ! એમાં ક્ષમા કરવા જેવું છે શું ? આ તારી ચેષ્ટા તો ખુશી થવા જેવી છે, પ્રમોદ પામવા જેવી છે. આ દેખી મારું ચિત્ત અત્યંત પ્રસન્ન થયું છે, કારણ કે જે ભક્તિમાં આહાર આદિ સર્વ સંજ્ઞા ભૂલાઈ જાય તે જ સંશુદ્ધ ભક્તિ છે, અને તે જ અવંધ્ય યોગબીજ છે એમ યોગાચાર્ય ભગવાન્ **હરિભદ્રસૂરિએ** કહ્યું છે. આવી ભગવદ્-ભક્તિની પ્રાપ્તિ થવી એ ચરમાવર્તનું લક્ષણ છે. જેને છેલ્લો ભવ-ફેરો હોય તેને આવી પરમાનંદ પદ આપનારી ભક્તિ પ્રગટે. માટે હે ભવ્ય! ખેદ ન કર, પણ પ્રમોદ પામ.

## ૧. ઓઘદૃષ્ટિ તે 'ચરમ નયન': યોગદૃષ્ટિ તે 'દિવ્ય નયન'

એમ કહી યોગિરાજ શિલાપટ પ્રમાર્જીને તે ઉપર બિરાજ્યા, ને પથિકને પણ બેસવાને સંજ્ઞા કરી, એટલે તે

પણ નીચે શુદ્ધ ભૂમિ પર વિનયથી બેઠો. પછી ક્ષણવાર મૌન રહી તે બોલ્યો—યોગિરાજ ! આપની આગલા દિનની તત્ત્વવાર્ત્તા આપના શ્રીમુખે હું શ્રવણ કરવાને ઉત્કંઠિત છું, પણ તે પૂર્વે એક શંકાનું સમાધાન સાંભળવા ઇચ્છું છું. આપે 'ચરમ નયન' અને 'દિવ્ય નયન' એમ કહ્યું તેમાં 'દિવ્ય નયન' એટલે આપ શું કહેવા માગો છો ? તેની જરા સ્પષ્ટતા કરવા કૃપા કરો.

**ઓઘદૃષ્ટિનું દૃષ્ટાંત**

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય ! ચર્મચક્ષુ એટલે બાહ્યદૃષ્ટિ. દિવ્ય નયન એટલે આંતરદૃષ્ટિ, અથવા બીજા શબ્દોમાં કહીએ તો ચર્મચક્ષુ એટલે ઓઘદૃષ્ટિ ને દિવ્યચક્ષુ એટલે યોગદૃષ્ટિ. આ સમજવા માટે સ્થૂલ દૃષ્ટાંત લઈએ:– કોઇ એક અમુક દૃશ્ય છે તે મેઘલી રાતે ઘણું ઝાંખું દેખાય, તેના કરતાં મેઘલા દિવસે વધારે સ્પષ્ટ દેખાય ને તેના કરતાં વળી મેઘ વિનાના દિવસે ઘણું વધારે સ્પષ્ટ દેખાય. તેમાં પણ જોનારો દ્રષ્ટા જો બાળક હોય અથવા પુખ્ત ઉમરનો હોય તો તેના જોવા જોવામાં પણ તફાવત પડે. તે દ્રષ્ટા વળી ગ્રહગ્રસ્ત હોય અથવા ન હોય, તો તેના દેખવામાં ફેર આવે; તેમ જ તેની દૃષ્ટિ આડો સૂક્ષ્મદર્શક કાચ ધર્યો હોય તો તેના દર્શનમાં ભેદ પડે. આમ એક જ દૃશ્યમાં બાહ્ય ઉપાધિને લીધે દૃષ્ટિના ભેદ પડે છે. આ ઓઘદૃષ્ટિનું દૃષ્ટાંત છે. અને યોગદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ, યોગીપુરુષની દૃષ્ટિ. સમ્યગ્દર્શનને પામેલા ભિન્નગ્રંથિવાળા **સ્થિરા** વગેરે દૃષ્ટિમાં વર્તતા સાક્ષાત્ દ્રષ્ટા યોગિજનની દૃષ્ટિ તે યોગદૃષ્ટિ.

**પથિક**—મહાત્મન્ ! આ ઓઘદૃષ્ટિ ને યોગદૃષ્ટિનું સ્વરૂપ લક્ષણ શું ? બન્નેનો સ્પષ્ટ તફાવત શો ?

**ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિનો તફાવત**

**યોગિરાજ**—ઓઘદૃષ્ટિ એટલે સામાન્ય પ્રાકૃત જનની–પ્રાકૃત જનપ્રવાહની દૃષ્ટિ, લોકપ્રવાહપતિત દૃષ્ટિ, ગાડરીઆ પ્રવાહ જેવી ગતાનુગતિક દૃષ્ટિ. આવી ઓઘદૃષ્ટિવાળા લોકો પોતપોતાના દર્શનના આગ્રહી હોય છે ને પરસ્પર વિવાદ કરે છે, તથા મારું દર્શન જ સાચું છે ને બીજાનું ખોટું છે એમ સાબિત કરવા મથે છે. પણ સમ્યગ્ યોગદૃષ્ટિને પામી જેણે સમ્યગ્ આત્મદર્શન કર્યું છે—આત્મસાક્ષાત્કાર કર્યો છે, એવા દ્રષ્ટા યોગીપુરુષોને તો પોતપોતાના મત–દર્શનનો બિલકુલ આગ્રહ હોતો નથી, કારણ કે તે વિશાલ દૃષ્ટિવાળા સત્પુરુષોને નયના યથાયોગ્ય વિભાગનું બરાબર ભાન હોય છે, એટલે સાપેક્ષપણે વસ્તુતત્ત્વનું નિરીક્ષણ કરતા રહી તે મહાનુભાવો મધ્યસ્થભાવ રાખે છે, નિષ્પક્ષપાતી રહે છે. આ નિર્પક્ષ નિરાગ્રહી વિરલાઓ શુદ્ધ બોધને પામેલા હોઈ પરમ ગંભીર, ઉદાર આશયવાળા હોય છે, ને મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિતાત્મા હોય છે. એટલે એમને મન આખું જગત્ પોતાનું જ છે, પોતાના કુટુંબ જેવું જ છે, એથી કરીને મારા–તારાપણાનો ભેદ તેમને હોતો નથી અને અન્યને માર્ગે અવતારવા માટે પણ તે સંત જનો પરમ કરુણાથી ચારિસંજીવની ન્યાયનો*

* " न खल्वयं (दर्शनभेदः) स्थिरादिदृष्टिमतां भिन्नग्रन्थीनां योगिनां यथाविषयं नयभेदावबोधभावादिति । प्रवृत्तिरप्यमीषां परार्थं शुद्धबोधभावेन

આશ્રય કરે છે. આવા પરમ ઉદારચિત્ત સાગરવરગંભીરા મહાત્મા જોગીજનોની જે વિશ્વગ્રાહિણી ને વિરોધહારિણી પરમ ઉદાર દૃષ્ટિ તે યોગદૃષ્ટિ છે; કારણ કે તે તે દર્શન તે તે નયની અપેક્ષાએ સાચું છે, એમ આ યોગિજનો સારી પેઠે જાણે છે, એટલે સર્વ દર્શનોને તેઓ એક જિનદર્શનના અથવા શુદ્ધ આત્મદર્શનના અંગરૂપ માને છે, એક આત્મતત્ત્વના મૂળમાં તે સર્વ વ્યાપ્ત છે એમ જાણે છે. એથી કરીને તેઓ પછી ખંડન-મંડનની મિથ્યા કડાકૂટમાં પડતા નથી

આમ ઓઘદૃષ્ટિ ગાડરીઆ પ્રવાહ જેવી, લૌકિકભાવવાળી છે; ને યોગદૃષ્ટિ તત્ત્વગ્રાહિણી, પરમાર્થદર્શી તથા લોકોત્તર-ભાવવાળી છે. ઓઘદૃષ્ટિમાં પોતપોતાના મત-દર્શનનો આગ્રહ હોય છે, અને મારું તે સાચું એમ માને છે; યોગદૃષ્ટિમાં કોઈ મત-દર્શનનો આગ્રહ કે વિકલ્પ હોતો નથી. સાચું તે મારું એમ માને છે. ઓઘદૃષ્ટિ સંકુચિત ને છીંછરી હોય છે, યોગદૃષ્ટિ વિશાળ ને ગંભીર આશયવાળી *હોઈ સર્વનો

---

विनिवृत्ताग्रहतया मैत्र्यादिपारतन्त्र्येण गंभीरोदाराशयत्वात् चारिचरिकसंजीवन्य-चरकचारणनीत्येति " —શ્રી હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ

" સઘન અઘન દિન રયણિમાં, બાલ વિકલ ને અનેરા રે;
અર્થ જુએ જેમ જુજુઆ, તિમ ઓઘ નજરના ફેરા રે...
વીર જિનેસર દેશના.

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે...વીર૦ "
શ્રી યશોવિજયજીકૃત શ્રી યોગદૃષ્ટિ સજ્ઝાય

સમાવેશ કરે છે. ઓઘદષ્ટિવાળો ભવાભિનંદી હોઇ ×લોકપંક્તિમાં બેસે છે, તે જનમન-રંજનાર્થ પ્રવૃત્તિ કરે છે; યોગદષ્ટિવાળો મુમુક્ષુ આત્માર્થી પુરુષ લોકપંક્તિથી પર હોઇ કેવલ આત્મકલ્યાણાર્થે સમસ્ત પ્રવૃત્તિ કરે છે.

**દ્રષ્ટિ ઉન્મીલન પ્રમાણે દર્શન**

આ યોગદષ્ટિ જેમ જેમ ખુલે છે, તેમ તેમ વસ્તુતત્ત્વનું વિશેષ નિર્મલ દર્શન થતું જાય છે. જેમ આંખ મીંચેલી હોય, તે જરાક ઉઘડે તો પાસેના પદાર્થનું ઝાંખું દર્શન થાય, વધારે વધારે ઉઘડતાં વધારે દૂર દૂરનું દર્શન થતું જાય છે ને છેવટ સંપૂર્ણ ખુલતાં અનંત આકાશ પણ દેખાય છે; તેમ યોગદષ્ટિ જરાક ઉન્મીલન થતાં-ઉઘડતાં તત્ત્વનું ઝાંખું મંદ દર્શન થાય છે, વિશેષ ખુલતાં વિશેષ દેખાય છે ને સંપૂર્ણ ખુલતાં અનંત વિશ્વસ્વરૂપ પ્રગટ ભાસે છે. દૃષ્ટિના ઉન્મીલન પ્રમાણે દર્શનની તરતમતા હોય છે.

---

× " लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।
क्रियते सत्क्रिया सात्र लोकपंक्तिरुदाहृता ॥
भवाभिनन्दिनो लोकपंक्त्या धर्मक्रियामपि ।
महतो हीनदृष्ट्योच्चैर्दुरन्तां तद्विदो विदुः ॥ "

—શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિન્દુ

" જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યો, તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રુડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છઉં. "

—મહાતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીઃ

આમ જાતિસ્વરૂપથી યોગદૃષ્ટિ એકરૂપ છતાં, આવરણ અપાયના ભેદથી એના આઠ સ્થૂલ ભેદ પડે છે. જેમ આંખ આડે આવરણરૂપ પડદો ગાઢ હોય તો ઘણું ઓછું દેખાય, પછી જેમ જેમ આવરણ પટલ દૂર થતું જાય તેમ તેમ વધુ દેખાય છે, ને છેવટે સંપૂર્ણ આવરણ ખસતાં સંપૂર્ણ દર્શન થાય છે; તેમ સમ્યગ્ દર્શનને આવરણભૂત મોહનો પડદો જેમ જેમ ખસતો જાય છે, તેમ તેમ નિર્મલ શુદ્ધ દર્શન થતું જાય છે. આમ યોગીઓની સદ્દૃષ્ટિ એકરૂપ છતાં વ્યક્તિભેદે સ્થૂલ આઠ* પ્રકારની છે.

*સદ્દૃષ્ટિ એકરૂપ છતાં આઠ પ્રકારની*

## ૨. આઠ યોગદૃષ્ટિનું સામાન્ય સ્વરૂપ.

**પથિક**—મહાત્મન્ ! તે આઠ દૃષ્ટિ કઈ છે ? તેનું સ્વરૂપ શું છે ? તે કહેવા કૃપા કરો.

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય ! આ વિષય ઘણો મોટો છે. તે સમજવા માટે ઘણી ધીરજ જોઈશે. અને અત્રે વિસ્તારવા જતાં વિષયાંતર થઈ જવાનો ભય છે, છતાં તારી જિજ્ઞાસા છે તો સાવ સંક્ષેપમાં કહું છું. **મિત્રા, તારા, બલા, દીપ્રા અને સ્થિરા, કાંતા, પ્રભા, પરા** એ આઠ યોગદૃષ્ટિના નામ છે. તે દૃષ્ટિઓમાં બોધ–

*આઠ યોગદૃષ્ટિ*

---

* " इयं चावरणापायभेदादष्टविधा स्मृता ।
सामान्येन विशेषास्तु भूयांसः सूक्ष्मभेदतः ॥ "
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

પ્રકાશની જે તરતમતા છે તે સમજવા માટે જ્ઞાનીઓએ આ પ્રમાણે ઉપમા યોજી છે: મિત્રા, તારા, બલા ને દીપ્રા એ ચાર દૃષ્ટિઓનો બોધ-પ્રકાશ અનુક્રમે તૃણના અગ્નિકણ જેવો, છાણાના અગ્નિકણ જેવો, કાષ્ઠના અગ્નિકણ જેવો ને દીપકની પ્રભા જેવો હોય છે; અને સ્થિરા, કાંતા, પ્રભા, પરા એ ચાર દૃષ્ટિઓનો બોધ-પ્રકાશ અનુક્રમે રત્નની પ્રભા જેવો, તારા, સૂર્ય ને ચંદ્રની પ્રભા જેવો છે. ચોથી **દીપ્રા** દૃષ્ટિ સુધી મિથ્યાત્વની સંભાવના છે, **સ્થિરા**થી માંડીને સમ્યક્ત્વ હોય છે.

**પથિક**—યોગિરાજ! પ્રથમ ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વ હોય છે, છતાં તેને યોગીઓની સદ્દૃષ્ટિમાં-સમ્યગ્દૃષ્ટિમાં કેમ ગણી?

**મિત્રાદિ પ્રથમ ચારમાં મિથ્યાત્વ છતાં સદ્દૃષ્ટિ શી રીતે?**

**યોગિરાજ**—કારણમાં કાર્યના ઉપચારથી. મિત્રાદિ પ્રથમ ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વ છે એ ખરૂં, પણ તે ઉત્તર કાળમાં સમ્યગ્દૃષ્ટિના અમોઘ કારણરૂપ× થાય છે, એટલે તેને પણ સદ્દૃષ્ટિ કહી. આ સમજવા માટે આ સ્થૂલ દૃષ્ટાંત છે:—શુદ્ધ સાકરના ચોસલાની બનાવટમાં અનેક પ્રયોગમાંથી પસાર થવું પડે છે ત્યારે તેની બનાવટ નીપજે

× "अवन्ध्यसद्दृष्टिहेतुत्वेन मित्रादिदृष्टीनामपि सतीत्वादिति । वर्षोल्लकनिष्पत्ताविक्षुरसकक्वगुडकल्पाः खल्वेताः खण्डशर्करामत्स्याण्डवर्षोल्लकसमाश्चेतरा इत्याचार्याः । इक्ष्वादीनामेव तथाभवनादिति रुच्यादिगोचरा एवैताः, एतेषामेव संवेगमाधुर्योपपत्तेः । इक्षुकल्पत्वादिति नलादिकल्पास्तथाऽभव्याः संवेगमाधुर्यशून्यत्वात् ।"

—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય વૃત્તિ

છે. પ્રથમ તો ઇક્ષુ-શેરડી જોઇએ, પછી તેનો રસ કાઢવામાં આવે, તેને ઉકાળીને કાવો બનાવે, તેમાંથી ગોળ બને, પછી ખાંડ થાય, તેમાંથી શર્કરા-ઝીણી સાકર બને, તેમાંથી અશુદ્ધ સાકરના ગઠ્ઠા થાય ને છેવટે શુદ્ધ સાકરના ચોસલા બને

**ઇક્ષુ આદિનું દ્રષ્ટાંત**

આમાં શેરડીથી માંડીને ગોળ સુધીની અવસ્થા બરાબર મિત્રા આદિ ચાર દૃષ્ટિ છે, અને ખાંડથી માંડીને શુદ્ધ ચોસલા સુધીની અવસ્થા બરાબર છેલ્લી ચાર દૃષ્ટિ છે. પણ પ્રથમ પૂર્વ ચાર અવસ્થા ન હોય તો ઉત્તર ચાર અવસ્થા ઉપજે જ કેમ? મૂળ શેરડી જ ન હોય તો શુદ્ધ સાકરની આશા રાખવી તે આકાશકુસુમ જેવી છે, વંધ્યાપુત્ર સમાન છે. **મિત્રા** દૃષ્ટિને શેરડી સાથે સરખાવી તે બરાબર છે, કારણ કે તેમાંથી સંવેગરૂપ માધુર્યની-મધુર રસની નિષ્પત્તિ થાય છે. ભવ્ય જીવોને જ આ **મિત્રા આદિ** દૃષ્ટિ સાંપડે છે,-અભવ્યોને કદી નહિ. કારણ કે તે અભવ્યો તો બરુ જેવા છે. બરુને ગમે તેટલો પીલો તો પણ તેમાંથી રસ નીકળે નહિ, તેમ અભવ્યને કોઇ કાળે સંવેગરૂપ માધુર્ય નીપજતું નથી. આમ આ મિત્રાદિ દૃષ્ટિ ઇક્ષુ આદિ સ્થાનીય હોઇ ઉત્તર સદ્દૃષ્ટિના કારણરૂપ થાય છે, તેથી તેને પણ ઉપચારથી સદ્દૃષ્ટિમાં ગણી છે. બાકી પરમાર્થથી તો **સ્થિરા** આદિ છેલ્લી ચાર દૃષ્ટિ જ નિરુપચરિત સમ્યગ્દૃષ્ટિ છે. આ આઠ યોગદૃષ્ટિમાં અનુક્રમે યમ, નિયમ આદિ આઠ *યોગાંગ

---

* " यमादियोगयुक्तानां खेदादिपरिहारतः ।
अद्वेषादिगुणस्थानं क्रमेणैषा सतां मता ॥ "—**શ્રી યોગદષ્ટિસમુચ્ચય**

ઘટે છે, ખેદ આદિ આઠ દોષનો ત્યાગ થાય છે, ને અદ્વેષ, જિજ્ઞાસા આદિ આઠ ગુણ પ્રગટે છે. તેનું વિશેષ સ્વરૂપ જાણવા ઈચ્છતો હો તો તું અવકાશે યોગાચાર્ય શ્રી **હરિભદ્રજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ આદિ ઉત્તમ ગ્રંથ-રત્નો શાંતિથી અવલોકજે.**

**પથિક**—આ યોગદૃષ્ટિ છે એમ કયા સામાન્ય લક્ષણે ઓળખાય ? ને તેનું ફલ શું ?

**યોગિરાજ**—સત્‌શ્રદ્ધાસંગત બોધ× તે દૃષ્ટિ કહેવાય છે. એટલે જ્યાં સતપુરુષની ને સત્પુરુષના વચનની શ્રદ્ધાવાળો બોધ હોય છે, અને સ્વચ્છંદનો ત્યાગ હોય છે ત્યાં સામાન્યપણે આ દૃષ્ટિની પ્રાપ્તિ સમજવી. અને આવો શ્રદ્ધાયુક્ત બોધ જ્યાં હોય છે ત્યાં નિષિદ્ધ એવી અસત્ પ્રવૃત્તિનો વ્યાઘાત થાય છે, અસત્ પ્રવૃત્તિ અટકી પડે છે અને સતપ્રવૃત્તિપદ મુક્તિપદ ખેંચાઈને નિકટ આવતું જાય છે. આ મુક્તિપદની પ્રાપ્તિ એ જ આ યોગદૃષ્ટિનું છેવટનું ફળ છે, કારણ કે મોક્ષની સાથે યોજે તે યોગ કહેવાય છે. '**मोक्षेण योजनाद्‌ योगः**' એવા યોગ સંબધિની દૃષ્ટિ તે યોગદૃષ્ટિ છે, એટલે યોગદૃષ્ટિનું ફલ મોક્ષ છે.

યોગદ્રષ્ટિનું લક્ષણ અને ફળ

ઉક્ત આઠ દૃષ્ટિમાં **મિત્રા** આદિ પ્રથમની ચાર દૃષ્ટિ

---

× " सच्छ्रद्धासङ्गतो बोधो दृष्टिरित्यभिधीयते ।
असत्प्रवृत्तिव्याघातात्सत्प्रवृत्तिपदावहः ॥ " —યો. દ. સ.

પ્રતિપાતી+ પણ હોય છે, આવીને પાછી ચાલી પણ જાય,—ચાલી જાય જ એમ નહિં. એટલે કે તે પ્રતિપાતી કે અપ્રતિપાતી હોય. પ્રતિપાતી થાય તો તે સાપાય હોય છે—એટલે કે નરકાદિ અપાયયુક્ત હોય છે. છેલ્લી ચાર તો અપ્રતિપાતી

**મિત્રાદિ ચાર પ્રતિપાતી પણ હોયઃ સ્થિરાદિ ચાર અપ્રતિપાતી જ**

જ હોય છે, આવ્યા પછી કદી પડતી નથી અપ્રતિપાતી દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી મોક્ષ પર્યંત કદી પતન થતું નથી, ને મુક્તિ માર્ગે અખંડ *પ્રયાણ થયા કરે છે. કદાપિ વચ્ચે રાતવાસા જેવા દેવાદિ ભવ કરવા પડે, તેથી ચરણનો વિઘાત–અંતરાય ઉપજે છે, તો પણ પ્રયાણનો ભંગ થતો નથી. અમુક સ્થળે જવા નીકળેલો મુસાફર વચ્ચમાં જેમ રાતવાસો કરી પોતાનો થાક ઉતારી નાંખે છે, તેમ આ મુક્તિમાર્ગનો વટેમાર્ગુ પણ

---

+ " प्रतिपातयुताश्चाद्याश्चतस्रो नोत्तरस्तथा ।
सापाया अपि चैतास्तत्प्रतिपातेन नेतराः " —યો. દ. સ.

* " प्रयाणभङ्गाभावेन निशि स्वापसमः पुनः ।
विघातो दिव्यभावतश्चरणस्योपजायते ॥ "—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

" દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિપ્રયાણ ન ભાંજે રે;
રયણી શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તિમ છાજે રે " વીર૦
—શ્રી યોગદૃષ્ટિસજ્ઝાય

મુક્તિમાર્ગે ગમન કરવા ઇચ્છી યોગી પ્રવાસી,
માંડે મિત્રામહિં મજલ તે શુદ્ધ ભાવે ઉલાસી;
વચ્ચે વચ્ચે કવચિત કરતો દિવ્ય જન્મે વિસામા,
પ્હોંચે છે તે પ્રગતિ કરતો સચ્ચિદાનંદ ધામા.
શ્રી યોગદૃષ્ટિકળશ (ડૉ. ભગવાનદાસ વિરચિત)

દેવાદિ ભવરૂપ રાત્રિવાસ કરે છે, પણ તેથી કાંઇ મુક્તિ-માર્ગના અખંડ પ્રયાણમાં ભંગ પડતો નથી. આમાં પાછા પડવાની, પીછેહઠ કરવાની તો વાત જ નથી, આગળ જ વધવાનું છે, આગળ જ પ્રગતિ કરવાની છે, એટલે યોગમાર્ગે આગળ ધપતો ધપતો આ દિવ્ય નયનને પામેલો યોગદૃષ્ટિવાન્ મુમુક્ષુ પથિક પોતાના ઈષ્ટ મોક્ષસ્થાને પહોંચે જ છે. આવો અતુલ મહાપ્રભાવ આ દિવ્ય નયનનો—યોગદૃષ્ટિનો છે.

**દિવ્ય યોગદ્રષ્ટિ નયનથી દિવ્ય જિનમાર્ગ દર્શન**

અને આ ઉપરથી તને પ્રતીત થશે કે આ દિવ્ય નયન એટલે મુખ્યપણે પરમાર્થથી **સ્થિરા** આદિ યોગદૃષ્ટિ જ છે, કારણ કે તે દૃષ્ટિમાં જ નિશ્ચયથી સ્વસંવેદન જ્ઞાન અથવા પ્રત્યક્ષ આત્મદર્શન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો નિશ્ચય વેદ્યસંવેદ્યપદ અથવા નિશ્ચય સમ્યગ્દર્શન અહીં જ પ્રાપ્ત થાય છે. આવા આ દિવ્ય નયનને અથવા પરમાર્થ સમ્યગ્દૃષ્ટિને જે પામે છે, તે જ સાક્ષાત્ માર્ગ દેખી શકે છે. કારણ કે ભગવાન જિનેશ્વરનો મૂળ માર્ગ+ પરમાર્થપ્રત્યયી છે, અને પરમાર્થ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિથી જ તે સમ્યક્પણે દેખી શકાય છે. બાકી બીજા જે ચર્મચક્ષુથી—બાહ્ય દૃષ્ટિથી તે માર્ગ જોવા જાય છે, તે ભ્રાંતિથી ભૂલા પડી ગોથું ખાઇ જાય છે. એટલા માટે જ મેં કહ્યું હતું કે—

+ " જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ......મૂળ મારગ સાંભળો જિનનો રે.
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ...મૂળ મારગ૦

"ચરમ નયણુ કરી મારગ જોવતો રે,
ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએ રે,
નયન તે દિવ્ય વિચાર....
પંથડો નિહાળું રે બીજા જિનણો રે." ૨.

વારુ, આજે આટલું બસ છે. તે મનન કરજે અને કાલે પુનઃ આ જ સ્થળે મળજે.

પથિક—જેવી આજ્ઞા.

(બન્ને જાય છે.)

---

લિંગ અને ભેદો જે વૃત્તના રે, દ્રવ્ય દેશકાળાદિ ભેદ.. મૂળ મારગ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ...મૂળ મારગ૦ "
—મહાતત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી

## દૃશ્ય ચોથું :

## 'અંધોઅંધ પલાય'

[ બીજે દિને પથિક તે જ સ્થળે યોગિરાજને મળે છે અને જિજ્ઞાસાથી પૂછે છે– ]

### ૧. અંધ પુરુષ પરંપરા પાસેથી દિવ્ય નયનની આશા વ્યર્થ

**પથિક**—મહાત્મન્! આ દિવ્ય નયન તો કોઈ અદ્‌ભુત વસ્તુ છે! આવા દિવ્ય નયનથી–સમ્યગ્ યોગદૃષ્ટિથી જ મોક્ષમાર્ગ દેખી શકાય એ આપનું કથન હવે મને સમજાવા લાગ્યું છે. ખરેખર! એ દિવ્ય નયન જ પરમ કલ્યાણ આપનાર છે. સાચા મુમુક્ષુ પુરુષે તે પ્રાપ્ત કરવા સર્વાત્માથી પરમ પુરુષાર્થ કરવો જોઈએ. આપે આ તેનું રસપ્રદ સ્વરૂપ ટૂંકમાં કહ્યું તે પણ કેટલું બધું રોચક ને હૃદયંગમ છે! તો પછી તેની સાક્ષાત્ પ્રાપ્તિ તો કેટલી બધી આનંદદાયક ને પરમાર્થમાર્ગપ્રદર્શક થઈ પડે? તેનો હવે મને કંઈક ખ્યાલ આવે છે. એ પરમાર્થદૃષ્ટિ વિના તો બધું ય અંધારું છે. 'આંખ વિના અંધારું રે' એમ લોકોક્તિ કહેવાય છે, તે અહીં પરમાર્થમાર્ગમાં સાવ સાચી જણાય છે. યોગિરાજ! તે દિવ્ય નયન પ્રાપ્ત કરવાની મને તીવ્ર ઈચ્છા ઉપજી છે. તે કેમ પ્રાપ્ત થાય? કોની પાસેથી પ્રાપ્ત થાય? કેવી રીતે પ્રાપ્ત થાય? તેનો સુગમ ઉપાય આપ કૃપા કરીને દર્શાવો. આટલી બધી આ પુરુષપરંપરા છે, તેમાંથી શું ક્યાંય એ

આ અદ્‌ભુત દિવ્ય નયનની પ્રાપ્તિ કેમ થાય?

દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ થશે ? જુઓ ! આટલા બધા આચાર્ય નામધારીઓ છે. ભક્તજનો તેની બિરુદાવલી બોલે છે. કોઈ આચાર્યચક્રવર્તી, કોઇ આચાર્યચૂડામણિ, કોઇ સૂરીશ્વર કહેવાય છે કોઈ જિનશાસનોદ્ધારક, કોઇ અર્હત્‌શાસનપ્રભાવક કોઈ જિનાગમરહસ્યજ્ઞાતા, કોઇ સાક્ષાત્ સરસ્વતી વગેરે બિરુદ ધરાવે છે. કોઇ ધીર ગભીર સ્વરે શાંત વ્યાખ્યાનો આપે છે, ને કોઇ મોટા સ્વરે દીક્ષામાં પર્યાપ્તિ પામતા ઉદ્દામ ઉપદેશો કરે છે. તેઓની પાસેથી શું આ દિવ્ય નયનની પ્રાપ્તિ થશે ? વળી આટલા બધા ઉપાધ્યાય આદિ પદવીના ધારક પુરુષો છે, મોટા વિદ્વાન્ પંડિત ગણાય છે, વાદીને પરાજિત કરે એવા તર્કનિપુણ ને ખંડનમંડનનિષ્ણાત છે, શાસ્ત્રના અઠંગ અભ્યાસી ને અભ્યાસ કરાવનાર છે, તેઓની પાસેથી શું દિવ્ય નયનની પ્રાપ્તિ થશે? વળી સેંકડોની સંખ્યામાં સાધુવેષધારીઓ દૃષ્ટિગોચર થાય છે. તેઓ બાહ્ય ક્રિયાકાંડમાં ચીવટવાળા ને કાયક્લેશરૂપ તપશ્ચર્યામાં એકકા છે. ગૃહસ્થો ‘જી જી’ કહીને તેમનો પડયો બોલ ઝીલે છે, ને તેઓ પણ તે ગૃહસ્થોને પોતપોતાના વાડામાં બરાબર પૂરઇ રહેવાનો બોધ દૃઢ કરવાની તકેદારી રાખે છે. તેઓની પાસેથી શું આ દિવ્ય નયનની પ્રાપ્તિ થશે ? આ સંબંધી આપનો અનુભવ શું કહે છે ? તે હું જાણવા ઈચ્છું છું.

**યોગિરાજ**—હે ભવ્ય ! જે પામેલો હોય તેની પાસેથી પમાય. દીવામાંથી દીવો પ્રગટે. કુવામાં હોય તો હવાડામાં આવે. આ નગ્ન સત્ય છે.

**દિવ્ય નયનપ્રાપ્ત દ્રષ્ટા પુરુષની દુર્લભતા**

દેખતો હોય તે દેખાડે, એટલે કે કોઈ દિવ્યચક્ષુ પ્રાપ્ત દ્રષ્ટા પુરુષ હોય તો તે અવશ્ય માર્ગ દેખાડી

શકે, દિવ્ય ચક્ષુ આપી શકે; પણ ખેદની વાત એ છે કે વર્તમાન સમાજની સ્થિતિનો વિચાર કરીએ છીએ તો આંખે અંધારા આવે એવી કરુણ સ્થિતિ છે; કારણ કે પરમાર્થથી સાક્ષાત્ માર્ગદ્રષ્ટા એવા દિવ્ય નયન-પ્રાપ્ત પુરુષની અત્રે બહુ બહુ ખામી જણાય છે ભારી ખોટ જણાય છે. આ કાળ દુષમ છે, એટલે જ એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષનો જોગ મળવો પરમ દુર્લભ છે. હમણાં તો મને એવો કોઇ દિવ્ય નયન પામેલો પુરુષ પ્રાયે દેખાતો નથી ને આ જે પુરુષપરંપરાની તું વાત કરે છે, તેમાં પણ કાંઈ સાર નથી-કાંઇ માલ નથી.

**ભાવાચાર્ય દ્રવ્યાચાર્ય આદિના વિવેકની જરૂર**

કારણ કે તેં જે આચાર્યાદિ કહ્યા તે આચાર્યાદિમાં હોવા યોગ્ય શાસ્ત્રોક્ત ગુણલક્ષણથી રહિત હોય તો પ્રાયે તે પણ મુખ્યત્વે દ્રવ્યથી છે; ભાવથી નહીં. પણ ભાવથી આચાર્યપણું, ઉપાધ્યાયપણું કે સાધુપણું છે કે નહિં, તે પ્રાયે કોઈ જોતું નથી, તેની કોઇ પરીક્ષા કરતું નથી! જેને પંચ પરમેષ્ઠિમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું છે એવા ભગવાન આચાર્યાદિની* આત્મદશા કેવી અદ્ભુત, કેવી વીતરાગ, કેવી પ્રશમપ્રધાન હોવી જોઇએ, તેનું ગુણસ્થાન કેવું ઊંચું હોવું જોઇએ, તેનો વિચાર કરવા કોઇ તસ્દી લેતું નથી! આ તો અમારા કુલ સંપ્રદાયના આચાર્ય છે, અમારા મા'રાજ છે,

---

* "ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે;
ભવસાયર લીલાએ ઉતરે, સંયમ કિરિયા નાવે...ધન્ય૦"
શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણસો ગાથાનું સ્તવન

એવા મમત્વભાવથી પ્રેરાઈને પ્રાયે લોકો પોતાના કુલગુરુનું મમત્વ—અભિમાન રાખે છે, પણ ભાવયોગી એવા ભાવાચાર્ય, ભાવઉપાધ્યાય, ભાવસાધુનું જ મુખ્યપણે માન્યપણું શાસ્ત્રમાં કહ્યું છે, તે લક્ષમાં રાખતા નથી. એટલે જ પ્રાયે વર્તમાન સમાજની શોચનીય અવદશા થઈ પડી છે, કારણ કે લેકો દ્રવ્યસાધુ-ભાવસાધુનો વિવેક કરતા નથી, કે જાણતા નથી, ને વેષમાં સાધુપણું માની ગમે તેવા દ્રવ્યલિંગીને આદર આપે છે ને પોષે છે.+ એટલે લોકઅભિપ્રાયનું કોઈ પણ નિયંત્રણ નહિં રહેવાથી, સાધુઓ પણ ક્વચિત્ શિથિલાચારી બની ભાવસાધુપણું પામવાને બદલે વેષની વિડંબના કરે એવી સંભાવના રહે છે. આથી ઊલટું જો લોકો ભાવસાધુને જ માન્ય કરતા હોય, તો તેવું શિથિલાચારીપણું પ્રવેશવા ન પામે, ને સાધુઓ પણ ભાવ-સાધુત્વ સાધવા ભણી સતત પ્રયત્નશીલ બને. કેટલાક આચાર્યોનો મત તો એવો છે કે—ભાવસાધુત્વ પ્રથમ હોવું જોઈએ ને પછી તેના સૂચક પ્રતીકરૂપ દ્રવ્યલિંગ ધારણ કરવું જોઈએ. ગાડી આગળ ઘોડો હોવો જોઈએ, નહિં કે ગાડી પાછળ; તેમ ભાવસાધુત્વ પ્રથમ હોવું જોઈએ ને પછી

**ભાવાચાર્ય આદિનું જ મુખ્યપણે માન્યપણું**

---

+ "કૂટ લિંગ જિમ પ્રગટ વિડંબક, જાણી નમતાં દોષ;
નિદ્ધંધસ જાણીને નમતાં, તિમજ કહ્યો તસ પોષરે...જિનજી !"
**શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણસો ગાથાનું સ્તવન**

"बाह्यग्रन्थत्यागान्न चारु नन्वत्र तदितरस्यापि ।
कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ॥
**શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક**

દ્રવ્ય. અથવા બીજી અપેક્ષાએ દ્રવ્ય પ્રથમ ગણીએ તો પણ તે ભાવસાધુત્વનું કારણ થઇ પડે તો જ તેનું સફળપણું અને કોઇ અપેક્ષાએ માન્યપણું છે, નહિં તો વેષવિડંબના માત્ર જ થઇ પડે! આ ગમે તેમ હો, પણ સર્વત્ર ભાવાચાર્ય આદિનું જ મુખ્યપણે માન્યપણું છે, એ વાત નિર્વિવાદ છે. અને તેવા પ્રકારે યોગાચાર્ય ભગવાન્ **હરિભદ્રસૂરિએ** સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છેઃ—

"आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।
वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ॥" **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય**

અર્થાત્–ભાવયોગી એવા આચાર્યાદિ પ્રત્યે આ વિશુદ્ધ કુશળ ચિત્તાદિ રાખવું તે ઉત્તમ યોગબીજ છે, અને વિધિયુક્તપણે શુદ્ધ આશયવિશેષથી તેમનું (ભાવાચાર્યઆદિનું) વૈયાવૃત્ય કરવું તે પણ યોગબીજ છે.

પણ મોટા ખેદની વાત છે કે વર્તમાનમાં તથાપ્રકારના ભાવયોગી, ભાવાચાર્ય, ભાવસાધુ× આદિના દર્શન અતિ અતિ દુર્લભ થઈ પડ્યા છે કોઈ ખૂણે ખાંચરે કોઇ વિરલ સંત હોય તો ભલે, બાકી દ્રવ્યાચાર્ય–દ્રવ્યસાધુ આદિની તો વિપુલતા છે, પણ તેથી કાંઈ વળે નહિ; કારણ કે દ્રવ્યાચાર્યાદિને માનવા તે કૂટરૂપમાં* અકૂટબુદ્ધિરૂપ છે, કૂડાને રૂડા માનવા

× "જ્ઞાનવંત જ્ઞાની શું મલતા, તન મન વચને સાચા;
દ્રવ્ય–ભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા...ધન્ય"
**શ્રી યશોવિજયજી**

* 'किंविशिष्टेषु ? आह ' भावयोगिषु '। न द्रव्यचार्यादिष्वधर्मजलक्षणेषु, कूटरूपे खल्वकूटबुध्धेरप्यसुन्दरत्वाद् ।' **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ.**
" ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે "– **શ્રી યોગદૃષ્ટિ સજ્ઝાય**

બરાબર છે અને તે સારું નથી, એમ શ્રી **હરિભદ્રસૂરિએ** ચોકખેચોકખું કહ્યું છે. એટલે આવી પુરુષપરંપરા પાસેથી દિવ્ય નયનની આશા રાખવી તે વ્યર્થ છે, કારણ કે ઉત્તરોત્તર સદ્‌ગુરુપ્રસાદથી દિવ્ય નયન પ્રાપ્ત કરતી સળંગ પુરુષપરંપરા પણ પ્રાયે કયાં રહી છે? અત્રે તો પ્રાયે અંધની પાછળ અંધ દોડે એના જેવી સ્થિતિ છે.

**"પુરુષપરંપર અનુભવ જોવતાં રે,**
**અંધોઅંધ પલાય."**

'પુરુષપરંપર અનુભવ જોવતાં રે અંધોઅંધ પલાય'

બધાય એમ દાવો કરે છે કે–અમે જિનની પરંપરામાં છીએ. સૌ પોતપોતાની ગાય છે, પણ તેઓનો અનુભવ જો જોઈએ છીએ તો તેમાં કાંઈ દિવ્ય નયનનો ચમત્કાર દેખાતો નથી. જિન જેવા પરમાત્માની પરંપરા સાચવવાનો દાવો કરનાર પુરુષમાં જેવો આત્માનુભવ જોઈએ, જેવો આત્મવિકાસ જોઈએ, જેવો અધ્યાત્મપરિણતિભાવ જોઈએ, જેવો દિવ્ય દૃષ્ટિનો આવિષ્કાર જોઈએ, તેનો છાંટો પણ પ્રાયે અત્ર દેખાતો નથી. એટલે આ પુરુષપરંપરા પણ પ્રાયે આંધળાની પાછળ આંધળા દોડતા હોય એવી છે; પ્રાયે ગાડરિયા પ્રવાહ જેવી ગતાનુગતિકતા અનુસરનારી છે.

## ૨. 'વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિં ઠાય'

**પથિક**—મહાત્મન્! આપ એમ કેમ કહો છો? કયા આધારથી કહો છો?

**યોગિરાજ**—હે ભદ્ર ! શુદ્ધ હેતુપૂર્વક અનુભવથી કહું છું, શાસ્ત્ર આધારથી કહું છું, કારણ કે આગમનો જે મુનિપણાનો—શ્રમણપણાનો+ નિર્મલ આદર્શ છે, તેને અનુસરીને જો વસ્તુ વિચારવા બેસે, વસ્તુસ્થિતિ ગવેષે, તો એના કથનમાં ને આ લોકોના આચરણમાં આકાશ—પાતાલનું અંતર છે, 'ચરણ ધરણ નહિ ઠાય'—પગ મૂકવાનું પણ ઠેકાણું નથી; કારણ કે આગમમાં જ્યારે વીતરાગતાની વાત કરી છે, ત્યારે લોકો દાવો તો તેને અનુસરવાનો કરે છે, પણ પ્રાયે સાધે છે રાગદ્વેષ ! વીતરાગે જ્યારે વિશ્વબંધુતાની વિશાલ ભાવના ઉપદેશી છે ત્યારે આ પોતપોતાના સંકુચિત સંપ્રદાય—ગચ્છ—વાડા બાંધીને બેસી ગયા છે ! વીતરાગે જ્યારે કષાય—કલેશ દૂર કરવાના કહ્યા છે ત્યારે આ મહાનુભાવો પ્રાયે કષાયથી ગ્રસાયેલ છતાં વીતરાગધર્મના સંરક્ષક હોવાનો દાવો કરતા રહી તે જ કષાયોને પુષ્ટ કરે છે ! તત્ત્વશૂન્ય નાના નાના ક્ષુદ્ર મતભેદો ને નિઃસત્વ નિર્માલ્ય ચર્ચાઓને નિમિત્તે મોટા મોટા ઝઘડા—ટંટા—ફીસાદ ઉપસ્થિત કરે છે ! ખોડા વિતંડાવાદ

**ક્યાં આગમોપદેશ ?**
**ક્યાં આચરણ ?**

---

+ " થોડા આર્ય અનારય જનથી, જૈન આર્યમાં થોડા;
તેમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલ્પ—બહુ મોડા."
—શ્રી યશોવિજયજી

"संपइ दूसमकाले धम्मत्थी सुगुरुसावया दुलहा ।
नामगुरु नामसड्ढा सरागदोषा बहु अत्थि ॥"
શ્રી હરિભદ્રસૂરિકૃત સંબોધપ્રકરણ ૩–૪

ઊભા કરી સમય ને શક્તિનો અપવ્યય કરી સમાજની ક્ષીણતા કરે છે ! જે વીતરાગનું નામ પણ શાંતિ ફેલાવે છે તે વીતરાગ ધર્મના અનુયાયીઓમાં તો વીતરાગતાનું જ વલણ હોય, નહિં તો તે અનુયાયી શાના ? નામ માત્ર અનુયાયી હોય તો ભલે હા ! કોઇ શાંત વૃત્તિવાળા મહાનુભાવ સાચા મુમુક્ષુ આત્માઓ પણ છે, પરન્તુ તે વિરલાઓ બહુ અલ્પ. માટે વર્ત્તમાન પુરુષપરંપરા પાસેથી દિવ્ય નયનની અપેક્ષા રાખવી તે પ્રાયઃ અજાગલસ્તન જેવી વ્યર્થ છે, માટે જ મારે સખેદ કહેવું પડે છે કે—

**" પુરુષપરંપર અનુભવ જોવતાં રે,**
**અંધોઅંધ પલાય;**

**વસ્તુ વિચારે રે જો આગમે કરી રે,**
**ચરણ ધરણ નહિ ઠાય**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે " ૩.**

આ બધું હું મારા જાતિ અનુભવથી કહું છું, કારણ કે હું તે તે લોકોની મધ્યે પૂર્વે ઘણો વખત વસ્યો છું. તેઓના નિકટ પરિચયમાં આવ્યો છું. તેઓના આચાર, વિચાર, દશા આદિ મેં જોયા છે, અને શ્રમણ ભગવાન્ **મહાવીરના** મૂળ પરમાર્થ માર્ગથી—અધ્યાત્મપરિણતિમય મોક્ષ-માર્ગથી કેટલા દૂર–સુદૂર છે તે સખેદ અનુભવ્યું છે. તે પરમ શાંતિપ્રદ માર્ગનો તેમને તાત્ત્વિક લક્ષ નથી, એટલે

**માનાર્થ આદિની ખેવના તેટલી આત્માર્થની નહિં !:**

તેઓ કાં તો તથારૂપ આત્મપરિણતિમય ક્રિયા વગરના **શુષ્ક જ્ઞાનમાં** તણાઈ ગયા છે, અને કાં તો અંતરંગ ભાવરૂપ સ્પર્શ વિનાના બાહ્ય ક્રિયાકાંડમાં જડપણે રાચતા રહી પ્રાયઃ **ક્રિયાજડતાથી** ગ્રસ્ત થયા છે. તેઓમાં મેં જેટલી લોકને રીઝવવા માટેની વાસના દીઠી તેટલી સ્વાત્માને બૂઝવવાની ભાવના ન દીઠી ! તેઓમાં મેં જેટલી ધામધૂમની ધમાલ ને બાહ્ય આડંબરની વિપુલતા દીઠી, તેટલી જ્ઞાનમાર્ગ માટેની પિપાસા કે આત્મધર્મ–આરાધના પ્રત્યેની વૃત્તિ ન દીઠી ! પોતાના પૂજા–સત્કાર–માનાદિની જેટલી ખેવના દીઠી તેટલી આત્માર્થ માટેની તમન્ના ન દીઠી ! તેઓમાં પ્રાયઃ દિવ્ય નયનના અભાવથી મેં પરમાર્થથી કેવળ દૃષ્ટિઅંધપણું દીઠું. આમ સામાન્યપણે બાહુલ્યથી મેં જે પરિસ્થિતિ નિહાળી તે અદ્વેષપણે કેવળ કરુણાભાવથી કહી દેખાડી, એમાં પવિત્ર જિનશાસન પ્રત્યેની અંતર્દાઝ સિવાય કોઈ અન્ય હેતુ નથી.

પ્રગટ દૃષ્ટિઅંધપણું

## ૩. દૃષ્ટિઅંધપણું શી રીતે ? : સમ્યગ્દૃષ્ટિ અને દૃષ્ટિરાગનો તફાવત.

**પથિક**—મહાત્મન્ ! આપ આ 'અંધોઅંધ પલાય' એમ કહો છો, તે અંધપણું શી રીતે ? તે કંઈક સ્પષ્ટ કરવા કૃપા કરો.

**યોગિરાજ**—આ અંધપણું એટલે દૃષ્ટિઅંધપણું. જ્યાં

લગી મિથ્યાત્વ ટળ્યું નથી, દર્શનમોહ દૂર થયો નથી અને સમ્યગ્દૃષ્ટિ ખૂલી નથી ત્યાં લગી પરમાર્થથી દૃષ્ટિઅંધપણું જ કહેવા યોગ્ય છે. જેની દૃષ્ટિ બરાબર હોય તે જ માર્ગ દેખી શકે છે, ન હોય તે નહિં, તેમ પરમાર્થમાર્ગ પણ જેની સમ્યગ્દૃષ્ટિ ઉઘડી હોય તે જ દેખી શકે છે, બીજા નહિં, એ મેં પૂર્વે તને વિસ્તારથી જણાવી દીધું છે, એટલે પુનઃ કહેવાની આવશ્યકતા નથી.

**પથિક**—પણ અત્રે કોઈ લોકો તો પોતાનું સમ્યગ્દૃષ્ટિપણું માને છે તેનું કેમ ?

**ભાવથી સમ્યગ્દૃષ્ટિપણું પ્રગટયા વિના સમકિતી ક્યાંથી ?**

**યોગિરાજ**—હે ભદ્ર ! **માનવું** અને **હોવું** એમાં ઘણો તફાવત છે માન્યાનું ફળ નથી, તથારૂપ ભાવનું-દશાનું ફળ છે. પોતાનામાં તથા-પ્રકારના ગુણનો આવિર્ભાવ ન હોય તો માનવાથી શું વધી જવાનું હતું ? ને નહિં માન્યાથી શું ઘટી જવાનું હતું ? ઊલટું નહિં હોવા છતાં માનવું કે મનાવવું તે તો દંભ જ ગણાય, આત્મવંચના ને પરવંચના જ કહેવાય. અને મોક્ષમાર્ગ તો સાવ ઋજુ-સરલ છે, વાંકોચૂકો નથી, એટલે ત્યાં પ્રવેશવા માટે ઋજુપણું-સરલપણું-નિર્દંભપણું જ જોઇએ. એટલે કે તેમાં *ઋજુ-સરલ-નિર્દંભી આત્માઓ જ પ્રવેશ કરી શકે છે. દંભી, માયાચારી, ઢોંગીઓનું ત્યાં કામ નથી ને તેઓને

*"आत्मार्थिना ततस्त्याज्यो दंभोऽनर्थनिबन्धनम् ।
शुद्धिः स्यादृजुभूतस्येत्यागमे प्रतिपादितम् ॥" —શ્રી અધ્યાત્મસાર.

તેનું નામ સુદ્ધાં લેવાનો અધિકાર નથી. આ સર્વમાન્ય સામાન્ય સત્ય છે. માટે પોતાનામાં તથારૂપ આત્મનિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિપણું ન પ્રગટયું હોય, પોતાને પોતાના આત્મસ્વરૂપનું યથાર્થ ઓળખાણ ન થયું હોય, દેહાદિથી ભિન્ન એવો શુદ્ધ આત્મા જેણે મ્યાનથી તલવારની જેમ પ્રગટ ભિન્ન ન અનુભવ્યો હોય, દૃઢ આત્મપ્રતીતિ–નિશ્ચયરૂપ શુદ્ધ આત્મજ્ઞાન જેને ન ઉપજ્યું હોય, નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદ જેણે ન સંવેદ્યું હોય, તેને પરમાર્થથી પોતાનું સમકિતીપણું માનવાનો કે કહેવાનો શો અધિકાર છે? અથવા પ્રથમ યોગદૃષ્ટિમાં પ્રાપ્ત થતા ગુણના સ્થાનરૂપ 'મુખ્ય'–ખરેખરા પહેલા 'ગુણઠાણા'નું પણ ઠેકાણું નહિં છતાં, કોઈ ભલે કવચિત્ પોતાને ચોથે કે છઠ્ઠે ગુણઠાણે માનવાનું મિથ્યાભિમાન ધરે, તો પણ તેથી પરમાર્થથી શું ફળ છે?

વળી આખો જિનમાર્ગ **ભાવ** પર રચાયેલો છે. ભાવ એ જ એનું જીવન છે, તે ન હોય તો ખાલી ખોખું જ રહે. અને ભાવ એટલે તથારૂપ ભવન–તેવા પ્રકારે હોવું તે, તથાપ્રકારે આત્મભાવનો આવિર્ભાવ થવો તે, તેવા પ્રકારે આત્મપરિણમન થવું તે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિપણું એટલે સમ્યગ્દૃષ્ટિપણાનો ભાવ આત્મામાં પ્રગટવો તે, આત્માનું સમ્યગ્દૃષ્ટિરૂપે પરિણમન હોવું તે. મુનિપણું એટલે આત્મામાં મુનિપણાનો–સાધુપણાનો ભાવ પ્રગટવો તે; સાધુ–ગુણે પરિણમી જેનો આત્મા સાધુ હોય, તે સાધુ–મુનિ. આમ સમ્યગ્દૃષ્ટિપણું–મુનિપણું આદિ અંતરંગ પરિણમનરૂપ આત્માલંબી ગુણ–ભાવ છે. ત્યાં પછી બહિરંગ કલ્પનાનો કે

જલ્પનાનો શો અવકાશ છે? કદાપિ વ્યવહારથી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાથી સમકિતીપણું માનવામાં આવે તો કવચિત્ તેનો સંભવ નથી એમ કહેવાનો એકાંતે આશય નથી. એવી શુદ્ધ શ્રદ્ધા હોય તો તે પરંપરાએ પરમાર્થ સમકિતનું કારણ થઈ પડે એ ખરૂં છે, પણ તે દેવ-ગુરુ-ધર્મની તથારૂપ શુદ્ધ તાત્ત્વિક શ્રદ્ધા પણ ક્યાં દેખાય છે? તે પણ ખરેખર અત્યંત વિરલ જણાય છે. હા! ગાડરિયા પ્રવાહરૂપ અંધશ્રદ્ધા તો ઠેરઠેર દેખાય છે.

**શુદ્ધ તાત્ત્વિક શ્રદ્ધા વિરલ: અંધશ્રદ્ધા ઠેરઠેર!**

પણ અત્રે તો મુખ્યપણે પરમાર્થ સમ્યગ્દૃષ્ટિ જ વિવક્ષિત છે. પરમાર્થથી-નિશ્ચયથી એ જ '**દિવ્ય નયન**' છે. નિશ્ચય '**વેદ્યસંવેદ્ય પદ**' એ એનું બીજું નામ છે, કારણ કે તેમાં સંવેદનીય વસ્તુસ્વરૂપનું વસ્તુસ્થિતિ પ્રમાણે સમ્યક્ સંવેદન થાય છે, વસ્તુગતે વસ્તુ જણાય છે-અનુભવાય છે. આત્માનુભૂતિ, આત્માનુભવ, આત્મજ્ઞાન, ભેદજ્ઞાન એ વગેરે એના અન્વર્થ-યથાર્થ અર્થને અનુસરનારા પર્યાય નામ છે. તેથી ઊલટું, જ્યાં તેવું આત્મસંવેદન હજુ પ્રગટ્યું નથી, પ્રગટ આત્માનુભવ થયો નથી, તે '**અવેદ્યસંવેદ્ય**' પદ કહેવાય છે, અથવા તો પરમાર્થથી તે અપદ જ છે; કારણ કે જોગીજનોને સંમત એવું પદ તો પ્રસ્તુત વેદ્યસંવેદ્ય પદ જ છે, તે પદ જ સમ્યગ્ અવસ્થાનરૂપ-

**સમ્યગ્દૃષ્ટિ અથવા 'વેદ્યસંવેદ્ય પદ' એ જ 'દિવ્ય નયન'**

સમ્યક્ સ્થિતિવાળું અને ભિન્નગ્રંથિ આદિ લક્ષણવાળું હોઇ, 'પદ' નામને યોગ્ય છે. અને તેવા પ્રકારે સમર્થ યોગાચાર્ય ભગવાન્ **હરિભદ્રસૂરિજીએ** કહ્યું છે કે—

"अवेद्यसंवेद्यपदमपद परमार्थतः ।
पदं तु वेद्यसंवेद्यपदमेव हि योगिनाम् ॥
वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् ।
तथाऽप्रवृत्तिबुद्धयापि स्त्र्याद्यागमविशुद्धया ॥
*तत्पदं साध्ववस्थानाद्भिन्नग्रन्थ्यादिलक्षणम् ।
अन्वर्थयोगतस्तन्त्रे वेद्यसंवेद्यमुच्यते ॥" —**શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.**

આવું આ **વેદ્યસંવેદ્ય પદ**× કે જેમાં વાસ્તવિક સમ્યગ્દૃષ્ટિ ઉન્મીલન પામે છે—ઉઘડે છે અને સૂક્ષ્મ બોધ સાંપડે છે, તેનો આત્મલાભ પાંચમી **સ્થિરા** દૃષ્ટિમાં જ થાય છે. એટલે કે તે પહેલાંની ચાર દૃષ્ટિ સુધી તો અવેદ્યસંવેદ્યપદ હોઈ મિથ્યાત્વની જ સંભાવના છે, અર્થાત્ 'ગુણસ્થાનક' ના ખરેખરા અર્થમાં ઉત્તરોત્તર વિશુદ્ધિ પામતું 'મિથ્યાત્વ ગુણસ્થાનક' જ હોય છે. એટલે મેં જે કહ્યું તે અવિસંવાદી જ છે.

---

* " વેદ્ય બંધ શિવ હેતુ છે જી, સંવેદન તસ નાણ;
નય નિક્ષેપે અતિ ભલુંજી, વેદ્યસંવેદ્ય પ્રમાણ...મનમોહન. "

**શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિની સજ્ઝાય.**

× આ અંગે વિશેષ જિજ્ઞાસુએ આ લેખકે સવિસ્તર વિવેચન કરેલ **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથનું અવલોકન કરવું.

વળી કેટલીક વખત દૃષ્ટિરાગની* પુષ્ટિને પણ સમ્યગ્દૃષ્ટિપણું માની લેવાની ભ્રાંતિગત ભૂલ થાય છે. એ પણ અત્ર લક્ષમાં રાખવા યોગ્ય છે.

**પથિક**—યોગિરાજ ! તે કેવી રીતે ?

**યોગિરાજ**—અહો જિજ્ઞાસુ ! દૃષ્ટિરાગ અને સમ્યગ્દૃષ્ટિપણું એ બન્ને કેવળ જુદી વસ્તુ છે. જેમ રંગીન

**સમ્યગ્દૃષ્ટિ અને દૃષ્ટિરાગનો તફાવત**

કાચ આંખ આડે ધર્યો હોય તો બધુંય રંગાયેલું દેખાય છે, પણ તેવો કાચ આંખ આડો ન હોય તો સ્પષ્ટ બરાબર દેખાય છે; તેમ દૃષ્ટિરાગથી જે દર્શન થાય છે તે તેવા રાગ ભાવથી રંગાયેલું ને મલિન હોઇ અસમ્યગ્ હોય છે; અને સમ્યગ્દૃષ્ટિથી જે દર્શન થાય છે તે રાગભાવના અનુરંજન વિનાનું નિર્મલ ને સ્વચ્છ હોઇ સમ્યગ્ હોય છે પોતાના કુલ-સંપ્રદાયના આગ્રહથી અને તજ્જન્ય રાગથી દેવ-ગુરુ-ધર્મનું માન્યપણું કરવું તેમાં, અને તત્ત્વથી દેવ-ગુરુ-ધર્મનું શુદ્ધ સમ્યક્ સ્વરૂપ જાણી માન્યપણું કરવું તેમાં આકાશ-પતાલનું અંતર છે. પ્રથમમાં દૃષ્ટિરાગનો અંશ છે, બીજામાં વ્યવહાર સમ્યગ્દૃષ્ટિપણું છે. દાખલા તરીકે—પોતાના કુલધર્મના ગુરુ, સદ્ગુરુમાં અવશ્ય

* " અવગુણ ઢાંકણ કાજ કરું જિનમત ક્રિયા !
છંડું ન અવગુણ ચાલ અનાદિની જે પ્રિયા !
દૃષ્ટિરાગનો પોષ તેહ સમકિત ગણું !
સ્યાદ્વાદની રીત ન જાણું નિજપણું !...વિહરમાન."
—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

હોવા યોગ્ય આત્મજ્ઞાન–વીતરાગતા આદિ લક્ષણથી રહિત હોય, છતાં પોતાના મતસંપ્રદાયના આગ્રહથી અને પોતાના માની લીધેલા કુલધર્મના મમત્વજન્ય રાગથી, તેને ગુરુ માનવા તે પ્રગટ દૃષ્ટિરાગપણું છે. અથવા જેના પ્રત્યે પોતાને રાગ છે એવા અમુક પુરુષવિશેષ જ સાચા છે ને તેમાં જ સર્વસ્વ છે, બીજા બધા ખોટા છે ને તેમાં કાંઈ નથી, એમ માનવું તે પણ દૃષ્ટિરાગનો પ્રકાર છે હાલ તો જ્યાં જુઓ ત્યાં પ્રાયે દૃષ્ટિરાગનું જ સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે ગૃહસ્થો સાધુના રાગી ને સાધુઓ ગૃહસ્થના રાગી! આ દૃષ્ટિરાગ છોડવો ઘણો મુશ્કેલ છે. શ્રી **હેમચંદ્રાચાર્યજીએ** તો વીતરાગ પાસે પોકાર પાડયો છે કે–હે ભગવન્! સ્નેહરાગ છોડવો સ્હેલો છે, કામરાગ છોડવો સ્હેલો છે, પણ આ દુષ્ટ દૃષ્ટિરાગ છોડવો દોહિલો છે, દુસ્ત્યજ છે.

આ સમ્યગ્દૃષ્ટિપણામાં તેવો રાગ હોતો નથી. એટલે તેમાં તો વસ્તુનું વસ્તુસ્વરૂપે દર્શન થાય છે. સદ્દેવનું, સદ્ગુરુનું, સદ્ધર્મનું સમ્યક્ સ્વરૂપ સમજી તેનું તથારૂપ પ્રતીતિમય માન્યપણું હોય છે. તાત્પર્ય કે દૃષ્ટિરાગમાં ‘મત’નું માન્યપણું છે, અને સમ્યગ્દૃષ્ટિમાં ‘સત્’નું માન્યપણું છે. દૃષ્ટિરાગી ‘મારું તે સાચું’ માને છે, અને સમ્યગ્દૃષ્ટિ ‘સાચું તે મારું’ માને છે. આમ એ બન્નેનો પ્રગટ ભેદ છે. એટલે સુજ્ઞ તેમાં ભ્રાંતિ પામે નહિં. વધારે શું કહેવું?

## ૪. 'ભાગવતી દીક્ષા' અને સાચું શાસનસંરક્ષણ.

પથિક—**પણ** યોગિરાજ ! અત્રે કોઇ લોકો તો પોતે 'ભાગવતી દીક્ષા' લીધી છે એવો અભિપ્રાય ધરે છે; અમે સાધુ છીએ, મુનિ છીએ, ભિક્ષુ છીએ, યતિ છીએ એમ માને છે; અને પોતે જિનશાસનના સંરક્ષક છે એવો દાવો કરે છે તેનું કેમ ?

યોગિરાજ—મહાનુભાવ ! આ બધા ચર્ચાસ્પદ વિષય છે અને તેની લાંબી ચર્ચામાં અત્ર ઉતરવું પ્રસ્તુત નથી તેમજ મને પસંદ પણ નથી, પણ તું તો એક પ્રશ્નમાંથી નવા નવા પ્રશ્નો ઉખેળે છે, એટલે તારી જિજ્ઞાસા સંતોષવા ખાતર સંક્ષેપે કહેવું પડે છે કે–તેઓ તેમ માનતા હોય કે કહેતા હોય તેમાં આપણને શો વાંધો હોઈ શકે ? તથાપ્રકારે ભાવથી પોતે છે કે કેમ તે તેમણે પોતે પોતાના અંતરાત્માને પૂછવાનું છે. બાકી જે વિવેકી જનો છે તે તો તેમ માનવાથી કે દાવો કરવાથી કાંઇ તેનો સ્વીકાર કરતા નથી. તેઓ તો તત્ત્વથી–પરમાર્થથી તથાપ્રકારે સ્થિતિ છે કે કેમ તે તપાસે છે, ચકાસે છે, અને તથારૂપ આત્મસ્થિતિ હોય તો જ સાચું ×દીક્ષિતપણું–સાધુપણું માને છે. તથારૂપ શાસનપાલન હોય તો જ શાસનસંરક્ષકપણું સ્વીકારે છે, નહિ તો 'નામ મોટું ને દર્શન ખોટું' થઈ પડે છે !

કારણ કે '**ભાગવતી દીક્ષા**' એ નામ જ ઉત્તમ

---

× "કારજ સિદ્ધ ભયો તિનકો, જિને અંતર મુંડ મુંડાય લિયા રે"
—**શ્રી ચિદાનંદજી**

**પરમ ધન્ય 'ભાગવતી' દીક્ષાના મહાપાત્ર**

ગૌરવભરેલું છે ભગવાન્ જિનેશ્વર વીતરાગ દેવે જે દીક્ષા—મુનિપણું—સાધુત્વનો સંસ્કાર અંગીકાર કરીને પરમ ધન્ય કર્યો હતો, તે ઉત્તમ મુનિભાવરૂપ સંસ્કારનું આત્મામાં સ્થાપિતપણું, તેનું નામ 'ભાગવતી દીક્ષા' છે અર્થાત્ વીતરાગ જ્ઞાની પુરુષ જેવા **પુરુષસિંહે** આદરેલી દ્રવ્ય ભાવ નિર્ગ્રંથચર્યા આદરવી-પરમ આદરપૂર્વક આચરવી તેનું નામ 'ભાગવતી દીક્ષા' છે. તે પરમ **ક્ષમાશ્રમણે આશ્રય કરેલા વિશુદ્ધ દર્શન-જ્ઞાનપ્રધાન *આશ્રમનો** આશ્રય કરી સામ્યને—સમપણાને—શ્રમણપણાને ભજવું તેનું નામ 'ભાગવતી દીક્ષા'. આવી ભગવંતના જેવી ઉત્તમ વીતરાગ દશા સાધવાની જ્યાં પ્રતિજ્ઞા લેવાની હોય, તે ભાગવંતી દીક્ષા કેવી ઉત્તમ વસ્તુ છે? અને તેનું પાત્ર પણ કેવું ઉત્તમ હોવું જોઈએ? શિયાળ જેવા કાયર જનોનું અત્રે કામ નથી, આત્મપરાક્રમી એવા +પુરુષસિંહોને જ પ્રાયે આ ગ્રહણ કરવાનો મુખ્ય અધિકાર

---

* "तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज ।
उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती ॥" —**શ્રી પ્રવચનસાર.**

"तत्र बालो रतो लिङ्गे वृत्तान्वेषी तु मध्यमः ।
पंडितः सर्वयत्नेन शास्त्रतत्त्वं परीक्षते ॥"

—**શ્રી યશોવિજયજી કૃત શ્રી દ્વા. દ્વા.**

\+ " હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!
પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને!"

—**શ્રી પ્રીતમ ભક્ત.**

છે, અને તેઓ જ તેને દીપાવી શકે છે. સિંહોના કાંઈ ટોળે ટોળા હોતા નથી, તેમ આવા પુરુષસિંહો પણ વિરલ હોય છે.

**દીક્ષાની યોગ્યતા**

આવી ભાગવતી દીક્ષા ગ્રહણ કરવા માટે પણ કેટલી બધી યોગ્યતા હોવી જોઈએ? કેટલી બધી **પૂર્વ સેવા**-પૂર્વ તૈયારી જોઈએ? કેટલો બધો દીર્ઘકાલીન અભ્યાસ જોઈએ? કેટલો બધો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈએ? કેવો સંવેગ વેગ જોઈએ? કેવો આત્મોલ્લાસમય પરમ ઉત્સાહ જોઈએ? કેવી ધીરતા જોઈએ? કેવી વીરતા જોઈએ? કેવી સ્થિરતા જોઈએ? તેની પાત્રતા માટેના ઉત્તમ લક્ષણો શ્રી **'હરિભદ્રસૂરિએ ધર્મબિન્દુમાં** સ્પષ્ટપણે દર્શાવ્યા છે પણ હાલ તેનો બહુ ઓછો વિચાર કરે છે ને =ચેલા-ચેલી વધારી પોતાની લૌકિક મહત્તા પોષવાની વૃત્તિ વિશેષપણે દૃષ્ટિગોચર થાય છે!

---

" વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગું, જીત નગારું વાગું રે."
—**શ્રી આનંદઘનજી.**

" મોહપંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા
ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે." **શ્રી યશોવિજયજી**

= " નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો ન રહે વ્રત પંચે."
—**શ્રી યશોવિજયજી.**

કવચિત્ યોગ્યતા–અયોગ્યતા સમ્યક્ વિચાર્યા વિના ઝટપટ દીક્ષા આપી દઈ પોતાની શિષ્યસંખ્યામાં વધારો કરવાની વૃત્તિ પણ સેવવામાં આવે છે !–જે કોઈ પ્રકારે આર્ત્ત–ધ્યાનનું ને કલેશનું કારણ થઈ, કવચિત્ શાસન નિંદાના કારણભૂત થાય છે. વળી કવચિત્ દુઃખગર્ભિત વૈરાગ્યના* આવેશમાં–કોઈ સાંસારિક દુઃખના માર્યા 'મસાણીઆ વૈરાગ્યમાં' આવી જઈ દીક્ષા લેવા નીકળી પડે છે ! કોઈ તત્ત્વની સમજણ વિનાના મોહમૂઢ જીવો દીક્ષા લેવા નીકળી પડે છે ! પણ તત્ત્વની યથાર્થ સમજણવાળા કોઈ વિરલા જ દીક્ષા લે છે હા, એમાં પણ કોઈ ભદ્રવૃત્તિવાળા મહાનુભાવ મુમુક્ષુ પણ હોય છે

**સાચા સાધુ, ભાવ મુનિ, ભિક્ષુ, યતિ, શ્રમણ કોણ ?**

અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમય શુદ્ધ મોક્ષમાર્ગની જે નિરંતર નિર્મલ સાધના કરતો હોય તે જ સાચો **સાધુ** છે, બાકી તો વેષધારી છે જે શુદ્ધ આત્મસ્વરૂપને જાણતો હોય, અનુભવતો હોય, જે આત્મારા**મી** હોય તે જ ભાવ **મુનિ**× છે, બાકી તો નામ મુનિ છે. જે દેહયાત્રા માત્ર

---

* "आर्तध्यानाख्यमेकं स्यन्मोहगर्भं तथापरम् ।
सज्ज्ञानसंगतं चेति वैराग्यं त्रिविधं स्मृतम् ॥"

**—શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટક ૧૦**

× "સાયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિષ્કામી રે..." શ્રી **આનંદઘનજી**

નિર્દોષ વૃત્તિ* કરી અપ્રમાદપણે નિર્ગ્રંથ જીવન પાળે છે તે જ **ભિક્ષુ** છે, બાકી તો પૌરુષઘ્ની-બલહરણી ભિક્ષા ભક્ષનારા પ્રમાદીઓ છે. જે રાગાદિ દોષથી શુદ્ધ આત્મસ્વરૂપનો ઘાત ન થાય-હિંસા ન થાય એમ ભાવ અહિંસકપણે યતનાપૂર્વક વર્તે છે અને દ્રવ્યથી પણ કોઈ પણ જીવની કંઈ પણ હિંસા ન થાય એવી જયણા રાખે છે તે **યતિ** છે; બાકી તો વેષવિડંબક+ છે. જે શુદ્ધ આત્મ તત્ત્વનો જ્ઞાતા છે, જે શુદ્ધ આત્મસ્વરૂપમાં સંયમનથી અને પ્રતપનથી સંયમ-તપ સંયુક્ત છે, જેનો રાગ ચાલ્યો ગયો છે, જે વીતરાગ છે, જે સુખ દુઃખ પ્રત્યે સમવૃત્તિવાળો છે એવો શુદ્ધોપયોગરૂપ

---

*"સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી.
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિં,
દેહે પણ કિંચિત મૂર્ચ્છા નવ જોય જો;
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?" —શ્રીમદ્ રાજચંદ્રજી.

+"हीणायारेहिं तह वेसविडंबगेहिं मलिणीकयं तित्थं । ई० ३-२९७
बाला वयंति एवं वेसो तित्थंकराण एसो वि ।
नमणिज्जो धिद्धी अहो सिरसूलं कस्स पुक्करिमो ॥"

**શ્રીહરિભદ્રસૂરિકૃત સંબોધપ્રકરણ ૨·૭૬**

અર્થાત્-હીનાચારવંતોથી તથા વેષવિડંબકોથી તીર્થ મલિન કરાયેલું છે. ઈ.

બાલ જીવો એમ વદે છે કે આ પણ તીર્થંકરોનો વેષ છે, (માટે) નમન કરવા યોગ્ય છે. ધિક્કાર હો ! ધિક્કાર હો ! અહો ! (આ) શિરશૂલ અમે કોની પાસે પોકારીએ ?

આત્મા તે જ [૧]**શ્રમણ** છે; બાકી તો **નામશ્રમણ** છે. દ્રવ્યલિંગી છે.

**શાસનપાલન તે શાસનસંરક્ષણ**

વળી શાસનસંરક્ષણ પણ વાસ્તવિક રીતે તો જે ભગવાન્ જિનેશ્વરના શાસનને–આજ્ઞાને[૨] પાળે છે, રક્ષે છે, તે જ કરે છે, અને તે મુખ્ય શાસન તો વીતરાગતા જ છે; તે જેટલે અંશે જે કોઇ સાધતા હોય તેટલે અંશે તે ભગવાનના શાસનના સંરક્ષક કહેવા યોગ્ય છે–પાલક કહેવા યોગ્ય છે. બાકી જે ખાલી 'શાસન' 'શાસન' શબ્દ પોકારી, માત્ર શાબ્દિક શાસનપ્રીતિ બતાવી સ્વચ્છંદે વિચરતા હોય ને રાગ–દ્વેષની ઉપાસના કરતા હોય, એવા વિરાધક વૃત્તિવાળા જીવોને શાસનનું નામ લેવાનો અધિકાર નથી.

આ ઉપરથી તને સમજાશે કે જેનામાં સાચું શ્રમણપણું હોય તે જ ભાગવતી દીક્ષાના દીપાવનારા પાત્ર અધિકારી છે,

---

૧ "सुविदिदपदत्थसुत्तो संजमतवसंजुदो विगदरागो ।
समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगोत्ति ॥" **શ્રી પ્રવચનસાર**

"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતસંગી રે."
**શ્રી આનંદઘનજી**

૨ "यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि ।
यथाशक्ति विधानेन नियमात् स फलप्रदः ॥"
**—શ્રીમાન્ હરિભદ્રસૂરિકૃત અષ્ટકજી.**

અને જે વીતરાગપણું સાધતા હોય તે જ સાચા શાસનસંરક્ષક છે. બાકી તો નામ માત્ર છે.

## ૫. આત્મદૃષ્ટા સદ્ગુરુદ્વારા પ્રવચન અંજન થકી દિવ્ય નયન પ્રાપ્તિ

પથિક—યોગિરાજ ! આમ અંધ પુરુષપરંપરા પાસેથી આ દિવ્ય નયનની પ્રાપ્તિ જો અસંભવિત છે, તો બીજી કઈ રીતે એ દિવ્ય નયન સાંપડે ? શું શાસ્ત્રથી—આગમથી એ દિવ્ય નયન મળે ખરું ? એમાં એની પ્રાપ્તિનો માર્ગ શું નહિ બતાવ્યો હોય ?

યોગિરાજ—**હે** ભદ્ર ! આગમમાં એની પ્રાપ્તિનો માર્ગ જરૂર બતાવ્યો છે, પણ કેવળ આગમદ્વારા એની મેળે કંઈ દિવ્ય નયન પ્રાપ્ત થઈ જતું નથી. દિવ્ય નયનને પામેલા એવા સદ્ગુરુના '**નયન**' ×વિના—દોરવણી વિના એ '**દિવ્ય નયન**' પ્રાપ્ત થતું નથી. કારણ કે આગમમાં માર્ગ કહ્યો છે, મર્મ નહિ; મર્મ તો જ્ઞાની સત્પુરુષના હૃદયમાં રહ્યો છે.

પથિક—યોગિરાજ ! તે કેવી રીતે ? તે સ્પષ્ટ સમજાવવા કૃપા કરો.

યોગિરાજ—આગમ એટલે આપ્ત જ્ઞાનીપુરુષના વચન. આ આપ્તપુરુષ અનુભવજ્ઞાની હતા. તેમણે અખંડ આત્મવસ્તુ

---

×"બિના નયન પાવે નહિં, બિના નયનકી બાત;
સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત." —શ્રીમદ્ રાજચંદ્રજી

**આગમમાં માર્ગ : મર્મ સત્પુરુષના હૃદયમાં**

સાક્ષાત્ અનુભવી હતી, અને એવી તે આત્માનુભવૈકગમ્ય* વસ્તુ એક આત્માને જ અનુભવમાં આવે એમ હોવાથી વચનદ્વારા તેનું સર્વથા નિરૂપણ પ્રાય: અશક્ય હતું અવાચ્ય હતું. એટલે શાસ્ત્રમાં તો સાનમાં- ઈશારામાં સમજાવ્યું છે, તે વસ્તુનું માત્ર સામાન્યથી +દિગ્દર્શન કર્યું છે અને તેની પ્રાપ્તિના માર્ગનો દૂરથી અંગુલીનિર્દેશ કર્યો છે કે-જુઓ, આ માર્ગે ચાલ્યા જાઓ. અને તે માર્ગ પણ અનુભવજ્ઞાની એવા પ્રત્યક્ષ સદ્ગુરુના યોગે જ પ્રાપ્ત થાય છે, કારણ કે આગમ એ આત્માનુભવી જ્ઞાની પુરુષના વચન હોઈ, સાક્ષાત્ અનુભવજ્ઞાની-આત્મ નુભવી એવા પારમાર્થિક સદ્ગુરુ જ તેના મર્મને-હૃદયને-રહસ્યને

---

*"નય નિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;
શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવળ અનુભવ ભાણ.
વીર જિનેશ્વર પરમેશ્વર જયો."—શ્રી **આનંદઘનજી** ( ? )

"અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ?
સહજ વિશુદ્ધ રે અનુભવ વયણ જે, શાસ્ત્ર તે સઘળો રે ખેદ...વીર."
—શ્રી **આનંદઘનજી** ( ? )

+ "દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત...વીર."
શ્રી **આનંદઘનજી**

"पदमात्रं हि नान्वेति शास्त्रं दिग्दर्शनोत्तरम् ।
ज्ञानयोगो मुनेः पार्श्वमाकैवल्यं न मुञ्चति ॥"
**શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્**

પામે છે, અને તે જ એક તે બતાવવાને માટે સમર્થ છે. બાકી બીજા આત્માનુભવ વિનાના દ્રવ્યશ્રુતપાઠી એવા કહેવાતા ગુરુઓ ભલે પોતાને 'આગમરહસ્યવેત્તા' માનતા હોય કે કહેવડાવતા હોય, પણ તેવા સેંકડો ગુરુઓ પણ તે પરમાર્થ માર્ગ બતાવવાને સમર્થ થતા નથી. માત્ર આવા લક્ષણવાળા સદ્ગુરુ જ તે બતાવી શકે છે—

" આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે.
શાંતિજિન ! એક મુજ વિનતિ "—**શ્રી આનંદઘનજી**

એવા શુદ્ધ આત્માનુભવના આધારરૂપ સદ્ગુરુ જો પ્રવચનનું-આપ્તવચનનું અંજન કરે, તો પરમ નિધાન દેખે, અને હૃદય-નયન જગધણીને નિહાળે, કે જેનો મહિમા મેરુ સમાન છે.

" પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન;
હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન....
ધર્મ જિનેસર ગાઉં રંગશું."—**શ્રી આનંદઘનજી**

પથિક—મહાત્મન્ ! એનો પરમાર્થ શો ?

યોગિરાજ—જેમ કોઇ નેત્રરોગી હોય, તેને કોઇ નેત્રવિદ્યાપારંગત સદ્વૈદ્ય મળી આવે ને તે ઉત્તમ ગુણવાળું નેત્રરોગહારી આંજણ શળી પર લઇને તેની આંખમાં આંજે તો તેનો તે નેત્રરોગ દૂર થાય; તેમ મિથ્યાત્વરૂપ-દર્શનમોહરૂપ દૃષ્ટિઅંધ-

**'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન'**

પણાનો મહારોગ જીવને લાગુ પડ્યો છે, તેને જો અધ્યાત્મવિદ્યામાં પારંગત એવા કોઈ સાક્ષાત્ આત્માનુભવી સદ્ગુરુરૂપ સદ્વૈદ્યનો જોગ થાય, અને તે સદ્ગુરુ પોતાની પ્રજ્ઞારૂપ શલાકામાં પ્રવચનરૂપ દિવ્ય અંજન લઈ તેને આંજે—'**અંજનશલાકા**' કરે, તો જ જીવના આ દૃષ્ટિરોગ દૂર થાય, તો જ આ દિવ્ય નયન ઉન્મીલન પામે, તો જ આ દિવ્ય ચક્ષુ ઉઘડે. એટલા માટે જ કહ્યું છે કે—

"अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै सद्गुरवे नमः ॥"

**'હૃદય નયન નિહાળે જગધણી'**

અને જેમ આંખ અંધ હોય, અથવા બંધ હોય ત્યાં સુધી પાસે જ ઉત્તમ નિધાન—ખુલ્લો ખજાનો પડ્યો હોય છતાં તેની ખબર ન પડે અને જેવી આંખ ખુલે કે તરત જ તે દેખે; તેમ જ્યાં લગી જીવની દૃષ્ટિ બંધ હોય—દૃષ્ટિઅંધતા હોય, ત્યાં લગી આત્મવસ્તુરૂપ પરમ ગુણરત્નનો નિધાન પોતાની પાસે જ ખુલ્લો પડ્યો છતાં દેખાય નહિં, પણ જેવી 'દૃષ્ટિ' ખુલે—દૃષ્ટિઅંધતા દૂર થાય કે તરત જ આ પોતાની પાસે જ રહેલો—પોતામાં જ રહેલો આ આત્મવસ્તુરૂપ ગુણરત્નનો નિધાન પ્રગટ દેખાય, ખુલ્લે ખુલ્લો ખજાનો નજરે પડે, આત્મા પ્રગટ અનુભવાય—સંવેદાય, અને આવું આ ઉઘડેલું હૃદયનયન—આંતર્ ચક્ષુ—દિવ્ય નયન જગત્ના ધણી એવા પરમાત્મ તત્ત્વને દેખે કે જેનો મહિમા મેરુ સમો મહાન છે.

પથિક—યોગિરાજ ! સદ્ગુરુ આંજે છે તે પ્રવચન-અંજન

કેવુંક હોય છે તેનું ઉદાહરણ આપી સમજાવો.

યોગિરાજ—અહો ભવ્ય ! પરમ કુશળ એવા સદ્‌ગુરુ વૈદ્ય એને આવું પ્રવચન-અંજન આંજી પરમ કરુણાથી સમજાવે છે કે—હે મુમુક્ષુ ! તું આ તારા મુખ આગળ પ્રગટ પરમ નિધાન પડયું છે તે કાં દેખતો નથી ? અને*દૃષ્ટિઅંધપણાથી એને ઉલ્લંઘીને કેમ ચાલ્યો જાય છે ? આ તો

‘ પરમનિધાન પ્રગટ મુખ આગળે જગત ઉલ્લંઘી હો જાય !’

તું પેલા ખજાનાની શોધમાં નીકળેલા બ્રાહ્મણો જેવું મૂર્ખપણું આચરે છે ! તે બ્રાહ્મણો નીકળ્યા હતા તો ખજાનાની શોધમાં, પણ જ્યાં ખજાનાવાળી જગ્યા આવે છે ત્યાં ‘ આંધળા કેમ ચાલતા હશે ? ’ તે અજમાવી જોવાનો તુક્કો તેમના મનમાં ઊઠયો. એટલે આંખો મીંચીને ચાલતાં તેઓ તે ખજાનો ઉલ્લંઘી ગયા ! અને તેનું તેમને ભાન નહિં હોવાથી તેઓ હજુ તેની શોધમાં આગળ ને આગળ દોડયા જાય છે ! તેમ આ જગત પણ પરમ ગુણરત્નના નિધાનરૂપ આ ધર્મમૂર્ત્તિ આત્મા પ્રગટ મુખ આગળ રહ્યો છે, છતાં તેને ઉલ્લંઘીને બહાર ધર્મની શોધ કરવા નીકળી પડયું છે ! ખરેખર ! જગદીશ-જગત્‌પતિ એવા પરમાત્મ તત્ત્વની જ્યોતિના પ્રકાશ વિના, આ જગત્ અંધની પાછળ અંધ પલાયન કરતા હોય, એવી ચેષ્ટા કરી રહ્યું છે !

---

*“જાતિઅંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ;
મિથ્યાદૃષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ...
—શ્રી યશોવિજયજીકૃત સવાસો ગાથાનું સ્તવન

" પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય !
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય....
ધર્મ જિનેસર. "—**શ્રી આનંદઘનજી**

**'નિજ ઘર ન લહો રે ધર્મ!'**

અહો ભવ્ય ! તું પણ **આ** ધર્મની શોધમાં બહાર કાં ભમ્યા કરે છે ? પારકે ઘેર+ તું કાં ધર્મ જોતો ફરે છે ? ને તારા પોતાના ઘરમાં જ—નિજ ગૃહમાં જ ધર્મ છે, એ કેમ દેખતો નથી ? આ તો તું કસ્તૂરીઆ મૃગ જેવું આચરણ કરે છે ! કસ્તૂરીઆ મૃગની નાભિમાં જ કસ્તૂરી વસે છે, છતાં તે મૃગને તેનો પરિમલ કયાંથી આવે છે તેનું ભાન નથી, એટલે તે બિચારો તેની શોધમાં બહાર ભમ્યા કરે છે ! તેમ આ ધર્મ તો તારા પોતાના આત્મામાં જ રહ્યો છે, છતાં અહીંથી મળશે કે તહીંથી મળશે એવી ખોટી આશાએ તેને શોધવા માટે ચાર કોર ઝાંવાં નાંખી તું શા માટે હેરાન થાય છે ?

આ તારા પોતાના આત્મામાં જ ધર્મ છે અથવા આ આત્મા પોતે જ ધર્મ છે, એટલી સીધી સાદી વાત તું કાં

---

+ " પર ઘર જોતાં રે ધર્મ તુમે ફરો, નિજ ઘર ન લહો રે ધર્મ;
જેમ નવિ જાણે રે મૃગ કસ્તૂરીઓ, મૃગમદ પરિમલ મર્મ...
...શ્રી સીમંધર.

જેમ તે ભૂલો રે મૃગ દિશ દિશ ફરે, લેવા મૃગમદ ગંધ;
તેમ જગે ઢુંઢે રે બાહિર ધર્મને, મિથ્યાદૃષ્ટિ રે અંધ...
...શ્રી સીમંધર."

'જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિક તણી'

સમજતો નથી ? આત્માનો સ્વભાવ એ જ ધર્મ છે. જેમ* નિર્મલતા એ સ્ફટિક રત્નનો સ્વભાવ હોઇ તેનો ધર્મ છે, તેમ કષાય અભાવરૂપ નિર્મલતા એ જ આત્માનો સ્વભાવ હોઈ આત્માનો ધર્મ છે; અર્થાત્ શુદ્ધ આત્મા એ જ ધર્મ છે, આત્મશુદ્ધિ એ જ ધર્મ છે, તેથી વિપરીત તે અધર્મ છે. પણ સ્ફટિક રત્નનો સ્વભાવ નિર્મલ છતાં, પાસે રાતું× ફૂલ હોય તો તેમાં રાતી ઝાંઇ-છાયા પડે છે, કાળું ફૂલ હોય તો કાળી ઝાંઇ પડે છે, આમ બાહ્ય ઉપાધિને લીધે સ્ફટિકની નિર્મલતામાં ઉપરાગરૂપ આવરણ આવે છે. તેમ કર્મરૂપ બાહ્ય ઉપાધિને લીધે રાગ-દ્વેષ-મોહાદિ વિભાવ

---

* "જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિકતણી, તેમજ જીવ સ્વભાવ;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ...
...શ્રી સીમંધર."

—**શ્રી યશોવિજયજીકૃત સવાસો ગાથાનું સ્તવન**

"ધરમ ધરમ કરતો સહુ જગ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ;...
...જિનેસર.
ધર્મ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ..."
...જિનેસર.

—**શ્રી આનંદઘનજી**

× "જેમ તે રાતે રે ફૂલે રાતડું, શ્યામ ફૂલથી શ્યામ;
પાપ પુણ્યથી રે તેમ જગજીવને, રાગદ્વેષ પરિણામ...શ્રી સીમંધર.
ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડ વ્યાધિ;
પહેલે અંગે રે એણીપેરે ભાખિયું, કરમે હોએ ઉપાધિ...શ્રી સીમંધર."

—**શ્રી યશોવિજયજી**

પરિણામોના ઉપરાગથી આત્માની નિર્મલતા અવરાય છે,— ધ્યાનમાં રાખજો કે અવરાય છે—ઢંકાય છે, નાશ નથી પામતી. વળી ઉપાધિ દૂર થાય એટલે સ્ફટિક જેમ સ્વયમેવ શુદ્ધ નિર્મલ સ્વરૂપે પ્રકાશે છે, તેમ રાગાદિ વિભાવ ઉપાધિ દૂર થયે આત્મા સ્વયં શુદ્ધ સ્વરૂપે પ્રકાશે છે. આત્માનો નિર્મલ શુદ્ધ સ્વભાવ તો નિશ્ચયથી ત્રિકાલાબાધિત ને સ્વયંસ્થિત છે જ,—આવરણ દૂર થયું કે તે પ્રગટ જ છે. એટલે કે આત્માના શુદ્ધ સ્વભાવરૂપ ધર્મને પ્રગટ કરવા માટે રાગાદિ વિભાવ પરિણામરૂપ કર્મને જ દૂર કરવાની જરૂર છે.

**વિભાવ અધર્મ: સ્વભાવ ધર્મ**

આમ જેટલે જેટલે અંશે કર્મરૂપ આવરણ ખસે, વિભાવ ઉપાધિ* ટળે, નિરુપાધિપણું આવે, તેટલે તેટલે અંશે આ આત્મધર્મની સિદ્ધિ છે; અને તેવું નિરુપાધિકપણું સમ્યગ્દૃષ્ટિથી માંડી મોક્ષપ્રાપ્તિ પર્યંત જેમ જેમ ઉત્તરોત્તર પ્રગટતું જાય છે, તેમ તેમ આત્માનો સ્વભાવ ધર્મ આવિર્ભાવ પામતો જાય છે.

---

* "જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ;
સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણાથકી, જાવ લહે શિવશર્મ"...શ્રી સીમંધર.

"પારિણામિક જે ધર્મ તુમારો, તેહવો અમચો ધર્મ;
શ્રદ્ધા ભાસન રમણ વિયોગે, વળગ્યો વિભાવ અધર્મ.
...રે સ્વામી! વિનવિયે મન રંગે."

"નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્ય ક્ષેત્ર તિમ કાલ;
ભાવધર્મના હો હેતુપણે ભલા, ભાવ વિના સહુ આલ."
—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

તાત્પર્ય કે-સમ્યગ્દૃષ્ટિપણું એ જ ધર્મનું બીજ છે, અને ત્યાંથી માંડીને જ **વાસ્તવિક ધર્મની** શરૂઆત થાય છે, માટે આત્મસ્વભાવને ઓળખી વિભાવ ઉપાધિને દૂર કર! જેમ બને તેમ આત્મપ્રવૃત્તિમાં× અત્યંત જાગ્રત થા ને પરપ્રવૃત્તિમાં બ્હેરો, મૂંગો ને આંધળો બની જા!

આવા પ્રવચન અંજનવડે જ્યારે સદ્ગુરુ અંજનશલાકા કરે છે ત્યારે જ આ પરમ ગુણનિધાન આત્મસ્વરૂપને દેખે છે. વળી આ પ્રવચનરૂપ-આગમરૂપ પરમ નિધાન તો છે જ, પણ તેની રહસ્ય-ચાવી તો સદ્ગુરુના હાથમાં જ છે. તે જો તે બતાવે, તો જ તે ખજાનો ખૂલે, નહિ તો તેની ખબર પણ ન પડે.

## ૬. ભાવ ગુરુગમ વિના આગમથી પણ દિવ્ય નયનનો અસંભવ

આમ ગુરુગમ વિના આગમ અગમ થઇ પડે છે. દિવ્ય નયનને પામેલો એવો કોઈ પ્રત્યક્ષ આત્માનુભવી સદ્ગુરુ+ તેની સૂઝ પાડે-સમજણ પાડે, તો કાંઇ સૂઝ પડે એમ છે.

\+ "જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત."
—શ્રી આત્મસિદ્ધિ

× "आतमप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सदा चिदानंदपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ॥"
—શ્રી અધ્યાત્મોપનિષદ્

બાકી એવા ગુરુગમ વિના માત્ર સ્વચ્છંદ મતિકલ્પનાએ આગમની ગમ પડે એમ નથી, એમાં સર સૂઝે એમ નથી, પગ મંડાય એમ નથી, પગ મૂકવાનું ઠેકાણું નથી.

માટે માત્ર શબ્દરૂપ આગમદ્વારા—દ્રવ્યશ્રુતજ્ઞાનના અભ્યાસ માત્રથી વસ્તુ વિચારવા બેસીએ તો સમજી સમજાય એમ નથી. તે સમજવા માટે તો જેને ભાવશ્રુતજ્ઞાન અર્થાત્ સાક્ષાત્ આત્મજ્ઞાન પ્રગટ્યું છે, એવા અધ્યાત્મરસપરિણત જ્ઞાની+ સદ્ગુરુનો યોગ જોઈએ.

"વસ્તુ વિચારે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહિં ઠાય....પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."
"પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ."
**શ્રી આનંદઘનજી**

ગમ પડયા વિના આગમનો અપચો !

નહિ તો ગમ પડયા વિનાના આગમ ઊલટા અનર્થકારક પણ થઈ પડે—અભિમાનાદિ વિકાર દોષ પણ ઉપજાવે એવી સંભાવના છે. જેમ મંદ પાચનશક્તિવાળાને પૌષ્ટિક અન્ન પાચન ન થાય, પણ તેથી તો ઊલટું અજીર્ણ ઉપજે; તેમ અનધિકારી જીવને આગમરૂપ પરમાન્ન પચે નહિ, એટલું જ નહિં પણ 'હું આટલું બધું શ્રુત ભણ્યો છું, હું આવો બહુશ્રુત આગમધર છું, હું આવા સરસ વ્યાખ્યાનો કરી લોકોને મંત્રમુગ્ધ કરી

+ "આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમ શ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ."—શ્રી આત્મસિદ્ધિ

શકું છું'—ઇત્યાદિ પ્રકારે શાસ્ત્રનો અપચો થાય, ખંડન-મંડન વગેરેમાં શાસ્ત્રનો શસ્ત્ર તરીકે દુરુપયોગ પણ થાય! પણ જેમ સદ્‌વૈદ્યની અગ્નિદીપક માત્રાથી જેનો મંદાગ્નિ દૂર થયો છે, જેની પાચનશક્તિ ઉત્તેજિત થઈ છે, તેને પૌષ્ટિક અન્ન સરળતાથી પાચન થાય છે, તેમજ તેના બળવીર્ય આદિની વૃદ્ધિ-પુષ્ટિ થાય છે; તેમ ઉત્તમ ×સદ્‌ગુરુરૂપ વૈદ્યની ઉપદેશરૂપ માત્રાથી જેનો સદ્‌બુદ્ધિરૂપ અગ્નિ ઉદ્દીપિત થયો છે, તેને આગમરૂપ પરમાન્ન સહેજે પાચન થાય છે, ને તેના આત્મબલ-વીર્યાદિની વૃદ્ધિ થાય છે, શુદ્ધ આત્મધર્મની પુષ્ટિરૂપ '**પોસહ**' થાય છે, ને આત્મ સમીપે નિરંતર વાસરૂપ '**ઉપવાસ**' થાય છે.

**ભાવ ગુરુગમ પરમ દુર્લભ**

આમ આ ઉપરથી તને પ્રતીત થશે કે આગમ સમજવા માટે પણ ગુરુગમની અનિવાર્ય આવશ્યકતા છે. તે વિના બધું ય અંધારું છે ને આગમ પણ બંધ ખજાનો રહે છે. એવો પારમાર્થિક ગુરુગમ ત્રણે કાળમાં મળવો પરમ દુર્લભ છે, અને વર્તમાનમાં તો પ્રાયે કોઇ દેખાતો નથી, એ જ મોટો વિખવાદ છે. હું આ બધું 'શ્રુત અનુસાર વિચારી બોલું છું.' પણ તથાવિધ કોઈ સદ્‌ગુરુ મળતો નથી એ

---

× "આત્મભ્રાંતિ સમ રોગ નહિં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિં, ઔષધ વિચાર ધ્યાન."

"જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ."

—શ્રીમદ્ રાજચંદ્રજી

ખેદની વાત છે, માટે આવી વર્તમાન સ્થિતિમાં તથાવિધ ગુરુગમના અભાવે માત્ર આગમથી પણ દિવ્ય નયનની પ્રાપ્તિનો પ્રાયે સંભવ દેખાતો નથી.

"આગમવાદે હો ગુરુગમ કો નહિં.
"શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધિ ન મિલે રે."

શ્રી આનંદઘનજી

પથિક—મહાત્મન્! આપે તો આ અજબ વાત કરી! આ આટલા બધા આચાર્યો, આટલા બધા 'ગુરુઓ,' આટલા બધા સાધુઓ વિદ્યમાન છે, છતાં આપ કહો છો કે 'ગુરુગમ' દુર્લભ છે, એ વાત મને તો એકદમ ગળે ઉતરતી નથી. આ લોકો શું આગમ જાણતા નથી? આ લોકો શું ગુરુગમથી સમજતા નથી? અરે! એમાંના અનેક તો એવા છે કે જેને આગમના આગમ મુખપાઠે છે—શાસ્ત્રના શાસ્ત્ર મોઢે છે, અને એટલે જ જે આગમધર, શાસ્ત્રવિશારદ, સકલાગમરહસ્યવેત્તા વગેરે બિરુદાવલિ ધરાવે છે. આમાંના અનેક તો સર્વ દર્શનના નયને જાણનારા ને ખંડન–મંડનના ભેદમાં નિષ્ણાત એવા ધુરંધર વિદ્વાનો છે; છતાં આપ એમ કેમ કહો છો? તે મારી સમજણમાં આવતું નથી.

યોગિરાજ—હે ભદ્ર! તું મારો કહેવાનો આશય સમજ્યો નથી, ને મેં આગળ કહેલું તે તું ભૂલી ગયો લાગે છે. માટે તને

**ભાવશ્રુતધર આત્મજ્ઞાની વિરલા**

પુનઃ યાદ આપું છું તેં આ બધા આગમધરોની—શ્રુતધરોની વાત કરી તેની હું ક્યાં ના પાડું છું? તે તે વચનરૂપ દ્રવ્ય આગમના—

દ્રવ્ય શ્રુતના પાઠી, દ્રવ્ય શ્રુતના અભ્યાસી તો ઘણુંય છે, એવા શાસ્ત્રપારંગત તો અનેક છે, પણ તેમાંથી જેને ભાવશ્રુતરૂપ આત્મજ્ઞાન પ્રગટ આત્માનુભવ ઉપજ્યો હોય એવા ભાવશ્રુતધરો–ભાવઆગમધરો કેટલા છે? તે વિચારવા યોગ્ય છે; કારણ કે તેવા શાસ્ત્રપઠન માત્રથી કાંઈ જ્ઞાન થઈ જતું નથી. નિશ્ચયથી* શાસ્ત્ર પોતે અચેતન હોઇ જ્ઞાન નથી, પણ તે જ્ઞાનપ્રાપ્તિના ઉત્તમ નિમિત્તરૂપ–સાધનરૂપ હોઇ ઉપચારથી તેને જ્ઞાન કહ્યું છે; માટે એકલા દ્રવ્ય શ્રુતના શુકપાઠ જેવા શુષ્ક જ્ઞાનથી કાંઇ જ્ઞાન થયું કહેવાતું નથી, પણ જો તેનું ઉત્તમ નિમિત્ત પામી આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણમે અર્થાત્ આત્મામાં ભાવશ્રુતપણું પ્રગટે–આત્મજ્ઞાન ઉપજે, તો જ વાસ્તવિક જ્ઞાન થયું કહેવાય છે. એમ ન હોત ને દ્રવ્ય શ્રુતના પાઠ માત્રથી જ્ઞાન થઇ જતું હોત તો બધાય સહેલાઇથી જ્ઞાની બની બેસત ! ને ઝાઝી ખટપટ રહેત નહિં !

**ભાવશ્રુત પ્રાપ્તિમાં દ્રવ્ય શ્રુતનો પરમ ઉપકાર**

એટલે દ્રવ્ય શ્રુત પરમ અવલંબનરૂપ–સાધનરૂપ હોઇ ભાવશ્રુતની પ્રાપ્તિમાં તેનો પરમ ઉપકાર છે, છતાં જો તે ભાવશ્રુતની પ્રાપ્તિનો ઇષ્ટ ઉદ્દેશ તેના આલંબને ન સધાયો અથવા તે ઇષ્ટ ઉદ્દેશ અર્થે તેનો સાધન તરીકે ઉપયોગ ન કરાયો, તો તેવું દ્રવ્યશ્રુત પરમાર્થથી અકિંચિત્કર છે, અફળ છે. તાત્પર્ય કે–દ્રવ્યશ્રુત ભાવશ્રુત સહિત હોય અથવા ભાવશ્રુતના કારણરૂપ થાય તો

* " सत्थं णाणं ण हवइ जम्हा सत्थं ण याणए किंचि ।
तम्हा अण्णं णाणं अण्णं सत्थं जिणा बिंति ॥ "—શ્રી સમયસાર

તેનું સફળપણું છે; નહિં તો સમર્થ યોગાચાર્ય શ્રી **હરિભદ્રસૂરિજી** કહે છે તેમ—સ્ત્રી પુત્રાદિ જેમ મોહમૂઢ જનોનો સંસાર છે, તેમ **શાસ્ત્ર એ વિદ્વાનોનો સંસાર** છે!

"पुत्रदारादिसंसारः पुंसां संमूढचेतसाम् ।
विदुषां शास्त्रसंसारः सद्योगरहितात्मनाम् ॥"

**આત્મનિશ્ચય વિહીન બહુશ્રુત જિનશાસનનો દુશ્મન!**

અહીંથી તહીંથી કંઈ કંઈ જાણીને+ ખંડ ખંડ પંડિત થયેલા એવા વિદ્વન્મન્યોનો જગતમાં ટોટો નથી, પણ એક અખંડ આત્મવસ્તુને અનુભવનારા, નિશ્ચિત સમયને જાણનારા, સમયના અખંડ નિશ્ચયી, સમયસારને જાણનારા–સંવેદનારા એવા સત્પુરુષોનો તો સર્વકાળમાં દુકાળ જ છે, અને આ કલિકાલમાં તો વિશેષે કરીને તેમ છે. એવા સત્પુરુષોની વિરલતાને લીધે જ આ કાળને ભગવાને **દુઃષમ** કહ્યો છે. એટલે જ અખંડ આત્મવિનિશ્ચય વિનાનો જે કોઈ ભલે દ્રવ્યથી બહુશ્રુત× હોય, ભલે ગાડરીયા પ્રવાહ જેવા

+"ખંડ ખંડ પંડિત જે હોવે, તે નવિ કહિયે નાણી;
નિશ્ચિત સમય લહે તે નાણી, સંમતિની સહિનાણી.
રે જિનજી! વિનતડી અવધારો.

×"જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુ શિષ્યે પરવરિયો,
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચય દરિઓ. રે જિનજી!"
**શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણસો ગાથાનું સ્તવન**

"તત્ત્વાગમ જાણંગ ત્યજી રે, બહુ જન સંમત જેહ;
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ!...ચંદ્રાનન જિન!"
**—શ્રી દેવચંદ્રજી.**

ગતાનુગતિક બહુ જનોનો માનીતો હોય, ભલે સેંકડો કે હજારો શિષ્યોના પરિવારથી પરિવરેલો મોટો ગુરુ કે આચાર્ય કહેવાતો હોય, તો તે જિનશાસનનો દુશ્મન છે, એમ **સિદ્ધસેન દિવાકરજીએ સમ્મતિતર્કમાં** સ્પષ્ટ કહ્યું છેઃ-

" जह जह बहुस्सुओ सम्मओ अ सीसगणसंपरिवुडो अ ।
अविणिच्छिओ अ समए तह तह सिद्धंतपडिणीओ ॥ "

**'ગીતાર્થ' ગુરુ : અને ગુરુપદની જોખમદારી**

અને ગીતાર્થને જ ગુરુપણાનો અધિકાર કહ્યો છે, એ વાતમાં ઘણું રહસ્ય છે; કારણ કે **ગીતાર્થ** એટલે કેટલાક લોકો માત્ર સૂત્રપાઠી સમજે છે એમ નહિં, પણ જેણે શાસ્ત્રનો સૂત્રનો અર્થ-પરમાર્થ ગીત કર્યો છે, અત્યંત હૃદયગત-પરિણુત કર્યો છે, સંગીતની જેમ અવિસંવાદીપણે આત્મામાં તન્મય-એકતાર કર્યો છે, આત્માકાર કર્યો છે, આત્માનુભૂતિમય કર્યો છે, તે ગીતાર્થ. અર્થાત્ જેણે અર્થ-આત્મતત્ત્વ ગીત કર્યું છે-અત્યંત અનુભૂત કર્યું છે તે ગીતાર્થ. એવા ગીતાર્થ+ આત્માનુભવી જ્ઞાની પુરુષ જ ગુરુ થવાને યોગ્ય છે. બાકી તથારૂપ યોગ્યતા વિના બીજા બની બેઠેલા ગુરુઓ તો કર્મ-ભારથી 'ગુરુ' બને છે; કારણ કે શિષ્યોના કે અનુયાયીઓના

---

+"गीयत्था संविग्गा निस्सल्ला चत्तगारवासंगा ।
जिणमयउज्जोअकरा सम्मत्तपभावगा मुणिणो ॥ "
—શ્રી હરિભદ્રસૂરિકૃત સંબોધપ્રકરણ ૩-૨૨૭
અર્થાત્-ગીતાર્થ, સંવિગ્ન, નિઃશલ્ય, ગારવ આસક્તિ ત્યજી દીધી છે એવા, જિનમતના ઉદ્યોતકર, સમ્યક્ત્વ પ્રભાવક એવા મુનિઓ હોય.

કલ્યાણ–અકલ્યાણની જોખમદારી તેમને શિરે છે. એટલે એવું જોખમદારીભર્યું ગુરુપદ લેતાં પહેલાં તેમણે કાં તો લાખો વાર વિચાર કરવો જોઇએ, અને કાં તો શિષ્યોના વિનયનો ગેરલાભ લઇ મહામોહનીય કર્મથી 'ગુરુ'-ભારે બની ભવસાગરમાં× ડૂબી જવા તૈયાર રહેવું જોઇએ ! હાલમાં તો આ ગુરુપદની જોખમદારીનો ભાગ્યે જ કોઇ વિચાર કરે છે, એટલું જ નહિં, પણ તેને માટે પડાપડી કરે છે !

## ૭. અધ્યાત્મરસ પરિણતિ વિનાનું શાસ્ત્રજ્ઞાન ભારરૂપ.

( યોગિરાજ આગળ ચલાવે છે. )—

વળી એ પણ ખાસ યાદ રાખવા જેવું છે કે અધ્યાત્મરસ પરિણતિ વિનાનું જે શાસ્ત્રજ્ઞાન તે ભારરૂપ જ છે. ગધેડો ચંદનનો ભાર ઉપાડે છે, પણ તેનો ભોગ તો કોઇ ભાગ્યશાળી જ પામે

×"અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાએ વિહારી;
અજ્ઞાની જો ગચ્છને ચલવે, તે તો અનંત સંસારી રે...જિનજી !"
ઉપા૦ શ્રી યશોવિજયજી

"અસદ્‌ગુરુ એ વિનયનો, લહે લાભ જો કાંઇ;
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળમાંહિ." **શ્રી આત્મસિદ્ધિ**

"अगीयत्थकुसीलेहिं संगं तिविहेण वोसिरे ।
मुक्खमग्गम्मि मे विग्धं पहंमी तेणगं जहा ॥" **સંબોધપ્રકરણ, ૨-૯૯**

અર્થાત્–અગીતાર્થ અને કુશીલો સાથેનો સંગ હું ત્રિવિધે વોસરૂં (છોડું) છું,–કે જે સંગ માર્ગમાં ચોરની જેમ મોક્ષ માર્ગમાં મને વિઘ્ન રૂપ છે.

છે; તેમ *શાસ્ત્રનો ભાર તો અનેક વહે છે, પણ તેનો અધ્યાત્મરસ તો કોઇ વિરલો જ ચાખે છે. ફરક માત્ર એટલો જ છે કે—ગધેડો પોતાના શરીર પર બોજો ઉઠાવે છે, અને આ શાસ્ત્ર-ગર્દભ પોતાના મન પર બોજો ઉઠાવે છે! પણ બન્નેનું ભારવાહકપણું સરખું છે!

**વિદ્વાન્ અને જ્ઞાનીમાં આકાશ પાતાલનું અંતર**

પુસ્તકપંડિતરૂપ વિદ્વાન્‌માં અને આત્માનુભવી જ્ઞાનીમાં આકાશ–પાતાલનું અંતર છે. બાકી બીજું બધુંય જાણતો હોય, પણ એક આત્માને ન જાણતો હોય, તો તે શાસ્ત્રવેત્તા વિદ્વાન્ પણ અજ્ઞાની છે. અને એક આત્માને જાણતો હોય ને બીજું કાંઇ ન પણ જાણતો હોય તો તે અવિદ્વાન્ પણ જ્ઞાની છે. આમ વિદ્વાન્ ને જ્ઞાનીમાં પ્રગટ ભેદ છે: આત્માનુભવ રહિત તે વિદ્વાન્ ને આત્માનુભવ સહિત તે જ્ઞાની; અથવા પરમાર્થથી આત્મજ્ઞાની એ જ સાચો વિદ્વાન્ અથવા પંડિત જન છે, બાકી બીજા કહેવાતા વિદ્વાનોની ગણના પણ અજ્ઞાની અથવા બાલ જીવોમાં જ છે. નિરક્ષર પણ જ્ઞાની હોઈ શકે ને સાક્ષર પણ અજ્ઞાની હોઇ શકે,—એવી આ વિલક્ષણ વાત વિચક્ષણ વિવેકી જનો જ સમજી શકે છે.

---

*"वेदान्यशास्त्रवित्क्लेशं, रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद्भोगमाप्नोति, वहति चंदनं खरः ॥" —શ્રી અધ્યાત્મસાર.

"તિમ શ્રુતપાઠી પંડિતકું પણ, પ્રવચન કહત અજ્ઞાન રે;
સાર લહ્યા વિન ભાર કહ્યો શ્રુત, ખર દૃષ્ટાંત પ્રમાણ..."
—શ્રી ચિદાનંદજી

એટલા માટે જ શાસ્ત્રમાં× પણ કહ્યું છે કે જો દ્રવ્યથી નવ પૂર્વ પણ ભણેલ હોય, નવ પૂર્વનો પણ પાઠી—અભ્યાસી હોય, પણ જો આત્માને ન જાણ્યો હોય તો તે અજ્ઞાની છે. આમ જ્યાં નવ પૂર્વ જેટલું શ્રુત ભણેલો એવો અધ્યાત્મ-રસપરિણતિ વિનાનો શુષ્કજ્ઞાની બહુશ્રુત પણ અજ્ઞાની કહ્યો છે, તો પછી આજકાલના અલ્પશ્રુત શુષ્ક વાચાજ્ઞાનીઓની તો શી વાત કરવી ?

**આત્મજ્ઞાન વિનાનું સર્વ શાસ્ત્ર જ્ઞાન એકડા વિનાના મીંડા જેવું!**

વ્યાકરણનું—શબ્દશાસ્ત્રનું કે ભાષાનું જ્ઞાન તે જ્ઞાન નથી, ન્યાયનું કે દર્શનશાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી, કાવ્યનું કે કે અલંકારશાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી, જ્યોતિષનું કે વૈદકનું જ્ઞાન તે જ્ઞાન નથી, વિજ્ઞાનનું કે અન્ય શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી; અથવા આ બધાય જ્ઞાન ઔપચારિક જ્ઞાન છે—દ્રવ્ય શ્રુતજ્ઞાનના પ્રકાર છે. પારમાર્થિક જ્ઞાન તો એક ભાવ-શ્રુતજ્ઞાન અથવા આત્મજ્ઞાન જ છે. એક આત્મવિદ્યા જ વિદ્યા છે, બાકી બીજી બધી ય વિદ્યા અવિદ્યા જ છે અથવા ઔપચારિક

---

×"જો હોય પૂર્વ ભણેલ નવ, પણ જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે, જીવ કરવા નિર્મળો;
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.
નહિં ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિં કવિચાતુરી,
નહિં મંત્રતંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિં ભાષા ઠરી;
નહિં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો...જિનવર૦"
—શ્રીમદ્ રાજચંદ્રજી.

વિદ્યા છે; અને તે ઔપચારિકપણું પણ–તે તે વિદ્યાઓ જો આત્મવિદ્યાની સાધનામાં સહકારી કારણપણે ઉપયુક્ત થતી હોય–તો જ ઘટે છે. આ ઉપરથી તને સ્પષ્ટપણે પ્રતીત થશે કે સર્વશાસ્ત્રનું જ્ઞાન પણ જો એક આત્મવસ્તુ હાથ ન આવી તો શૂન્યરૂપ જ છે, મોટા મીંડારૂપ જ છે, 'एको'–આત્મા હાથમાં ન આવ્યો, તો તે બધા એકડા વિનાના મીંડા છે! એટલે આત્મ–અજ્ઞાની એવો કોઈ પણ ભલે પોતાની કલ્પના+ પ્રમાણે હજારો ગ્રંથો રચે, ભલે હજારો વ્યાખ્યાનો આપી જન–મન–રંજન કરે, ભલે વક્તૃત્વ કળાનું પ્રદર્શન કરી વાચસ્પતિપણું બતાવે, તો પણ તે પોતાના શૂન્યપણાનું જ પ્રદર્શન કરે છે, અથવા પોતાના મનનો આમળો પૂરો કરી, પોતાના મિથ્યાભિમાનને જ પોષે છે એમ વિવેકી વિચક્ષણો સમજે છે.*

આ પ્રસ્તુત દ્રવ્યશ્રુતજ્ઞાન પણ ગુરુગમ વિના પ્રાપ્ત થતું નથી એ વાત પણ સાવ સાચી છે, પણ તે ગુરુગમ દ્રવ્યથી,

---

+"નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો માત્ર મનનો આમળો;
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો."

શ્રીમદ્ રાજચંદ્રજી

*"સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

"કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્ગુરુ ચર્ન સુપ્રેમ બસે."

શ્રીમદ્ રાજચંદ્રજી

**ભાવશ્રુતધર થકી ભાવગુરુગમઃ દીવામાંથી દીવો.**

છે; કારણ કે દ્રવ્યશ્રુતજ્ઞાન દ્રવ્ય ગુરુગમથી પ્રાપ્ત થાય છે, ભાવશ્રુતજ્ઞાન ભાવ ગુરુગમથી પ્રાપ્ત થાય છે; અને ભાવ ગુરુગમ એ જ પારમાર્થિક ગુરુગમ છે. શાસ્ત્રમાં જે ગુરુગમનું ભારી ગૌરવ ગાવામાં આવ્યું છે તે આ ભાવ ગુરુગમ જ છે. તાત્પર્ય કે ભાવશ્રુત જેને પરિણમ્યું છે અર્થાત્ જેને આત્મજ્ઞાન ઉપજ્યું છે, એવા ભાવશ્રુતધર સદ્ગુરુદ્વારા જો ભાવ ગુરુગમ પ્રાપ્ત થાય તો જ ભાવશ્રુતજ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન ઉપજે. પણ દ્રવ્યશ્રુતજ્ઞાની એવા દ્રવ્યશ્રુતધર પાસેથી પ્રાપ્ત થતા દ્રવ્ય ગુરુગમથી ભાવ શ્રુતજ્ઞાન ન ઉપજે—આત્મજ્ઞાન ન ઉપજે; કારણ કે જે દીવો પ્રગટ્યો જ ન હોય તેના થકી બીજો દીવો કેમ પ્રગટે ? માટે દીપકની ઉપાસનાથી જેમ દીપક પ્રગટે—દીવામાંથી દીવો થાય, તેમ જાગતી જ્યોત જેવા ભાવશ્રુતજ્ઞાનીની ઉપાસનાથી જ ભાવશ્રુતજ્ઞાન ઉપજે—ભાવદીવો પ્રગટે. આ જ ગુરુગમનું× રહસ્ય છે.

**ગગન મંડળ મેં અધબિચ કૂવા, ઉંહા હે અમીકા વાસા;**
**સગુરા હોએ સો ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા....**
**અવધૂ સો જોગી ગુરુ મેરા, ઉસ પદકા કરે રે નિવેડા....**

**(આનંદઘનજી)**

---

×"વસ્તુગતે વસ્તુકો લક્ષણ, ગુરુગમ વિન નવિ પાવે રે;
ગુરુગમ વિન નવિ પાવે કોઉ, ભટક ભટક ભરમાવે રે."
શ્રી ચિદાનંદજી

પથિક—મહાત્મન્ ! આ ગૂઢાર્થમાં મને તો કાંઇ સમજણ પડી નહીં.

યોગિરાજ—હે ભવ્ય ! ગગનમંડલ એટલે ચિદાકાશ. તેની મધ્યે એક અમૃતનો કૂવો છે, એટલે અમૃતસ્વરૂપી શાંત સુધારસમય આત્માનો ત્યાં વાસ છે. જેને સદ્ગુરુ મળ્યા છે, તે જ તે અમૃતકૂપમાંથી શાંત સુધારસ ભરી ભરીને પીએ છે, તેમની *તૃષા છીપે છે-ભવતૃષ્ણા શાંત થાય છે, અને તે અમૃતપાનથી તે અમૃતપણાને પામે છે. બાકી જેને સદ્ગુરુનો યોગ નથી મળ્યો, તે તે અમૃતપાનના લાભથી વંચિત રહે છે, તરસ્યા ચાલ્યા જાય છે, એટલે તેમની ભવતૃષ્ણા બૂઝાતી નથી, અને તે મૃતપણાને જ પામે છે, અર્થાત્ જન્મ-મરણપરંપરા કર્યા જ કરે છે, તેના જન્મ-મરણનો છેડો આવતો નથી.

**આત્મજ્ઞાની સદ્ગુરુ થકી અમૃત પ્રાપ્તિ**

## ૮. ભાવ અધ્યાત્મથી જ આત્મકલ્યાણ

પથિક—મહાત્મન્ ! આ લોકો પણ જ્ઞાનની વાતો તો કરે છે અને અધ્યાત્મની ચર્ચા પણ કરે છે, તેનું કેમ ?

યોગિરાજ—મહાનુભાવ ! વાતો કરવાથી કાંઈ વળે નહિ; કે માત્ર ચર્ચા કરવાથી કાંઈ મળે નહિ. અંતરસ્પર્શ વિનાની

---

*"બૂઝી ચહત જો પ્યાસકી, હૈ બૂઝનકી રીત
પાવે નહિં ગુરુગમ બિના, યેહી અનાદિ સ્થિત."

શ્રીમદ્ રાજચંદ્રજી

**ભાવ અધ્યાત્મની વિરલતા**

વાત તે એક પ્રકારનો 'વાત' જ છે—વાયુ જ છે! ને એવી 'વાત' જેવી વાત તો વાતમાં જ—વાયુમાં જ ભળી જાય છે! અને **આત્માની** અર્ચા વિનાની ચર્ચા એ તો વાચાલતા જ છે—વાતુલતા જ છે! વાગ્જાલ માત્ર જ છે! મુખથી જ્ઞાનની વાતો કરતા હોય ને જેનો અંતરંગ મોહ ન છૂટયો હોય, જેના પરનો મોહનો અધિકાર ટળ્યો ન હોય, એવા શુષ્ક વાચાજ્ઞાનીઓ તો માત્ર જ્ઞાનીનો× દ્રોહ જ કરે છે. આત્માની* વાતો કરનારા પંડિતો તો ઘેર ઘેર છે, પણ તેની સાક્ષાત્ પ્રાપ્તિ કરનારા અનુભવજ્ઞાનીઓ તો કોઈ વિરલા જ છે નવનીત—માખણ તો કોઈક વિરલાને જ મળે છે, બાકી આખું જગત્ છાસથી ભરમાય છે! નામ અધ્યાત્મીઓ, શબ્દ અધ્યાત્મીઓ, ઠવણ અધ્યાત્મીઓ ને દ્રવ્ય અધ્યાત્મીઓનો તો જગત્માં સુકાળ છે, પણ **ભાવઅધ્યાત્મની** જ વિરલતા છે! એટલા માટે જ અધ્યાત્મની વ્યાખ્યા કરતાં સ્પષ્ટ કર્યું હતું કે—નિજ સ્વરૂપને—

---

×"મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ."

શ્રીમદ્ રાજચંદ્રજી

* " दृश्यन्ते भुवि किं न ते कृतधियः संख्याव्यतीताश्चिरम्,
ये लीलां परमेष्ठिनः प्रतिदिनं तन्वन्ति वाग्भिः पराम् ।
तं साक्षादनुभूय नित्यपरमानन्दाम्बुराशिं पुनः,
ये जन्मभ्रममुत्सृजन्ति पुरुषा धन्यास्तु ते दुर्लभाः ॥ "

—શ્રીમાન્ શુભચંદ્રાચાર્યજીકૃત શ્રી જ્ઞાનાર્ણવ

આત્મસ્વરૂપને જે ક્રિયા સાધે છે તે જ **અધ્યાત્મ**+ છે; જે ક્રિયા કરીને ચાર ગતિ સાધે છે તે અધ્યાત્મ નથી. નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ ને દ્રવ્ય અધ્યાત્મને છંડો; અને **ભાવ અધ્યાત્મ** કે જે નિજ ગુણને–આત્મગુણને સાધે છે, તેમાં '**રઢ લગાડીને મંડી પડો.**'

"નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ કહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ લહિયે રે.
....શ્રી શ્રેયાંસજિન

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે:
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહ શું રઢ મંડો રે
....શ્રી શ્રેયાંસજિન" —**શ્રી આનંદઘનજી**

અધ્યાત્મ તો જ્યાં આત્મવસ્તુનો વિચાર હોય તે છે, બાકી બીજા તો લબાસી છે–લપલપીયા વાતોડીઆ છે! વસ્તુગતે–વસ્તુસ્વરૂપે જે વસ્તુ પ્રકાશે છે–પ્રગટ બતાવે છે, તે જ આનંદઘન મતના વાસી છે.

"અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત વાસી રે....
શ્રી શ્રેયાંસજિન૦"

માટે અધ્યાત્મની વાતો ને ચર્ચા કર્યાથી કાંઇ અર્થ સરે નહિ. તથારૂપ અધ્યાત્મરસ પરિણતિ થાય ને આત્મસ્વરૂપની અર્ચા થાય તો જ નિજ કાર્યની સિદ્ધિ થાય. વાતો એ છાસબાકળા છે અને અનુભવ એ નવનીત છે. જગત્ એ

+ " गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगु र्जिनाः ॥ –"શ્રી અધ્યાત્મસાર

છાસથી ભરમાઈ ગયું છે ! પણ માખણ તો કોઈ વિરલાને જ *સાંપડે છે !

"ગગનમંડળમેં ગઉ બિહાની, ધરતી દૂધ જમાયા;
માખન થા સો વિરલા પાયા, છાસ જગત ભરમાયા
....અવધૂ ! સો જોગી મેરા."

**શ્રી આનંદઘનજી**

પથિક—યોગિરાજ ! આપે આ જે બધું સ્પષ્ટીકરણ કર્યું તેથી મારા મનનું સમાધાન થયું અને—

"પુરુષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહિ ઠાય....
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે." ૩.

—એ આપના વચનની સત્યતાની મને પ્રતીતિ ઉપજી છે. આમ જો ગુરુગમ વિના આગમ અગમ થઇ પડે છે, અને એવો ગુરુગમ જો અત્યંત દુર્લભ છે, તો પછી આ દિવ્ય નયનની પ્રાપ્તિ બીજી કઇ રીતે થાય ? આ આટલા બધા દર્શનવાદીઓ આટલી બધી દર્શનચર્ચા કરી રહ્યા છે. તેની પાસેથી શું એની પ્રાપ્તિ થશે ? શું અનુમાન પ્રમાણથી કે તર્કવાદથી એની પ્રાપ્તિ થવાનો સંભવ છે ખરો ?

---

*"ગગનમંડલમેં ગાય વીયાણી, વસુધા દૂધ જમાઇ રે;
સઉ રે સુનો ભાઇ વલોણું વલોવે, કોઇ એક અમૃત પાઈ રે...
અવધૂ૰"
શ્રી આનંદઘનજી.

યોગિરાજ—અહો જિજ્ઞાસુ ! જો ! આ મધ્યાહ્ન થવા આવ્યો છે ! આજની આપણી તત્ત્વવાર્તા તો ખૂબ લાંબી ચાલી ! સમયનું ભાન પણ તું ભૂલી ગયો ! આવી તત્ત્વપિપાસા ખરેખર પરમ કલ્યાણકારી છે. અને તે જોઇને મ્હારું ચિત્ત અતિ પ્રસન્ન થયું છે; પણ હમણાં તો તું સ્વસ્થાને જા. તારા આ નવીન પ્રશ્નનું સમાધાન હું આવતી કાલે કરીશ. આવતી કાલે પ્રભાત સમયે તું ગામની ભાગોળે સ્મશાનભૂમિની બાજુમાં આવેલ દેરી આગળ મને મળજે.

પથિક—જેવી આજ્ઞા ! (બન્ને પોતપોતાને સ્થાને જાય છે.)

પથિક યોગિરાજ પાસેથી છૂટો પડી પોતાના નિવાસસ્થાને આવ્યો અને ઉચિત દિનચર્યામાં પ્રવૃત્ત થયો, પણ તેના અંતરમાં તો યોગિરાજની ટંકોત્કીર્ણ વીરવાણીનું જ મનન ચાલ્યા કરતું હતું: અહો ! આજે મને કેવી અપૂર્વ તત્ત્વવાર્તા સાંભળવા મળી ! માર્ગ સંબંધી કેવો અદ્ભુત પ્રકાશ યોગિરાજે નાંખ્યો ! જિનમાર્ગ આવો દિવ્ય છતાં, ચર્મચક્ષુથી એ માર્ગને જોઈ રહેલો આ સકળ સંસાર ભૂલ્યો છે, કારણ કે એ દિવ્ય માર્ગને દેખવા માટે દિવ્ય નયન જ જોઈએ,— એ યોગિરાજનું કથન કેવું યથાતથ્ય છે ! કેટલું બધું સાચું છે ! પુરુષપરંપરાનો અનુભવ જો જોઇએ છીએ તો આંધળાની પાછળ આંધળા દોડતા હોય–' અંધોઅંધ પલાય '—એવી કરુણ પરિસ્થિતિ છે, એ વચનો પાછળ સમાજની આધ્યાત્મિક પતિત અવસ્થા અંગેનો યોગિરાજનો કેવો કરુણ ચીત્કાર

યોગમાર્ગ પ્રદીપ સમી યોગિરાજની ટંકોત્કીર્ણ વીરવાણી

સંભળાય છે ! કેવી ઊંડી શાસનદાઝ સંવેદાય છે ! કેવો પારમાર્થિક ખેદ દેખાય છે ! આગમના આધારે જો વિચાર કરે તો 'ચરણ ધરણ નહિં ઠાય'—પગ મૂકવાનું પણ ઠેકાણું નથી એવી વિષમ દુઃસ્થિતિ છે,—એ વચનમાં લાગણીભર્યા પોકાર સાથે યોગિરાજની કેવી અનન્ય આગમભક્તિ વ્યક્ત થાય છે ! ને આગમોક્ત આદર્શ આચરણ 'વિધિ' પ્રત્યેનો કેવો પ્રેમ પ્રગટ દેખાય છે ! આમ થોડા શબ્દોમાં આ મહાત્માએ કેવો અદ્ભુત આશય સમાવ્યો છે ! જેમ જેમ આ યોગિરાજના વચનમાં હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું, તેમ તેમ તેની સત્યતાની મને પ્રતીતિ થતી જાય છે. મોક્ષમાર્ગના પ્રવાસી મારા જેવા 'પથિક'ને આ **યોગમાર્ગ-પ્રદીપ** સમા ઉપદેશવચન ખરેખર અપૂર્વ માર્ગદર્શક થઇ પડ્યા છે. ઇત્યાદિ પ્રકારે ચિંતવતાં તેનો આત્મા કોઇ અવર્ણનીય આનંદમાં વિલસી રહ્યો હતો. પછી શેષ કર્ત્તવ્ય કરી તે રાત્રે યથાસમયે સમાધિભાવે શયન કરી ગયો.

દૃશ્ય પાંચમું

## દિવ્ય નયનનો વિરહ અને કાલલબ્ધિની પ્રતીક્ષા

પછી વળતે દિવસે પ્રભાતે વ્હેલા ઉઠી, પ્રાતઃવિધિથી પરવારી તેણે સંકેતસ્થલ ભણી પગલાં માંડ્યા; ને થોડીવારે તે તેની નિકટ આવી પહોંચ્યો. ત્યાં તેના શ્રવણપથમાં ધ્વનિ અથડાયો:—

"શિવ શંકર જગદીશ્વરુ રે, ચિદાનંદ ભગવાન—લલના
જિન અરિહા તીર્થંકરુ રે, જ્યોતિ સરૂપ અસમાન—લલના."

(આનંદઘનજી)

એની એ ધૂન એને પુનઃ પુનઃ સંભળાવા લાગી. આવી અપૂર્વ ભાવાવેશવાળી એકતારતા તેણે કદી પણ દીઠી ન્હોતી.

**અહો ! ભાવિતાત્મા ભક્તરાજ !**

તે કર્ણપ્રિય મધુર સ્વરના અનુસારે તે ચાલવા લાગ્યો. ત્યાં તો એક દેરીના દર્શન થયા. તેના ઓટલા પર બિરાજમાન થઈ યોગિરાજ ભજન ધૂન લલકારી રહ્યા હતા. તેમની મુખાકૃતિ અત્યંત સુપ્રસન્ન, પરમ શાંત ને સૌમ્ય દીસતી હતી ભક્તિનો પરમ આનંદોલ્લાસ તેમની મુખમુદ્રા પર તરવરતો હતો. તેમની આત્મશાંતિ કોઈ અપૂર્વ હતી. અદ્વિતીય બ્રાહ્મ તેજ તેમના લલાટમાં ઝળહળતું હતું. તેમના દર્શનથી પથિકના હૃદયમાં કોઈ અજબ છાપ પડી અને તે આશ્ચર્યચકિત થઈ ભાવવા લાગ્યો— અહો ! આ મહાત્મા ભક્તરાજની અનન્ય ભક્તિ ! અહો ! આ ભાવયોગીની ભવિતાત્મતા ! અહો ! આ 'સંતપુરુષ'ની

અપૂર્વ આત્મશાંતિ ! મારો આજનો દિન ધન્ય છે કે મને આવા સાધુગુણસંપન્ન, દર્શનથી પણ પાવન સાચા સાધુપુરુષના દર્શન થયા !

એમ ભાવતો ભાવતો તે દેરીની સમીપે આવી પહોંચ્યો ને ઓટલાની એક બાજુએ મૌનપણે રહ્યો, અને યોગિરજની ભજનધૂન પૂરી થઈ એટલે સામે આવી વિનયથી નમસ્કાર કરી ઊભો રહ્યો. યોગિરાજે તેને ઓટલા પર સામે બેસવાની ઇશારત કરી એટલે તે ત્યાં વિનયથી નમસ્કાર કરીને બેઠો.

૧.

## તર્કવિચાર-દર્શનચર્ચાથી દિવ્ય નયનનો અસંભવ

પછી થોડી વાર મૌન રહી તે બોલ્યો—યોગિરાજ ! ગઈ કાલે આપે દર્શનવાદીઓ પાસેથી દિવ્ય નયનની પ્રાપ્તિ સંબંધી ખુલાસો કરવાનું વચન આપ્યું હતું તો તે સંબંધી આપનું પ્રવચન શ્રવણ કરવા હું ઉત્કંઠિત છું. આ બધા દર્શનવાદીઓ તર્કવિચારપૂર્વક અનેક પ્રકારની દર્શનચર્ચા કરી રહ્યા છે, તેની પાસેથી શું આ દિવ્ય નયનની પ્રાપ્તિનો સંભવ છે ?

'તર્કવિચારે રે વાદ પરંપરા રે'

યોગિરાજ—અહો જિજ્ઞાસુ ભવ્ય ! આ દર્શનવાદીઓ પાસેથી દિવ્ય નયન પામવાની આશા સેવવી એ જ મોટી ભ્રાંતિ છે ! તો એ ભ્રાંતિમાંથી શાંતિ ક્યાંથી આવે ? આ આટલા દર્શનવાદીઓ અનાદિ કાળથી વાદવિવાદ કરી રહ્યા છે, પણ તેમ કરતાં કોઈ તત્ત્વનો

અંત પામ્યું હોય એમ જણાતું નથી; કારણ કે વાદની સામે પ્રતિવાદ ને તેની સામે પાછો પ્રતિવાદ, એમ અનંત પરંપરા ચાલ્યા જ કરે છે! તેનો આરો આવતો નથી ને કોઈ નિવેડો થતો નથી! કોઈ એક સમર્થ વાદી યુક્તિપૂર્વક પૂર્વપક્ષ કરે છે, તો તેને સામો વાદી ઉત્તર પક્ષ કરી બળવત્તર યુક્તિપ્રમાણોથી ખંડિત કરે છે. તેને વળી કોઇ ત્રીજો વાદી અધિક બળવાન્ તર્કબલથી ખંડે છે. આમ વાદ–પ્રતિવાદનો 'ઘાણીના બેલ'ની પેઠે અંત નથી આવતો. આંખે પાટા બાંધેલો ઘાણીનો બેલ ગમે તેટલું અંતર કાપે, પણ તે તો હતો ત્યાંનો ત્યાં જ! એટલા જ કુંડાળામાં ગોળ ગોળ ફર્યા કરે, જરાય આગળ વધે નહિં! તેમ મતાંધપણાના પાટા જેણે આંખે બાંધેલા છે, એવા દર્શનવાદીઓ ગમે તેટલું *વાદવિવાદનું અંતર કાપ્યા કરે, પણ તે તો હતા ત્યાંના ત્યાં જ! એટલા જ વાદચક્રના વર્તુલમાં ઘૂમ્યા કરે, જરાય આગળ વધે નહિં! આમ તર્કવિચારથી વાદપરંપરા ચાલ્યા જ કરે છે, ને એનો પાર કોઇ પામી શકતું નથી એટલે તર્કવિચારથી, વાદવિવાદથી, દર્શનચર્ચાથી કદી માર્ગદર્શન કરાવનારી દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ સંભવતી નથી.

---

* "वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीडकवद्गतौ ॥" —શ્રી યોગબિન્દુ.

"यत्नेनानुमितोऽप्यर्थः कुशलैरनुमातृभिः ।
अभियुक्ततरैरन्यैरन्यथैवोपपाद्यते ॥"
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયમાં ભર્તૃહરિનું સુભાષિત.

**"તર્કવિચારે રે, વાદપરંપરા રે, પાર ન પ્હોંચે કોય;**
**અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.**
**પંથડો નિહાળું બીજા જિન તણો રે" ૪.**

પથિક—યોગિરાજ ! આપે આ જે કહ્યું તે દૃષ્ટાંત-ઉદાહરણથી વિશેષ સ્પષ્ટ સમજાવવા કૃપા કરો.

**દર્શન વાદીઓનું પરસ્પર ખંડન**

યોગિરાજ—મહાનુભાવ ! જો કોઇ દર્શનવાદી સ્વદર્શન-સંમત યુક્તિથી આત્મ*તત્ત્વને અબંધ કહે છે, તો તેને બીજો વાદી મનમાં રીસ લાવીને પૂછે છે કે આ આત્મા ક્રિયા કરતો દીસે છે, તો તે ક્રિયાનું ફળ, કહો, કોણ ભોગવશે ? માટે આ તમે અબંધ કહો છો તે મિથ્યા છે. ત્યાં વળી કોઇ બીજો વાદી કહે છે કે—જડ—ચેતન આ એક જ આત્મા છે, સ્થાવર જંગમ—ચરાચર બન્ને સરખા છે. એટલે તેને અન્યવાદી જવાબ આપે

---

**અર્થાત્**-કુશલ અનુમાતૃઓથી—યુક્તિવાદીઓથી યત્નથી અનુમાન કરવામાં આવેલો અર્થ પણ, વધારે અભિયુક્ત એવા બીજાઓથી અન્યથા જ ઉપપાદિત કરાય છે, બીજા જ પ્રકારે સાબિત કરાય છે !

*"કોઈ અબંધ આતમ તત્ત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે, ઇમ પૂછયું ચિત્ત રીસે. મુનિસુવ્રત.
જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરિખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો. મુનિસુવ્રત.
એક કહે નિત્ય જ આતમતત્ત્વ, આતમ દરિસણ લીનો;
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુનિસુવ્રત."
શ્રી આનંદઘનજી

છે કે-આમ જો તમે માનશો તો સુખદુઃખની વ્યવસ્થા કેમ ઘટશે ? તત્ત્વની સેળભેળરૂપ સંકર દોષ આવશે. ચિત્તમાં વિચાર કરી પરીક્ષા કરશો તો આમ જરૂર ભાસશે. ત્યાં આત્મદર્શનમાં લીન એવો વાદી કહે છે કે આ આત્મા નિત્ય જ છે. તેને પ્રતિવાદી આમ યુક્તિથી નિરુત્તર કરે છે કે-એમ માનશો તો કૃતનાશ ને અકૃતાગમ વગેરે દૂષણ આવશે, તે તો મતિહીન હોય તે જ દેખતો નથી.

ત્યાં વળી *સુગતનો અનુયાયી (બૌદ્ધ)વાદી વદે છે કે-આ આત્મા તો ક્ષણિક છે એમ જાણો. તેને બીજો વાદી જવાબ આપે છે કે-આત્મા જો ક્ષણિક માનશો તો સુખ-દુઃખ કેમ ઘટશે ? બંધ મોક્ષ વ્યવસ્થા કેમ ઘટશે ? એ વિચાર તમારા ચિત્તમાં લાવી જુઓ. ત્યાં વળી ભૌતવાદી (ચાર્વાક) બોલી ઊઠે છે કે-ભૂતચતુષ્ક અર્થાત્ પૃથ્વી, પાણી, વાયુ ને અગ્નિ એ ચાર ભૂત સિવાયની અલગી એવી કોઇ આત્મતત્ત્વની સત્તા ઘટતી નથી. તેને બીજો પ્રતિવાદી ઉત્તર આપે છે કે-આંધળો ગાડાંને ન દેખે, તો તેમાં ગાડાંનો શો વાંક ? પ્રગટ ચેતનસ્વરૂપ આત્મા છે એવી ચોકખી દીવા જેવી વાત તમે ન સમજો, તો તેમાં તે છતી વસ્તુનો શો દોષ ? આંધળો ગાડાંને દેખતો નથી તે કાંઇ ગાડાંનો દોષ નથી, પણ તેના

---

*"સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધમોક્ષ સુખદુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુનિસુવ્રત.
ભૂતચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ? મુનિસુવ્રત."
શ્રી આનંદઘનજી

પોતાના દૃષ્ટિઅંધપણાનો જ દોષ છે, તેમ તમે આ પ્રગટ ચૈતન્યસ્વરૂપ આત્મવસ્તુને દેખતા નથી, તે તમારા દૃષ્ટિ-અંધપણાનો જ દોષ છે.

એમ એક આત્મવસ્તુસંબંધી અનેક વાદીઓ અનંત વાદવિવાદ કરે છે, યુક્તિબલથી–સ્વ સ્વ દર્શનસંમત ન્યાયબલથી પોતપોતાના મતનું સ્થાપન કરે છે. તેઓના મતવિભ્રમના સંકટમાં પડી ગયેલો આ આત્મા ચિત્તસમાધિ પામતો નથી. વસ્તુતત્ત્વ આમ હશે કે તેમ હશે? એમ તેનું ચિત્ત ડહોળાઇ જવાથી કોઈ રીતે સમાધાનને પામતું નથી. વિભ્રમરૂપ વાદચક્રને ચકડોળે ચડી ગયેલું ચિત્ત વિભ્રમદશાને પામી ચારે કોર ભ્રમણ કર્યા કરે છે, ને આત્મભ્રાંતિને લીધે કદી શાંતિ ભજતું નથી

"એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ ન તત્ત કોઇ ન કહે.
મુનિસુવ્રત જિનરાજ! મુજ એક વિનતિ નિસુણો."

**શ્રી આનંદઘનજી**

આમ તર્કવિચારરૂપ દર્શનચર્ચાથી કાંઇ તત્ત્વનો નિવેડો આવતો નથી, કાંઇ તત્ત્વવિનિશ્ચય થતો નથી, તેનાથી દિવ્ય નયનની પ્રાપ્તિ કેમ સંભવે?

## ૨. સમ્યગ્ અનેકાન્ત દૃષ્ટિથી દિવ્ય નયનની યોગ્યતા

પથિક—યોગિરાજ! આપે આ કહ્યું તે મને સમજાયું. પણ આ બધા દર્શનવાદ કરતા આ દર્શનોમાં છેવટે સર્વનું સમાધાન કરી શકે એવું પ્રમાણભૂત કોઈ દર્શન નહિ હોય?

કે જેની પાસે બધા દર્શનવાદ નિરુત્તર થઇ પડે. એવું જો કોઇ દર્શન હોય તો તેનાથી શું દિવ્ય નયનની પ્રાપ્તિ ન થાય?

યોગિરાજ—અહો ભદ્ર! હા, એવું દર્શન જરૂર સંભવે છે, અને તેવું દર્શન જો કોઈ હોય તો તે **અનેકાંતદર્શન** જ છે. તેની સમક્ષ× પ્રતિતીર્થિકો વિવાદ કરી શકતા નથી; કારણ કે તે તે અન્ય દર્શનવાદીઓ કોઇ એક એકાંત પક્ષને જ ગ્રહી, તેના આગ્રહી બની, પોતપોતાનો મત સ્થાપે છે; 'મત મત ભેદે જો જઇ પૂછિયે, સહુ થાપે અહમેવ'; ત્યારે આ અનેકાંતદર્શન કોઈ એક એકાંત પક્ષને નહિ ગ્રહતાં, સર્વથા નિરાગ્રહી રહી, સત્ વસ્તુના અનેક અંતનું–ધર્મનું મધ્યસ્થપણે દર્શન કરાવી કેવળ 'સત્'નું જ પ્રતિપાદન કરે છે, સમ્યક્ તત્ત્વનું જ સંસ્થાપન કરે છે. એટલે તે તે નયની ઉચિત મર્યાદા પ્રમાણે તે સર્વગ્રાહી હોઇ યથોચિત રીતે સર્વનું સમાધાન કરવાને પરિપૂર્ણ સમર્થ છે; કારણ કે તે સ્યાદ્વાદ દર્શન+ એટલું બધું ઉદાર છે કે–તે 'સ્યાત્' પદનો ન્યાસ કરી તે તે એકાંતપક્ષને પણ પોતાના વિશાળ પક્ષમાં ભેળવી લે છે, પોતાના અંગભૂત કરી મૂકે છે. 'સ્યાત્' એટલે

**સર્વ વિરોધનું મથન કરનાર વિશાળ અનેકાન્ત દર્શન**

---

× " यस्य पुरस्ताद्विगलितमाना, न प्रतितीर्थ्या भुवि विवदन्ते । "

**શ્રી સમંતભદ્રાચાર્યજીકૃત બૃહત્સ્વયંભૂસ્તોત્ર**

+"રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હે, કરતેં નિજ સંભાલ."

શ્રીમદ્ રાજચંદ્રજી

કથંચિત કોઈ અપેક્ષાવિશેષે તે તે દર્શન સત્ય છે, એવી પ્રરૂપણાથી તે *હસ્તીજાત્યંધ ન્યાયે સર્વ દર્શનના વિરોધનું મથન કરી નાંખે છે !

"ષડ દર્શન જિનઅંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ દર્શન આરાધે રે....ષડ૦"

**શ્રી આનંદઘનજી**

અનેકાંત દર્શન આવું અદ્‌ભુત ને પરમ સમર્થ છતાં, તેની પણ ચર્ચામાત્રથી કાંઇ દિવ્ય નયન પ્રાપ્ત થઇ જતું નથી; કારણ કે આગળ કહ્યું તેમ ચર્ચા તે ચર્ચા છે ને વાત તે વાત છે. કાંઈ ચર્ચા કે વાત કર્યા માત્રથી પ્રસ્તુત વસ્તુની પ્રાપ્તિ થઇ જતી નથી વસ્તુની પ્રાપ્તિ માટે તો તથારૂપ આત્મપરિણમન જોઇએ, વિશાળ અનેકાંતદૃષ્ટિ જીવનમાં ઉતરવી જોઇએ, મતદર્શનના× આગ્રહથી રહિત એવી મધ્યસ્થતા કેળવાવી જોઈએ, વસ્તુને યથાર્થ—સમ્યક્ સ્વરૂપે દેખવાની સમ્યગ્ દૃષ્ટિ સાંપડવી જોઈએ. એમ થાય તો જ દિવ્ય નયનની યોગ્યતા પ્રાપ્ત થાય.

**સમ્યગ્ અનેકાન્ત દૃષ્ટિથી દિવ્ય નયનની યોગ્યતા**

પથિક—મહાત્મન્ ! જો આમ દર્શનચર્ચાથી કાંઈ વળે

---

* "परमागमस्य जीवं निषिद्धजात्यंधसिन्धुरविधानम् ।
सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकान्तम् ॥"

**શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય**

×"છોડી મતદર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ." **શ્રી આત્મસિદ્ધિ**

એમ નથી તો દિવ્ય નયનના ઇચ્છકે મત-દર્શનની માથાફોડમાં શા માટે પડવું જોઇએ? ખંડન-મંડનની કડાકૂટ શા માટે કરવી જોઇએ? તો પછી આત્માર્થીએ શું કરવું જોઇએ?

યોગિરાજ—જિજ્ઞાસુ ભવ્ય! મતાગ્રહની દૃષ્ટિએ દર્શનચર્ચાથી કાંઈ વળે એમ નથી એ વાત સાચી છે, પણ તે

**દર્શનચર્ચા આત્માર્થે ઉપકારી, મતાર્થે નહિં**

એકાંતે નિરર્થક છે એમ નથી તત્ત્વ સમજવા માટે + ધર્મવાદયુક્ત મધ્યસ્થ વિચારણાપૂર્વક નિરાગ્રહભાવે તે કરવામાં આવે, તો તે કોઈ અપેક્ષાએ આત્માર્થીને ઉપકારી થાય એમ છે; કારણ કે તે તે દર્શન મુખ્યપણે તો પરમાર્થ સમજવા માટે કહ્યા છે, કે જેથી તત્ત્વજિજ્ઞાસુ જીવની વિચારદૃષ્ટિ જાગ્રત થાય, માટે પરમાર્થના લક્ષ્યપૂર્વક સન્ન્યાયથી કરવામાં આવતી હોય તો તે દર્શનચર્ચા સત્ય તત્ત્વગવેષક જિજ્ઞાસુને કંઈક *ઉપકારી થવાનો સંભવ છે, પણ મતાગ્રહની દૃષ્ટિએ તો તે ઊલટી અપકારી, હાનિકારક ને રાગદ્વેષનું કારણ થઇ પડે છે. અને 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ,' એ સૂત્ર પ્રમાણે પરમાર્થદૃષ્ટિથી તે તે દર્શનોના યથાર્થ 'દર્શન' માટે પણ

---

+ " परलोकप्रधानेन मध्यस्थेन तु धीमता ।
स्वशास्त्रज्ञाततत्त्वेन धर्मवाद उदाहृतः ॥ " —શ્રી અષ્ટક

પરલોકપ્રધાન, મધ્યસ્થ, બુદ્ધિમંત અને સ્વશાસ્ત્રના તત્ત્વના જાણ એવા પુરુષથી જે કરવામાં આવે તે ધર્મવાદ કહ્યો છે.

* " विजयेऽस्य फलं धर्मप्रतिपत्त्याद्यनिन्दितम् ।
आत्मनो मोहनाशश्च नियमात्तत्पराजयात् ॥ " —શ્રી અષ્ટક

'દિવ્ય નયન'ની જરૂર છે. મિથ્યાશાસ્ત્ર સમ્યગ્દૃષ્ટિને સમ્યક્પણે પરિણમે છે, અને સમ્યક્શાસ્ત્ર પણ મિથ્યાદૃષ્ટિને મિથ્યાપણે પરિણમે છે. શ્રી ગૌતમસ્વામીજીને મહાવીરદેવે સમ્યક્નેત્ર આપ્યાં ત્યારે વેદ પણ સમ્યક્પણે સમજાયા; માટે 'દૃષ્ટિ' સમ્યક્ જોઈએ. એટલે આત્માર્થીએ તો તેની પ્રાપ્તિ માટે જ સર્વાત્માથી પ્રવર્તવું જોઈએ.

માટે આત્માર્થીએ તો સર્વ પક્ષપાત છોડી દઈ, રાગ-દ્વેષ-મોહ પક્ષથી વર્જિતપણે આત્મામાં રઢ લગાડીને મંડી પડવું એટલું જ બસ કર્ત્તવ્ય છે.

**પક્ષપાત છોડી આત્મામાં મંડી પડો !**

એટલે આત્મ વસ્તુ શું છે? કેવી છે? તેનું સ્વરૂપ શું છે? એની આત્માનુભવથી આપોઆપ ખબર પડશે, ને પછી વિકલ્પ-જલ્પનો અવકાશ જ નહિં રહે. આમ જે આત્મધ્યાન કરે છે, તે ફરી આ વાદવિવાદમાં પડતો નથી, કારણ કે બીજું બધું વાગ્જાલ માત્ર છે, એમ તે જાણે છે, આ તત્ત્વ ચિત્તમાં લાવે છે.

"વળતું જગગુરુ ઇણિ પેરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વરજિત, આતમ શું રઢ મંડી.

મુનિસુવ્રત.

આતમધ્યાન ધરે જે કોઉ, સો ફિર ઈણમેં ના'વે;
વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે.

મુનિસુવ્રત."

**શ્રી આનંદઘનજી**

બાકી શુષ્ક તર્કવાદમાં જો પડી ગયા તો કાંઈ પત્તો

ખાય એમ નથી. એની ભૂલભૂલામણીમાં પડયા કે આત્માર્થ જ ભૂલાઈ જાય છે, અને આત્માર્થીને તેમ કર્યું પાલવે એમ નથી; કારણ પ્રેક્ષાવંતોનો પ્રયાસ અતીન્દ્રિય* અર્થની સિદ્ધિ અર્થે હોય છે અને તે અતીંદ્રિય અર્થ ક્વચિત્ પણ શુષ્કતર્કને ગોચર હોતો નથી; માટે તર્કવિચારથી દિવ્ય નયનની પ્રાપ્તિ આકાશકુસુમવત્ છે.

## ૩. ઇષ્ટ વસ્તુ કહેનારા 'દ્રષ્ટા' વિરલ હોઈ દિવ્ય નયન દુર્લભ

> 'અભિમત વસ્તુ વસ્તુગતે
> કહે રે તે વિરલા
> જગ જોય.'

વળી આ દર્શનવાદીઓમાં પણ, અભિમત-ઈષ્ટ વસ્તુ વસ્તુગતે-વસ્તુના યથાર્થ સ્વરૂપે કહે એવા જન તો જગત્માં વિરલા જણાય છે; કારણ કે વસ્તુનું યથાવત્ 'દર્શન' કર્યું હોય, સાક્ષાત્કાર કર્યો હોય, એવા 'પ્રાપ્ત' સંત જનનો જોગ જગત્માં પરમ દુર્લભ થઇ પડયો છે. વસ્તુની ખાલી પોકળ વાતો કરનારા ને તર્કવાદ વિસ્તારનારા શુષ્ક જ્ઞાનીઓ તો અનેક પડયા છે; પણ વસ્તુનું સાક્ષાત્ દર્શન પામેલા, દિવ્ય નયન પ્રાપ્ત સાચા અનુભવજ્ઞાનીઓનો જ જગત્માં દુકાળ છે. તેવા '**દ્રષ્ટા**' પુરુષ જ દિવ્ય દૃષ્ટિ આપી વસ્તુનું

* " अतीन्द्रियार्थसिद्धयर्थं यथालोचितकारिणाम् ।
प्रयासः शुष्कतर्कस्य न चासौ गोचरः क्वचित् ॥ "
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

સ્વરૂપદર્શન કરાવવાને સમર્થ હોય છે, એટલે તેવા 'પ્રાપ્ત' પુરુષ જ દિવ્ય દર્શનની પ્રાપ્તિમાં 'આપ્ત' છે, આત્માર્થીને પરમ વિશ્વાસ કરવા યોગ્ય છે. બાકી બીજાથી શું ?

**"તર્કવિચારે રે વાદ પરંપરા રે, પાર ન પ્હોંચે કોય;**
**અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે." ૪.**

**પથિક**—યોગિરાજ ! અભિમત વસ્તુ કહેનારા જગત્‌માં વિરલા છે એમ આપ કેમ કહો છો ? આ અભિમત વસ્તુની વાર્તા કરનારા તો જગત્‌માં આટલા બધા જનો જણાય છે, છતાં આપે 'વિરલા છે' એમ કહો છો તેથી આશ્ચર્ય થાય છે.

**યોગિરાજ**—હે ભદ્ર ! તું મ્હારો કહેવાનો આશય સમજ્યો નથી. વસ્તુને વસ્તુગતે અર્થાત્ વસ્તુનું જેમ સ્વરૂપ છે તેમ યથાર્થપણે—સમ્યક્‌પણે કહેનારા વિરલા છે એમ મારું કહેવું છે. અને તેવા પ્રકારે વસ્તુગતે પણ તે જ કહી શકે કે જેને વસ્તુના યથાર્થ સ્વરૂપનું સંવેદન થયું હોય—સાક્ષાત્ અનુભવન થયું હોય. એવા આત્માનુભવી 'દ્રષ્ટા' જ્ઞાની પુરુષ જ તે કહેવાને સમર્થ છે એમ આગળ પણ સ્પષ્ટ કહ્યું હતું. અને તથારૂપ જ્ઞાની તો વિરલા જ છે. બાકી પોતાને પોતાનું પણ ભાન નહિ છતાં—આત્મપ્રતીતિ નહિં છતાં, ઠેઠ સિદ્ધપદ સુધીના છડેચોક ઉપદેશ કરનારા, વ્યાસપીઠ પરથી મોટા મોટા વ્યાખ્યાનો કરનારા જગત્‌માં કંઈક પડયા છે ! અરે ! પોતાના

**આત્માનુભવી દૃષ્ટા વિરલ : ખાલી વાતો કરનારા વિપુલ**

આત્મસ્વરૂપની પણ અંતઃપ્રતીતિ નહિં છતાં, મોક્ષ સુધીની નિષ્ફળ વાતો કરનારાનો જગત્માં કાંઈ તોટો નથી. પણ લૌકિક માન લેવા ખાતર કે અન્ય હેતુએ તથારૂપ અંતઃપ્રતીતિ વિના-ભાવસ્પર્શ વિના અથવા સાચી તત્ત્વજિજ્ઞાસા વિના તેવી ખાલી વાતો કરવી તે તો માત્ર જ્ઞાનીનો દ્રોહ જ છે, અથવા કોઈ અપેક્ષાએ ×મહામૃષાવાદ જ છે, અસત્ય ભાષણ જ છે.

**પથિક**—મહાત્મન્ ! આપ એને મહામૃષાવાદ કેમ કહો છો ?

**યોગિરાજ**—અહો ભવ્ય ! આ સમજવા માટે એક જ દૃષ્ટાંત બસ થશે:—'**ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि**'—'સ્થાનથી, મૌનથી, ધ્યાનથી હું આત્માને વોસરાવું છું,' એવી પ્રતિજ્ઞા કાયોત્સર્ગ કરનાર લે છે. પણ તથારૂપ અર્થાલંબન ન હોય, અર્થાત્ તેવો કાયોત્સર્ગ ભાવ હૃદયને વિષે ન હોય, અથવા માત્ર શબ્દોચ્ચારરૂપ ભાવશૂન્ય તે ક્રિયા હોય, તો તે વચન બોલવું તે મૃષાવાદ જ છે, એમ શ્રી હરિભદ્રસૂરિજીએ યોગ-વિંશિકામાં* સ્પષ્ટ ભાખ્યું છે. આ ઉપરથી પરમાર્થ એ સમજવાનો છે કે-સમ્યગ્દૃષ્ટિ આદિ તથારૂપ ભાવ વિના તે

**મહામૃષાવાદનું ઉદાહરણઃ ઉત્સૂત્ર ભાષણ**

×"મુખથી જ્ઞાન કથે અને, છૂટ્યો ન અંતર મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ." **શ્રીમદ્ રાજચંદ્રજી.**

*"इहरा उ कायवासियपायं अहवा महामुसावाओ ।
ता अणुरूवाणं चिय कायव्वो एयविन्नासो ॥ "
(જુઓ) **હરિભદ્રાચાર્યજીકૃત યોગવિંશિકા.**

કાયોત્સર્ગ સંબંધી પ્રતિજ્ઞાવચનનું ઉચ્ચારણ અવિધિરૂપ હોઇ જેમ મિથ્યા છે, ખોટું છે, અપેક્ષાએ મહામૃષાવાદ જ છે, તેમ અત્રે પણ વસ્તુવિચારની બાબતમાં તત્ત્વથી તથારૂપ આત્મભાવ વિનાનો એક અક્ષર પણ ઉચ્ચારવો તે પણ અતથાવિધિ હોઈ મિથ્યા છે, ખોટો છે, મહામૃષાવાદ જ છે, અથવા તો એક પ્રકારનું ઉત્સૂત્ર ભાષણ જ છે; કારણ કે સૂત્ર પ્રમાણે ક્રિયા અર્થાત્ આત્મપરિણતિરૂપ આચરણ નહિં છતાં, વાણી, વિચાર અને વર્તનનો સુમેળ નહિં છતાં, આચાર, વિચાર ને ઉચ્ચારની એકવાક્યતા નહિ છતાં, તે વચનનું ઉચ્ચારણ તે સૂત્રના ભાવથી ઉન્મુખ હોઇ, જેમ ઉત્સૂત્ર †ભાષણ છે, તેમ અત્રે પણ સમજવાનું છે, અને આ જે ઉત્સૂત્ર ભાષણ છે તેના જેવું તો કોઈ પાપ નથી.

"પાપ નહિં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસો,
ધર્મ નહિં કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો.
ધાર તલવારની—" **શ્રી આનંદઘનજી**

## ૪. 'વસ્તુવિચારે રે દિવ્ય નયન તણો રે, 'વિરહ' પડયો નિરધાર'

**પથિક**—મહાત્મન્ ! સમ્યક્ સમજણ વિના વસ્તુની માત્ર વાતો કરનારા મિથ્યાભાષી ભાવશૂન્ય જનો તો જગત્માં

†"આલંબન કૂડા દેખાડે, મુગધ લોકને પાડે;
આણાભંગ તિલક તે કાળું, થાપે આપ નિલાડે રે......જિનજી !"
—શ્રી **યશોવિજયજી**કૃત સાડા ત્રણસો ગાથાનું સ્તવન.

ઘણાય છે, પણ વસ્તુને વસ્તુગતે કહેનારા પરિણત જ્ઞાની પુરુષો તો વિરલ જ છે, એ આ ઉપરથી મને સમજાયું. પણ આ વિરલ હોવાનું કારણ શું ?

**યોગિરાજ**—મહાનુભાવ ! એનું કારણ વસ્તુ વિચારની બાબતમાં દિવ્ય નયનનો 'વિરહ' પડયો છે, એ છે. એટલે

**વસ્તુ વિચારમાં દિવ્ય નયનનો 'વિરહ'**

દિવ્ય નયનની પ્રાપ્તિ વિના યથાર્થ વસ્તુવિચાર થતો નથી, સમ્યક્ તત્ત્વપરિજ્ઞાન થતું નથી. જેમ સમ્યગ્દૃષ્ટિ (ચક્ષુ) વિના બાહ્ય પદાર્થોનું યથાર્થ-સમ્યગ્ દર્શન થતું નથી, તેમ સમ્યગ્ યોગદૃષ્ટિ વિના આત્માદિ અતીન્દ્રિય પદાર્થનું સમ્યક્ સ્વરૂપદર્શન થતું નથી, આ નિશ્ચય છે. અને પરમાર્થરૂપ દિવ્ય નયનની-સમ્યગ્ યોગદૃષ્ટિની દુર્લભતા તો સર્વ કાળમાં છે. વિશેષે કરીને અતિ વિષમ એવા આ કરાલ કલિકાલમાં તો તેની અત્યંત દુર્લભતા વર્તે છે. એટલે પરમાર્થમાર્ગની ક્ષીણતારૂપ આ કાળને જ્ઞાની પુરુષોએ ×

× "જિનાગમમાં આ કાળને 'દુઃસમ' એવી સંજ્ઞા કહી છે, તે પ્રત્યક્ષ દેખાય છે, કેમકે દુસમ શબ્દનો અર્થ દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય એવો થાય છે. તે દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય તો એવો એક પરમાર્થમાર્ગ મુખ્યપણે કહી શકાય; અને તેવી સ્થિતિ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જો કે પરમાર્થમાર્ગનું દુલ્લભપણું તો સર્વ કાળને વિષે છે, પણ આવા કાળને વિષે તો વિશેષ કરીને કાળ પણ દુલ્લભપણાનાં કારણરૂપ છે."

—પરમતત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી.

' દુઃસમ ' એવું યથાર્થ નામ આપ્યું છે, તો પછી આવા પરમાર્થક્ષીણતારૂપ કાળમાં યથાર્થ વક્તા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષોની વિરલતા કેમ ન હોય ?

**પથિક**—યોગિરાજ ! જો આમ વસ્તુગતે વસ્તુ કહેનારા જગતમાં વિરલા છે, તો પછી વસ્તુનો સ્વયમેવ વિચાર કરતાં શું તેની પ્રાપ્તિ ન થાય ? વસ્તુસ્વરૂપનો પોતાની મેળે ઊહાપોહ કરતાં શું તે ન જણાય ?

**દિવ્ય નયન 'વિરહે' વસ્તુ વિચાર અસંભવ**

**યોગિરાજ**—અરે ! ભલા માણસ ! તું તો ભૂલકણો જ લાગે છે ! મેં હમણાંજ કહ્યું કે ' દિવ્ય નયન ' વિના આ કાંઈ બનવું સંભવતું નથી. એ દિવ્ય નયનના વિરહે ભલા ! વસ્તુનો યથાર્થ વિચાર પણ કેમ બને ? એ દિવ્ય નયન વિના ગમે તેટલા વિચાર કરો તો પણ પરમાર્થથી શૂન્ય જ છે. જ્યાંસુધી અલૌકિક યોગદૃષ્ટિરૂપ દિવ્ય નયન ઉન્મીલન પામ્યું નથી, ખુલ્યું નથી, ત્યાંસુધી ઓઘદૃષ્ટિએ, લૌકિક દૃષ્ટિએ, પ્રવાહપતિત ગતાનુગતિક દૃષ્ટિએ ગમે તેટલા સ્વચ્છંદ વિચાર કરવામાં આવે તો પણ મોટું મીંડું જ છે. એમ તો આ જીવે અનંતવાર આખા બ્રહ્માંડના પદાર્થ સંબંધી અનેક વિચાર કર્યા છે, પણ તે ઓઘદૃષ્ટિએ, યોગદૃષ્ટિએ નહિ. ખગોળ હો

" ભરતક્ષેત્ર માનવપણો રે, લીધો દુઃસમ કાલ;
જિન પૂરવધર વિરહથી રે, દુલહો સાધન ચાલો રે...ચંદ્રાનન જિન."
—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

કે ભૂગોળ હો, અર્થશાસ્ત્ર હો કે તર્કશાસ્ત્ર હો શિલ્પ હો કે કલા હો, વિજ્ઞાન હો કે અન્ય જ્ઞાન હો, ઇત્યાદિ ગમે તે હો, તે સર્વ વસ્તુ સંબંધી વિચાર કરવામાં આ જીવે બાકી નથી રાખી. પણ આ બધું છતાં તેણે એક મૂલભૂત કેન્દ્રસ્થ વસ્તુનો ભાગ્યે જ વિચાર કર્યો છે. હું પોતે કોણ છું ?× કયાંથી ઉત્પન્ન થયો છું ? મ્હારું ખરૂં સ્વરૂપ શું છે ?—એ મુખ્ય વસ્તુનો વિવેકપૂવર્ક શાંતભાવે વિચાર તેણે કદી કર્યો જણાતો નથી. એટલે એ આખા લોકને જાણવાની *ચેષ્ટા કરે છે, પણ દેહ—દેવળમાં સ્થિતિ કરતા પોતાના આત્માના સ્વરૂપને જાણવાની તમા કરતો નથી ! અને કરે છે તો લૌકિક દૃષ્ટિએ ! આમ તે પોતે પોતાને ભૂલી ગયો છે ને જગત્‌ને જાણવા બેઠો છે ! આનાથી તે મોટું અંધેર કયું ?+ એ સ્મૃતિમાં આવતાં વિવેકી વિચારવંતને

**બ્રહ્માંડ જાણ્યું, આત્મા ન જાણ્યો !**

---

×"હું કોણ છું ? ક્યાંથી થયો ?, શું સ્વરૂપ છે માહરું ખરૂં ?
કોના સંબંધી વળગણા છે ?, રાખું કે એ પરિહરું !
એના વિચાર વિવેકપૂર્વક, શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના, સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા."
—**શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત મોક્ષમાળા**, પાઠ ૬૭.

*"આદર્યો આચરણ લોક—ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબ વિણ, તેહવો કાર્ય તિણે કો ન સીધો.
તાર હો તાર પ્રભુ !" —**શ્રીમાન્ દેવચંદ્રજી.**

+"આપ આપકું ભૂલ ગયા, ઈન સે કયા અંધેર ?,
સુમર સુમર અબ હસત હેં, નહિં ભૂલેંગે ફેર."

તો પરમાર્થગંભીર હાસ્ય ઉપજે છે કે, જુઓ ! આને પોતાનું તો ભાન નથી ને વિશ્વનું જ્ઞાન મેળવવા નીકળ્યો છે !

આ ઉપરથી તાત્પર્ય એ છે કે—મુખ્ય પ્રયોજનભૂત વસ્તુના વિચાર વિનાના સર્વ વિચાર પરમાર્થથી અકિંચિત્કર છે–નિષ્ફળ છે તે મુખ્ય પ્રયોજનભૂત વસ્તુનો યથાર્થ વિચાર પણ દિવ્ય નયનના વિરહે ઉદ્ભવતો નથી; કારણ કે, કૃષિમાં જલ જેમ મુખ્ય હેતુ છે, તેમ તત્ત્વવિચારમાં પરમાર્થરૂપ દિવ્યદૃષ્ટિ એ જ મુખ્ય હેતુ છે. અને તે પરમાર્થદૃષ્ટિની પ્રાપ્તિ પણ ગુરુગમ આધીન છે; તે વિના તત્ત્વવિચાર સુધારસધારાનું પાન થાય કેમ ? અને દિવ્ય નયનની પ્રાપ્તિ પણ સંભવે કેમ ?

“ તત્ત્વવિચાર સુધારસ ધારા,
ગુરુગમ વિણુ કિમ પીજે રે ”—**શ્રી આનંદઘનજી**

“ વસ્તુવિચારે રે દિવ્ય નયન તણો રે,
વિરહ પડચો નિરધાર........ ”

છતાં આ દિવ્ય નયનની પ્રાપ્તિ વિનાનો કોઈ વિશિષ્ટ યોગશક્તિવાળો પણ જે જે વિચાર કરે છે તે પણ અસત્

---

“જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિં જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.”

—**શ્રીમદ્ રાજચંદ્રજી**

“ ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥ ”—**શ્રી અધ્યાત્મસાર**

**વિષમિશ્ર અન્ન સમો વાસિત બોધ વિચાર**

વાસાનાથી વાસિત હોઈ અસત્ કલ્પનારૂપ હોય છે; કારણ કે જ્યાં લગી આ પરમાર્થ દૃષ્ટિ સાંપડી નથી, ત્યાં લગી ×ભવાભિનંદીપણાને લીધે ગમે તેવો ક્ષયોપશમસંપન્ન પુરુષ પણ સમ્યક્ તત્ત્વવિચારને પામી શકતો નથી. તેવા પુરુષને જેમ જેમ મન-વચન કાયાના યોગબળનું તરતમપણું હોય છે, તેમ તેમ તેની વાસનાનું પણ તેવું તરતમપણું હોય છે. કોઇ અપરમાર્થદૃષ્ટિ એવા મહત્વાકાંક્ષી પુરુષના મન-વચન-કાયાની શક્તિનું પ્રબલપણું હોય, તો તેની લોકમાં મનાવા-પૂજાવા વગેરે અસત્ વાસનાનું પણ તેવું જ પ્રબલપણું પ્રાયે દૃશ્યમાન થાય છે. એટલે તેવા વિશિષ્ટ ક્ષયોપશમી જીવનો જે બોધ છે, તે પણ અસત્ વાસનાથી વાસિત હોઇ અસત્ જ હોય છે અને આમ અસત્ વાસના-વિષથી વાસિત એવો આ બોધ અસત્* પરિણામથી અનુવિદ્ધ હોઈ વિષમિશ્ર

---

× ભવાભિનંદી લક્ષણ—

"क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसंगतः ॥"—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

અર્થાત્—" લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યો જી, અફલ આરંભ અયાણ."
—શ્રી યશોવિજયજી.

* "इत्यसत्परिणामानुविद्धो बोधो न सुंदरः ।
तत्संगादेव नियमाद्विषसंपृक्तकान्नवत् ॥"—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

"અસત્ પરિણામિ ન બોધ ચારુ, જેવું વિષ સંપૃક્ત ન અન્ન સારૂં."
—શ્રી યોગદૃષ્ટિ કળશ (ડૉ. ભગવાનદાસ વિરચિત)

અન્નની જેમ અસુંદર જ હોય છે; અસત્ કલ્પનારૂપ હોઈ પરમાર્થથી અબોધસ્વરૂપ વા કુબોધસ્વરૂપ જ હોય છે.

## ૫. વાસિત બોધવાળા વિબુધો પાસેથી દિવ્ય નયનનો અસંભવ

**પથિક**—યોગિરાજ ! આમ સ્વયં વિચારથી જો વસ્તુનો પત્તો ખાય એમ નથી, અને દિવ્ય નયનની પ્રાપ્તિ અસુલભ છે, તો પછી આટલા બધા મોટા વિચારકો—તત્ત્વચિંતકો થઈ ગયા છે, આવા મહાબુદ્ધિશાળી પ્રખર વિદ્વાન્ પંડિતો થયા છે, તેઓએ જે વસ્તુનો વિચાર કર્યો છે, તેના અવલંબનથી શું આ વસ્તુવિચારની ઉત્પત્તિ ન થાય ? એઓએ આટલો બધો પરિશ્રમ કરી તત્ત્વસંશોધન કર્યું છે તેનો લાભ ઉઠાવવાથી દિવ્ય નયનની પ્રાપ્તિ ન થાય ?

**યોગિરાજ**—અહો ભદ્ર ! યથાર્થ સમ્યક્ બોધવાળા તત્ત્વચિંતકોના સદ્બોધ અવલંબનથી તત્ત્વવિચારની ઉત્પત્તિનો જરૂર સંભવ છે, સમ્યગ્ યોગદૃષ્ટિ-સંપન્ન સંતોના વચનામૃતથી દિવ્ય નયનની યોગ્યતાનો તથારૂપ આત્મલાભ થવાની અવશ્ય સંભાવના છે, પણ તેવા યથાર્થ બોધસંપન્ન સમ્યગ્દૃષ્ટિ તત્ત્વચિંતકો બહુ અલ્પ છે—વિરલ છે. બાકી સમ્યગ્દૃષ્ટિરૂપ દિવ્ય નયનથી રહિત તે તે સમર્થ તત્ત્વચિંતકોના—તત્ત્વવિચારકોના વિચારો પણ મધ્યસ્થપણે જોઈ જોઈને જોઇએ

> ‘તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર’

તો તેઓનો બોધ પ્રાયે અસત્ વાસનાથી વાસિત દેખાય છે, શુદ્ધ બોધ દેખાતો નથી. તે તે તત્ત્વચિંતકો મોટા યોગબળવાળા હતા એ ખરૂં, એમનું મન-વચન-કાયાનું સામર્થ્ય અદ્ભુત હતું એ ખરૂં, પણ તે સર્વ યોગ સામર્થ્ય રાગ-દ્વેષ-મોહરૂપ અસત્ વાસનાથી વાસિત હતું. એટલે તે વિષમિશ્રિત અન્ન સમાન થઈ પડયું. જો કોઈનામાં તેવું તેવું યોગબળ હતું, તો તેની સાથે સાથે વાસના-અહંકાર, મમકાર, માન, પૂજા, લૌકિક પ્રતિષ્ઠાદિની વિષ સમાન કામના-પણ તેવી જ તરતમ પ્રકારની હતી; જો મન-વચન-કાયાની ક્ષયોપશમ શક્તિ તેવી પ્રબળ હતી, તો વાસના પણ તેવી તરતમતાવાળી પ્રબળ હતી એટલે આવો અસત્ વાસનાવાસિત બધો બોધ અયથાર્થ હોઇ, યથાર્થ બોધની ઉત્પત્તિમાં શા ખપનો ? અને એવા અયથાર્થ-અસમ્યક્ બોધથી દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ કેમ થાય ?

**" તરતમ યોગે રે તરતમ વાસના રે,**
**વાસિત બોધ આધાર......**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે." ૫.**

**પથિક**—મહાત્મન્ ! આપે આ તરતમ યોગે તરતમ વાસના કહી તે ઉદાહરણથી સ્પષ્ટ સમજાવવા કૃપા કરો.

**યોગિરાજ**—ધારો કે કોઇનામાં વચનયોગ પ્રબળ છે, તો તે કવચિત્ તેના અહંકારને વશ થઇ વક્તાબાજીવડે વાચસ્પતિપણું દાખવી જન-મનરંજન કરવા પ્રયાસ કરે છે ! અથવા તો અભિમાનના અભિનિવેશમાં કે અસત્ તત્ત્વના કદાગ્રહમાં તે કવચિત્ પોતાની

**'તરતમ યોગે રે તરતમ વાસના રે'**

હોંશિયારી બતાવવા અસત્પ્રરૂપણા પણ કરે છે! અથવા ક્વચિત્ વાચાલતા દાખવી પરવંચનાર્થે ×વૈરાગ્યરંગ બતાવે છે અને જનરંજનાર્થે ધર્મોપદેશ કરે છે! અરે! પાણી જેવા વાણીના પ્રવાહમાં તણાતો તે પામર પ્રાણી, ચિંતામણિ કરતાં અધિક મૂલ્યવંતા ધર્મનું કાણી +કોડીના મૂલે વેચાણ કરતાં પણ આંચકો ખાતો નથી! વળી કોઇનામાં મનોયોગનું પ્રબલપણું હોય છે, તો તે ક્વચિત્ પોતાની બુદ્ધિમત્તાનું અભિમાન ધરાવતો રહી, પોતાની મતિની ચમત્કૃતિથી બીજાને આંજી નાંખવાનો પ્રયાસ કરવા તત્પર જણાય છે! પોતાના મતિક્ષયોપશમના અહંભાવથી—પાંડિત્યના ગર્વથી મંદમતિ જનોનો તિરસ્કાર કરી લોકૈષણાની આકાંક્ષા સેવતો રહી તે લોકારાધન કરવાનો પ્રયત્ન કરે છે! પોતાની બુદ્ધિના મિથ્યાભિમાનથી આવિષ્ટ થઈ અનેક વાર કુયુક્તિ પ્રયુક્ત કરવામાં પણ પોતાની કુશળતા માને છે!

---

× "वैराग्यरङ्गः परवञ्चनाय, धर्मोपदेशो जनरञ्जनाय ।
वादाय विद्याध्ययनं च मेऽभूत्, कियद् ब्रुवे हास्यकर स्वमीश ॥"

—શ્રી રત્નાકરપંચવિંશતિકા

"જન મનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ." —શ્રી ચિદાનંદજી

+"કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એહ જગ શૂલ રે......
સ્વામી સીમંધર! વિનતિ...

કલહકારી કદાગ્રહભર્યા, થાપતા આપણા બોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે...સ્વામી."

—શ્રી યશોવિજયજી કૃત સવાસો ગા. સ્ત૦

નિશ્ચયરૂપ પરમાર્થ સમજ્યા વિના, બહુ*શાસ્ત્રોનો શુકપાઠ કરી, કહેવાતો બહુશ્રુત બની, ચેલા–ચેલી મુંડી ઘણો શિષ્યપરિવાર એકઠો કરી, ઘણીવાર તે પ્રવચનનું પ્રત્યનીકપણું પણ આચરે છે ! જિનશાસનના નામે સ્વચ્છંદે વિચરી જિનશાસનના દુશ્મનનું કામ સારે છે ! પોતાના દૃષ્ટિરાગીઓનું જૂથ એકઠું કરી પોતાનું વર્ચસ્વ સ્થાપવા તે કવચિત્ નવા વાડા–ગચ્છ–સંપ્રદાયાદિ× વધારી પોતાના મિથ્યાભિમાન યુક્ત કદાગ્રહને પોષે છે ! મનાવા–પૂજાવાની તુચ્છ કામનાના કુગ્રહથી ગ્રસ્ત થઈ, પોતાની મનઃશક્તિનો ફાંકો રાખનારા તે સ્વચ્છંદી વંચક જીવ આત્મભાન ભૂલી આત્મશ્રેયથી વંચિત થાય છે !-ઇત્યાદિ અનેક પ્રકારે તરતમ યોગે તરતમ વાસનાના વિચિત્ર આવિષ્કારો દેખાય છે.

## ૬. કાળલબ્ધિની પ્રતીક્ષા અને પુરુષાર્થની સ્ફુરણા

પથિક—યોગિરાજ ! 'તરતમ યોગે રે તરતમ

*"જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુ શિષ્યે પરિવરિયો;
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચય ધરિયો...રે જિનજી!"
'નિજ ગણુ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તે ન રહે વ્રત પંચે."
— શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણસો ગા. સ્ત૦

×"કોઇ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મતકંદ રે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે...સ્વામી સીમંધર."
શ્રી યશોવિજયજી

"ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ !
આતમ ગુણુ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે." —શ્રી દેવચંદ્રજી

**વાસના'** એ આપના કથનની સત્યતા મને સમજાઈ. હવે મારા મનમાં સહેજે પ્રશ્ન થાય છે કે—ત્યારે શું દિવ્ય નયન પામવાનો કોઈ ઉપાય નહિં હોય? આપે નિષ્કારણ કરુણાથી પરમ કૃપા કરી મને આટલા બધા પરિશ્રમપૂર્વક વિસ્તારથી વિવેચીને સમજાવ્યું તેમ—જો અંધાનુગત અંધ ન્યાયે વર્તમાન આચાર્યાદિ પુરુષપરંપરા પાસેથી આ દિવ્ય નયનની પ્રાપ્તિનો સંભવ નથી, પારમાર્થિક ગુરુગમ વિના અગમ એવા આગમથી જો તે અલભ્ય છે, ઘાણીના બેલ જેવી વાદપરંપરાના અખાડારૂપ તર્કવાદથી જો તેનો કાંઈ પત્તો ખાય એમ નથી, ઈષ્ટ વસ્તુને વસ્તુગતે કહેનારા જનની વિરલતાને લીધે તે દિશામાંથી તેની પ્રાપ્તિ જો દુર્લભ દેખાય છે, વસ્તુવિચારની બાબતમાં દિવ્ય નયનનો વિરહ પડ્યો હોઈ એ રીતે પણ જો તેની પ્રાપ્તિ અસંભાવ્ય જણાય છે, અને તરતમ યોગે વાસનાની તરતમતાને લીધે વાસિત બોધવાળા પુરુષોના બોધથી જો તે દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ આકાશકુસુમવત્ જણાય છે,—તો પછી તે દિવ્ય નયનના પ્રાપ્તિ-વિષયમાં મુમુક્ષુએ શું કેવલ નિરાશ થવાનું જ રહ્યું? અને આમ જો દિવ્ય નયનની પ્રાપ્તિ અસુલભ છે, તો પછી તેના વિરહે દિવ્ય જિનમાર્ગના દર્શનની આશાનું પણ શું કોઈ કિરણ ન રહ્યું?

**તો પછી દિવ્ય નયનની પ્રાપ્તિ અંગે શું નિરાશા જ છે?**

**યોગિરાજ**—અહો ભદ્ર! સાચે સાચા જિજ્ઞાસુ મુમુક્ષુને નિરાશ થવાનું કોઈ પણ કારણ છે જ નહિં. હા, બાહ્ય

કાળલબ્ધિનું અવલંબન
એ જ મુમુક્ષુની આશા

દૃષ્ટિથી આ અધ્યાત્મપ્રધાન જિનમાર્ગનું દર્શન કરવા ઇચ્છનારને તો કેવળ નિરાશા જ સાંપડવા સર્જાયેલી છે. ચર્મચક્ષુથી આ દિવ્ય દર્શનનું દર્શન કરવા જનારને માટે તો આશાનું એક પણ કિરણ નથી, પણ આંતરૂ દૃષ્ટિથી આ અધ્યાત્મ માર્ગરૂપ પરમાર્થ દર્શનનું 'માર્ગણ'* કરવાની–સંશોધન કરવાની જેને સાચી અંતરંગ જિજ્ઞાસા જાગી છે, તત્ત્વપિપાસા ઉપજી છે, તેને તો અવશ્ય તથારૂપ દર્શનનો માર્ગ પણ મળી આવશે. પરંતુ તેમાં પણ ધીરજની બહુ બહુ જરૂર છે; કારણ કે 'ઉતાવળે આંબા પાકે નહિં' એ લોકોક્તિ અત્ર સાચી ઠરે છે. કોઇપણ કાર્યની સિદ્ધિ કાળપરિપાક વિના થતી નથી એ સનાતન નિયમ છે. એટલે તથારૂપ કાળલબ્ધિ જ્યાં સુધી પાકે નહિં ત્યાંસુધી નિરાશ થયા વિના ધીરજ ધરવી યોગ્ય છે એમ સમજી, સાચા મુમુક્ષુ ભક્તજન 'કાળલબ્ધિ પામી અમે અવશ્ય માર્ગનું દર્શન પામશું,' એ આશાના અવલંબને જીવે છે.

"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે;
એ આશા અવલંબ;

---

* " मग्गो मग्गो लोए भणंति सव्वेवि मग्गणारहिया ।
परमप्पमग्गणा जत्थ तम्मग्गो मुक्खमग्गुत्ति ॥ "
—શ્રી હરિભદ્રસૂરિકૃત સંબોધપ્રકરણ ૧-૪

અર્થાત્—લોકમાં માર્ગણા રહિત એવા સર્વેય 'માર્ગ' માર્ગ કહે છે, (પણ) જ્યાં પરમાત્મમાર્ગણા (અથવા આત્મમાર્ગણા) છે તે માર્ગ મોક્ષમાર્ગ છે.

**એ જન જીવે રે જિનજી ! જાણજો રે,**
**આનંદઘન મત અંબ !**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે ” ૬.**

**પથિક**—યોગિરાજ ! ત્યારે આમ કાળલબ્ધિ પાકયે જ જો કાર્યસિદ્ધિ થવાની છે, તો મુમુક્ષુએ શું કાળલબ્ધિની રાહ જોઇને હાથ જોડી બેસી રહેવું ? કાળલબ્ધિ એની મેળે પાકશે એમ આશાના લાડવા ખાધા કરી શું પાદપ્રસારિકા અવલંબીને પ્રમાદમાં પડ્યા રહેવું ?

**યોગિરાજ**—અહો ભવ્ય ! કાળલબ્ધિની પ્રતીક્ષા કરવાની છે, તેનો અર્થ એમ નથી કે હાથ જોડીને બેસી રહેવું કે પ્રમાદમાં પડ્યા રહેવું.

**કાળલબ્ધિ પરિપાક માટે પુરુષાર્થની સ્ફુરણા**

કારણ કે કાળલબ્ધિની પરિપકવતા પણ પુરુષાર્થ વિના થતી નથી. કાળલબ્ધિ કાંઇ એની મેળે પાકી જતી નથી, પણ તેને પકવવા માટે પુરુષ-પ્રયત્નની આવશ્યકતા છે. જેમ આંબો યોગ્ય ક્ષેત્રે વાવ્યા પછી જળસિંચન ઉપાયથી અમુક ફળાદિ પાક આપે છે, તેમ કાળલબ્ધિ પણ પુરુષકારરૂપ ઉપાયથી યથાયોગ્ય કાળે પરિપાક પામે છે; નહિં તો કોઇ કાળે પાકે નહિં. કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષકાર અને દૈવ—એ પાંચ ×સમવાય

---

× “ तहवि खलु जयंति जई धीरा मोक्खट्ठमुज्जुआ णिच्चं ।
अइयारच्चाएणं समुदयवादं पमाणंता ॥ ”
**—શ્રી યશોવિજયજીકૃત ઉપદેશરહસ્ય**

અર્થાત્—તથાપિ મોક્ષ અર્થે ઉદ્યત એવા ધીર યતિજનો, સમુદયવાદને પ્રમાણતા સતા, અતિચારત્યાગથી નિત્ય યત્ન કરે છે.

કારણના સંમિલનથી કાર્યસિદ્ધિ સાંપડે છે, એ સિદ્ધાંત વાર્તા પણ ઉક્ત કથનને પુષ્ટ કરે છે. શાસ્ત્રમાં કાળલબ્ધિ વગેરે કહેલ છે, તે જીવને ધીરજ ધરી નિરંતર પુરુષાર્થ કરવા માટે કહ્યા છે, નહિં કે પુરુષાર્થહીન થવા માટે. કારણ કે જ્ઞાનીનો ઉપદેશ સદા જીવને આત્મજાગ્રતિ રાખવા માટે અને અપ્રમત્ત પુરુષાર્થશીલતાની વૃદ્ધિ કરવા માટે જ હોય. માટે કાળલબ્ધિનો આશય સમજ્યા વિના, તેનું ખોટું આલંબન પકડી કોઈ પણ રીતે પુરુષાર્થહીન થવા યોગ્ય નથી, પણ જેમ બને તેમ જલ્દી કાળલબ્ધિનો પરિપાક થાય એવા સત્ય પુરુષાર્થરૂપ સદુપાયમાં આત્માર્થી મુમુક્ષુ જીવે 'રઢ લગાડી મંડી પડવું' યોગ્ય છે, બાકી બીજી કોઈ રીતે *ભવસ્થિતિ-કાળલબ્ધિ આદિના નામે-ખોટા આલંબન ગ્રહી લેશ પણ પ્રમાદીપણું સેવવા યોગ્ય નથી.

૭.

## દ્રવ્ય-ભાવ આજ્ઞા અને દિવ્ય જિનમાર્ગના અધિકારી

**પથિક**—મહાત્મન્! કાળલબ્ધિના પરિપાકનો સદુપાય શો ? તે કૃપા કરી સમજાવો.

---

* આ અંગે પરમ તત્ત્વદ્રષ્ટા સંતશિરોમણિ **શ્રીમદ્ રાજચંદ્રજીનું** પરમ પુરુષાર્થપ્રેરક ટંકોત્કીર્ણ વચનામૃત છે કે:—

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહિં આત્માર્થ."

**—શ્રી આત્મસિદ્ધિ.**

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય ! વીતરાગ સત્પુરુષની **આજ્ઞાનું અપ્રમત્તપણે આરાધન** એ જ એનો મુખ્ય ઉપાય છે; અને તે આજ્ઞાના બે પ્રકાર છે-**દ્રવ્ય** અને **ભાવ.** તે તે દ્રવ્ય-ભાવ આજ્ઞા-આરાધનનું જીવનું અધિકારીપણું જેમ જેમ વધે, તેમ તેમ કાળલબ્ધિનો પરિપાક નિકટ આવતો જાય છે.

**પથિક**—યોગિરાજ ! દ્રવ્ય-ભાવ આજ્ઞાનું અધિકારીપણું કોને હોય ? અને તે કેમ વધે ?

**યોગિરાજ**—ભદ્ર ! આ વિષય ઘણો મોટો છે, અને તેનો શાસ્ત્રમાં ઘણો વિસ્તાર કહ્યો છે, તો પણ સંક્ષેપમાં

**દ્રવ્ય-ભાવ આજ્ઞા : દ્રવ્યના પ્રધાન-અપ્રધાન બે પ્રકાર**

'દ્રવ્ય' શબ્દનો બે અર્થમાં પ્રયોગ થાય છે: (૧) એક તો +દ્રવ્ય એટલે **અપ્રધાન,** તથારૂપ ભાવવિહીન. જેમકે-આચાર્યમાં હોવા યોગ્ય શાસ્ત્રોક્ત ગુણથી રહિત હોય તે દ્રવ્યાચાર્ય કહેવાય; સાધુમાં હોવા યોગ્ય સાધુગુણથી રહિત હોય તે દ્રવ્ય સાધુ કહેવાય. દા. ત. અભવ્ય એવા **અંગારમર્દક** આચાર્ય. એટલે જ આવા ભાવ-ગુણવિહીન દ્રવ્યલિંગી વેષવિડંબક દ્રવ્યાચાર્યાદિને શાસ્ત્રમાં **ખોટા રૂપીઆની** ઉપમા આપી છે તે યથાર્થ છે. તેમજ ક્રિયાની બાબતમાં જોઈએ તો જે ક્રિયા યંત્રવત્ ક્રિયાજડપણે, અનુપયોગપણે,

---

+"एगो अप्पाहन्ने अण्णा पुण होइ भावजोग्गत्ते ।
पढमो गंठिगयागं बितियोऽपुणबंधगाइणं ॥" —ઉપદેશરહસ્ય

"अनुपयोगो द्रव्यम् ॥"

કંઈ પણ ભાવસ્ફુરણારૂપ અંતર્ભેદ વિના કરવામાં આવે છે, તે પણ અપ્રધાન દ્રવ્યનું ઉદાહરણ છે. (૨) દ્રવ્યનો **બીજો** અર્થ **ભાવજનન યોગ્યપણું** છે; જે દ્રવ્ય *ભાવનું કારણ થાય છે, જે દ્રવ્યથી ભાવ પ્રગટે છે, તે દ્રવ્યનો પ્રધાન એવો પ્રકાર છે દાખલા તરીકે—માટી છે તે દ્રવ્યઘટ છે, સુશ્રાવક છે તે દ્રવ્યસાધુ છે, સુસાધુ છે તે દ્રવ્યદેવ છે, ઈત્યાદિ. ભાવને ઉત્પન્ન કરનારું એવું આ **પ્રધાન દ્રવ્ય પ્રશસ્ત** હોઈ અત્ર પ્રસ્તુત છે; અપ્રધાન દ્રવ્ય અપ્રશસ્ત છે, કારણ કે જે પ્રધાનરૂપ દ્રવ્યક્રિયાથી ભાવની ઉત્પત્તિ થાય, તે જ આત્માર્થીને ઉપકારી છે; અને ×ભાવ એટલે આત્મભાવ, આત્મામાં તથારૂપ જ્ઞાનદર્શન ગુણનું પરિણમન, આત્મસ્વભાવપરિણતિ.

આમાં પ્રધાનરૂપ દ્રવ્ય આજ્ઞાનો અધિકાર તો **અપુનર્બંધકાદિ**÷ દશાવિશેષને પામેલા મુમુક્ષુઓને જ

---

*"દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ."
" નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્ય ક્ષેત્ર તિમ કાલ.
ભાવ ધર્મના હો હેતુપણે ભલા, ભાવ વિના સહુ આલ."

**—મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજી.**

×"દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી,
ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિઃકામોજી."
"આત્મભાવ તે ભાવ, દ્રવ્યપદ બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી."—**શ્રી દેવચંદ્રજી**

÷"एवे अहिगारिणो इह ण सेसा दव्वओ वि जं एसा ।
इयरीए जोग्गयाए सेसाण उ अप्पहाण त्ति ॥ "

**શ્રી હરિભદ્રાચાર્યજીકૃત પંચાશકશાસ્ત્ર.**

**અપુનર્બંધકાદિ જ દ્રવ્યભાવ આજ્ઞાના અધિકારી**

છે; કારણ કે તેવી પ્રધાનરૂપ દ્રવ્ય આજ્ઞા જ વિશિષ્ટ ભાવ ઉત્પન્ન કરવાને યોગ્ય એવી હોય છે. આ અપુનર્બંધકાદિ દશા પૂર્વે સકૃદ્-બંધકાદિને તો આ અપ્રધાનરૂપ છે; કારણ કે તે દ્રવ્ય આજ્ઞાનું પાલન પણ અનુપયોગપણે ક્રિયાજડપણે કરે છે. આમ દ્રવ્ય આજ્ઞાના મુખ્ય અધિકારી તો અપુનર્બંધકાદિ હોય અને ભાવઆજ્ઞા તો સમ્યગ્દૃષ્ટિ આદિને જ ઘટે છે, તે જ તેના અધિકારી છે. આ દ્રવ્ય-ભાવ આજ્ઞાના અધિકારીપણાની ઉત્તરોત્તર વૃદ્ધિ પણ સમ્યક્પણે આજ્ઞાપાલનથી હોય છે; માટે આજ્ઞા-આરાધનમાં અપ્રમાદ સેવવો એ જ કાળલબ્ધિની પરિપકવતાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે, એ આ ઉપરથી તને સુપ્રતીત થશે.

**પથિક**—મહાત્મન્ ! આ ઉપરથી તો અપુનર્બંધકાદિ ઉચ્ચ દશાવિશેષવાળા સંતજનો જ વાસ્તવિક રીતે આ દ્રવ્ય-ભાવ આજ્ઞાના અધિકારી હોઇ આ દિવ્ય જિનમાર્ગના અધિકારી છે એમ ફલિત થાય છે.

**યોગિરાજ**—અહો વિચક્ષણ ! હા, એમ જ છે આ અપુનર્બંધકાદિ પણ વ્યવહારથી આ દિવ્ય માર્ગના અધિકારી

---

અર્થાત—આ (અપુનર્બંધકાદિ) અહીં અધિકારીઓ છે, પણ બાકીના તો **દ્રવ્યથી** પણ અધિકારી નથી; કારણ કે આ દ્રવ્ય વંદના ઇતર-ભાવ વંદનાની યોગ્યતા સતે હોય છે. અપુનર્બંધકાદિથી શેષને તો દ્રવ્ય વંદના અપ્રધાન હોય છે.

ખરેખરા મુમુક્ષુ અપુનર્બંધકાદિ જ દિવ્ય જિનમાર્ગના અધિકારી

કહ્યા છે. પણ નિશ્ચયથી–પરમાર્થથી તો સમ્યગ્દૃષ્ટિ આદિ ભાવસંપન્ન જીવો જ અત્રે ખરેખરા મુખ્ય અધિકારી છે. કારણ કે 'दंसणमूलो धम्मो' * સમ્યગ્દર્શન એ ધર્મવૃક્ષનું મૂલ છે, એ મૂલ વિના ધર્મવૃક્ષ ઊગે જ નહિં. સર્વવિરતિ આદિ પણ સમ્યગ્દર્શન ભાવરૂપ મૂલ હોય તો જ વિરતિ છે,–નહિં તો ભાવથી અવિરતિ* જ છે. વ્રતને સમ્યક્ત્વમૂલ કહ્યા છે એનું આ જ રહસ્ય છે. સમ્યક્ત્વરૂપ મૂલ હોય તો જ વ્રત એ વ્રત છે; નહિં તો પરમાર્થથી અવ્રત જ છે. માટે પરમાર્થથી–નિશ્ચયથી આ દિવ્ય જિનમાર્ગના અધિકારીનો પ્રારંભ સમ્યગ્દૃષ્ટિથી જ થાય છે. ત્યાર પહેલાં જે અપુનર્બંધકાદિ ભાવવાળા, ઉત્તમ ગુણ–લક્ષણસંપન્ન, હળુકર્મી, મંદકષાયી, મંદવિષયી, અતીવ્રપરિણામી, અંતરંગ વૈરાગ્યવાસિત, સાચા માર્ગજિજ્ઞાસુ, તીવ્ર તત્ત્વપિપાસુ, ખરેખરા મુમુક્ષુ આત્માઓ છે, તે અનુક્રમે આ સમ્યગ્દૃષ્ટિ આદિ ભાવ પામવાની યોગ્યતાવાળા હોવાથી તેમને પણ અત્રે વ્યવહારથી

---

*"दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं ।
तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिव्वो ॥ "
શ્રી કુંદકુંદાચાર્યજીકૃત અષ્ટપ્રાભૃત.

*"गुणठाणावावारे एत्तो विरओ अविरओ णियमा ।
जह दहणो अदहंतो सत्तीए दाहगो चेव ॥
णियमा णत्थि चरित्तं कइया वि हु नाणदंसणविहूणं ।
तम्हा तम्मि ण संते असग्गहाईण अवगासो ॥ "—શ્રી ઉપદેશરહસ્ય

બાકી બીજા જિનમાર્ગબાહ્ય

અધિકારી કહ્યા છે; બાકી તેવા ગુણ–લક્ષણ વિનાના બીજા બધા× જનો–ગૃહસ્થો કે સાધુનામધારીઓ– જે બાહ્યદૃષ્ટિથી ક્રિયાજડપણે કે શુષ્કજ્ઞાનીપણે તે માર્ગે સ્વચ્છંદે વિચરતાં છતાં, 'અમે આ જિનમાર્ગમાં છીએ' એમ માને છે કે મનાવે છે, તે તો અત્ર અનધિકારી હોઇ કેવળ માર્ગબાહ્ય જ વર્ત્તે છે. અને આવા અનધિકારી જીવો આવા દિવ્ય માર્ગે વિચરવાનો ખોટો દાવો કરતા રહી, ખરી રીતે તો આને વગોવે છે, હાંસીપાત્ર કરાવે છે! અને પોતે માર્ગ પામ્યા છે એવી મિથ્યા ભ્રાંતિથી તે માર્ગભ્રષ્ટ વંચક જીવો આત્મવંચના અને પરવંચના કરે છે! આવા જીવો દ્રવ્યથી પણ આ માર્ગમાં વર્ત્તતા નથી, કારણ કે તેમની દ્રવ્ય–બાહ્ય ક્રિયા પણ અપ્રધાન, ઉપયોગશૂન્ય, જડતારૂપ ને આભાસમાત્ર હોય છે, તથારૂપ ભાવની ઉત્પાદક હોતી નથી, એટલે જ આવા જીવોને અત્ર અનધિકારી કહ્યા છે. માત્ર સમ્યગ્દૃષ્ટિ આદિ મુખ્યપણે અને અપુનર્બંધકાદિ ગૌણપણે આ દિવ્ય જિનમાર્ગના અધિકારી છે, એ જ તાત્પર્ય છે.

---

×"ण य अपुणबंधगाओ परेण इह जोग्गया वि जुत्त त्ति ।
ण य ण परेण वि एसा जमभव्वाणं पि णिद्दिट्ठा ॥"

—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત પંચાશકશાસ્ત્ર.

અર્થાત્—અપુનર્બંધકથી પર એવા સકૃત્બંધકાદિને અહીં–આજ્ઞામાં યોગ્યતા પણ યુક્ત નથી. એથી પર–સકૃત્બંધકાદિને પણ આ—અપ્રધાન દ્રવ્ય વંદના નથી એમ નથી, અર્થાત્ હોય છે જ, કારણ કે તે અપ્રધાન દ્રવ્ય વંદના તો અભવ્યોને પણ કહી છે.

## ૮.

## કાળલબ્ધિ આશાઅવલંબને મુમુક્ષુનું પરમાર્થજીવન

**પથિક**—મહાત્મન્! આ દિવ્ય માર્ગના દર્શન માટેનું દિવ્ય નયન પામવાની યોગ્યતા માટે પણ કેટલું બધું ઉચ્ચ અધિકારીપણું હોવું જોઈએ, તે આ ઉપરથી મ્હારા લક્ષમાં આવ્યું, અને આવા ઉચ્ચ અધિકારીને અનુક્રમે યથાયોગ્ય યોગ્યતાની વૃદ્ધિ થતાં કાળલબ્ધિ પાકયે માર્ગદર્શનની આશા કેમ સદોદિત રહે છે તે પણ આપના કૃપાપ્રસાદથી મ્હારા સમજવામાં આવ્યું.

**યોગિરાજ**—અહો ભવ્ય! સાચા મુમુક્ષુને—સાચા માર્ગજિજ્ઞાસુને કોઈ પણ પ્રકારે નિરાશ થવાનું કારણ નથી, કારણ કે જેમ જેમ તેનામાં આત્મગુણના પ્રગટપણારૂપ યોગ્યતાની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તે માર્ગસન્મુખ—માર્ગ સમીપ આવતો જાય છે, અને એમ કરતાં યોગ્યતાની

> 'કાળલબ્ધિ લહી
> પંથ નિહાળશું રે
> એ આશા અવલંબ'

યથાયોગ્ય વૃદ્ધિ થતાં કાળલબ્ધિનો પરિપાક થયે, દિવ્ય નયનને સાક્ષાત્ પામેલા સાચા સદ્‌ગુરુના યોગે તેને દિવ્ય નયનની પ્રાપ્તિ પણ થાય છે, અને તેના વડે કરીને તે અલૌકિક-લોકોત્તર એવા આ અધ્યાત્મપ્રધાન દિવ્ય જિનમાર્ગનું સમ્યગ્‌દર્શન કરવા ભાગ્યશાળી થાય છે, અને પછી આ પરમ ઉપકારી—પરમ કલ્યાણકારી જિનમાર્ગના યથાર્થ દર્શનપૂર્વક તે માર્ગે **સંવેગથી**—અત્યંત વેગથી સંચરતો રહી તે કૃતકૃત્યતા અનુભવે છે. આમ માત્ર એક મોક્ષની અભિલાષા

ધરનારો સાચો મુમુક્ષુ—તીવ્ર તત્ત્વપિપાસુ કદી પણ કોઈ પણ નિરાશાને ભજતો જ નથી; પણ કાળલબ્ધિને પ્રાપ્ત કરી **અજિત** જિન જેવા પરમ પુરુષસિંહો જે માર્ગે સંચર્યા છે એવો આ અનુપમ પરમોત્તમ દિવ્ય માર્ગ પામશું, એવી આશાના અવલંબને તે **સંયમરૂપ પરમાર્થ જીવનથી જીવે છે,** અને અધ્યાત્મગુણની× નિરંતર વૃદ્ધિ કરતો રહી **આનંદઘન**—દર્શનરૂપ આમ્રતરુ પાસેથી દિવ્ય અમૃતફળની સદાય આશા સેવે છે.

**પથિક**—યોગિરાજ ! હવે મને સ્પષ્ટ સમજાયું કે, સાચા માર્ગગવેષક મુમુક્ષુને નિરાશાનો લેશ પણ અવકાશ નથી, પરંતુ આશાનું પૂરેપૂરું કારણ છે.

**યોગિરાજ**—વિચક્ષણ ભવ્ય ! એમ જ છે, નિઃસંદેહ એમ જ છે. કારણ કે સાચા આત્મપુરુષાર્થશીલ અને આજ્ઞા-આરાધનમાં અપ્રમાદી એવા મુમુક્ષુને હૈયે ધીરજ છે કે કાળ-લબ્ધિ પરિપકવ થતાં મને અવશ્ય દિવ્ય નયનની પ્રાપ્તિ થશે, અને તેના પ્રકાશથી મને આ દિવ્ય જિનમાર્ગનું યથાર્થ દર્શન સાંપડશે. એટલે આવા સાચા ભાવિતાત્મા મુમુક્ષુ ભક્તજન પ્રભુને પ્રાર્થના કરતાં પણ સાચા અંતઃકરણથી ભાવે છે કેઃ—

હે ભગવન્ ! હું તેવા કાળની પ્રતીક્ષા કરી રહ્યો છું

---

× "जत्तो य अंतरंगा अज्झप्पज्झाणजोगओ जुत्ता ।
जं एसो च्चिय सारो सयलं म वि जोगसत्थंमि ॥"—**શ્રી ઉપદેશરહસ્ય**

અર્થાત્—અને યત્ન પણ **અધ્યાત્મ-ધ્યાનયોગથી અંતરંગ** એવો યુક્ત છે, કારણ કે આ અધ્યાત્મ-ધ્યાનયોગ સકલ યોગશાસ્ત્રમાં સાર છે.

કે—ક્યારે મ્હારી કાળલબ્ધિ પાકે ને મને દિવ્ય નયનની પ્રાપ્તિ થઈ ત્હારું દિવ્ય દર્શન સાંપડે ! અને તે પ્રાપ્તિ મને મોડા-વ્હેલી થશે જ એવી મને પૂરેપૂરી આશા છે; કારણ કે આંબાની ગોટલી યોગ્ય ભૂમિમાં વાવી છે, તો તેમાંથી

'એ જન જીવે રે
જિનજી! જાણજો રે,
આનંદઘન મત અંબ !'

કાળાંતરે આંબો અવશ્ય થશે. પણ તેમ થવામાં પણ અમુક વખત જશે, કાળપરિપાક થયે આંબો પાકશે, 'ઉતાવળે આંબા ન પાકે'. તેમ હે પ્રભુ ! ત્હારી ભક્તિરૂપ–પરમ પ્રીતિરૂપ યોગના બીજ મેં ચિત્ત–ભૂમિમાં વાવ્યા છે, તો મને ખાત્રી છે કે કાળાંતરે પણ તેના દિવ્ય નયનરૂપ ફળની મને અવશ્ય પ્રાપ્તિ થવી જ જોઇએ. હે પરમ કૃપાળુ દેવ ! ત્હારી પરમ પ્રીતિ–ભક્તિરૂપ ગોટલી શુદ્ધ ચિત્ત–ક્ષેત્રમાં વાવી છે, તો **આનંદઘન**રૂપ આંબો અવશ્ય કાળલબ્ધિ પામી પાકશે જ, એવો મને અખંડ નિશ્ચળ નિશ્ચય છે. અથવા હે **આનંદઘન** ભગવાન્ ! આપ પોતે આમ્રવૃક્ષરૂપ છો, પરમ નિષ્કારણ કરુણાશીલ પરમ ઉપકારી છો, શીતલ શાંતિદાયી છાયા આપો છો, ફલભારથી લચી રહેલા આપ આમ્રવૃક્ષ શું મને એકાદ ફળ નહિં આપો ? આપશો જ, એવો મને પરમ દૃઢ વિશ્વાસ છે, અભંગ આશા છે. હે જિનદેવ ! એ આશાને તાંતણે જ ટીંગાઇ રહી હું જીવી રહ્યો છું, એ આશાતંતુ જ મને જીવાડી રહ્યો છે. જો એ આશાતંતુનું અવલંબન ન હોત તો હું જીવત જ નહિં, મ્હારું ભાવમૃત્યુ જ થયું હોત ! પણ 'આશા અમર છે,' આખું જગત આશાએ જીવે છે, તેમ હું પણ મ્હારી તે એકની એક આશાએ જ જીવી રહ્યો છું, ને

મ્હારો 'આશાપૂરો' નાથ તે આશા પૂરશે, એમ મ્હારો દૃઢ આત્મવિશ્વાસ છે.

એમ કહી ભાવાવેશમાં આવી જઈ—

**"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે,**
**એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી ! જાણજો રે,**
**આનંદઘન મત અંબ !....**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે." ૬.**

—એવી ધૂન લલકારતા લલકારતા યોગિરાજ, પંથી સાથે ઊઠી, પોતાનો વ્હાલો પંથડો નિહાળતા નિહાળતા ચાલ્યા જાય છે ! તેમના દિવ્ય ઘેરા નિનાદના પડછંદા વાતાવરણમાં હજુ પણ તેવા ને તેવા તાજા સંભળાયા કરે છે !—જે સકર્ણ સહૃદય જનો સાંભળી દિવ્ય જિનમાર્ગનું દર્શન કરવા પ્રેરાય છે ! અને અંતરાત્માથી પોકારે છે—

**'જય આનંદઘન !'**

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

મહામુનીશ્વર મહર્ષિ શ્રી આનંદઘનજી પ્રણીત

તૃતીય શ્રી સંભવજિન સ્તવનનું

વિસ્તૃત વિવેચન


વિવેચક :-

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.

એમ. બી. બી. એસ.


[શ્રી આનંદઘનજીકૃત ત્રીજા સંભવજિન સ્તવનના વિવેચનરૂપ આ 'પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા' શીર્ષક લેખમાળા આ વિવેચકે શ્રી 'જૈન ધર્મ પ્રકાશ'માં (પુ. ૬૪ થી ૬૮, સં. ૨૦૦૪ થી ૨૦૦૮) લખી હતી. ત્યાં ક્રમશઃ બાવીશ લેખાંકોમાં છપાયેલી તે લેખમાળા અત્રે ગ્રંથાકારે રજૂ કરવામાં આવી છે.]

# મહર્ષિ શ્રી આનંદઘનજી પ્રણીત
# તૃતીય શ્રી સંભવ જિન સ્તવન

સંભવ દેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ...સં૦ ૧.

ભય ચંચલતા હો જે પરિણામની રે,
દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીયે રે,
દોષ અબોધ લખાવ...સંભવ દેવ૦ ૨.

ચરમાવર્ત હો ચરમ કરણ તથા રે,
ભવ પરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દ્રષ્ટિ ખુલે ભલી રે,
પ્રાપતિ પ્રવચન વાક...સંભવ દેવ૦ ૩.

પરિચય પાતક ઘાતક સાધુ શું રે,
અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે,
પરિશીલન નય હેત...સંભવ દેવ૦ ૪.

કારણ જોગે કારજ નીપજે રે,
એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે,
એ નિજ મત ઉનમાદ...સંભવ દેવ૦ ૫.

મુગધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ...સં. ૬.

卐

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

## (શ્રી સંભવ જિન સ્તવન–વિવેચન.)

[શ્રી **અજિત** જિન સ્તવનનું વિવેચન '**આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન**' એ લેખમાં સંવાદગર્ભિતપણે કરવામાં આવ્યું. હવે તેના જ અનુસંધાનમાં ક્રમપ્રાપ્ત **સંભવજિન** સ્તવન (**આનંદઘનજીકૃત**) સળંગ રીતે વિવેચવામાં આવે છે.]

### પ્રથમ પરિચ્છેદ :

### પ્રભુસેવનનો ભેદ : અભય અદ્વેષ અખેદ

આગલા સ્તવનમાં **શ્રી આનંદઘનજીએ**,—'કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ'—કાળલબ્ધિ પ્રાપ્ત કરીને અમે દિવ્ય જિનમાર્ગનું દર્શન કરશું, એવી આશાનું અવલંબન કર્યું. ત્યારે હવે મહા નિર્ગ્રંથ મુનીશ્વર **શ્રી આનંદઘનજીની** શુદ્ધ ચેતના જેને પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ પ્રગટ્યો છે, પ્રભુને જેણે 'પ્રિયતમ' માન્યા છે, તેને સહજ જિજ્ઞાસારૂપ પ્રશ્ન ઊઠે છે કે–તે કાળલબ્ધિનો પરિપાક ક્યારે અને કેવી રીતે થાય? તેની મુદત ક્યારે અને કેમ પાકે? તેનું તત્ત્વચિંતનાત્મક સમાધાન કરવા આશયથી મહર્ષિ **શ્રી આનંદઘનજી** પ્રકાશે છે:—

**સંભવ દેવ તે ધુર સેવો સવે રે,**
**લહી પ્રભુ સેવન ભેદ;**
**સેવન કારણ પહેલી ભૂમિકા રે,**
**અભય અદ્વેષ અખેદ. સંભવ૦ ૧**

**અર્થ**:—અહો ચેતન ! તમે સર્વેય સંભવ દેવને 'ધુરે'—સૌથી પ્રથમ સેવો ! અને સેવો તે પણ તે પ્રભુના સેવનનો ભેદ લઇને–પામીને–સમજીને સેવો ! એ સેવનના કારણની પહેલી ભૂમિકા અભય, અદ્વેષ અને અખેદ એ છે.

## વિવેચન

કોઈ પણ કાર્યની સિદ્ધિ એમ ને એમ તાબડતોબ થઈ જતી નથી, તે કાર્યસિદ્ધિના કારણરૂપ બીજ પહેલાં વાવવા પડે છે, પછી તેમાંથી અંકુર ફૂટી, છોડ બની, અનુક્રમે મોટું વૃક્ષ થઈ, સિદ્ધિરૂપ ફૂલ–ફલભારથી લચી પડે છે; તેમ જિનદર્શનરૂપ કાર્યની અથવા મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ માટે, તેના અમોઘ કારણરૂપ યોગ–બીજની ચિત્તભૂમિમાં વાવણી કરવી અતિ અતિ આવશ્યક છે,–કે જે અમોઘ–અવંધ્ય યોગબીજમાંથી ઉત્તમ યોગ–ભાવાંકુર પ્રગટી–ફૂટી નીકળી, અનુક્રમે મહાન્ મોક્ષવૃક્ષ ફુલીફાલી ફૂલ–ફૂલભારથી લચી પડે છે, અને સાક્ષાત્ જિનદર્શન અથવા નિર્વાણરૂપ પરમ અમૃતફળની પ્રાપ્તિ થાય છે.

**મોક્ષકાર્યની સિદ્ધિ માટે કારણરૂપ યોગબીજ**

અથવા કોઇ પ્રાસાદ ચણવો હોય, તો તે કાંઇ એમ ને એમ આકાશમાં અદ્ધર ઊભો થઇ જતો નથી, પણ પ્રથમ તો પ્રયત્નથી તેનો મજબૂત પાયો નાંખવો પડે છે, અને પછી તેના ઉપર ઉત્તરોત્તર ભૂમિકાનું સુદૃઢ નિર્માણ થતાં, આખી ઈમારત તૈયાર થાય છે. તેમ જિનદર્શન અથવા મોક્ષમાર્ગરૂપ ભવ્ય પ્રાસાદનું

**મોક્ષ પ્રાસાદનો યોગબીજરૂપ પાયો**

નિર્માણ કરવા માટે પ્રથમ તો આત્મપુરુષાર્થરૂપ મહાપ્રયત્નથી તેના પાયારૂપ–દૃઢ પીઠિકારૂપ યોગ–બીજનું પૂરણ કરવું પડે છે. અને પછી જ તેના ઉપર ઉત્તરોત્તર યોગભૂમિકાઓનું સુદૃઢ નિર્માણ કરવામાં આવતાં, સાંગોપાંગ મોક્ષમાર્ગરૂપ ભવ્ય પ્રાસાદ તૈયાર થઈ દિવ્ય જિનદર્શનનો સાક્ષાત્કાર થાય છે.

એટલા માટે જિનદર્શનની પ્રાપ્તિ ઈચ્છનારા અથવા મોક્ષફળની કામના રાખનારાં મુમુક્ષુ જીવે, તેના અમોઘ–અવંધ્ય કારણરૂપ મોક્ષસાધક ×યોગ–બીજનો ચિત્ત–ભૂમિમાં પ્રક્ષેપ કરવા યોગ્ય છે.

**પ્રભુ ભક્તિ એ ઉત્તમ યોગબીજ**

અને તે યોગ–બીજમાં સૌથી પ્રથમ અને સૌથી પ્રધાન એવું પરમ *યોગબીજ શ્રી જિનેશ્વરની ભક્તિ છે, કારણ કે વીતરાગ દશાને પામેલા શ્રી જિનેશ્વર ભગવાન રાગ–દ્વેષ–મોહાદિ સમસ્ત અંતરંગ શત્રુઓને જીતી લઈ, સકલ કર્મકટકનો પરાજય કરી, શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં બિરાજમાન થયેલા શુદ્ધ આત્મા છે; અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યથી યુક્ત એવા મુક્ત સિદ્ધ પરમાત્મા છે; એવા પરમ યોગી સાક્ષાત્ શુદ્ધ સ્વભાવમય મોક્ષને પામેલા સિદ્ધ આત્માને

---

×"करोति योगबीजाना–मुपादानमिह स्थितः ।
अवन्ध्यमोक्षहेतूनामिति योगविदो विदुः ॥ "—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

*"जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ॥ "—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

આદર્શસ્થાને સ્થાપી, તેની એકનિષ્ઠ આરાધના કરવી, તે મુખ્ય-પ્રધાન યોગબીજ થઈ પડે એમાં જરાય આશ્ચર્ય નથી.

એટલે મોક્ષફળના કામી એવા મુમુક્ષુ જીવે તે ભગવાનનું આરાધન-સેવન કરવા તત્પર થવું, તે પોતાના જ આત્મ-કલ્યાણની-આત્મહિતની વાત છે. એથી કરીને સૌથી પ્રથમ તે ભગવાનનું સેવન કરવા આત્માર્થી મુમુક્ષુએ સર્વાત્માથી પ્રવર્ત્તવું જોઇએ.

એટલા માટે જ મહાત્મા **આનંદઘનજી** કહે છે કે-હે સર્વ આત્મબંધુઓ! આ સંભવ દેવને તમે ધુરે-સૌથી પ્રથમ સેવો. '**સંભવ દેવ તે ધુર સેવો સવે રે.**'

આ ભગવાન્ સંભવ જિન આ અવસર્પિણી કાલના ત્રીજા જિનેશ્વર થઇ ગયા. તેઓએ રાગ-દ્વેષાદિ અરિદલનો સર્વથા સંહાર કરી, સકલ કર્મકલંકનો સંક્ષય કરી, શુદ્ધ સહજ આત્મ-સ્વરૂપને પ્રાપ્ત કર્યું હતું. અને દેહ છતાં દેહાતીત એવી પરમ ઉદાસીન

**જગત્ કલ્યાણકારી 'સંભવ' દેવ**

કાયોત્સર્ગ દશાએ શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં બિરાજમાન તે પ્રભુ નિષ્કારણ કરુણાથી આ જગતીતલ પર વિહાર કરી, જગત જનને પરમ કલ્યાણમાર્ગનો ઉપદેશ દેતા હતા, પરમાર્થમેઘની વૃષ્ટિ કરી પરમ શાંતિપ્રદ ધર્મામૃતનો પ્રવાહ વહાવતા હતા. એવા તે ભગવાન્ ખરેખર! '**સંભવ**' હતા, કારણ કે તેઓથી ઉત્તમ ધર્મ-તીર્થનો સંભવ-જન્મ થયો હતો.

અથવા તે ભગવાન્ '×**શંભવ**' હતા, કારણ કે શં એટલે આત્મશાંતિના તે ભવ-ઉત્પત્તિસ્થાન હતા. આમ સંભવ, શંભવ આદિ નામ જેને **યથાર્થપણે** ઘટે છે, એવા આ પ્રભુ દિવ્ય જ્ઞાનાદિ ઐશ્વર્યથી યુક્ત હોવાથી ખરેખરા 'દેવ' છે.

એવા આ પરમ ઉપકારી, પરમ કરુણાસિંધુ શ્રી **સંભવદેવને** તમે '**ધુરે**' સૌથી પ્રથમ, સૌથી પહેલું, પરમ પ્રધાન પદ આપીને સેવો, બીજા બધા કાર્ય કરતાં એને પહેલું સ્થાન આપીને સેવો. જગત્‌ના બીજા બધાં કામ પડતા મૂકી, આ પ્રભુની સેવા કરવારૂપ આત્માર્થનું કામ સૌથી પહેલું કરો. જગત્‌ના બીજા બધાં કામ તુચ્છ—અલ્પ ફળદાયી અને આ લોક પૂરતાં જ ઉપયોગી કે ઉપકારી છે. પણ આ પ્રભુસેવારૂપ ખરેખરું 'સ્વાર્થ' કાર્ય તો પરમ મોક્ષ ફલદાયી અને આ લોક—પરલોકમાં આત્માનું પરમ કલ્યાણકારી, પરમ ઉપકારી છે; માટે એ પ્રભુસેવાને પરમ ઉપાદેય ગણી, બીજા બધાં કાર્ય કરતાં એ પ્રત્યે અનંત અનંતગુણવિશિષ્ટ પરમ 'આદર' ધારણ કરી, તે સેવનકાર્યમાં પરમ પ્રીતિ—ભક્તિથી લાગી જાઓ ! લીન થઈ જાઓ ! તાત્પર્ય કે—જગત્‌ના અન્ય કોઇ પણ પદાર્થ

'સંભવ દેવ તે ધુર સેવો સવે રે'

---

× त्वं शम्भवः संभवतर्षरोगैः संतप्यमानस्य जनस्य लोके ।
आसीरिहाकस्मिक एव वैद्यो वैद्यो यथा नाथ रुजां प्रशान्त्यै ॥
अनित्यमत्राणमहंक्रियाभिः प्रसक्तमिथ्याध्यवसायदोषम् ।
इदं जगज्जन्मजरान्तकार्त्तं निरञ्जनां शान्तिमजीगमस्त्वं ।

—શ્રી સમંતભદ્રાચાર્યજીકૃત બૃહત્સ્વયંભૂસ્તોત્ર.

કરતાં અનંત અનંતગણા મહિમાવાન એવા આ પરમ **'અર્હત્'** પ્રભુને પરમ પૂજાના પાત્ર, પરમ પૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય અને પરમ સેવ્ય ગણી, તેની પૂજામાં, તેની આરાધનામાં, તેની ઉપાસનામાં, તેની સેવનામાં સૌથી પ્રથમ તત્પર થાઓ! હે સર્વ મુમુક્ષુ આત્મબંધુઓ! આ પરમ પ્રભુની સેવામાં લાગી જવા માટે હું તમને સર્વને પરમ પ્રેમથી આમંત્રણ કરૂં છું કે—**'સંભવ દેવ તે ધુર સેવો સવે રે.'**

અને તે સેવા કેવા પ્રકારે કરવી જોઇએ તે માટે આનંદઘનજી કહે છે કે—**'લહી પ્રભુ સેવન ભેદ'**—પ્રભુના સેવનનો ભેદ લહી—પામી—જાણી—સમજી તમે સર્વેય તે સ્વરૂપના સ્વામી એવા પ્રભુને સેવો! લૌકિક રીતે તો ઘણા જીવો આ પ્રભુને સેવે છે, ઉપરછલ્લી—બાહ્ય સ્થૂલ દૃષ્ટિથી આ પ્રભુની સેવા કરનારા ઘણા જીવો દૃષ્ટિગોચર થાય છે, પણ તેઓ માત્ર ઉપરટપકેથી સેવે છે—અંદરનો ભેદ પામ્યા વિના સેવે છે. પણ અમે જે કહેવા માગીએ છીએ તે તો અલૌકિક રીતે આ અલૌકિક પ્રભુને સેવવાની વાત કહેવા માગીએ છીએ, આ લોકોત્તર પ્રભુની સેવાનો અંતર્ગત ભેદ—રહસ્ય—મર્મ જાણીને—સમજીને સેવવાની વાત કહેવા માગીએ છીએ, આધ્યાત્મિક ગુણપ્રકાશરૂપ સેવાની વાત કહેવા માગીએ છીએ. આ લોકોત્તર દેવને ઘણા જીવો તેમનું સ્વરૂપ સમજ્યા વિના લૌકિક રીતથી સેવે છે, આ લોક—પરલોક સંબંધી લૌકિક ફલની આકાંક્ષાથી—આશાથી સેવે છે, અથવા ક્રોધ—માન—માયા +લોભ

**'લહી પ્રભુ સેવન ભેદ'**

+ દશ સંજ્ઞા—(૧) આહાર સંજ્ઞા, (૨) ભય સંજ્ઞા, (૩) મૈથુન

આદિ દશ સંજ્ઞા સહિતપણે સેવે છે. આમ અલૌકિક દેવની લૌકિક ફલકામનાથી લૌકિકપણે કરાતી સેવા તે શુદ્ધ સેવા નથી.

**શુદ્ધ સેવા*** તો (૧) પ્રભુ પ્રત્યે પરમ ઉપાદેય બુદ્ધિપૂર્વક, (૨) આહારાદિ દશ સંજ્ઞાના નિરોધ સહિત, (૩) આ લોક-પરલોક સંબંધી કામના રહિતપણે-નિષ્કામપણે કરવામાં આવે તો જ થાય. આવી જે સંશુદ્ધ સેવા છે, તે જ અત્રે યોગબીજરૂપ થઇ પડે છે.

ત્યારે જિજ્ઞાસુ જાણે પ્રશ્ન કરે છે કે તે સેવનનો ભેદ શું ? તે કૃપા કરીને કહો. તેનું સમાધાન કરતાં કહે છે—

**'સેવન કારણ પહેલી ભૂમિકા રે અભય અદ્વેષ અખેદ,'**

પ્રભુસેવનના કારણરૂપ પહેલી ભૂમિકા અભય, અદ્વેષ ને અખેદ છે, માટે તમે અભય, અદ્વેષ ને અખેદ પ્રાપ્ત કરી પ્રભુની સેવા કરો.

પ્રારંભમાં જ કહ્યું તેમ કોઈ પણ મકાન પાયા વિના ચણાય નહિં, પ્રથમ ભૂમિકા બંધાયા વિના ઉપલી ભૂમિકા બંધાય નહિં,—આ નિયમ છે. તેમ પ્રભુસેવારૂપ મહાપ્રાસાદનું ચણતર પણ તેનો પાયો પૂરાયા વિના થાય નહિં, તેની પ્રથમ ભૂમિકા બંધાયા વિના ઉપલી ભૂમિકા બંધાય નહિં.

**પ્રભુસેવા પ્રાસાદની પ્રથમ ભૂમિકા- 'અભય અદ્વેષ અખેદ'**

---

સંજ્ઞા, (૪) પરિગ્રહ સંજ્ઞા, (૫) ક્રોધ સંજ્ઞા, (૬) માન સંજ્ઞા, (૭) માયા સંજ્ઞા, (૮) લોભ સંજ્ઞા, (૯) ઓઘ સંજ્ઞા, (૧૦) લોક સંજ્ઞા. આમાંની કોઇ પણ સંજ્ઞા પ્રભુભક્તિ કરનારને ન હોવી જોઇએ, ભક્તિ સમયે ખાસ પ્રયત્નથી તે તે સંજ્ઞા વર્જવી જોઈએ.

* उपादेयधियात्यन्तं संज्ञाविष्कंभणान्वितम् ।
फलाभिसंधिरहितं संशुद्धं ह्येतदीदृशम् ॥—**શ્રીયોગદૃષ્ટિસમુચ્ચય.**

જો તે પ્રભુસેવારૂપ પ્રાસાદ બાંધવો હોય, તો પ્રથમ તેનો દૃઢ પીઠિકાબંધ બાંધવો જોઈએ, મજબૂત પાયો નાંખવો જોઈએ. તો જ તેનું સાનુબંધ ચણતર થયા કરે, તો જ તેની ઉપલી ભૂમિકાઓનું સર્જન થાય. નહિં તો '**मूलं नास्ति कुतो शाखा**' મૂળ નહિ તો શાખા ક્યાંથી હોય? નિરાધાર–નિરવલંબ મકાન કેમ ઊભું થાય? બીજ વિના ઝાડ કેમ થાય? માટે અહો ભવ્યજનો! પ્રભુભક્તિના કામી એવા મુમુક્ષુઓ! તમે પ્રભુસેવારૂપ અલૌકિક પ્રાસાદની દૃઢ ભૂમિકા બાંધો, મજબૂત પાયો નાંખો,–કે જેથી કરીને અનુબંધથી તે મહા દિવ્ય પ્રાસાદનું સાંગોપાંગ નિર્માણ સંપૂર્ણ કરી, તેના પર મુક્તિરૂપ કલશ ચઢાવી, વસ્તુસ્વરૂપની સિદ્ધિરૂપ 'વાસ્તુ' કરાવી, તે અનુપમ પ્રાસાદમાં નિરંતર નિવાસ કરવાનું પરમ સૌભાગ્ય તમે પ્રાપ્ત કરો!

અને તે પ્રથમ ભૂમિકા તો અભય, અદ્વેષ અને અખેદ છે, માટે આ ગુણત્રયી પ્રથમ પ્રાપ્ત કરી, તમે આ આત્મ-સ્વરૂપનું પ્રભુત્વ પામેલા પરમ પ્રભુને સેવો!

**॥ इति श्री संभवजिनस्तवने प्रथम गाथाविवरणम् ॥१॥**

# દ્વિતીય પરિચ્છેદ :

## અભય અદ્વેષ અખેદની વ્યાખ્યા

હવે—પ્રભુસેવાની પ્રથમ ભૂમિકારૂપ જે અભય, અદ્વેષ, અખેદ કહ્યા, તેનું સ્વરૂપ શું ? કે જે જાણીને અમે અભય, અદ્વેષ અને અખેદને ભજીએ. તે જિજ્ઞાસા પ્રશ્નનું સમાધાન કરવા માટે ભય, દ્વેષ અને ખેદની વ્યાખ્યા બતાવે છે, જેના ઉપરથી તેનાથી વિરુદ્ધ એવા અભય, અદ્વેષ, અખેદનું સ્વરૂપ સ્વયં સ્પષ્ટ થાય છેઃ—

**ભય ચંચળતા હો જે પરિણામની રે,**
**દ્વેષ અરોચક ભાવ;**
**ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીએ રે,**
**અદોષ બોધ લખાવ....સંભવદેવ૦ ૨**

**અર્થઃ**—પરિણામની ચંચળતા તે **ભય** છે, અરોચક ભાવ તે **દ્વેષ** છે, અને પ્રવૃત્તિ કરતાં થાકીએ તે **ખેદ** છે.— આ ત્રણે દોષ અબોધરૂપ—અજ્ઞાનરૂપ છે.

### વિવેચન

પરિણામની ચંચળતા—ધ્રૂજરાપણું, અસ્થિરપણું, કંપાયમાનપણું, સંક્ષોભપણું, તેનું નામ ‘ભય’ છે. જ્યારે ક્યારે ય પણ ક્યાં ય પણ કંઇ પણ ભય અથવા ભયનું કારણ ઉપસ્થિત થાય છે, ત્યારે અવશ્ય ચિત્તનું—ચિત્તપરિણામનું ચંચલપણું—કંપાયમાનપણું થાય છે. આ સર્વ કોઇનો સામાન્ય અનુભવ છે. એટલે જે કોઇ કારણથી ચિત્તનું ચંચલપણું

ઉપજે છે, તે સર્વ 'ભય'ની ગણનામાં આવે છે. આમ 'ભય' શબ્દનો અતિ વિશાલ અર્થમાં અત્ર પ્રયોગ છે. એટલે અત્રે સહજ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે ચિત્તચંચલતાના-ભયના મુખ્ય કારણ શું છે ?

૧.

## અભય : 'ભય ચંચલતા હો જે પરિણામની રે.'

આગલી કડીના વિવેચનમાં નિર્દેશવામાં આવ્યા હતા તે દશ સંજ્ઞાના પ્રકાર ભયના-ચિત્તચંચલતાના મુખ્ય કારણ છે, કારણ કે ક્રોધાદિ સંજ્ઞારૂપ કારણથી આત્મપરિણામનું સ્પંદન-સંક્ષોભ ઉપજે છે. અને તે જ ચિત્ત-ચાંચલ્યરૂપ 'ભય' છે, એટલે તે કારણોનો અભાવ તે અભય છે, એમ જાણી તે તે ભયકારણો ભક્તજને સૌથી પ્રથમ પ્રયત્નથી વર્જવા જોઈએ. જેમકે—

**આહારસંજ્ઞા**—પ્રભુભક્તિમાં એવી તલ્લીનતા-તન્મયતા થઈ જાય કે આહાર વગેરે પણ ભૂલાઈ જાય, ખાવાપીવાનું ભાન ન રહે. એવી પ્રભુભક્તિની ધૂન આ ભક્ત જોગીજનને લાગે.

'પિયુ પિયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમ મેહ.'
—શ્રી યશોવિજયજી.

**ભયસંજ્ઞા**—ભક્તિમાં તો ભયને જ ભય × લાગી તે

---

× 'भीताभयप्रदमनिन्दितमङ्घ्रिपद्मम्' — શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર.
'तस्याशु नाशमुपयाति भयं भियेव' —શ્રી ભક્તામર સ્તોત્ર.

ભાગી જાય ! દૂરથી જ પલાયન કરી જાય ! તો પછી પરમ સમર્થ એવા પરમાત્મા જેવાનું જેણે પરમ નિર્ભય ચરણ-શરણ ગ્રહ્યું છે, એવા ભક્તરાજને ભય શો ?

"ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ ?....વિમલજિન."

શ્રી આનંદઘનજી

'જસુ ભગતે નિરભય પદ લહીએ, તેહની સેવામાં થિર રહીએ.'

શ્રી દેવચંદ્રજી

**મૈથુનસંજ્ઞા**—તુચ્છ કામવિકારનો તો ભક્તિવેળાએ ઉદ્‌ભવ ઘટે જ નહિં; કારણ કે નિષ્કામ એવા પરમાત્માનું નામસ્મરણ પણ કામનો નાશ કરનારું છે.

'પરમાતમ પદ કામના, કામનાશન એહ.'
'જોતાં પણ જગીજંતુને, ન વધે વિષયવિરામ.'

શ્રી દેવચંદ્રજી

'જિહાં કામ ત્યાં રામ ના, રામ તિહાં નહિં કામ.'

**પરિગ્રહસંજ્ઞા**—પરિગ્રહની મૂર્ચ્છા, પરવસ્તુને પોતાની માનવારૂપ મમત્વબુદ્ધિ અત્રે દૂર થઈ જાય, કારણ કે પરવસ્તુ પ્રત્યેની-પુદ્‌ગલાદિ પ્રત્યેની પ્રીતિ છોડયા વિના પ્રભુ સાથે પ્રીતિ જોડાય નહિ. અને સાચો ભક્તજન તો પ્રભુને નિરંતર પ્રાર્થે કે-હે પરમકૃપાળુ દેવ ! આપ મને આ પરપરિણતિ રંગમાંથી ઉગારો ! આ પરવસ્તુની જાલમાંથી છોડાવો ! આવા પુરુષને ભક્તિકાર્યમાં પરિગ્રહ સાંભરે પણ શેનો ?

'એ પરપરિણતિ રંગથી રે, મુજને નાથ ઉગાર રે દયાલરાય !'
'પ્રીતિ અનંતી પરથકી, જે તોડે તે જોડે એહ.'

—શ્રી દેવચંદ્રજી

**ક્રોધસંજ્ઞા**—ક્રોધનો ઉદય અહીં હોય નહિં, કારણ કે ક્રોધ અને પરમ શાંત સુધારસમાં નિમજ્જનરૂપ ભક્તિને બને નહિં. પ્રશમરસનિમગ્ન પરમાત્માના દર્શનથી જ ક્રોધ શમી જાય, ને શાંત અમૃતરસમાં ઝીલે.

'અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય....વિમલજિન.'
—**શ્રી આનંદઘનજી**

'ઉપશમરસ ભરી, સર્વ જનશંકરી,
મૂર્ત્તિ જિનરાજની આજ ભેટી.'-**શ્રી દેવચંદ્રજી**

**માનસંજ્ઞા**—લૌકિક માન-મોટાઈની કે કીર્ત્તિ-પૂજા વગેરેની સ્પૃહા અહીં સંશુદ્ધ ભક્તિમાં ઘટે નહિં. જો લોકમાં મનાવા-પૂજાવાની કામનાએ તે કરવામાં આવે, અથવા હું કેવી ભક્તિ કરું છું, એવું અભિમાન ધરવામાં આવે, તો તે ચિંતામણિ રત્નને *કાણી કોડી જેવું કરી મૂકે છે; કારણ કે અમૂલ્ય એવા ઉત્તમ ભક્તિકર્તવ્યને ગૌણ કરી તે પામર, તુચ્છ, નિર્માલ્ય માનની પાછળ દોડે છે; એટલે કે પરમ મહત્ એવા ભક્તિ આદિ ધર્મકાર્યનું ખુલ્લું અપમાન કરી, આશાતના કરે છે, પણ સાચો ભક્તજન તો કેવલ એક આત્માર્થે જ—આત્મકલ્યાણને માટે જ પ્રભુભક્તિ કરે છે.

---

* साम्यं विना यस्य तपःक्रियादेर्निष्ठा प्रतिष्ठार्जनमात्र एव ।
स्वर्धेनुचिंतामणिकामकुंभान् करोत्यसौ काणकपर्दीमूल्यान् ॥
—**શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મોપનિષદ્.**

'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહિં પરમાર્થને, લેવા લૌકિક માન.'
**શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ**

**'भवाभिनन्दिनो लोपपंक्त्या धर्मक्रियामपि ।**
**महतो हीनदृष्ट्योच्चैर्दुरन्तां तद्विदो विदुः ॥'**
**—શ્રી યોગબિન્દુ, ૮૯**

**માયાસંજ્ઞા**—શુદ્ધ ભક્તિમાં માયા-કપટ ન હોય, બગલા ભગત જેવી કુટિલતા—માયાચાર ન હોય, દંભ ન હોય, પોતાના દોષના આચ્છાદનરૂપે—ઢાંકણરૂપે ધર્મનો ડોળ—ઢોંગીપણું ન હોય, દાંભિક છેતરપીંડીવાળી ઠગબાજી ન હોય, પોતાને ને પરને વંચવારૂપ આત્મવંચના ન હોય, 'હાથમાં માળા ને મનમાં લાળા' એવી વંચક વૃત્તિ ન હોય, ટીલાંટપકાં તાણી જગત્‌ને છેતરવાની ચાલબાજી ન હોય. સાચો ભક્તજન તો ચોકખા ચિત્તે, નિખાલસ સરલ હૃદયે, શુદ્ધ અન્તઃકરણથી, નિષ્કપટપણે, પ્રભુચરણ પ્રત્યે આત્માર્પણ કરવાની ભાવના ભાવે, ને તેમ કરવા પ્રવર્ત્તે.

'કપટ રહિત થઇ આતમઅરપણા રે, આનંદઘન પદ રેહ.'
**—શ્રી આનંદઘનજી**

"જ્યાંસુધી ચિત્તમાં બીજો ભાવ હોય ત્યાંસુધી તમારા સિવાય બીજામાં મારે કંઈ પણ ભાવ નથી એમ દેખાડીએ તો તે વૃથા જ છે અને કપટ છે; અને જ્યાંસુધી કપટ છે ત્યાં સુધી ભગવાનના ચરણમાં આત્માનું અપર્ણ ક્યાંથી થાય? જેથી સર્વ જગતના ભાવ પ્રત્યે વિરામ પમાડી, વૃત્તિને શુદ્ધ ચૈતન્યવાળી કરવાથી જ તે વૃત્તિમાં અન્યભાવ

રહ્યો ન હોવાથી શુદ્ધ કહેવાય અને તે નિષ્કપટ કહેવાય. એવી ચૈતન્યવૃત્તિ ભગવાનમાં લીન કરવામાં આવે તે જ આત્મઅર્પણતા કહેવાય. × × × જે પોતે બીજે સ્થળે લીન છે, તેના અર્પણ થયેલા બીજા જડ પદાર્થ ભગવાનમાં અર્પણ ક્યાંથી થઈ શકે ? માટે ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા એ જ આત્મઅર્પણતા છે. ”

**—શ્રીરાજચંદ્રજીકૃત ઋષભજિન સ્તવન વિવેચન.**

**લોભસંજ્ઞા**—મને આ ભક્તિ આદિથી આ સાંસારિક લાભ હો, એવી લોભવૃત્તિ–લાલચ સંશુદ્ધ અનુષ્ઠાનમાં ઘટે નહિં, કારણ કે જો એવા તુચ્છ ક્ષણિક નમાલા ફલની ઇચ્છા રાખે, તો તે અનંતગણું મોટું ફલ હારી જાય છે, ચિંતામણિ વેચી કાંકરો ખરીદે છે ! તે તો ભક્તિ નહિ પણ ભાડાયત જ છે ! પણ સાચો ભક્તજન તો તેવી કોઈપણ લોભરૂપ લાલચ રાખે જ નહિં, તે તો અનાસક્તપણે કોઈપણ ફળની આશા વિના ભક્તિ આદિ કર્ત્તવ્ય કર્યા કરે.

‘ **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** ’ —ગીતા.

‘ ભક્તિ નહિં તે તો ભાડાયત, જે સેવાફલ જાચે.’

**—શ્રી દેવચંદ્રજી**

**ઓઘસંજ્ઞા**—સામાન્ય, પ્રાકૃત જનપ્રવાહને અનુસરવા-રૂપ ગાડરીઆ પ્રવાહ જેવી વૃત્તિ અત્ર ન હોય, ગતાનુગતિકપણું ન હોય, આંધળાની પાછળ આંધળો દોડ્યો જાય એવું અંધશ્રદ્ધાળુપણું ન હોય, પરંતુ સાચી તત્ત્વ સમજણપૂર્વકની ભક્તિ હોય

'નિર્મળ તત્ત્વરુચિ થઇ રે, કરજો જિનપતિ ભક્તિ.''
—શ્રી દેવચંદ્રજી

**લોકસંજ્ઞા**—લોકને રીઝવવા માટે, લોકના રંજન-આરાધન અર્થે ક્રિયા કરવી તે લોકસંજ્ઞા છે. તેવી લોકસંજ્ઞા-લોકૈષણા આ શુદ્ધ ભક્તિ આદિમાં ઘટે નહિં, કારણ કે લોકૈષણારૂપ ***લોકપંક્તિ** અને લોકોત્તર એવું આત્મકલ્યાણ એ બેને કદી મળતી પાણ આવે નહિં. જો આત્માર્થ જોઇતો હોય તો માનાર્થ છોડવો જોઇએ, ને માનાર્થ જોઇતો હોય તો આત્માર્થ છોડવો જોઇએ. એક મ્યાનમાં જેમ બે તલવાર સમાય નહિં, 'ભસવું ને લોટ ફાકવો' એ બન્ને ક્રિયા જેમ સાથે બને નહિં, તેમ આત્માર્થ ને માનાર્થનો કદી મેળ ખાય નહિં. અને પરમાર્થ વિચારીએ તો આત્માર્થ પાસે લોકૈષણાનું મૂલ્ય બે બદામનું પણ નથી. તેમજ લોક પણ દુરારાધ્ય છે-રીઝવવો મુશ્કેલ છે, જે એક વાર પ્રશંસાના ફૂલ વેરે છે તે જ નિન્દાના ચાબખા મારે છે! માટે પ્રભુને રીઝવવા હોય, શુદ્ધ ભક્તિ કરવી હોય, તો લોકને રીઝવવાનો પ્રયાસ છોડી દેવો જોઇએ, લોકોત્તર દેવને લૌકિક ભાવથી ભજવાનો ત્યાગ કરવો જોઇએ. આમ સમજીને ભક્ત યોગી પુરુષ લોકસંજ્ઞાનો સ્પર્શ પણ કરતો નથી.

'જન મન રંજન ધર્મનું મૂલ ન એક બદામ.'
શ્રી ચિદાનંદજી

---

* "लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।
क्रियते सत्क्रिया सात्र लोकपंक्तिरुदाहृता ॥"
—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગબિંદુ.

'મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી,
લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઇરી,
તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈરી.'

શ્રી યશોવિજયજી

'આદર્યો આચરણ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઇ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબ વિણુ,
તેહવો કાર્ય તિણે કો ન સીધો.'

શ્રી દેવચંદ્રજી

"લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી."

"જગતને રૂડું દેખાડવા અનંત વાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી, કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે; એમ હું લઘુત્વભાવે સમજ્યો છઉં અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે."

—શ્રીમદ્ રાજચંદ્રજી.

આમ ચિત્તચંચલતાના કારણરૂપ આ દશ પ્રકારની સંજ્ઞાને ભક્તિવેળાયે થંભાવી દેવામાં આવે, નિરોધવામાં આવે, તો જ સંશુદ્ધ ભક્તિ થઈ ગણાય, અને તો જ ભક્તિકાર્યમાં પ્રથમ ભૂમિકારૂપ 'અભય'ની પ્રાપ્તિ થાય.

અને એટલા માટે જ,-જ્યાં ખાવાપીવાનું પણ ભૂલાઇ જાય, ભય ભાગી જાય, કામ નકામો થઇ પડે, મમતા મરી જાય, ક્રોધ શમી જાય, માનનું માન ન રહે, કપટનું કપટ

ચાલે નહિં, લોભનો લોભ થાય નહિં, અંધશ્રદ્ધા ટળીને સાચી સમજણ હોય, અને લોકની વાહવાહની બીલકુલ પરવા ન હોય,—એવી ચિત્તસંક્ષોભના કારણ રહિત, 'અભય' સંશુદ્ધ ભક્તિ જ સાચા જોગીજનો કરે છે.

**સપ્ત મહાભય રહિત અભયપણું**

વળી ઈહલોકભય, પરલોકભય, વેદનાભય, અશરણભય, અગુપ્તિભય, મરણભય, આકસ્મિકભય—એમ સાત પ્રકારના મહાભય જે વર્ણવવામાં આવ્યા છે, તે પણ ચિત્તચંચલતાના કારણરૂપ હોઈ ખરેખર 'ભય' છે, કારણ કે તે તે ભયને લીધે વ્યાકુલપણું રહે છે, અને તેથી ચિત્તચંચલતા—સકંપતા ઉપજે છે. એટલે ભક્તજને તે ભય પણ પ્રયત્નથી ટાળવા જોઈએ. જેમકે—આ લોકમાં પુત્ર પ્રતિબંધ, સ્ત્રી પ્રતિબંધ, ધન પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ આદિ કારણોને અંગે મોહને લીધે, આનું આમ અનિષ્ટ થઈ જશે તો? આ મારું ઇષ્ટ કોઇ હરી જશે તો? અગ્નિથી, જલથી વા અન્યથી મારી આ સંપત્તિનો નાશ થશે તો? આ કુટુંબની અપકીર્ત્તિ થશે તો? ઈત્યાદિ અનેક પ્રકારે આ લોક સંબંધી ચિંતારૂપ આર્ત્તધ્યાન આદિથી ચિત્તની ચંચલતા—સભયતા ઉપજે છે. તેવા પ્રકારની સભયતા પરમ નિર્ભય એવા અભયદાતા પ્રભુના શરણાર્થી સાચા ભક્તજનને ઘટે જ નહિં. તે તો પરમ નિર્ભયતા જ અનુભવે.

પરલોકમાં મારું શું થશે? એ સંબંધી કંઈ પણ ચિંતાનું કારણ ભક્ત જનને હોતું નથી, કારણ કે પ્રભુભક્તિથી મને અવશ્ય સુગતિની પ્રાપ્તિ થવાની છે એવો તેને નિશ્ચય

છે. જ્યાં પ્રભુના સ્વરૂપનું સંવેદન થાય છે ત્યાં વેદનાની સ્મૃતિ પણ કેમ થાય ? પ્રભુનું શરણ જેણે ગ્રહ્યું છે, તેને અશરણપણાની કે અગુપ્તિપણાની ભીતિ ક્યાંથી હોય ? પરમ અમૃત–પદદાતા પ્રભુને જે ભજે છે, તેને મૃત્યુનો કે અકસ્માતનો ભય શેનો રહે ?

"સપ્ત મહાભય ટાળતો રે, સપ્તમ જિનવર દેવ."—
**શ્રી આનંદઘનજી**

વળી એ જ પ્રકારે વિષયવિકારાદિ બીજા પણ જે જે ચિત્તચંચલતાના કારણ છે, તે પણ ભયસ્થાન હોઈ પ્રભુસેવા ઈચ્છનારે પ્રયત્નથી વર્જવા જોઈએ. જ્ઞાની મહાત્માઓએ પોકારીને કહ્યું છે કે–'મૂઢાત્મા× જ્યાં (વિષયાદિ પરવસ્તુમાં) વિશ્વસ્ત છે, તેનાથી બીજું આત્માનું ભયસ્થાન નથી; અને જ્યાંથી ભયભીત છે, તે પરમાત્મસ્વરૂપથી બીજું અભયસ્થાન નથી.'

**પરમ અભય પ્રભુના આશ્રયે અભય થવું.**

તાત્પર્ય કે–પ્રભુ સેવા ઈચ્છનાર ભક્તજને ચિત્તચંચલતાના સર્વ કારણ છોડી સૌથી પ્રથમ ચિત્તસ્થિરતા–અભયતા કેળવવી જોઈએ; પરમ અભયદાન-દાતા પ્રભુનો આશ્રય કરનારે સર્વ ભયનો પરિત્યાગ કરી પરમ નિર્ભય–અભય થવું જોઈએ. અને એમ થાય તો જ પ્રભુ સેવાની

× "मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद् भयास्पदं ।
यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ॥"
—શ્રી પૂજ્યપાદસ્વામીજીકૃત સમાધિશતક.

પ્રથમ ભૂમિકા દૃઢ થતાં મુક્તિસાધક ભક્તિમાર્ગે આગળ વધી શકાય. પરમતત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** અત્યંત માર્મિક સુભાષિત ભાખ્યું છે કે—

'બીજી સમજણ પછી કહીશ,
જ્યારે ચિત્ત સ્થિર થઈશ.'

## ૨.

## અદ્વેષ : 'દ્વેષ અરોચક ભાવ'

દ્વેષ એટલે અરોચક ભાવ. કાર્ય પ્રત્યે અરોચક ભાવ, અરુચિ, અણગમો, અભાવો તેનું નામ દ્વેષ. કોઈ પણ કાર્ય કરવું હોય, પણ તે પ્રત્યે અરુચિ–અભાવો હોય તો કેમ સિદ્ધ થાય? પરાણે પુણ્ય કેમ થાય? તેમ પ્રભુસેવા કરવી હોય, પણ તે પ્રત્યે અરુચિ–અભાવો હોય તો તે કેમ સધાય? તે તો મન વિનાનું મળવું ને ભીંત સાથે ભટકાવું–તેના જેવું થાય.

**ભોજનનું દૃષ્ટાંત**

ભોજન પર બેઠા હોઈએ, પણ ખાવાની રુચિ જ ન હોય, અભાવો જ હોય, તો ખવાય કેમ? ને ભાવે પણ કેમ? પરાણે કોળીઆ ઉતારીએ તો વમન થાય, કે અજીર્ણ થાય. તેમ પ્રભુભજનમાં બેઠા હોઈએ, પણ તે પ્રત્યે રુચિ જ ન હોય, અણગમો–અભાવો હોય, તો ખરૂં 'ભજન' થાય જ કેમ? ને ભાવ સ્ફુરે પણ કેમ? પરાણે–

કૃત્રિમપણે 'ભજન' કરવાની ચેષ્ટા કરીએ, તો દાંભિકપણારૂપ–ડોળઘાલુપણારૂપ–બગલાભગતપણારૂપ વમન થાય, અને દુષ્ટ મિથ્યાભિમાનરૂપ અજીર્ણ થાય.

પણ જો રુચિપૂર્વક–ભાવથી ભોજન કરીએ તો ભાવે, સરળતાથી ગળે ઉતરે, અને સારી રીતે રસ ઉત્પન્ન થઇ પાચન થાય, જરે અને પૌષ્ટિક રસ શરીરના પ્રતિઅંગને પુષ્ટ કરે. તેમ પ્રભુભક્તિરૂપ–ભજનરૂપ ભાવ ભોજન જો રુચિપૂર્વક–ભાવપૂર્વક કરીએ, તો ભાવની ઓર સ્ફુરણા થતી જાય ને સરલતાથી હૃદયમાં ઉતરે, અને સમ્યક્‌પણે રસ ઉત્પન્ન થઈ, પરિણત થાય, પાચન થાય, જરે અને પરમ પૌષ્ટિક ભક્તિરસ આત્માના પ્રદેશે પ્રદેશે પ્રસરી આત્મભાવની પરમ પુષ્ટિ થાય,–જેનો સહજ આવિષ્કાર ભક્તિ–રોમાંચસ્ફુરણ અને આનંદાશ્રુજલ આદિથી વ્યક્ત થાય; માટે રુચિપૂર્વક જો પ્રભુસેવા કરવામાં આવે, તો જ ભક્તિ અમૃતરસ આત્મપરિણામી થાય, નહિં તો પરાણે ધોંચપરોણા કરવા જેવું થાય.

અરોચકભાવ–દ્વેષવાળી જે ક્રિયા છે તે રાજવેઠ સમાન છે. પરાણે રાજાના આદેશથી વેઠે પકડીને જે રાજસેવા કરવામાં આવે છે, તેમાં મનનો ઉલ્લાસ ભાવ હોતો નથી, 'આ લપ ક્યાંથી આવી' એવો અણગમો હોય છે અને જેમ તેમ જલદી 'પતાવી' દેવાની ભાવના હોય છે. તેમ ખરી રુચિ વિના અથવા અરોચક ભાવથી જે પ્રભુસેવા કરાય છે તે પણ વેઠ જેવી થઇ પડે છે. લોકલજ્જાદિ

**રાજવેઠનું દૃષ્ટાંત**

કારણે કે પોતાનું લૌકિક માન જાળવી રાખવા ખાતર, કે ધર્મીપણાનો ખોટો દેખાવ કરવા ખાતર જે ક્રિયા કરવામાં આવે, તેમાં અંતરનો ઉલ્લાસભાવ હોતો નથી, આ વેઠ ક્યાંથી આવી ? એવો અભાવો હોય છે, અને જેમ તેમ જલદી ગડબડગોટો વાળી સેવા-પૂજા 'પતાવી' દેવાની-'લે તારો ભોગ ને મૂક મ્હારો કેડો'-એવી તુચ્છ ભાવના હોય છે.

**રોચકભાવથી પ્રભુભક્તિ**

પણ સાચા રોચક ભાવથી-રાજભક્તિભાવથી જે રાજસેવા કરવામાં આવે છે, તેમાં તો મનનો ઉલ્લાસભાવ હોય છે, અંતરનો ઉમળકો હોય છે, અને પોતાની ફરજરૂપ રાજધર્મ બરાબર નીમકહલાલીથી અદા કરવાની ભાવના હોય છે, અને તેથી રાજાની પ્રસન્નતાદિ ફળની પ્રાપ્તિ હોય છે. તેમ સાચા રોચક ભાવથી જે જિનેશ્વર મહારાજની ભક્તિ કરવામાં આવે છે, તેમાં તો અંતરનો ઉલ્લાસભાવ હોય છે, પ્રેમનો ઉમળકો હોય છે, ઊંચી હોંસ-ઉછરંગ હોય છે, અત્યંત ઉલટ હોય છે, અપૂર્વ ચિત્તપ્રસન્નતા હોય છે અને પોતાના અવશ્ય કર્ત્તવ્યરૂપ-**આવશ્યક** ધર્મરૂપ ભક્તિકર્ત્તવ્ય ઉત્તમ રીતે સુવિધિપણે સાધ્ય કરવાની ઉચ્ચ ભાવના હોય છે; અને આવા ઉત્તમ સુપાત્ર અવિરાધક આરાધક ભક્તજન પ્રત્યે ભગવાન્ '**સુસ્થિત**' મહારાજની પ્રસન્નતા-કૃપાદૃષ્ટિવૃષ્ટિ કેમ ન હોય ? જો કે નિષ્કારણ કરુણારસસાગર તે પ્રભુની કરુણા તો સર્વ જીવ પ્રત્યે સરખી જ છે, પણ અવિરાધક આરાધક જીવ પ્રત્યે જ તે સફળ થાય છે, અને તેના જ જન્મનું કૃતાર્થપણું-ધન્યપણું હોય છે.

"તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાજ !
પણ અવિરાધક જીવને રે, કારણ સફળો થાય....ચંદ્રાનન જિન !"
"જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ; જિનવર પૂજો.
જગતશરણ જિનચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ....જિનવર પૂજો."
—શ્રી દેવચંદ્રજી.

"શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો ! ભજીને ભગવંત ભવંત લહો."
—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી મોક્ષમાળા

**પ્રભુના અદ્ભુત ગુણગણ પ્રત્યે ગુણરુચિ**

અને સાચો જે ભક્તજન હોય છે તેને તો પ્રભુ પ્રત્યે દ્વેષ—અરોચકભાવ હોવાની વાત તો દૂર રહો, પણ પરમ અદ્વેષ જ હોય છે, પરમ રોચકભાવ જ હોય છે; કારણ કે પ્રભુના અનન્ય ગુણગણથી રીઝી તેને તેમના પ્રત્યે પરમ પ્રીતિ ઉપજી છે, પરમ રુચિ જાગી છે, અને પ્રભુની આ અનન્યસદૃશ ગુણસમૃદ્ધિ તેને એટલી બધી ગમી ગઈ છે કે આવી ગુણસંપત્તિ મને હોય તો કેવું સારું ! એવી સ્પૃહારૂપ રુચિ તેને ઉપજી છે. જેમ કોઈ દરિદ્ર ગ્રામ્યજન મહાધનાઢ્ય શ્રીમાન્ ઐશ્વર્યસંપન્ન નગરનિવાસીને ભાળી આશ્ચર્ય પામી, મને પણ આવી સંપત્તિ હોય તો કેવું સારું એમ ભાવે છે; તેમ આત્મગુણ-ધનમાં દરિદ્ર એવા પ્રાથમિક આદિ અવસ્થામાં વર્તતા ભવ્ય જીવને પરમ શ્રીમાન્ પરમૈશ્વર્યસંપન્ન મુક્તિનગર-નિવાસી પ્રભુની અદ્ભુત જ્ઞાનાદિ અનંત અપાર સંપદા સાંભળતાં, તેના પ્રત્યે પરમ રુચિ, 'ગમો,' સ્પૃહા ઉપજે છે કે અહો ! આવી

અદ્‌ભુત જ્ઞાનાદિ ગુણસંપદા મને હોય તો કેવું સારું ! આ સ્વરૂપના સ્વામી આનંદઘન પ્રભુના પરમાનંદને લાભ મને પ્રાપ્ત થાય તો કેવું સારું !

"જ્ઞાનાદિક ગુણ સંપદા રે, તુજ અનંત અપાર;
તે સાંભળતાં ઉપની રે, રુચિ તિણે પાર ઉતાર.
અજિતજિન ! તારજ્યો દીનદયાળ !" **શ્રી દેવચંદ્રજી**

"અહો ! આ બહુ સુખી છે. એને ભય પણ નથી. શોક પણ નથી. હાસ્ય પણ નથી. વૃદ્ધતા નથી રોગ નથી. આધિયે નથી. વ્યાધિયે નથી, ઉપાધિયે નથી. એ બધુંય નથી. પણ × × × અનંત અનંત સચ્ચિદાનંદ સિદ્ધિથી તેઓ પૂર્ણ છે. આપણને એવા થવું છે."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક **૧૫**

અને આવી રુચિ તેને ઉપજે છે, એટલે પછી તે પોતાનું પરમાનંદમય નિજ સ્વરૂપ પ્રગટ થાય એટલા માટે તે શ્રીમદ્ જિનેશ્વર ભગવાનને નિરંતર પોતાના પરમ પૂજ્ય આદર્શ સ્થાને સ્થાપી—સુપ્રતિષ્ઠિત કરી, તેને પરમ આરાધ્ય, સાધ્ય, ઉપાસ્ય, સેવ્ય માની, પરમ રુચિપૂર્વક તેની આરાધનામાં—સાધનામાં—ઉપાસનામાં—સેવનામાં એકનિષ્ઠ થઇ, તેમની પરમ ઉત્સાહથી ભક્તિ કરે છે, પરમ આત્મોલ્લાસથી આરાધના કરે છે, પ્રભુ 'ચરણ'ની ભાવસેવા કરે છે. આમ જેમ જેમ રુચિ વધે છે તેમ તેમ તે રુચિને અનુસરતું આત્મવીર્ય પ્રવર્ત્તે છે, અને તે 'રુચિ—અનુયાયી વીર્ય ચરણધારા સધે' છે,—આત્મચારિત્રની અખંડ ધારા સાધે છે.

**રુચિથી પ્રવૃત્તિ**

"ઓળખતાં બહુમાન સહિત રુચિ વધે....હો લાલ

રુચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે....હો લાલ.
દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો....હો લાલ."
—શ્રી દેવચંદ્રજી.

આમ માત્ર સાચી રુચિ–ઇચ્છા–રોચકભાવ ઉપજતાં કેટલું બધું કલ્યાણ થાય છે! 'Where there is a will, there is a way'. એટલા માટે જ સાચી નિર્દંભ–નિર્વ્યાજ ઇચ્છા, રુચિ, રોચક ભાવ જ્યાં પ્રધાન છે, એવા **ઇચ્છાયોગને** સર્વ યોગમાં પ્રથમ યોગ કહ્યો છે, મોક્ષહેતુ યોગના પાયારૂપ–પ્રથમ ભૂમિકારૂપ કહ્યો છે; કારણ કે આ સાચા (Genuine, Real) ઇચ્છાયોગ વિના આ યોગરૂપ મોક્ષમાર્ગે આગળ વધાય જ નહિં. પરમ યોગીશ્વર જિનનું સ્વરૂપ સૌથી પ્રથમ ઇચ્છે, રુચે, તો જ તેને આરાધવા પ્રવર્ત્તે. અને જે 'જોગીજન' છે, તે તો તે 'અનંતસુખસ્વરૂપ' શ્રી જિનપદને ઇચ્છે જ છે, અને અતિશય ભક્તિ સહિત તેના ચરણની ઉપાસના કરે જ છે.

ઇચ્છાયોગ

"ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ.
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત."
—શ્રીમદ્ રાજચંદ્રજી.

તાત્પર્ય કે–પ્રભુસેવા કરવા ઇચ્છનારે પ્રથમ અદ્વેષ–અરોચક ભાવનો અભાવ–રોચકભાવ અવશ્ય પ્રાપ્ત કરવો જ જોઇએ; તો જ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થાય.

**અદ્વેષ એટલે મૈત્રી ભાવના**

અથવા દ્વેષ એટલે અરોચક ભાવ, એ વ્યાખ્યા બે બીજી રીતે ઘટાવીએ, તો જગત્‌માં કોઇ પણ જીવ પ્રત્યે દ્વેષ ઉપજવો, મત્સર થવો, અરોચક ભાવ—અણગમો થવો તે દ્વેષ છે. અને તેથી વિપરીતપણે,—જગત્‌માં કોઇ પણ જીવ પ્રત્યે દ્વેષ ન ઉપજવો, મત્સર ન થવો, અરોચક ભાવ—અણગમો—અભાવો ન ઉપજવો, પરંતુ ભૂતમાત્ર પ્રત્યે 'મૈત્રી' ભાવ થવો તેનું નામ અદ્વેષ છે. એટલે પ્રભુની જે 'સેવા' કરવા ઇચ્છે છે, તેને તો કદી પણ કોઇ પણ જગજ્જંતુ પ્રત્યે દ્વેષ, મત્સર, અરોચક ભાવ, અણગમો હોય જ નહિં, પરંતુ ભૂતમાત્ર પ્રત્યે કેવળ અદ્વેષ, અમત્સર, રોચક ભાવ, ગમો, પ્રેમભાવ, મૈત્રીભાવ જ હોય, કારણ કે ભગવાન પોતે જગજ્જંતુ માત્રના પરમ મિત્ર, પરમ વિશ્વબંધુ છે.

**સમસ્ત જગત પ્રત્યે મૈત્રી ત્યાં પ્રથમ 'મિત્રા' દૃષ્ટિ**

એટલે તેની ભક્તિ ઇચ્છનારે સમસ્ત જગજ્જીવો પ્રત્યે અદ્વેષ—મૈત્રીભાવ જ ભાવવો જોઇએ, સમસ્ત જગત પ્રત્યે નિર્વૈર બુદ્ધિ જ કેળવવી જોઇએ, વિશ્વવત્સલ થવું જોઇએ. આ મૈત્રી ભાવના હોય તો જ અધ્યાત્મમાં પ્રવેશ થઇ શકે, તો જ તે આ અધ્યાત્મમય પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પામી શકે; કારણ કે પ્રભુની ×આજ્ઞાનું પાલન

---

× " यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि ।"

—શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટક.

એ જ એની મોટામાં મોટી સેવા છે, અને સર્વ પ્રાણી પ્રત્યે અદ્વેષ–મૈત્રીભાવ* રાખવો એ પ્રભુની આજ્ઞા છે. એ આજ્ઞાનું ઉલ્લંઘન કરી, કોઈપણ જીવ પ્રત્યે દ્વેષભાવ રાખી જો કોઈ પ્રભુસેવા–ભક્તિ કરવા ધારે, તો તે વિડંબના માત્ર જ થઈ પડે. પ્રભુસેવાનો પ્રથમ અધિકાર પામવા માટે તો ભૂતમાત્ર પ્રત્યે અદ્વેષપરિણામી–મૈત્રીભાવનાભાવિત જ થવું જોઈએ. અને એવી મૈત્રી ભાવનાથી જે ભાવિતાત્મા હોય છે, તે જ યથાયોગ્યતા પામી યોગની યથાર્થાભિધાના '**મિત્રા**' **દૃષ્ટિ** પામે છે; અને આ મિત્રા દૃષ્ટિમાં જ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થાય છે, કારણ કે જ્યારે 'મિત્રા'–યોગની પ્રથમ દૃષ્ટિ ખુલે છે ત્યારે '**અદ્વેષ**' નામનો આ પ્રથમ ગુણ પ્રગટે છે, એમ **યોગદૃષ્ટિસમુચ્ચયકાર શ્રી હરિભદ્રાચાર્યજી** કહે છે.

અને અત્રે આ અદ્વેષગુણ પ્રગટે છે, તેથી કરીને પોતે દેવ–ગુરુ–ધર્મકાર્યમાં પ્રવર્તતો હોય, પણ બીજો કોઈ તેમાં

**અદ્વેષ ગુણ**

પ્રવર્તતો ન હોય, તો તેવા જીવ પ્રત્યે તેને દ્વેષ–મત્સર હોતો નથી, તિરસ્કાર હોતો નથી, અસહિષ્ણુતા હોતી નથી, પણ મધ્યસ્થ ઉપેક્ષાવૃત્તિ હોય છે. જો કે હજુ અહીં તેવા પ્રકારનું તત્ત્વજાણપણું નથી, એટલે માત્સર્ય–દ્વેષનું બીજ નાશ પામ્યું નથી, સત્તામાં છે, તો પણ તે મત્સર–બીજનો અંકુરો–ફણગો ફૂટતો નથી, ઉદય થતો નથી, દબાઈ રહે છે; કારણ કે અહીં જીવનું ચિત્ત તો તત્ત્વ અનુષ્ઠાનનો

---

* "खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ॥"—શ્રી વંદિત્તા સૂત્ર.

આશ્રય કરી સત્કર્મમાં લાગ્યું રહે છે, તે પોતે પોતાના કાર્યમાં સાવધાન-મશગૂલ રહે છે; 'સબ સબકી સંભાળીએ, મૈં મેરી ફોડતા હું', એમ સમજી તે પોતે પોતાની સંભાળે છે, એટલે તેને પારકી પંચાતનો-ચિંતાનો અવકાશ રહેતો નથી; અને જો રહેતો હોય તો તેને બીજા પ્રત્યે દ્વેષ, મત્સર કે તિરસ્કાર તો ઉપજતો જ નથી, પણ ઊલટો કંઈક કરુણાભાવ સ્ફુરે છે કે અરે ! આ બિચારા જીવો સન્માર્ગને પામતા નથી, તેથી અનંત દુખપરંપરાને પામશે,-એમ તેને 'પરદુ:ખછેદન ઇચ્છા' રૂપ 'કરુણા' ઉપજે છે.

અથવા દ્વેષ એટલે અરોચક ભાવ, અરુચિ, અણગમો. તેનો અભાવ તે અદ્વેષ. સદ્દેવ, સદ્ધર્મ, સન્માર્ગ આદિ પ્રત્યે કદાચ રોચક ભાવ ન હોય, તોપણ દ્વેષ-અરોચક ભાવનો અભાવ હોવો તે પણ નકારાત્મક પ્રકારનો (Negative virtue) એક મોટો ગુણ છે. એવો મધ્યસ્થ ભાવરૂપ અદ્વેષ ગુણ પ્રગટવો તે પણ કાંઈ નાનીસૂની વાત નથી. કારણ કે સત્ પ્રત્યે, કોઈ પણ જ્ઞાની સત્પુરુષ પ્રત્યે, સત્પુરુષના વચનામૃત પ્રત્યે જાણ્યે અજાણ્યે પણ દ્વેષ થવો, એ ઘોર આશાતનારૂપ હોઈ, ભારેકર્મીનું લક્ષણ છે, અનંતાનુબંધી કષાયનું કારણ છે. એટલે એવા દુષ્ટ દ્વેષનો માત્ર અભાવ થવો એ પણ મોટી વાત છે. ભલે જિન ભગવાન્ પ્રત્યે હજુ પ્રીતિ-ભક્તિ ન ઉપજી હોય, તો પણ તેના પ્રત્યે દ્વેષના અભાવરૂપ મધ્યસ્થભાવ-અદ્વેષ પણ જીવની પ્રગતિનું એક મોટું સીમાચિહ્ન (Milestone) છે.

અદ્વેષ એ નકારાત્મક મોટો ગુણ

એ ગુણ પ્રાપ્ત થયે જીવ આગળના જિજ્ઞાસાદિ ગુણ પામવાને યોગ્ય થાય છે. આ અંગે મહાજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીનું વચનામૃત છે કે—

"જ્ઞાની પુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળ પરિણામે પરમ ઉપયોગ દૃષ્ટિએ વર્ત્તવું એ અનંત સંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે અને તે વાક્યો જિનાગમને વિષે છે. ઘણા જીવો તે વાક્ય શ્રવણ કરતા હશે, તથાપિ પ્રથમ વાક્યને અફળ અને બીજાં વાક્યને સફળ કર્યું હોય એવા જીવો તો ક્વચિત્ જોવામાં આવે છે; પ્રથમ વાક્યને સફળ અને બીજા વાક્યને અફળ એમ જીવે અનંત વાર કર્યું છે."

—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૩૨૩

**અદ્વેષ ગુણ પણ વિરલ**

આવો મહાન્ અદ્વેષ ગુણ હાલમાં વિરલ જણાય છે. ખેદની વાત છે કે એવા ઘણા જીવો દૃષ્ટિગોચર થાય છે કે જે પરમ વંદ્ય જ્ઞાની સત્પુરુષ આદિ પ્રત્યે આ અદ્વેષભાવ તો દૂર રહ્યો, પણ નિષ્કારણ દ્વેષ–મત્સર–ઘૃણા–જુગુપ્સાદિ નિંદ્ય અધમ ભાવ સેવે છે! આ કેવળ ઉચ્છૃંખલ સ્વચ્છંદ ભાવરૂપ હોઈ દુર્લભબોધિપણું સૂચવે છે. બીજું કાંઈ વધારે આપણાથી ન બની શકે તો ચિંતા નહિં, પણ જાણ્યે–અજાણ્યે આ દ્વેષભાવ આપણે શા માટે ધરવો જોઈએ? આ પ્રશ્ન પોતાના આત્માને તેઓએ પૂછવો જોઈએ.

અને આવો મહાન્ અદ્વેષ ગુણ સૌથી પ્રથમ આવશ્યક છે, અવશ્ય પ્રાપ્ત કરવા યોગ્ય છે, એટલા માટે જ પરમ ભક્ત કવિ આનંદઘનજીએ આ અદ્વેષભાવ પ્રથમ પ્રાપ્ત કરી, પ્રભુસેવા કરવા માટે સર્વ આત્માઓને પરમ પ્રેમથી નિમંત્રણ કર્યું છે.

૩.

## અખેદ : 'ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે'.—

પ્રવૃત્તિ કરતાં થાકી જઈએ તેનું નામ 'ખેદ' છે. જેમ માર્ગે ગમન કરતાં—ચાલતાં થાકી જવું તેને આપણે ખેદ—થાક કહીએ છીએ, તેમ સન્માર્ગે ગમન કરતાં—પ્રવર્ત્તતાં થાકી જવું તે ખેદ—થાક છે.

**ખેદ-અખેદની વ્યાખ્યા**

સંસારવ્યવહારમાં પ્રવૃત્તિ કરતાં અથવા અર્થ—કામનો પુરુષાર્થ સેવતાં થાકવું તે જેમ ખેદ છે, તેમ પરમાર્થ વ્યવહારની પ્રવૃત્તિ કરતાં અથવા ધર્મ—મોક્ષનો પુરુષાર્થ સેવતાં થાકવું તે પણ એક પ્રકારનો ખેદ છે. અત્રે પ્રકૃતમાં—પ્રભુસેવા—ભક્તિમાં પ્રવર્ત્તતાં થાકવું તે પણ ખેદનો પ્રકાર છે. ગમનાગમન આદિ બાહ્ય પ્રવૃત્તિનો થાક તે શારીરિક ( Physical Fatigue ) ખેદ છે, સેવાભક્તિ આદિ અભ્યંતર પ્રવૃત્તિનો થાક તે માનસિક ( Mental or Psychological fatigue ) ખેદ છે. એથી ઊલટું તે તે પ્રવૃત્તિ કરતાં ન થાકવું તે અખેદ છે.

આ ખેદ—અખેદનું સ્વરૂપ સમજવા માટે તે કોને,

**ખેદ કોને કેમ ઉપજે છે?**

કેમ, ક્યા કારણથી ઉપજે છે તે વિચારવા યોગ્ય છે. એ તો સર્વ કોઇનો સામાન્ય અનુભવ છે કે ગમન કરવાની જ્યારે વૃત્તિ નથી હોતી, મનને કંટાળો હોય છે, મન થાકેલું હોય છે, ત્યારે ગમે તેવો સશક્ત માણસ પણ તરત ઢીલો–શિથિલ થઇ જાય છે, પગ આગળ ચાલવાની ના પાડે છે, ગમનનો ઉત્સાહ વધતો નથી, અને પ્રગતિ અટકી પડે છે; અથવા અતિ બહુ–વધારે પડતું, ગજા ઉપરાંત ચાલવાથી પણ થાક લાગે છે. આમ જ્યારે વૃત્તિ થાકે છે ત્યારે પ્રવૃત્તિ પણ થાકે છે. એ જ પ્રકારે જ્યારે કોઈ પણ પ્રવૃત્તિમાં રસ નથી રહેતો, રુચિ–વૃત્તિ ખંડિત થાય છે, ઉત્સાહ ઓસરી જાય છે, ત્યારે તે તે પ્રવૃત્તિથી મનુષ્ય થાકે છે, ખેદ પામે છે. તેથી ઊલટું જ્યારે રસ અતૂટ હોય છે, રુચિ–વૃત્તિ અખંડિત હોય છે, ઉત્સાહ પ્રવર્દ્ધમાન હોય છે, ત્યારે તે તે પ્રવૃત્તિ કરતાં જીવને થાક લાગતો નથી, ખેદ ઉપજતો નથી. દાખલા તરીકે—

**અર્થ–કામમાં અથાક પ્રવૃત્તિ !**

સાંસારિક-લોકવ્યવહારની અનંત પ્રવૃત્તિ કરતાં જીવ થાકતો નથી–ખેદ પામતો નથી. દિવસોના દિવસો, મહિનાના મહિના, વર્ષોના વર્ષો, ભવોના ભવો અર્થ–કામની સિદ્ધિ અર્થે રાત દિવસ એકધારી અખંડ પ્રવૃત્તિ કરતાં છતાં આ જીવને લેશ પણ થાક લાગતો નથી, ખેદ ઉપજતો નથી, એ આ જીવની કાર્યક્ષમતાની અદ્ભુત આશ્ચર્યકારક ઘટના છે! તે નથી જોતો

દિવસ કે નથી જોતો રાત, નથી જોતો ટાઢ કે નથી જોતો તડકો, નથી જોતો ભૂખ કે નથી જોતો તરસ, નથી જોતો દેશ કે નથી જોતો વિદેશ, નથી જોતો આપત્તિ કે નથી જોતો વિપત્તિ, તે તો દુષ્પૂર ઉદર-દરીના ભરણુ કાજે, ધનોપાર્જન અર્થે, અથવા વિષય-મૃગતૃષ્ણાના બૂઝન કાજે ભોગસાધન અર્થે, ગમે ત્યાં ગમે તે કરવા સદા ખડે તત્પર રહે છે ! ગમે તે સંકટ સહેવા, ગમે તે જોખમ વહોરવા, ગમે તેટલી જહેમત ઉઠાવવા તે સદોદ્યત રહે છે !

" ભવનગરીમાં જીવ ભિખારી, કરમાં લઈ ઘટ પાત્ર;
વિષયબુભુક્ષુ ભીખ માંગતો, ભમે દિવસ ન રાત."

—'મનોનંદન' (ડૉ. ભગવાનદાસ)

યેન કેન પ્રકારેણ લક્ષ્મી સંચય કરવા માટે વ્યવહાર-કૌશલ્ય ધરાવનારા વ્યાપારીઓ કેવાં ઝાવાં નાંખી કેટલા બધાં કાળા-ધોળા કરે છે ! મહા બુદ્ધિચાપલ્ય દર્શાવનારા બૅરિસ્ટરો-વકીલો-સૉલિસિટરો આદિ ખૂબ ઝીણવટથી ખાહોશીથી કેસ લડવા માટે કેટલો બધો અથાગ પરિશ્રમ ઉઠાવે છે ! પરદુઃખભંજન મોટા ડાક્તરો 'કેસ' બચાવવા નિદાન-ચિકિત્સા વગેરે માટે રાતદિવસ કેટલો બધો અવિશ્રાંત શ્રમ લ્યે છે ! અન્ય અન્ય વ્યવસાયીઓ ધંધાર્થીઓ પણ પોતપોતાના વ્યવસાયમાં થાકયા વિના નિરંતર કેવા રચ્યા-પચ્યા રહે છે ! કીર્તિલાલસુ કે લોકકલ્યાણવાંચ્છુ બુદ્ધિશાળી લેખકો પાનાનાં પાનાં ને ગ્રંથોના ગ્રંથો (Volumes) ભરવાનું કૌશલ્ય દાખવતાં થાકતા જ નથી ! જનમનરંજન કરનારા

વાચાલ વકતા વાચસ્પતિઓ અસ્ખલિત વાગ્ધારાથી વ્યાખ્યાન-ધરા ધ્રૂજાવતાં ખેદ પામતા જ નથી !

આવી તેઓની અથાક-અખેદ પ્રવૃત્તિનું રહસ્ય કારણ શું ? એ એઓ કેમ કરી શકે છે ? તેનો એક જ ઉત્તર છે કે તેઓને તે તે નિજ નિજ પ્રવૃત્તિમાં રસ છે, રુચિ છે, વૃત્તિ છે; તે તે પ્રવૃત્તિમાં તેઓ સ્વરસથી (Interest) પ્રવર્તે છે; સ્વાર્થ અથવા ક્વચિત્ કિંચિત્ પરાર્થ એઓના ઉત્સાહને વેગ (Impetus) આપનારું પ્રોત્સાહક પ્રેરક કારણ થઈ પડે છે. ઐહિક-આ લોક સંબંધી લક્ષ્મી, અધિકાર, કીર્તિ, લોકસેવા આદિની સિદ્ધિ અર્થે પ્રાયે તેઓની તે તે પ્રવૃત્તિ હોય છે, પણ આ લક્ષ્મી આદિની પ્રાપ્તિથી આ જીવનું શું વધે છે? પ્રાયઃ સંસારનું વધવાપણું ને નર દેહનું હારી જવાપણું જ હોય છે. આ '**અમૂલ્ય તત્ત્વવિચાર**'નો ક્ષણભર પણ ઊભા રહી વિચાર કરવા આ મહાનુભાવો તસ્દી લેતા નથી ! આ બધી દોડાદોડ-દોડધામ શા માટે ? ને કોના માટે ? આ આટલી બધી અથાગ પ્રવૃત્તિનું તાત્ત્વિક ફળ-પરિણામ શું ? તેનો શાંત-સ્વસ્થ ચિત્તે તેઓ કદી વિમર્શ કરતા નથી !

**અથાક પ્રવૃત્તિનું રહસ્ય કારણ**

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું ? તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું ? એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નર દેહને હારી જવો,
એનો વિચાર નહિં અહોહો ! એક પળ તમને હવો !"

— શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત શ્રીમોક્ષમાળા

વળી આ બધી તો પરપ્રવૃત્તિ છે; આત્માથી અતિરિક્ત એવી પરવસ્તુની પ્રાપ્તિ માટેની, ગ્રહણ માટેની, રક્ષણ માટેની આ બધી દોડધામ છે. આત્માને કંઈ તેથી વાસ્તવિક આત્મલાભ થતો હોય એવું પ્રાયે જણાતું નથી, છતાં આ પરભાવપ્રવૃત્તિ માટે આ જીવને કેટલો બધો પ્રેમ ! કેટલો બધો રસ ! કેટલી બધી રુચિ ! કેટલો બધો અખેદ ! પરમ ભાવયોગી **શ્રીમદ્ રાજચંદ્રજીનું** અત્યંત માર્મિક અમૃત વચન છે કે—

**પરપ્રવૃત્તિમાં અખેદ !**

"સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા કયાંથી પ્રાપ્ત થાય ? એવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવા યોગ્ય નથી, અને કંઈ પણ તેમ થયા કરે છે, તેનો ઉપાય કંઈ વિશેષે કરી ગવેષવા યોગ્ય છે."

—શ્રીમદ્ રાજચંદ્ર. પત્રાંક ૫૫૦

"પરપરિણતિ રાગીપણે, પરરસ રંગે રક્ત રે;
પરગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે.
જગતારક પ્રભુ વિનવું."

—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

અને આવી જે આ કામ-ભોગબંધકથારૂપ પરભાવપ્રવૃત્તિ છે, તે તો શ્રી. કુંદકુંદાચાર્યજીએ કહ્યું છે તેમ, સર્વને *અનંતવાર શ્રુત છે, અનંતવાર પરિચિત છે, અનંતવાર

---

* " सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ॥ "

જુઓ શ્રી સમયસાર ગા. ૪ અને તેની
શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત ટીકા.

અનુભૂત છે. પણ એક શુદ્ધ આત્મતત્ત્વની પરમાર્થ વાર્તા આ જીવે કદી પણ સાંભળી નથી, પરિચિત કરી નથી, અનુભવી નથી. છતાં આવી અનંત પરભાવપ્રવૃત્તિથી આ જીવ હજુ પણ થાક્યો નથી, ખેદ પામ્યો નથી, એ ખરેખર! મહાખેદમય આશ્ચર્ય વાર્તા છે! આ જ આ મહામૂઢ ભવાભિનંદી જીવનો પરભાવપ્રવૃત્તિ પ્રત્યેનો કેટલો ઉત્કટ રસ છે તે સૂચવે છે! તેથી જ તે પરપ્રવૃત્તિમાં અશ્રાંતપણે પ્રવર્તતાં ખેદ પામવાને બદલે અખેદ ધારી રહ્યો છે!

**આત્મપ્રવૃત્તિમાં ખેદ!!**

પણ પ્રભુભક્તિ આદિ આત્માર્થ પ્રવૃત્તિ કે જે જીવના ખરેખરા પરમાર્થસત્ સાચા સ્વાર્થની પ્રવૃત્તિ છે, તે પરત્વે આ જીવની કેવી સ્થિતિ છે? કેવી પરિણતિ છે? કેવી દૃષ્ટિ છે? તેના પ્રત્યે તો જાણે તેને રુચિ જ નથી, રસ જ નથી, વૃત્તિ જ નથી, અથવા છે તો ઉપરછલી, ઉપલક કે દેખાવ પૂરતી! ક્ષણ–બે ક્ષણ, ઘડી–બે ઘડી આ પ્રવૃત્તિ કરતાં તે બાપડો થાકી જાય છે! આત્માર્થબાધક એવી સાંસારિક પરપ્રવૃત્તિ કે જે ક્ષણિક તુચ્છ કલ્પિત લાભદાયી અને પરિણામે હાનિકારી છે, તે માટે જીવ ગમે તેટલી પ્રવૃત્તિ કરતાં થાકતો નથી, અને આત્માર્થસાધક એવી શાશ્વત પરમ આત્મલાભ આપનારી જે આ સ્વભાવરૂપ સત પ્રવૃત્તિ છે, તે માટે થોડી પણ પ્રવૃત્તિ કરતાં આ જીવને થાક લાગે છે! નાટક-સિનેમાદિ તમાસા ઉજાગરા કરીને પણ જે યોગીની જેમ એકીટસે પૂર્ણ રસથી કલાકોના કલાકો જોતાં થાકતો

નથી, તે બિચારો એક-બે ઘડી ભક્તિ-સ્વાધ્યાય આદિ પ્રવૃત્તિ કરતાં ચળવિચળ પરિણામી થઇ થાકી જાય છે ! ખરેખર ! આ જીવની વિચિત્ર વિવેકશક્તિની ( ! ) બલિહારી છે !

" હરિનું ચંદન ઘસતાં તારું, શ્રમથી શરીર બગડે !
ભાવે ભાંગ જ રગડે !

એકાદશી ઓચ્છવના જાગરણ, અતિ કઠણ તને લાગે,
ભાંડ ભવૈયા જોવા સારૂં, સારી રાત જ જાગે,
પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય ?
ત્હારા દિલનું કપટ નવ જાય. "

**—શ્રી નરસિંહ મહેતા**

ખરી રીતે તો આત્માર્થબાધક પરભાવપ્રવૃત્તિ પ્રત્યે આ જીવને જેટલા આદર, રસ, રુચિ, ઉત્સાહ છે, તે કરતાં

અનંતગુણવિશિષ્ટ પરમ આદર,

**આત્મપ્રવૃત્તિમાં** પરમ રસ, પરમ રુચિ, પરમ

**અનંતગણો અખેદ જોઇએ** ઉત્સાહ આ પ્રભુભક્તિ આદિ

આત્માર્થસાધક પરમાર્થ પ્રવૃત્તિ

પ્રત્યે હોવા જોઇએ, અનંત અનંત પ્રવૃત્તિ કરતાં પણ ખેદ ન આવો જોઇએ આમ રાતદિવસ સૂતાં, બેસતાં, ઊઠતાં, જાગતાં પ્રભુની સેવાભક્તિ કરતાં, સ્મરણ કરતાં, સ્તવન કરતાં, ભજન કરતાં, ભાવન કરતાં, ધ્યાવન કરતાં જીવ, જ્યારે ન જ થાકે,—કદાચ તન થાકે, મન થાકે, વચન થાકે, પણ ભાવ તો ન જ થાકે,—ત્યારે જ તેને અખેદ ભાવ પ્રગટ્યો

જાણુવો; અને ત્યારે જ તેને આ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થઈ જાણુવી.

" નિશદિન સૂતાં જાગતાં, હઈડાથી ન રહે દૂર રે;
જબ ઉપગાર સંભારીએ, તવ ઉપજે આનંદ પૂર રે.
જગતગુરુ જાગતો સુખકંદ રે....મુનિસુવ્રત "

" તુમ ગુણુગણુ ગંગાજલે, હું ઝીલી નિર્મલ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણુ ગાઉં રે
ગિરુઆ રે ગુણુ તુમતણા. "

—શ્રી યશોવિજયજી

આ અખેદભાવ જેને ઉપજ્યો હોય છે, તેનો રાગ પ્રભુગુણુના રંગથી રંગાઈ જાય છે, મન-વચન-કાયાના યોગ ગુણુનિધાન પ્રભુના ગુણુને આધીન બને છે, ભાવ પ્રભુગુણુમાં રમણુ કરે છે, ઉપશમમૂર્તિ પ્રભુના દર્શનથી ગાઢ પ્રીતિ ઉપજે છે ને આંખ તૃપ્ત થતી નથી.

" રાગ તે પ્રભુ ગુણુ રંગમેં, યોગ ગુણી આધીન,
ભાવને રમણ પ્રભુગુણે, પ્રભુ દીઠે રતિ પીન. "

" મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતી અમચી;
મોહતિમિર રતિ હર્ષ ચંદ્ર છવિ, મૂરત એ ઉપશમચી....
હું તો વારિ પ્રભુ તુમ મુખની."

—શ્રી દેવચંદ્રજી

પ્રભુભક્તિમાં આવો અખેદ ભાવ ક્યારે ઉપજે ? અચિન્ત્ય ચિંતામણિ સમો પ્રભુનો અને પ્રભુભક્તિનો મહિમા જ્યારે

આવો અખેદ ક્યારે ઉપજે ?

હૃદયમાં વસે ત્યારે; સુરઘટ, સુરમણિ, સુરતરુ પ્રભુના પરમ મહિમા આગળ તુચ્છ—પામર જાણે ત્યારે; પ્રભુના ગુણ—મકરંદના પાનમાં લીન થયેલો મન—મધુકર સુવર્ણમય મેરુને અને ઇંદ્ર, ચંદ્ર, નાગેંદ્રાદિને પણ પરમ શ્રીમાન્ પ્રભુ પાસે રંક ગણે ત્યારે; પરમૈશ્વર્યસંપન્ન પ્રભુની ગુણસંપદા આગળ જ્યારે સુરપતિ—નરપતિ સંપદા દુર્ગંધી કદન્નરૂપ ભાસે ત્યારે. આમ થાય ત્યારે જ જિનભક્તિમાં અથાક એવો સાચો અપૂર્વ રંગ લાગે.

"નાથ ભક્તિ રસ ભાવથી રે....મનમોહના રે લાલ.
તૃણ જાણું પર દેવ........રે ભવિબોહના રે લાલ.
ચિંતામણિ સુરતરુથકી રે....મન૦
અધિકી અરિહંત સેવ....રે ભવિ૦."

"કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ન રે;
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધી કદન્ન રે....કરો સાચા."
**—શ્રી દેવચંદ્રજી**

"મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદરધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર....
વિમલ જિન દીઠા લોયણ આજ."—**શ્રી આનંદઘનજી**

વળી જ્યારે સંસારાર્થ પરપ્રવૃત્તિમાં જીવ ખેદ પામે, ત્યારે જ આ મોક્ષાર્થ ભક્તિપ્રવૃત્તિમાં અખેદ ઉપજે. જ્યાં સુધી પરપ્રવૃત્તિમાં અખેદ હોય, ત્યાંસુધી ભક્તિ આદિ આત્મપ્રવૃત્તિમાં અખેદ ઉપજે નહિં. 'ભવે ખેદ' થાય ત્યારે

'શિવે અખેદ' થાય, ત્યારે જ આત્મપ્રવૃત્તિમાં* અતિજાગરૂક અને પરપ્રવૃત્તિમાં 'બધિરાંધમૂક'–બ્હેરો, આંધળો ને મૂંગો બને. ભવાભિનંદીપણું ત્યજી 'માત્ર મોક્ષ અભિલાષ' રૂપ મુમુક્ષુપણું ભજે ત્યારે જ આવો અખેદ ઉપજે. પર સાથેની અનંતી પ્રીતિ તોડે તે જ પ્રભુની સાથે પ્રીતિ જોડે.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.
દશા ન એવી જ્યાં લગી, જીવ લહે નહિં જોગ;
મોક્ષ માર્ગ પામે નહિં, મટે ન અંતર રોગ."
—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ

"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ.
....ઋષભ જિણંદશું પ્રીતડી." —શ્રી દેવચંદ્રજી

આ 'ખેદ' જીવની આધ્યાત્મિક પ્રગતિ રુંધનારા આઠ ચિત્તદોષ–આશય દોષ મધ્યે પ્રથમ દોષ છે. (૧) ખેદ, (૨) ઉદ્વેગ, (૩) ક્ષેપ, (૪) ઉત્થાન, (૫) ભ્રાંતિ, (૬) અન્યમુદ્, (૭) રુગ્, (૮) આસંગ—આ આઠ ચિત્તદોષ છે. તે તે દોષને લીધે જીવ પ્રભુ–ભક્તિ–ધ્યાનાદિમાં વિઘ્ન

**ખેદાદિ આઠ ચિત્ત દોષ**

* "आत्मप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरान्धमूकः ।"
—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્.

"કામ એક આત્માર્થનું, બીજો નહિં મનરોગ."
—શ્રીમદ્ રાજચંદ્રજીકૃત આત્મસિદ્ધિ.

પામે છે. જેમ જેમ તે દોષ ટળે છે, તેમ તેમ ભક્તિ-ધ્યાનાદિ નિર્મલ થતા જાય છે, કારણ કે યોગની સિદ્ધિમાં મનના જયની જરૂર છે, ને મનોજયમાં આ આઠ દોષ નડે છે. આ દોષથી યુકત આશયને-ચિત્તના દુષ્ટ અધ્યવસાયને જ્યારે છોડી દીએ, ત્યારે અનુક્રમે તે તે યોગદષ્ટિની પ્રાપ્તિ હોય છે; પહેલો **ખેદ** દોષ છોડતાં પહેલી **મિત્રાદષ્ટિ** હોય છે, બીજો **ઉદ્વેગ** દોષ છોડતાં બીજી **તારા** દષ્ટિ હોય છે, ઇત્યાદિ. માટે આ આઠ ચિત્તદોષ મતિમાન્ આત્માર્થી પુરુષે પ્રયત્નથી વર્જવા જોઇએ. એનું વિશેષ સ્વરૂપ આ લેખકે (વિવેચકે) સવિસ્તર વિવેચન કરેલ શ્રી **યોગદષ્ટિસમુચ્ચય** આદિ ગ્રંથાંતરથી સમજવા યોગ્ય છે, છતાં અત્રે 'ખેદ' દોષનો પૂર્વાપર સંબંધ-સંકલના સમજવા સંક્ષેપે વિચારીએ તો—

**ખેદાદિ દોષની સંકલના**

સન્માર્ગરૂપ યોગમાર્ગની સાધનામાં ચિત્તને પ્રથમ **ખેદ** ઉપજે, થાક લાગે, દૃઢતા ન રહે; એટલે તેમાં **ઉદ્વેગ** ઉપજે-અણગમો આવે, વેઠીઆની જેમ પરાણે કરે; એથી કરીને ચિત્ત **વિક્ષેપ** થાય, ડામાડોળ વૃત્તિ ઉપજે, મન બીજે બીજે દોડયા કરે; એટલે ચાલુ ક્રિયામાંથી મન ઊઠી જાય, **ઉત્થાન** થાય, ને ચારે કોર ભમ્યા કરે, **ભ્રાંતિ** ઉપજે; એમ ભમતાં ભમતાં કોઈ અન્ય સ્થળે તેને લીજ્જત આવે-**અન્યમુદ્** થાય; એટલે શુદ્ધ ક્રિયાનો ઉચ્છેદ થાય, પીડારૂપ-ભંગરૂપ **રોગ** લાગુ પડે, ને તે અમુક સ્થળે **આસંગ**-આસક્તિ ઉપજે, 'અહીં જ દ્વારકા' જ થઇ જાય! આમ આ આઠ આશય-દોષની

પૂર્વાપર સંબંધરૂપ સંકલના ઘટાવી શકાય છે. તે દોષ જેમ જેમ છોડાય, તેમ તેમ અનુક્રમે આઠ યોગદષ્ટિરૂપ આત્મગુણનો આવિર્ભાવ થતો જાય છે, પ્રગટપણું થતું જાય છે.

અથવા પ્રકારાંતરે અધ્યાત્મ પરિભાષામાં આ દોષ ઘટાવીએ તો (૧) આત્મતત્ત્વની સાધનામાં જીવની દઢતા ન રહે, **ખેદ** ઉપજે, (૨) તે સાધનામાં **ઉદ્વેગ**–અણુગમો આવે, (૩) એટલે ચિત્ત **વિક્ષેપ** પામી પરવસ્તુમાં–પરભાવમાં દોડયા કરે, ઉધામા નાંખે, (૪) અને આત્મભાવમાંથી ઊઠી જાય–**ઉત્થાન** પામે, (૫) એટલે પછી **ભ્રાંતિ**–વિપર્યાસ પામી ચારે કોર પરભાવમાં ભમ્યા કરે, (૬) ને એમ કરતાં તેમાં આનંદ પામે–રમણતા અનુભવે, **અન્યમુદ્** ધારે, (૭) એટલે રાગ–દ્વેષ–મોહરૂપ ત્રિદોષ સન્નિપાત **(રોગ)** લાગુ પડે, (૮) અને પરવસ્તુમાં–પરભાવમાં **આસંગ**–આસક્તિ ઉપજે. ઇત્યાદિ પ્રકારે આની યથામતિ ઘટના કરી શકય છે. અને આ દોષ દૂર થવાનો ક્રમ પણ પરસ્પર સંકળાયેલો છે, તે આ પ્રમાણેઃ—

(૧) ધર્મક્રિયામાં પ્રથમ તો મનની દઢતા રહે, ખેદ ન થાય, (૨) ઉદ્વેગ–અણુગમો ન ઉપજે, વેઠરૂપ ન લાગે; (૩) એટલે વિક્ષેપ ન ઉપજે, (૪) અને ચિત્ત તેમાંથી ઊઠી ન જાય, (૫) એટલે ચારે કોર ભમે નહિં, (૬) અને અન્ય સ્થળે આનંદનો પ્રસંગ બને નહિ, (૭) એટલે પછી ક્રિયાને રોગ લાગુ પડે નહિં, (૮) અને અમુક સ્થળે આસક્તિ–આસંગ પણ ઉપજે નહિં.

આ ઉપરથી સહેજે સમજી શકાય છે કે સૌથી પ્રથમ 'ખેદ' નામનો આશયદોષ દૂર થવો જોઇએ. તે દૂર થયા વિના યોગમાર્ગની પ્રથમ ભૂમિકા પણ પ્રાપ્ત થતી નથી, મોક્ષમાર્ગે એકડો પણ મંડાતો નથી, આત્મગુણના આવિર્ભાવરૂપ ગુણસ્થાનવિકાસનું પ્રથમ પગથિયું પણ સ્પર્શાતું નથી. એ દોષ દૂર થાય તો જ બીજા પછીના દોષ દૂર થઈ આગળ પ્રગતિ થઈ શકે છે, કારણ કે ખેદને લીધે પ્રભુભક્તિ આદિ ધર્મક્રિયામાં મનની દૃઢતા રહેતી નથી, એકાગ્રપણું–પ્રણિધાનપણું રહેતું નથી; અને આ જે દૃઢતા છે તે તો ધર્મનો મુખ્ય–પ્રધાન હેતુ છે,–જેમ પાણી કૃષિમાં મુખ્ય પ્રધાન હેતુ છે તેમ.

સૌથી પ્રથમ ખેદ દોષ જવો જોઇએ

"ક્રિયામાં ખેદે કરી રે, દૃઢતા મનની નાંહિ રે;
મુખ્ય હેતુ તે ધર્મનો રે, જેમ પાણી કૃષિમાંહિ રે....
પ્રભુ તુજ વાણી મીઠડી રે."

—શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણસો ગાથાનું સ્તવન.

એટલા માટે જ જીવની આધ્યાત્મિક ગુણપ્રકાશરૂપ પ્રગતિ અર્થે આ દોષ સૌથી પ્રથમ દૂર કરવો આવશ્યક–જરૂરનો હોવાથી શ્રી આનંદઘનજીએ આ ખેદ દોષ, દૂર કરી, અર્થાત્ અખેદપણું પ્રાપ્ત કરી, પ્રભુસેવામાં અથાકપણે પ્રવૃત્તિ કરવા, દૃઢતાથી 'રઢ લગાડીને મંડી' પડવા, સર્વ ભક્ત જોગીજનોને સપ્રેમ આહ્વાન કર્યું છે.

આમ ઉપરમાં જે આ ભય, દ્વેષ ને ખેદ એ ત્રણ

દોષની વ્યાખ્યા કરવામાં આવી, તે ત્રણે દોષ અબોધરૂપ-અજ્ઞાનરૂપ છે. '**દોષ અબોધ લખાવ**,' 'અબોધમાં તેનું લેખું છે-ગણના છે, કારણ કે ભય-પરિણામની ચંચળતા થવી, દ્વેષ-

અભય અદ્વેષ અખેદ થાઓ!

મત્સરભાવ ઉપજવો, ખેદ-સત્પ્રવૃત્તિ કરતાં થાકવું,-એ બધું ય અબોધને-અબૂઝપણાને લઇને થાય છે, માટે અજ્ઞાન-જન્ય આ 'ત્રિદોષ'નો ત્યાગ કરી, અર્થાત્ પરિણામની ચંચળતા છોડી, અરોચક ભાવ ત્યાગી, સત્સેવા ભક્તિમાં અથાક દૃઢતા ધારી, **અભય, અદ્વેષ** અને **અખેદ** બની, પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા કરી તમે આ **સંભવદેવને** ધુરે-સાથી પ્રથમ સેવો, એમ શ્રી **આનંદઘનજી**એ અત્રે સર્વ આત્મબંધુઓને પરમ પ્રેમથી આમંત્રણ કર્યું છે.

**॥ इति महागीतार्थ महर्षि श्री आनंदघनजीसंगीते श्री संभवजिनस्तवने मनसुखनंदनेन भगवानदासेन विरचितं द्वितीयगाथाविवरणम् ॥२॥**

# તૃતીય પરિચ્છેદ :

## ચરમાવર્ત્ત મીમાંસા

પ્રભુસેવાની પ્રથમ ભૂમિકારૂપ અભય, અદ્વેષ અને અખેદ એ બતાવ્યા, અર્થાત્ પરિણામની ચંચળતારૂપ ભય, અરોચક ભાવરૂપ દ્વેષ અને પ્રવૃત્તિ કરતાં થાકવારૂપ ખેદ, એ ત્રણ અજ્ઞાનજન્ય દોષ જ્યારે ટળે અને પરિણામની અચંચળતારૂપ **અભય**, રોચકભાવરૂપ **અદ્વેષ** અને પ્રવૃત્તિ કરતાં અથાક-પણારૂપ **અખેદ**, એ ત્રણ ગુણ જ્યારે પ્રગટે, ત્યારે પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થાય. આવા ભય, દ્વેષ, ખેદ એ ત્રિદોષ દૂર થઇ, અભય, અદ્વેષ,—અખેદ એ ત્રિગુણ કયારે અને કોને પ્રાપ્ત થાય ? તે બતાવવા માટે હવે મહામુનીશ્વર શ્રી **આનંદઘનજી** કહે છે:—

**ચરમાવર્ત હો ચરણ કરણ તથા રે,**
**ભવપરિણતિ પરિપાક;**
**દોષ ટળે ને દૃષ્ટિ ખુલે ભલી રે,**
**પ્રાપતિ પ્રવચન વાક....**
**સંભવ દેવ તે ધુર સેવો સવે રે. ૩.**

અર્થ:—જીવને (૧) જ્યારે ચરમ-છેલ્લો પુદ્ગલપરાવર્ત્ત વર્ત્તતો હોય, (૨) અને તેમાં પણ ચરમ-છેલ્લું યથાપ્રવૃત્ત-કરણ પ્રાપ્ત થયું હોય, (૩) અને જ્યારે તથાભવ્યત્વ પરિણતિનો પરિપાક થયો હોય, ત્યારે (૧) દોષ ટળે છે, (૨) ભલી-રૂડી દૃષ્ટિ ખુલે છે, (૨) અને પ્રવચન વાણીની પ્રાપ્તિ થાય છે.

## વિવેચન—

### ચરમાવર્ત્ત—છેલ્લો પુદ્ગલ પરાવર્ત્ત

**ચરમાવર્ત્ત એટલે શું ?**

ચરમાવર્ત્ત એટલે શું ? ચરમ એટલે છેલ્લો અને આવર્ત્ત એટલે ફેરો, ચક્રાવો. ચરમાવર્ત્ત એટલે છેલ્લો ફેરો, ભવભ્રમણનો છેલ્લો ચક્રાવો, છેલ્લો આંટો. કોઈ એક બિન્દુથી ચક્ર ભમવાનું શરૂ થાય, તે બિન્દુ પાસે ચક્ર ભમીને પાછું આવે ત્યારે એક આવર્ત્ત—ચક્રાવો—ફેરો થયો કહેવાય. તે જ પ્રમાણે ભવચક્રનો એક આંટો ફરી રહે તેને જૈન પરિભાષામાં **પુદ્ગલપરાવર્ત્ત** કહે છે.

અખિલ લોકના સમસ્ત પુદ્ગલને ગ્રહણ—ત્યાગવડે જીવ જ્યારે સ્પર્શી ચૂકે ત્યારે એક પુદ્ગલ—પરાવર્ત્ત થાય છે. ( Revolution of a Pudgala cycle ). તે એક પુદ્ગલ પરાવર્ત્તમાં આ જીવ અનંત દ્રવ્ય, ભવ અને ભાવને ફરસે છે; દ્રવ્યથી અનંત પુદ્ગલ પરમાણુને, ક્ષેત્રથી લોકાકાશના સર્વ પ્રદેશને, કાળથી અનંત અવસર્પિણી—ઉત્સર્પિણીને, ભવથી અનંત જન્મ મરણને, અને ભાવથી અનંત અધ્યવસાય સ્થાનકને આ જીવ પરાવર્ત્તે છે.* એક પુદ્ગલપરાવર્ત્તમાં અનંત દુ:ખથી ભરેલા એવા અનંત જન્મમરણ 'સ્વરૂપ

---

* " पडिदेससमयपुग्गलआउगपरिणामणामकालट्ठं ।
गहिउज्झियाइं बहुसो अणंतभवसायरे जीवो ॥ "

—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત ભાવપાહુડ.

**સમજ્યા વિના** ' આ જીવે કર્યા છે. અને આ અનાદિ સંસારમાં જૂદી જૂદી ગતિમાં પરિભ્રમણ કરતાં ચક્રભ્રમણન્યાયે આ સર્વ જીવોએ એવા તો અનંત પુદ્ગલપરાવર્ત્તો વ્યતીત કર્યાં છે.

" **अनादिरेष संसारो नानागतिसमाश्रयः ।**
**पुद्गलानां परावर्त्ता अत्रानंतास्तथा गताः ॥** "
**—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગબિંદુ.**

" જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. "
**—શ્રીમદ્ રાજચંદ્રજીકૃત શ્રીઆત્મસિદ્ધિ.**

"જગતારક પ્રભુ વિનવું, વિનતડી અવધાર રે;
તુજ દરિસણ વિણ હું ભમ્યો, કાળ અનંત અપાર રે. જગતારક૦
સુક્ષ્મ નિગોદ ભવે વસ્યો, પુદ્ગલ પરિયટ્ટ અનત રે;
અવ્યવહારપણે ભમ્યો ક્ષુલ્લક ભવ અત્યંત રે જગતારક૦"
**શ્રી દેવચંદ્રજી**

આમ પરાવર્ત્ત કરતાં કરતાં **તથાભવ્યત્વના પાકથી** કોઇ જીવને ગણત્રીમાં આવે તેમ કેટલાક બાકી રહે છે; અને તે કેટલાકમાં પણ કોઇ આસન્નમુક્તિગામી જીવને ચરમ-છેલ્લો પરાવર્ત્ત-ફેરો વર્ત્તતો હોય છે, ત્યારે તે ઉક્ત ગુણ પામવા યોગ્ય થાય છે. આ તથાભવ્યત્વનું પણ વિચિત્રપણું હોય છે.

**આ છેલ્લા-ચરમ આવર્ત્તનું કારણ પણ તથાભવ્યત્વનો**

**પરિપાક—ભવપરિણતિનો** પરિપાક એ છે. એટલે કે જ્યારે જીવમાં તથાપ્રકારની ભવ્યતા પાકે, તેવા પ્રકારની યોગ્યતા—પાત્રતા પરિપકવ થાય, ત્યારે મિથ્યાત્વ-વિષની કડવાશ દૂર થાય, અને કંઇક માધુર્યની—મીઠાશની સિદ્ધિ સાંપડે. આમ તેવી યોગ્યતાના—તથાભવ્યતાના પાકથી જ્યારે છેલ્લો પુદ્‌ગલપરાવર્ત× વર્ત્તતો હોય, ત્યારે જ નિયમથી શ્રી જિન ભગવાન પ્રત્યે ઉક્ત ગુણસંપન્ન સંશુદ્ધ ચિત્તવાળી ભક્તિ જાગવાનો સંભવ છે, અન્ય કાળે નહિં જ. તે સિવાયના બીજા સમયે—તેની પૂર્વે કે તેની પાછળ, આ સંશુદ્ધ ચિત્તાદિ ન હોય; કારણ કે તેની પૂર્વે ક્લિષ્ટ આશય હોય છે, અને તેની પાછળમાં વિશુદ્ધતર આશય હોય છે, એમ યોગવિદો વદે છે.

**ચરમાવર્ત્તનું કારણ તથાભવ્યત્વનો પાક**

યથાયોગ્ય યોગ્યતા—પાત્રતા વિના કોઇ પણ કાર્ય બનવું સંભવતું નથી, એટલે જ્યાંલગી જીવમાં તેવા પ્રકારની તથારૂપ યોગ્યતા—પાત્રતા ન આવી હોય ત્યાંલગી તેને તથાપ્રકારના ગુણની પ્રાપ્તિ થવી શક્ય નથી. પ્રભુભક્તિ આદિ ઉત્તમ યોગબીજની પ્રાપ્તિ થવી, અને તેમાં પણ અભય-અદ્વેષ—અખેદ ભાવ ઉપજવા, એ કાંઈ જેવી તેવી કે નાનીસૂની વાત નથી, પણ જીવની ઉત્તમ યોગ્યતાની ને મહાભાગ્યની વાત

**જીવની યોગ્યતાનો પરિપાક**

---

× " चरमे पुद्‌गलावर्ते तथाभव्यत्वपाकतः ।
शुद्धमेतन्नियमान्नान्यदापीति तद्विदः ॥ "
—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય.

છે. એવી યોગ્યતારૂપ મહાભાગ્યનો ઉદય તો જીવનો જ્યારે છેલ્લો ભવ-ફેરો હોય ત્યારે સાંપડે છે; કારણ કે ત્યારે જ જીવની તથાપ્રકારની ભવ્યતા-યોગ્યતા પરિપકવ થાય છે; એટલે પકાવવાથી જેમ કડવી વનસ્પતિની કડવાશ દૂર થાય છે, તેમ મિથ્યાત્વરૂપ ઝેરની કડવાશનું પ્રમાણ ઓછું થાય છે અને આત્મપરિણામની કંઇક મીઠાશ-સંવેગમાધુર્ય નીપજે છે, જેથી કરીને પ્રભુ પ્રત્યે તેવો સાચો અંતરંગ ભક્તિભાવ સ્ફુરે છે.

"દેવચંદ્ર પ્રભુની હો કે, પુણ્યે ભક્તિ સધે,
આતમ અનુભવની હો કે, નિત નિત શક્તિ વધે."
—શ્રી દેવચંદ્રજી.

## ચરમાવર્ત્તમાં જ યોગ્યતા કેમ?

હવે ચરમાવર્ત્તમાં જ આવી યોગ્યતા કેમ હોય છે? અને તેની પૂર્વેના અન્ય આવર્ત્તોમાં કેમ નહિં? તે અત્ર પ્રસંગથી સહજ વિચારવું રસપ્રદ અને બોધપ્રદ થઈ પડશે.

(૧) પ્રભુ પ્રત્યે સદ્‌ભાવસંપન્ન કુશલ ચિત્ત થવું અને તેમાં અભયાદિ ઉપજવા, એ **આધ્યાત્મિક ગુણ** છે. અને અધ્યાત્મનો પ્રારંભ પણ **ચરમાવર્તમાં જ** થાય છે, તે પૂર્વે નહિં. તે પૂર્વે તો વાતોના વડા જેવી સ્થિતિ હોય છે. પણ વાદોથી કે વાતોથી કાંઇ વળતું નથી. તત્ત્વ-

**(૧) ચરમાવર્ત્તમાં જ અધ્યાત્મ સન્માર્ગનો પ્રારંભ**

પ્રતિપત્તિ માટે ***અધ્યાત્મ પરમ ઉપાય** છે. જેમ કોઈ નગરે જવું હોય તો તેના સાચા માર્ગે અપ્રમાદીપણે ગમન કરે—ચાલવા માંડે તો તે પ્રાપ્ત થાય; તેમ મુક્તિ—નગરે જવું હોય તો તેના અધ્યાત્મરૂપ સન્માર્ગે ગમન કરે—આત્મપરિણતિ-મય સત્‌ક્રિયાત્મક પ્રવૃત્તિ કરે તો જ તે અનુક્રમે પ્રાપ્ત થાય.

કોઈ પણ ઉપેયની પ્રાપ્તિ સદુપાયથી જ—સત્સાધનથી જ થાય છે, નહિં કે અસદ્ ઉપાયથી, એટલા માટે બુધજને સદુપાયપરાયણ થવું જોઈએ. **અધ્યાત્મ** સિવાય મોક્ષનો બીજો કોઈ **સદુપાય** છે નહિં. એટલે મુમુક્ષુએ અધ્યાત્મમય **પરમાર્થ માર્ગ**ના સેવનમાં તત્પર થવું જોઈએ.

"જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે૦
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે૦
—શ્રીમદ્ રાજચંદ્રજી

'ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયન તે દિવ્ય વિચાર.
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."
શ્રી આનંદઘનજી

એવા દિવ્ય જ્ઞાનચક્ષુ વિનાના પ્રાણીઓ તીવ્ર પાપથી

* " अध्यात्ममत्र परम उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमनं यथैव ह्यप्रमादिनः ॥ "
—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત શ્રી યોગબિંદુ.

અભિભૂત–દબાયેલા–કચડાયેલા હોવાથી અન્ય આવર્તોને વિષે અધ્યાત્મરૂપ સન્માર્ગે અવતરતા નથી,—ગાઢ જંગલમાં આંધળો જેમ સન્માર્ગે અવતરતો નથી +તેમ. એટલે યોગના ભેદરૂપ આ અધ્યાત્મ અચરમાવર્તોમાં યુક્ત જ નથી.

વનસ્પતિકાયમાં જ અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી પ્રમાણ જેની સ્થિતિ છે એવા કાયસ્થિતિ તરુને, તે અનંતાનંતરૂપ વનસ્પતિ જન્મોમાં દેવ સંબંધી સુખ ક્યાંથી હોય ? તેમજ મનુષ્યપણાને પણ અયોગ્ય એવા તેજસ્કાયમાં કે વાયુકાયમાં સ્થિતિ કરતા ભવ્ય જીવોને પણ તે અવસ્થાને વિષે ચારિત્રપ્રાપ્તિ કેમ હોય ? ન જ હોય. તેમ અન્ય સમયે–ચરમાવર્ત્ત સિવાયના અન્ય આવર્ત્તોમાં યોગનો સંભવ જ નથી.

આમ સંસારસમુદ્રમાં ભવ આવર્તોમાં–વમળોમાં ગોથાં ખાતા પ્રાણીઓને આ અધ્યાત્મ પ્રાપ્ત થવું અત્યંત અત્યંત દુર્લભ છે, અત્યંત અત્યંત દુરાપ છે; કારણ કે **ચરમ પુદ્ગલાવર્ત્તમાં જે શુકલપાક્ષિક, ભિન્નગ્રંથિ અને ચારિત્રી** હોય છે, તેને જ આ અધ્યાત્મ કહ્યું છે,* અર્થાત્

---

+ " तीव्रपापाभिभूतत्वाज्ज्ञानलोचनवर्जिताः ।
सद्वर्त्मावतरन्त्येषु न सत्त्वा गहनान्धवत् ॥
तस्मादचरमावर्तेष्वध्यात्मं नैव युज्यते ।
कायस्थितितरोर्यद्वत्तज्जन्मस्वामरं सुखम् ॥ " —શ્રી યોગબિન્દુ.

* " चरमे पुद्गलावर्त्ते यतो यः शुक्लपाक्षिकः ।
भिन्नग्रन्थिश्चरित्री च तस्यैवेतदुदाहृतम् ॥ " —શ્રી યોગબિન્દુ.

" तत्पंचमगुणस्थानादारभ्यैवैतदिच्छति ।
निश्चयो व्यवहारस्तु पूर्वमप्युपचारतः ॥ " —શ્રી અધ્યાત્મસાર.

નિશ્ચય નયથી તો પાંચમા ગુણસ્થાનથી જ અધ્યાત્મનો પ્રારંભ થાય છે, પણ વ્યવહાર નયની અપેક્ષાએ તે પૂર્વે પણ આ ઉપચારથી અપુનર્બંધકાદિને પણ ઘટે છે.

આ ચરમાવર્ત્ત પૂર્વે અન્ય આવર્ત્તોમાં તેની પ્રાપ્તિ કેમ નથી થતી ? તેનું કારણ એ છે કે–અન્ય આવર્ત્તોમાં વર્ત્તતા જીવોને +પ્રદીર્ઘ–અતિ લાંબો સંસાર હજુ ભમવાનો છે, માલિન્યનો–આત્મમલિનપણાનો પણ અતિશય વર્તે છે, અતત્ત્વને વિષે અભિનિવેશ હોય છે. ચરમાવર્ત્તમાં પણ ઉક્ત ગુણથી વિકલ એવા અન્યને–ભવ્યને પણ આ કદી હોતું નથી.

"તે અપરાધી હો જે તુજથી દૂર કે, ભૂરિ ભ્રમણ દુઃખના ધણી;
તે માટે હો તુજ સેવા રંગ કે, હોજો એ ઇચ્છા ઘણી."
—શ્રી દેવચંદ્રજી

(૨) જિન ભગવાન પ્રત્યે ભક્તિ આદિ ઉત્તમ યોગબીજની પ્રાપ્તિ જીવનો ઘણો ઘણો ભાવમલ* જ્યારે

---

+ " प्रदीर्घभवसद्भावान्मालिन्यातिशयात्तथा ।
अतत्त्वाभिनिवेशाच्च नान्येष्वन्यस्य जातुचित् ॥ "—શ્રી યોગબિન્દુ.

* " एतद्भावमले क्षीणे प्रभूते जायते नृणाम् ।
करोत्यव्यक्तचैतन्यो महत्कार्यं न यत्क्वचित् ॥
चरमे पुद्गलावर्त्ते क्षयश्चास्योपपद्यते । "—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

" तस्मादवश्यमेष्टव्या स्वाभाविक्येव योग्यता ।
तस्यानादिमती सा च मलनान्मल उच्यते ॥ "—શ્રી યોગબિન્દુ.

(૨) ચરમાવર્ત્તમાં જ ભાવમલ અલ્પતા

ક્ષીણ થાય છે ત્યારે હોય છે. અત્રે ઘણો મલ એટલે ઘણા પુદ્ગલપરાવર્ત્તનો આક્ષેપક એવો ભાવમલ સમજવો. અને આવો આ ઘણા મલનો ક્ષય **ચરમ પુદ્ગલાવર્ત્ત**માં થાય છે. આ ભાવમલ **સહજ**–આત્મસમકાલભાવી છે, અર્થાત્ અનાદિ આત્માની સાથે આ સહજ મલ અનાદિથી લાગેલો છે. મલ એટલે કર્મસંબંધની યોગ્યતા, અને જીવના સ્વભાવનું તે મલન–વિષ્કંભન–સ્થગન કરે છે એટલા માટે તે '**મલ**' કહેવાય છે. કર્મસંબંધની યોગ્યતારૂપ આ ભાવમલ પ્રતિઆવર્ત્તે દૂર થતો જાય છે; અને જેમ જેમ તે દૂર થતો જાય છે તેમ તેમ આત્માની ભાવશુદ્ધિ થતી જાય છે. એમ કરતાં ચરમાવર્ત્તમાં ભાવમલની અતિઅલ્પતા હોય છે, એટલે તેમાં તથાપ્રકારની યોગ્યતા પ્રાપ્ત થાય. તો પણ અન્ય આવર્ત્તોમાં ભાવમલની બહુલતા હોવાથી તેવી યોગ્યતા હજુ નથી હોતી.

આમ મલની અલ્પતાને લીધે ભાવશુદ્ધિ હોય છે, અને ભાવશુદ્ધિને લીધે સર્વજ અનુષ્ઠાન શુભ હોય છે; કારણ કે આગ્રહ વિનિવૃત્ત–દૂર થયો હોવાથી, અલ્પ–અલ્પતર બંધ થાય છે. એટલા માટે જ કર્મપરમાણુઓ આગળની જેમ સંક્લેશહેતુ હોતા નથી, તથા અંતસ્તત્ત્વ–આત્માની સંશુદ્ધિને લીધે ઉત્કટ શુભ ભાવ હોય છે. આવા પ્રકારની સ્થિતિ ચરમાવર્ત્તમાં જ પ્રાપ્ત થાય છે, તે પૂર્વે નહિં.

(૩) અચરમાવર્ત્તમાં તેવી ભાવશુદ્ધિનો અભાવ હોય

છે. તેમાં જે અનુષ્ઠાન કરવામાં આવે છે, તે **વિષ, ગર** અથવા **અનનુષ્ઠાન** પ્રકારનું હોય છે. કારણ કે તે ભવાભિષ્વંગ ભાવથી તથા અનાભોગયોગથી — અણસમજણથી કરવામાં આવે છે. આ લોક-પરલોકમાં ફલ અપેક્ષા તે **ભવાભિષ્વંગ** કહેવાય છે. એટલે કાં તો તે આ લોકમાં ફલકામનાએ કરવામાં આવતું એવું **વિષ અનુષ્ઠાન** હોય છે; કાં તો પરલોકના ફલની કામનાએ કરવામાં અવતું એવું **ગર અનુષ્ઠાન** હોય છે; અને કાં તો અનાભોગથી-વગર સમજણે, સંમૂર્ચ્છિમની જેમ, ક્રિયાજડ-પણે કરવામાં આવતું, તે કર્યું ન કર્યા બરાબર એવુ **અનનુષ્ઠાન** હોય છે. અચરમાવર્ત્તમાં અનુષ્ઠાનની-ધર્મક્રિયાની આવી નિકૃષ્ટ સ્થિતિ હોય છે. પણ **ચરમાવર્ત્તમાં** તો અનુષ્ઠાન **તદ્ધેતુ** પ્રકારનું હોય છે; અર્થાત્ આત્માને અમૃત-રૂપે પરિણમે એવા તત્ત્વસમજણવાળા, આજ્ઞાનુસારી, સંવેગરંગવાળા, ભાવસાર **અમૃત અનુષ્ઠાનના** હેતુરૂપ-કારણરૂપ હોય છે; કારણ કે અત્રે સદનુષ્ઠાન ભાવનો શુભ ભાવઅંશ હોય છે. આમ વિષ, ગર ને અનનુષ્ઠાન સેવનારા અન્ય આવર્ત્તવાળા જીવો પ્રગટ અપાત્ર છે, **અને અમૃત-અનુષ્ઠાનના હેતુરૂપ તદ્ધેતુ** અનુષ્ઠાન આચરનારા ચરમા-વર્ત્તવર્ત્તી **અપુનર્બંધકાદિ** જીવો જ માત્ર ભક્તિ આદિ સદનુષ્ઠાનના સુપાત્ર છે.

**(૩) ચરમાવર્ત્તમાં જ શુદ્ધ અનુષ્ઠાન**

" જિનગુણ અમૃત પાનથી રે-મન મોહના રે લાલ.
અમૃત ક્રિયા સુપસાય રે ભવિ બોહના લાલ.

અમૃત ક્રિયા અનુષ્ઠાનથી રે–મન૦
આતમ અમૃત થાય રે–ભવિ૦”–**શ્રીદેવચંદ્રજી.**

(૪) અને એટલા માટે જ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ફરી નથી બાંધતા એવા *અપુનર્બંધકને જ **મુખ્ય** એવી યથોક્ત **પૂર્વસેવા** હોય છે, અર્થાત્ અધ્યાત્મ યોગની સાક્ષાત્ પ્રાપ્તિ પૂર્વે યોગ્યતા મેળવવા માટે આવશ્યક એવી પ્રથમ ભૂમિકારૂપ પૂર્વ આરાધના હોય છે, કારણ કે તેને કલ્યાણ આશયનો યોગ હોય છે, પણ બાકીનાને તો તે ઉપચારથી હોય છે. શુદ્ધ× થતું જતું જાતિવંત રત્ન અને સુવર્ણ જેમ ગુણોથી સંયોજાય છે, તેમ શુદ્ધ થતો જતો આત્મા પણ વિવિધ ગુણોથી સંયુક્ત થાય છે એટલે અલ્પ મલવાળા **અપુનર્બંધકાદિ ચરમાવર્ત્તવર્ત્તી** જીવો ગુણપાત્ર બને છે, પણ તીવ્ર મલ–વિષવેગવાળા અચરમાવર્ત્તવર્ત્તી તેવા ગુણને પામતા નથી. માટે **શાંત–ઉદાત્ત** ગુણને પામેલા અપુનર્બંધકાદિ જ શુદ્ધ અનુષ્ઠાન સેવે છે, સૂક્ષ્મ ભાવનો ઊહ–તત્ત્વવિચાર કરે છે, અને તત્ત્વસંવેદન અનુભવે છે. આવા મહાત્માઓનું આ શુદ્ધ અનુષ્ઠાન **યોગના હેતુપણાથી** યોગ હોય છે, અને તેનો અવતાર મુખ્ય એવી પૂર્વસેવામાં થાય છે.

**(૪) ચરમાવર્ત્તમાં જ મુખ્ય પૂર્વસેવા**

---

* “ अस्यैषा मुख्यरूपा स्यात्पूर्वसेवा यथोदिता ।
कल्याणाशययोगेन शेषस्याप्युपचारतः ॥ ” —શ્રી યોગબિન્દુ.

× “ शुध्यल्लोके यथा रत्नं जात्यं काञ्चनमेव वा ।
गुणैः संयुज्यते चित्रैस्तद्वदात्मापि दृश्यताम् ॥ ”—શ્રી યોગબિન્દુ.

(૫) અન્ય આવર્ત્તોમાં વર્ત્તનારા જીવો **દૂરભવ્ય** છે-એને હજુ મુક્તિ પામવાને ઘણી વાર છે; પણ આ ચરમ આવર્ત્તમાં વર્તે છે તે તો **આસન્નભવ્ય**-નિકટમુક્તિગામી જીવ હોય છે. કારણ કે અનંત આવર્ત્તો જ્યાં વ્યતીત થયા છે ત્યાં આ એક કાંઈ હિસાબમાં નથી.+ એવા ચરમાવર્ત્તવર્ત્તી પુરુષને ભવભયથી આઝું ડરવાનું રહેતું નથી. જેમ કોઈ સત્સાધક§ વિદ્યા સાધતો હોય, તેને ચરમ-છેલ્લી નિકટમાં રહેલી વેતાલ આદિના દર્શનથી ઉપજતી ડરામણી બહુ ખેદ ઉપજાવતી નથી, પણ વિદ્યાસિદ્ધિ હવે નજીકમાં છે એવી આશા બંધાવાથી એના ચિત્તમાં ઊલટો પ્રમોદ ઉલ્લસે છે; તેમ ચરમાવર્ત્તમાં વર્ત્તતો **સત્સાધક** પણ મોક્ષમાર્ગની સાધના કરે છે, તેને આ ચરમ આવર્ત્તની ડરામણી બહુ ખેદ ઉપજાવતી નથી, પણ મુક્તિ-સિદ્ધિ હવે સમીપમાં છે એવી દૃઢ આશાના અવલંબનથી ઊલટો અત્યંત આનંદ ઉલ્લસે છે. વળી તે વિદ્યાસિદ્ધિ કાંઈ મહત્ અર્થની સિદ્ધિ નથી, તેમજ આત્યંતિકી નથી; પણ મુક્તિ તો પરમ મહત્ અર્થની સિદ્ધિ છે, અને આત્યંતિકી પણ છે, તો પછી તેની સિદ્ધિ જ્યાં આસન્ન-નિકટ હોય ત્યાં તો કેટલો બધો આનંદ

**(૫) ચરમાવર્ત્તમાં જ મુક્તિ નિકટતા**

---

+ " आसन्ना चेयमस्यौच्चैश्चरमावर्तिनो यतः ।
भूयांसोऽमी व्यतिक्रान्तास्तदेकोऽत्र न किंचन ॥ "—શ્રી યોગબિન્દુ.

§ " सत्साधकस्य चरमा समयापि विभीषिका ।
न खेदाय यथात्यन्तं तद्वदेतद्विभाव्यताम् ॥ " —શ્રી યોગબિન્દુ.

વર્ત્તે ? કેવી અપૂર્વ ચિત્તપ્રસન્નતા વર્ત્તે ? એટલા માટે જ યોગમાર્ગના જ્ઞાતા પુરુષોએ* **અપુનર્બંધકાદિ**× ચરમાવર્ત્તમાં વર્ત્તનારા જીવોને ભાવસાર–તત્ત્વપરિણતિપ્રધાન–અંતરાત્મપરિણામી તથા આ લોક–પરલોકની ફલાપેક્ષાથી રહિત અને સાચી સમજણવાળા કહ્યા છે.

"હવે સંપૂરણ સિદ્ધતણી શી વાર છે ?
દેવચંદ્ર જિનચંદ્ર જગત આધાર છે."–**શ્રી દેવચંદ્રજી.**

અત્રે તૃણ +આદિમાંથી થતા ઘૃત આદિ ભાવનું **દૃષ્ટાંત** ઘટે છે, તૃણ, પત્ર, પુષ્પ, ફલ આદિ ગાયના ચારા માટે યોગ્ય છે; અને પછી તે પરિણામ પામી ઘૃત આદિ ભાવના ઉત્પત્તિહેતુરૂપ થાય છે, અર્થાત્ તેમાંથી ઘૃત–દૂધ–દહીં–માખણ બનવા યોગ્ય છે. આમ ઘૃતાદિ ભાવને માટે યોગ્ય છે, છતાં તૃણાદિ ભાવને ત્યારે તે તૃણાદિ કાળે ઘૃતાદિ ભાવ નથી હોતો, તેમ અન્ય સમયે–અન્ય આવર્ત્તોમાં મોક્ષહેતુ યોગ નથી હોતો. પણ તે અધ્યાત્માદિભાવમાં–પરિણામમાં નિબંધન-

---

* " अत एव च योगज्ञैरपुनर्बंधकादयः ।
भावसारा विनिर्दिष्टास्तथापेक्षादिवर्जिताः ॥ " —**શ્રી યોગબિન્દુ.**

× " કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ફરીવાર બાંધતા નથી એવા હળુકર્મી–મંદકષાયી જીવો તે **અપુનર્બંધક** કહેવાય છે.

\+ " तृणादीनां च भावानां योग्यानामपि नो यथा ।
तदा घृतादिभावः स्यात्तद्वद्योगोऽपि नान्यदा ॥
नवनीतादिकल्पस्तत्तद्भावेऽत्र निबन्धनम् ।
पुद्गलानां परावर्तश्चरमो न्यायसंगतम् ॥ "—**શ્રી યોગબિન્દુ.**

રૂપ–તત્કાળ કારણરૂપ તો **ચરમ પુદ્ગલાવર્ત્ત**જ છે. તે નવનીત–માખણ આદિ સમાન છે. જેમ નવનીત–માખણ આદિમાંથી ઘી શીઘ્ર જ બને છે, તેમ આ ચરમાવર્ત્તમાં અધ્યાત્મ–યોગ શીઘ્ર નિષ્પન્ન થાય છે. અને તેથી મુક્તિ પણ સન્નિધાનમાં વર્તે છે. અન્ય આવર્ત્તો તે તૃણાદિ ભાવ સમાન છે. જેમ તૃણાદિમાંથી ઘી બનવાને હજુ બહુવાર છે, તેમ અચરમાવર્ત્તમાં અધ્યાત્મપ્રાપ્તિ બહુ દૂર છે અને તેથી મુક્તિ પણ દૂર છે.

**(૬) અચરમાવર્ત્તી ભવાભિનંદી**

(૬) અને આમ કેમ છે ? તેનું કારણ એ છે કે–**અચરમાવર્ત્તી** જીવો **ભવાભિનંદી** હોય છે, પ્રાયઃ આહાર–ભય–પરિગ્રહ એ ત્રિસંજ્ઞાથી યુક્ત અને એથી કરીને જ દુઃખીઆ એવા હોય છે. તેમાં વળી ધર્મક્રિયા કરનારા કોઈ હોય તો તે પણ **લોકપંક્તિ**માં આદર કરનારા હોય છે. અર્થાત્ ક્ષુદ્ર, લાભરતિ, દીન, મત્સરવંત, ભયવાન, શઠ, અજ્ઞ એવા આ ભવાભિનંદી–સંસારને અભિનંદનારા–સંસારમાં રચ્યાપચ્યા રહેનારા જીવો નિષ્ફળ આરંભસંગત હોય છે, વંધ્યક્રિયાસંપન્ન હોય છે, તેઓની ધર્મક્રિયા પણ વાંઝણી હોય છે, ‘છાર પર લિંપણા’ જેવી હોય છે, ‘આંધળો વણે ને પાડો ચાવે’ એના જેવી હોય છે. ભવને અભિનંદનારા ( Hailing ) જીવના **સમસ્ત ધર્મમંડાણ પણ** આમ તેની અંતર્ગત પરિણતિ–વૃત્તિની દુષ્ટતાને લીધે મિથ્યા હોય છે, વંચક થઈ પડે છે.

" અવગુણ ઢાંકણ કાજ કરું જિનમત ક્રિયા !
છંડું ન અવગુણ ચાલ અનાદિની જે પ્રિયા !!
દૃષ્ટિરાગનો પોષ તેહ સમકિત ગણું !
સ્યાદ્વાદની રીત ન જાણું નિજપણું....
વિહરમાન ભગવાન ! સુણો મુજ વિનતિ. "

—શ્રી દેવચંદ્રજી.

વળી મલિન અંતરાત્માથી લોકારાધન હેતુએ-જનમન-રંજનાર્થે ધર્મીમાં ખપવા ખાતર જે સત્ક્રિયા કરવામાં આવે છે તે લોકપંક્તિ છે. એવી લોકપંક્તિમાં—લોકની પંગતમાં આ ભવાભિનંદી બિરાજે છે ! સગવડપંથી બની લોકની હારમાં બેસી જાય છે !

**'લોકપંક્તિ'માં બેસનારો ભવાભિનંદી**

લોકને રીઝવવા ખાતર જગત્‌ને રૂડું દેખાડવા માટે તે ધર્મક્રિયા આચરે છે ! આવી લોકપંક્તિથી કરવામાં આવતી ભવાભિનંદીની **ધર્મક્રિયા*** પણ મહત્ એવા ધર્મ પ્રત્યેની હીન દૃષ્ટિને લીધે, કીર્તિ આદિ માત્રના હીન હેતુએ નિયોજનને લીધે, અત્યંત **દુરંત-દારુણ પરિણામવાળી** હોય છે. કારણ કે કલ્પદ્રુમ-ચિંતામણિ-કામધેનુથી પણ અધિક એવા પરમ મહિમાવંત મહંત ધર્મનો તુચ્છ માન-પૂજાદિ અર્થે પ્રયોગ કરી, વેચાણ-લીલામ કરી, હીન ઉપયોગ કરી, તે પામર પ્રાણી તે પરમ પૂજ્ય ધર્મની ઘોર **આશાતના** કરે છે. અને એવી આશાતનાનું ધર્મને નામે

* " भवाभिनन्दिनो लोकपंक्त्या धर्मक्रियामपि ।
महतो हीनदृष्ट्युच्चैर्दुरन्तां तद्विदो विदुः ॥ "—શ્રી યોગબિન્દુ.

ચરી ખાવાનો દુષ્ટ અધમ વૃત્તિથી ઉપજતી ધર્મહીલનાનું દારુણ-ભયંકર ભવભ્રમણરૂપ પરિણામ તેને શોષવું પડે છે. એટલે આવો લોકપંક્તિમાં વર્ત્તનારો ભવાભિનંદી જીવ યોગ સન્માર્ગને યોગ્ય કેમ હોય ?

"આદર્યું આચરણ લોક ઉપરથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઇ કીધો:
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબ વિણુ;
તેહવો કાર્ય તિણે કો ન સીધો....
તાર હો તાર પ્રભુ ! મુજ સેવક ભણી.
"જે લોકોત્તર દેવ નમું લૌકિકથી !
દુર્લભ સિદ્ધ સ્વભાવ પ્રભો તહકીકથી."

—**શ્રી દેવચંદ્રજી**

આથી ઊલટું ચરમાવર્ત્તમાં વર્ત્તનારો **અપુનર્બંધકાદિ** જીવ ભવાભિનંદી દોષોના પ્રતિપક્ષ ગુણોથી-અક્ષુદ્રતા, અલોભતા આદિથી યુક્ત, અને ઔદાર્ય-દાક્ષિણ્ય આદિ વર્ધમાન ગુણવાળો હોય છે. ભવાભિનંદીની પેઠે તે ભવને અભિનંદતો (Hail) નથી, સંસાર રૂડો છે-સારો છે-ભલો છે, એમ તેને પ્રશંસતો રહી તેમાં રચ્યોપચ્યો રહેતો નથી; પણ તે દુષ્ટ છે, અનિષ્ટ છે, હેય છે, એમ તેને સાચા ભાવથી નિંદનારો-તિરસ્કારનારો હોય છે. ભવાભિનંદી ભવાભિષ્વંગથી યુક્ત હોઇ, આ લોક-પરલોક સંબંધી પૌદ્ગલિક ફલકામનાવાળો હોય છે, પણ આ અપુનર્બંધકાદિ તો ભવબંધનથી સર્વથા છૂટવા ઇચ્છનારો,

**ચરમાવર્ત્તવર્ત્તી મુમુક્ષુ આત્માર્થી**

માત્ર મોક્ષ અભિલાષ ધરાવનારો, ખરેખરો '**મુમુક્ષુ**' હોય છે; એટલે તે લોકપંક્તિમાં કદી આદર કરતો નથી, જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કરતો નથી, જન-મનરંજન કરી કીર્ત્તિ-માન-પ્રતિષ્ઠાદિનો ભૂખ્યો હોતો નથી, પરંતુ **કેવળ એક આત્માર્થનો જ-આત્મકલ્યાણનો જ કામી હોય છે,** બીજો કોઇ મનોરોગ તેને હોતો નથી. **આત્માર્થી મુમુક્ષુમાં** હોવા યોગ્ય ગુણગણ તેમાં દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ ઉત્તમ ગુણો આ મુમુક્ષુના ઘટમાં-અંતરમાં સદાય '**સુજાગ્ય**'-અત્યંત જાગ્રત વર્ત્તે છે.

"કામ એક આત્માર્થનું, બીજો નહિં મનરોગ.
દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."

**—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ**

"એક મોક્ષની ઇચ્છા છે મન વિષે,
બીજી કાંઈ ગમે નહિં વાત....જીવ્યું ધન્ય તેહનું."

**વૈષ્ણવ કવિ મનોરદાસ.**

(૭) અન્ય દર્શનીઓએ× જે **પૂર્વ સેવા** કહી છે, તે તો ચરમાવર્ત્તને નિકટના એવા અન્ય પરાવર્ત્તગત છે,

× "अत एवेह निर्दिष्टा पूर्वसेवापि या परैः ।
सासन्नान्यगता मन्ये भवाभिष्वंगभावतः ॥
अपुनर्बन्धकादीनां भवाब्धौ चलितात्मनाम् ।
नासौ तथाविधा युक्ता वक्ष्यामो युक्तिमत्र तु ॥"—**શ્રી યોગબિન્દુ.**

**(૭) ચરમાવર્ત્તમાં જ વિમલ મન સદ્બુદ્ધિ સાન્નિધ્ય**

કારણ કે હજુ તેમાં પણ ભવાભિષ્વંગનો—આ લોક પરલોક સંબંધી ફલાપેક્ષાનો ભાવ છે. પણ ભવાબ્ધિમાં જે ચલિતાત્મા છે, જેનો આત્મા વિનિવર્તમાન—ઓસરી રહેલો છે, એવા **અપુનર્બંધકાદિની** તેવી પૂર્વ સેવા અન્ય દર્શનીઓએ કહેલી પૂર્વ સેવા સરખી નથી, પણ એથી વિશિષ્ટ છે. કારણ કે આ મહાત્માઓનું મન મુક્તિમાર્ગપરાયણ એવું વિમલ યુક્તિથી યુક્ત હોય છે,—તેઓને **સદ્બુદ્ધિનો**—સમ્યક્ત્વ આદિ ઉત્તરોત્તર શુદ્ધ ગુણસ્થાનનો સમીપ ભાવ વર્ત્તે છે એટલા માટે.

(૮) વળી જો સમ્યક્પણે વિચારવામાં આવે તો અન્ય દર્શનીઓએ વિચિત્ર **પ્રકૃતિનું નિવૃત્તાધિકારીપણું** અને **પુરુષની કુશલ ધી—પ્રાપ્તિ**

**(૮) ચરમાવર્ત્તમાં જ પ્રકૃતિનો નિવૃત્ત અધિકાર**

વગેરે કહેલ છે, તે પણ કેવલ એવા પ્રકારે આવર્ત્તભેદથી ઘટે છે. અર્થાત્ અન્ય આવર્ત્તોમાં પ્રકૃતિનું અનિવૃત્તાધિકારીપણું* હોય છે, અધિકારીપણું—પ્રાબલ્ય હઠ્યું નથી હોતું, જોર નરમ પડ્યું નથી હોતું, અને પુરુષને—આત્માને કુશલ બુદ્ધિની—મોક્ષમાર્ગાનુસારણી બુદ્ધિની પ્રાપ્તિ નથી હોતી; પણ ચરમાવર્ત્તમાં તે પ્રકૃતિનું અધિકારીપણું—સત્તા નિવૃત્ત થાય છે, પ્રાબલ્ય હઠે

* " अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि ।
न पुंसस्तत्त्वमार्गेऽस्मिञ्जिज्ञासापि प्रवर्त्तते ॥ " —શ્રી યોગબિન્દુ.

છે, જોર નરમ પડે છે અને પુરુષને મોક્ષમાર્ગને અનુસરતી એવી કુશલ બુદ્ધિની પ્રાપ્તિ હોય છે.

આમ આ સમસ્ત વક્તવ્યનો સાર આ તુલનાત્મક કોષ્ટક પરથી સ્પષ્ટ જણાઈ આવશે:—

## ચરમાવર્ત્ત—અચરમાવર્ત્તની તુલના—કોષ્ટક.

| મુદ્દા | અચરમાવર્ત્ત | ચરમાવર્ત્ત |
|---|---|---|
| પાત્ર | સકૃદ્બંધકાદિ | અપુનર્બંધકાદિ |
| અધ્યાત્મ | અધ્યાત્મ પ્રવેશ અયોગ્યતા | અધ્યાત્મ પ્રવેશ યોગ્યતા |
| ભાવમલ | ભાવમલ બહુલતા | ભાવમલ અલ્પતા |
| ભાવ | ભાવ સંક્લિષ્ટતા | ભાવશુદ્ધિ—ઉત્કટ શુભ ભાવ |
| અનુષ્ઠાન | અશુદ્ધ અનુષ્ઠાન—વિષ—ગર—અનનુષ્ઠાન | શુદ્ધ અનુષ્ઠાન—તદ્ધેતુ—અમૃત |
| ગુણ—દોષ | ક્ષુદ્રતાદિ દોષભાજન—ગુણઅપાત્ર અયોગ | દોષ અભાજન—ગુણપાત્ર યોગ હેતુ યોગ |
| ભવ્યતા | દૂરભવ્યતા, દૂરમુક્તિ, દૂરયોગ્યતા | આસન્નભવ્યતા, નિકટમુક્તિ, નિકટયોગ્યતા |
| પૂર્વસેવા | ઉપચારથી | મુખ્યરૂપા |
| મુખ્ય લક્ષણ | ભવાભિનંદીપણું—લોકપંક્તિમાં આદર | મુમુક્ષુપણું—આત્માર્થીપણું—લોકપંક્તિમાં અનાદર |
| મન-બુદ્ધિ | મન મનમલિનતા, દુર્બુદ્ધિ | મનોવિમલતા—સદ્બુદ્ધિનું સાન્નિધ્ય |
| પ્રકૃતિ—પુરુષ | પ્રકૃતિનું અનિવૃત્તાધિકારીપણું—પુરુષને કુશલ બુદ્ધિ અપ્રાપ્તિ | પ્રકૃતિનું નિવૃત્તાધિકારીપણું, પુરુષને કુશલ બુદ્ધિ પ્રાદુર્ભાવ |

આ સર્વ ઉપરથી જોઈ શકાય છે કે—અચરમાવર્ત્તમાં

જીવની તેવા પ્રકારની યોગ્યતા હોતી નથી, માત્ર **ચરમાવર્ત્તમાં** જ તેવી યથાયોગ્ય યથાયોગ્યતા—પાત્રતા—મોક્ષમાર્ગનું અધિકારીપણું પ્રાપ્ત થાય છે, એટલે પ્રભુસેવા—પ્રભુભક્તિ જે અધ્યાત્મ—યોગમય મોક્ષમાર્ગના ઉત્તમ અંગભૂત છે, તેની પ્રથમ ભૂમિકા પણ અત્રે જ પ્રાપ્ત થાય છે.

## ચરમાવર્ત્તનું વ્યવહારુ લક્ષણ

હવે કોઈ પ્રશ્ન કરે કે આપણને **ચરમાવર્ત્ત** છે કે **અચરમાવર્ત્ત** એની ખબર કેમ પડે ? તો તેનું સમાધાન એમ છે કે—ચરમાવર્ત્તનું વ્યવહારુ સામાન્ય લક્ષણ **શ્રી હરિભદ્રાચાર્યજીએ** આ પ્રમાણે સ્પષ્ટ × કહ્યું છે-(૧) દુઃખીઆ પ્રત્યે અત્યંત દયા, (૨) ગુણવંત પ્રત્યે અદ્વેષ, (૩) સર્વત્ર ઔચિત્યથી સેવન. આ લક્ષણ સારી પેઠે સમજવા જેવું છે.

**દુઃખીઆ પ્રત્યે અત્યંત દયા**

રોગ વગેરે શારીરિક દુઃખથી, તેમજ દરિદ્રતા—દૌર્ભાગ્ય વગેરેથી ઉપજતા માનસિક દુઃખથી, આધિ—વ્યાધિ-ઉપાધિથી જે જીવો બિચારા દુઃખીઆ હોય, પરિતાપ પામી આકુલવ્યાકુલ થતા હોય, તેઓ પ્રત્યે અત્યંત દયા—અનુકંપા કરવી તે અત્રે પ્રથમ લક્ષણ છે. એટલે કે તે તે દુઃખથી તે જીવને જેવો કંપ—આત્મપ્રદેશપરિસ્પંદ થતો હોય, તેવો તેને અનુસરતો કંપ

---

× " दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यात्सेवनं चैव सर्वत्रैवाविशेषतः ॥ "—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

પોતાના આત્માને વિષે થાય, તેનું નામ **અનુકંપા** છે. તે દુઃખ જાણે પોતાનું જ હોય એવી ભાવના ઉપજે, 'પીડ પરાઇ જાણે રે,' જેમ શરીરના એક ભાગને દુઃખ થતાં બીજા ભાગમાં પણ અનુકંપ ઊઠે છે તેમ બીજાના દુઃખે પોતે દુઃખી થવું તે અનુકંપા છે. અને પોતાનું દુઃખ દૂર કરવાને જેમ પોતે સદા તત્પર હોય તેમ પરદુઃખભંજન કરવાને સદા તત્પર હોવું, તે જ ખરી અનુકંપા અથવા દયા છે, કારણ કે પરદુઃખ છેદવાની જે ઇચ્છા તેનું નામ જ **કરુણા**–દયા છે.

"પરદુઃખ છેદન ઇચ્છા કરુણા" –**શ્રી આનંદઘનજી**
"વૈષ્ણવજન તો તેને કહિયે પીડ પરાઈ જાણે રે."
**શ્રી નરસિંહ મહેતા.**

"સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે નહિં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ"
—**શ્રીમદ્ રાજચંદ્રજીકૃત મોક્ષમાળા**

"જિસકે હિરદે હય ભૂત દયા, વાને સાધન ઓર કિયો ન કિયો."
**કબીરજી.**

ગુણવાન જન પ્રત્યે અદ્વેષ–અમત્સર હોવો, ઈર્ષ્યા રહિતપણું હોવું, તે આ છેલ્લા પુદ્‌ગલાવર્ત્તનું બીજું લક્ષણ છે. ગુણ–પુણ્યનો દ્વેષ તે મત્સર કહેવાય છે, તે અહીં ન હોય.

**ગુણવંત પ્રત્યે અદ્વેષ**

વિદ્યા, વિનય, વિવેક, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે ગુણોથી જો કોઇપણ પોતાના કરતાં

અધિક-ચઢીયાતો દેખાય, તો તેના પ્રત્યે અદેખાઇ ન કરે; પરંતુ તે તે ગુણ જોઇ ઊલટો મનમાં પ્રસન્ન થાય, રાજી થાય, પ્રમોદભાવ ધરે કે–'ધન્ય છે આને ! આનામાં વિદ્યા-વિનય-વિવેકનો કેવો વિકાસ છે ! આ કેવો જ્ઞાનવાન, કેવો ચારિત્રવાન છે !' આમ પરના પરમાણુ જેવડા ગુણને પણ પર્વત જેવો ગણી પોતાના હૃદયમાં સદાય વિકાસ પામે, પ્રફુલ્લિત થાય, સાચો સદ્‌ગુણાનુરાગી બને, તો સમજવું કે-આ છેલ્લા પુદ્‌ગલાવર્ત્તનું ચિહ્ન છે.

"परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं,
निजहृदि विकसंतः संति संतः कियन्तः ?"

—શ્રી ભર્તૃહરિ.

"ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ"

—શ્રીમદ્ રાજચંદ્રજી.

શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે **ઔચિત્યથી**-ઉચિતતાથી સર્વત્ર જ્યાં જેમ ઘટે તેમ **સેવા કરવી** તે ત્રીજું લક્ષણ છે. જે આત્માર્થી છે તે જ્યાં જ્યાં જે જે કરવું ઘટે છે તે તે કરે, અને જ્યાં જ્યાં જે જે સમજવું ઘટે છે તે તે સમજે, તેનું નામ ઔચિત્ય છે.

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તિહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રીઆત્મસિદ્ધિ

અને તેમાં પણ અવિશેષથી-કોઇ પણ જાતના ભેદભાવ વિના, ટાળો પાડયા વિના, સામાન્યપણે દીન-દુઃખી વગેરે

**અભેદભાવે સર્વની ઉચિત સેવા**

સર્વ કોઈની પણ યથાયોગ્ય સેવા કરવી, એ **ઉચિત સેવા** છે, **સેવાધર્મ** છે. અત્રે ઉચિતપણું–યથાયોગ્યપણું આમ સમજવું: મુનિ–સાચા સાધુગુણથી યુક્ત એવા સત્પાત્ર સત્પુરુષ પ્રત્યે જે વૈયાવચ્ચ–સેવા કરવામાં આવે, ત્યાં ભક્તિભાવનું પ્રધાનપણું ઉચિત છે. દુઃખી, દીન, અપંગ વગેરે પ્રત્યે કાંઈ સેવા કરવામાં આવે તેમાં ×અનુકંપાભાવનું પ્રધાનપણું ઉચિત છે. ઇત્યાદિ અત્ર વિચારવું યોગ્ય છે.

આમ અત્રે ત્રણ લક્ષણ કહ્યા, તે જેનામાં હોય, તે ચરમ આવર્ત્તમાં વર્ત્તે છે, તેને ભવચક્રનો છેલ્લો આંટો છે એમ જાણવું. માટે **ચરમાવર્ત્તમાં** આવવું હોય, ભવનો અંત આણવો હોય, તો આ લક્ષણો–**પ્રાથમિક ગુણો** આત્મામાં પરિણમાવવા જોઈએ; દુઃખીની અત્યંત દયાથી હૃદયને કોમળ–આર્દ્ર કરવું જોઈએ, ગુણઅદ્વેષથી ચિત્તભૂમિ ચોકખી કરવી જોઈએ, અને સર્વ જીવની યથોચિત સેવા કરી વિશ્વવત્સલ બનવું જોઈએ. એમ આ ઉપરથી મહાત્મા શાસ્ત્રકારે ગર્ભિત બોધ આપ્યો જણાય છે.

---

× " अनुकंपाऽनुकंप्ये स्याद्भक्तिः पात्रे तु संगता ।
अन्यथाधीस्तु दातॄणामतिचारप्रसञ्जिका ॥ "

—શ્રી યશોવિજયજીકૃત દ્વાત્રિંશતદ્વાત્રિંશિકા.

## સારબોધ તાત્પર્ય

પ્રસંગવશાત્ અત્ર અતિ ઉપયુક્ત જાણી **ચરમાવર્ત્ત** સંબંધી કરવામાં આવેલ આ સમસ્ત વિવરણ પરથી શું **સારબોધ-તાત્પર્ય-પરમાર્થ** ફલિત થાય છે ? તે સુજ્ઞ વિચારકે વિચારવા યોગ્ય છે. ઉકત લક્ષણ પરથી આપણે પોતે **અચરમાવર્ત્ત**માં વર્ત્તીએ છીએ કે **ચરમાવર્ત્ત**માં વર્ત્તીએ છીએ ? આપણામાં અચરમાવર્ત્તીના લક્ષણ છે કે ચરમાવર્ત્તીના ? એ **આંતર નિરીક્ષણથી** ( Introspection ) **-અંતર્મુખ અવલોકનથી** તપાસવું જોઇએ. જો અચરમાવર્ત્તીના લક્ષણ દેખાય, તો તે જેમ દૂર થાય અને ચરમાવર્ત્તના લક્ષણ પ્રાપ્ત થાય, તેવો પ્રયત્ન કરવો જોઇએ. જો ચરમાવર્ત્તીના લક્ષણ દેખાય તો તે જેમ બને તેમ પુષ્ટ થાય એવો અખંડ આત્મ-પુરુષાર્થ નિરંતર ચાલુ રાખવો જોઇએ. જેમકે—

અચરમાવર્ત્તીનું મુખ્ય લક્ષણ ભવાભિનંદીપણું છે, અને ચરમાવર્ત્તીનું મુખ્ય લક્ષણ **મુમુક્ષુપણું** છે. એટલે ભવાભિનંદીપણું-સંસારને **અભિનંદવાનું** છોડી દઈ, **માત્ર મોક્ષ અભિલાષ** જ ધારણ કરવો જોઇએ, ક્ષુદ્રતાદિ દોષ ત્યજી, અક્ષુદ્રતાદિ-દયા-ગુણપ્રમોદાદિ ગુણ ભજવા જોઇએ. તેમજ-ભવાભિનંદી લોકપંક્તિમાં બેસે છે, અર્થાત્ કીર્તિ આદિ અર્થે ધર્મક્રિયા પણ લોકને રીઝવવા કરે છે, તેમ નહિં કરતાં **કેવળ એક આત્માર્થે** જ સમસ્ત

'માત્ર મોક્ષ અભિલાષ'

ધર્મપ્રવૃત્તિ કરવી જોઇએ. કારણ કે જેને લોકમાં માન-પૂજાદિની કામના નથી હોતી, અને જેને અંતરૂમાં ભવનું દુઃખ વ્હાલું નથી હોતું, એવો સાચો અંતરંગ વૈરાગ્યવંત મુમુક્ષુ આત્માર્થી જીવ જ જિન ભગવાનનો માર્ગ સાંભળવાનો યોગ્ય અધિકારી હોય છે. આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીનું** પરમ શાંતરસમય ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—

"મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ....મૂળ મારગ૦
નો'ય પૂજાદિની જો કામના રે,
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ"....મૂળ મારગ૦

—**શ્રીમદ્ રાજચંદ્રજી**

**આત્માર્થે જ તત્ત્વ સમજણપૂર્વક ધર્મક્રિયા**

અને એટલા માટેજ અશુદ્ધ અનુષ્ઠાન-**વિષ**, **ગર** અને **અનનુષ્ઠાન** છોડી દઇ **તદ્ધેતુ અનુષ્ઠાન** કરવું જોઇએ. અર્થાત્ આત્માને ઝેરરૂપે પરિણમતું એવું આ લોક-પરલોકની ફલ-કામનાવાળું વિષ-ગર અનુષ્ઠાન, અને સમજણ વગરનું અનનુષ્ઠાન ન સેવવું જોઇએ; પણ આત્માને અમૃતરૂપે પરિણમતું એવું **અમૃત અનુષ્ઠાન** અને **તદ્ધેતુ અનુષ્ઠાન** જ આદરવાનો અખંડ ઉપયોગ રાખવો જોઈએ. માનતા માનવી, નિયાણું બાંધવું વગેરે તુચ્છ પ્રકારોને તિલાંજલિ આપી, તત્ત્વસમજણપૂર્વક દૃઢ સંવેગરંગથી પ્રત્યેક ધર્મક્રિયા માત્ર મોક્ષ હેતુએ જ આરાધવી જોઇએ.

વળી આપણે જોયું હતું કે **ભાવમલની અલ્પતાથી** જ ચરમાવર્ત્તમાં અવાય છે, અને ઉત્તરોત્તર આત્મદશા વધે છે. માટે આ ભાવમલ આત્મમલિનતા—માંહીનો મેલ જેમ દૂર થાય તેમ પ્રયત્ન કરવો જોઇએ. આ ભાવમલને

**ભાવમલની ક્ષીણતા**

દૂર કરવાની રહસ્ય–ચાવી ( Master key ) આપણા પોતાના જ હાથમાં છે, કારણ કે રાગ, દ્વેષ ને મોહ એ જ મુખ્ય ભાવમલ છે; તે કરવા–ન કરવા આપણા હાથમાં છે તે જેમ જેમ દૂર કરીએ તેમ તેમ આત્માની ભાવશુદ્ધિ થતી જાય છે. એટલે આત્માના વિકાસનો અને તે માટેના પુરુષાર્થનો માર્ગ સદાને માટે સાવ ખુલ્લો પડયો છે. જીવ જેમ જેમ રાગ-દ્વેષ–મોહની માત્રા ઘટાડતો જાય, વિષય–કષાયની મંદતા–ક્ષીણતા કરતો જાય, તેમ તેમ તેનું '**ગુણસ્થાન**' વધતું જાય.

અને આ બધાનો **સારસમુચ્ચય** એ જ છે કે–જીવ કષાયનું ઉપશાંતપણું કરે, માત્ર મોક્ષ સિવાય બીજી કોઇ પણ અભિલાષા–ઇચ્છા ન રાખે, સંસાર પ્રત્યે ખેદ–કંટાળો–વૈરાગ્ય ધારે, અને સર્વ પ્રાણી પ્રત્યે દયા

**'ત્યાં આત્માર્થ નિવાસ'**

દાખવે, તો ત્યાં આત્માર્થનો નિવાસ થાય. એવી યોગ્ય દશાનો યોગ જીવ જ્યાંસુધી ન પામે ત્યાંસુધી તે મોક્ષ-માર્ગને પામે નહિં અને તેનો અંતર્ રોગ મટે નહિં. અને તેવા પ્રકારે ઉક્ત સર્વ શાસ્ત્રકથનના પરમ નિષ્કર્ષરૂપ–નીચોડરૂપ **શ્રીમદ્ રાજચંદ્રજીનું** અત્યંત માર્મિક મનનીય સુભાષિત છે કે—

" કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ;
દશા ન એવી જ્યાં લગી, જીવ લહે નહિં જોગ;
મોક્ષમાર્ગ પામે નહિં, મટે ન અંતર રોગ. "

—શ્રીમદ્ રાજચંદ્રજીકૃત શ્રીઆત્મસિદ્ધિ

આમ આપણે અત્ર પ્રસંગથી પ્રકૃત વિષયની ભૂમિકા સમજવા માટે ખાસ ઉપયોગી જાણીને ચરમાવર્ત્ત સંબંધી કંઇક વિસ્તારથી વિચાર કર્યો. અને ચરમાવર્ત્તનો ઉલ્લેખ કરતાં મહાશાસ્ત્રજ્ઞ અનુભવજ્ઞાની મહાત્મા **આનંદઘનજીના** હૃદયને વિષે આ સમસ્ત અને તેથી પણ અનેકગણો અધિક પરમ ઉદાર આશય રમી રહ્યો હશે એમ સહેજે સમજાય છે.

હવે ક્રમપ્રાપ્ત **ચરમકરણનો** વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે:—

# ચતુર્થ પરિચ્છેદ :

## ચરમકરણ અને તથાભવ્યત્વ પરિપાક

### ૧. ચરમ કરણ એટલે શું ?

'ચરમ કરણ' એટલે શું ? ચરમ એટલે છેલ્લું અને કરણ એટલે આત્મપરિણામવિશેષ. આ ચરમ કરણ અત્રે **ચરમ યથાપ્રવૃત્તકરણ** જ વિવક્ષિત છે. એટલે કે જીવ જ્યારે ઉક્ત લક્ષણવાળા **ચરમાવર્ત્ત**માં વર્ત્તતો હોય અને તેમાં પણ જ્યારે તેને **ચરમ યથાપ્રવૃત્ત કરણ** પ્રાપ્ત હોય, ત્યારે જ ઉક્ત ભયાદિ 'દોષ ટળે, દૃષ્ટિ ખૂલે' ઈત્યાદિ ગુણની સંપ્રાપ્તિ થાય છે.

આ કરણ સંબંધી વિશેષ વિચાર આ વિવેચનલેખકે **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય** સવિવેચન ગ્રંથમાં (જે પ્રસિદ્ધ થયો છે) વિસ્તારથી ચર્ચ્યો છે, તથાપિ અત્રે સંક્ષેપથી વિચારીએ તો—

**ત્રણ કરણ**

કરણના મુખ્ય ત્રણ પ્રકાર છે : (૧) **યથાપ્રવૃત્તકરણ**, (૨) **અપૂર્વકરણ**, (૩) **અનિવૃત્તિકરણ**. તેમાં ભવ્યોને એ ત્રણેય કરણ અનુક્રમે પ્રાપ્ત થાય છે; પણ બીજાઓને એટલે કે અભવ્યોને તો માત્ર યથાપ્રવૃત્ત કરણ જ પ્રાપ્ત થાય છે, બીજા બે કરણ તેને કદી પણ પ્રાપ્ત થઇ શકે નહિં, અને એટલે જ તે મોક્ષ પામવાને અયોગ્ય (Inelligible) હોય છે. આ કરણ એટલે આત્મપરિણામ-

વિશેષ કે જેથી કર્મનું કરણ થાય છે—છેદ ઉડાવાય છે; યુદ્ધમાં કરણ—અટાપટાના દાવની જેમ, કર્મ અને આત્માના સનાતન યુદ્ધમાં કર્મશત્રુને મહાત કરવાના આ કરણ—દાવ ખેલાય છે, કે જેથી કરીને કર્મશત્રુ ઢીલો પડે છે, તેના સ્થિતિ—રસ આદિ મંદ થાય છે.

યથાપ્રવૃત્ત કરણ.

ગિરિનદીનો પત્થર ઘસાતાં પીસાતાં, કૂટાતાં પીટાતાં, **ઘર્ષણ—ઘૂર્ણનન્યાયે** ગોળ લીસો થાય છે. તેમ અનદિ સંસારમાં રખડતા આથડતા જીવને કવચિત્ કવચિત્ કેમે કરીને **ભાવમલની** ક્ષીણતા થતાં તથાભવ્યત્વનો પરિપાક થયે, એવો કોઇ વિશિષ્ટ આત્મપરિણામ થઈ આવે છે, એવો કોઈ કુણો—કોમળ મંદ વિષયકષાયી આત્મભાવ થઇ આવે છે, એવી કર્મસ્થિતિ—રસની મંદતા ઉપજે છે, કે તે **ગ્રંથિની** નિકટ આવી પડે છે. ' આગુસે ચલી આતી હૈ ' એ રીતે અનાદિ કાળપ્રવાહમાં પ્રવર્ત્તતાં પ્રવર્ત્તતાં જીવને જે કવચિત્ કિંચિત્ ભાવ ચમકારા જેવું સામાન્યપણે ( ordinarily ) પ્રવર્ત્તે છે એવું પૂર્વાનુપૂર્વ કરણ તે યથાપ્રવૃત્તકરણ છે. આવું યથાપ્રવૃત્તકરણ તો જીવ અનંત વાર કરે છે, ને અનંત વાર ગ્રંથિની નિકટ આવે છે. પણ તે માત્ર સામાન્ય—સાધારણ પ્રયત્નરૂપ હોઇ આત્મવીર્યની મંદતાને લીધે તે ગ્રંથિભેદ કર્યા વિના પાછો વળી જાય છે. આ કરણ ભવ્ય—અભવ્ય બન્નેને પ્રાપ્ત થાય છે, પણ **બીજા બે કરણ** ઉપર કહ્યું તેમ **એકલા ભવ્યને જ** પ્રાપ્ત થાય છે, **અભવ્યને નહિં,** એટલે જ તે મોક્ષમાર્ગમાં પ્રવેશી શકતો નથી.

**અને ભવ્ય પણ** જ્યાં લગી અપૂર્વ ( unprecedented ) આત્મપરિણામરૂપ ભાવને પામી, અપૂર્વ આત્મપુરુષાર્થ સ્ફુરાવી, અનન્ય પ્રયત્નથી, અસાધારણ ( Extraordinary effort ) પ્રયાસથી, પોતાના સર્વ સામર્થ્યથી ( with all his might ),

**અપૂર્વકરણ : અપૂર્વ આત્મપુરુષાર્થ**

શૂરવીરપણે 'યા હોમ કરીને,' ગ્રંથિરૂપ દુર્ભેદ્ય દુર્ગનો ભેદ કરવા સર્વાત્માથી પ્રવર્ત્તતો નથી, ત્યાં લગી તે પણ તે કાર્યમાં સફળ થતો નથી. કારણ કે ગ્રંથિભેદરૂપ દુર્ઘટ કાર્ય માટે અસામાન્ય અસાધારણ અપૂર્વ પ્રયત્નની જરૂર છે, તેમાં પૂર્વાનુપૂર્વ યથાપ્રવૃત્ત પ્રયત્ન કામ આવે નહિં. જેમ યુદ્ધમાં મજબૂત કિલ્લો સર કરવા માટે બળવાન્ શસ્ત્રોથી ભારી હલ્લો ( Mass attack ) કરવો પડે છે, તેમ ગ્રંથિરૂપ દુર્ભેદ્ય દુર્ગને જીતવા માટે **અપૂર્વ આત્મપુરુષાર્થરૂપ** ભાવ–વજ્રનો જોરદાર હલ્લો લઈ જવો જ જોઈએ, નહિં તો તેમાં નિષ્ફળતા જ મળે છે, અર્થાત્ ગ્રંથિ આગળથી 'પીછેહઠ' ( Retreat ) કરવી પડે છે.

"ગ્રંથિ પહેલે ગુણસ્થાનકે છે, તેનું ભેદન કરી આગળ વધી ચોથા સુધી સંસારી જીવો પહોંચ્યા નથી. કોઇ જીવ નિર્જરા કરવાથી ઊંચા ભાવે આવતાં, પહેલામાંથી નીકળવા વિચાર કરી, ગ્રંથિભેદની નજીક આવે છે, ત્યાં આગળ ગાંઠનું એટલું બધું તેના ઉપર જોર થાય છે કે ગ્રંથિભેદ કરવામાં શિથિલ થઇ જઈ અટકી પડે છે; અને એ પ્રમાણે મોળો થઇ પાછો વળે છે. આ પ્રમાણે ગ્રંથિભેદ નજીક અનંતીવાર

આવી જીવ પાછો ફર્યો છે. કોઈ જીવ પ્રબલ પુરુષાર્થ કરી નિમિત્ત કારણનો જોગ પામી કરેડીઆં કરી ગ્રંથિભેદ કરી, આગળ વધી આવે છે, અને જ્યારે ગ્રંથિભેદ કરી આગળ વધ્યો કે ચોથામાં આવે છે, અને ચોથામાં આવ્યો કે વહેલો-મોડો મોક્ષ થશે, એવી તે જીવને છાપ મળે છે."

શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૭૫૩.

**'છેલ્લું' યથાપ્રવૃત્ત કરણ**

પણ જીવ જ્યારે **છેલ્લા પુદ્ગલાવર્ત્ત**માં વર્ત્તતો હોય છે, ને તેમાં પણ ભાવમલની અત્યંત ક્ષીણતા થાય છે ત્યારે ભવ્ય જીવને **છેલ્લું યથાપ્રવૃત્ત કરણ*** પ્રાપ્ત થાય છે, અને તે ગ્રંથિભેદની અત્યંત નિકટ આવે છે. આ **છેલ્લું યથાપ્રવૃત્તિકરણ** અપૂર્વકરણને નિકટ હોવાથી અને અપૂર્વકરણને અવશ્ય પમાડનાર કારણરૂપ હોવાથી તત્ત્વથી એ '**અપૂર્વ**' જ છે—જીવને કદી પણ પૂર્વે પ્રાપ્ત થયું નથી એમ યોગવિદો વદે છે. એટલે પછી તેને 'અપૂર્વ' આત્મભાવનો ઉલ્લાસ થતાં, અપૂર્વ આત્મપુરુષાર્થની સ્ફુરણાથી **અપૂર્વકરણ** ને **અનિવૃત્તિકરણ**ની પ્રાપ્તિ થાય છે. **અપૂર્વકરણ** એટલે અનાદિ કાળમાં પૂર્વે કદી પણ પ્રાપ્ત થયો નથી એવો અપૂર્વ આત્મપરિણામ; અને સમ્ય-

---

* " यथाप्रवृत्तिकरणे चरमेऽल्पमलत्वतः ।
आसन्नग्रन्थिभेदस्य समस्तं जायते ह्यदः ॥
अपूर्वासन्नभावेन व्यभिचारवियोगतः ।
तत्त्वतोऽपूर्वमेवेदमिति योगविदो विदुः ॥ "

—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય.

ક્ત્વની પ્રાપ્તિ કરાવ્યા વિના રહે નહિં–નિવર્તે નહિં, તે **અનિવૃત્તિકરણ.** અપૂર્વકરણથી ગ્રંથિભેદ થાય છે અને અનિવૃત્તિકરણથી સમ્યક્ત્વ થાય છે.

તેમાં જ્યાંસુધી *ગ્રંથિ છે ત્યાંસુધી **યથાપ્રવૃત્તિકરણ** છે, ગ્રંથિ છેદતાં–ઉલ્લંઘતાં **અપૂર્વકરણ** છે, અને ગ્રંથિભેદ કરીને જીવ સમ્યક્ત્વ સન્મુખ થાય

ત્રણ કરણ અને ગ્રંથિભેદ

ત્યારે **અનિવૃત્તિકરણ** છે. આ ગ્રંથિ એટલે અત્યંત દુર્ભેદ્ય, ભેદવી ઘણી કઠણ એવી ગાંઠ. કર્કશ, ઘન, રૂઢ અને ગૂઢ એવી વાંસની ગાંઠ જેમ ભેદવી મુશ્કેલ હોય છે, તેમ જીવની આ ગાઢ રાગ–દ્વેષ પરિણામરૂપ ગાંઠ ભેદવી ઘણી દુષ્કર છે. એટલા માટે જ તેને ભેદવા માટે જીવે સર્વાત્માથી અપૂર્વ આત્મપુરુષાર્થ કરવો આવશ્યક છે. આ સર્વ આ આકૃતિ પરથી સમજાશે:—

**યથાપ્રવૃત્તિકરણ, → અપૂર્વકરણ ↓ ગ્રંથિભેદ → અનિવૃત્તિકરણ → સમ્યક્ત્વ.**

આ અપૂર્વકરણને અત્યંત નિકટનું અને અપૂર્વકરણનું અમોઘ કારણ એવું જે અપૂર્વવત્ 'છેલ્લું' યથાપ્રવૃત્તકરણ

---

* " करणं अहापवत्तं अपुव्वमणियट्टिमेव भव्वाणं ।
इयरेसिं पढमं चिय भण्णइ करणं ति परिणामो ॥
जा गण्ठी ता पढमं गण्ठिं समइच्छओ भवे बीयं ।
अनियट्टीकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे ॥ "

'ગુણના સ્થાનરૂપ' ખરેખરૂં પહેલું 'ગુણસ્થાનક'

જીવને જ્યારે વર્ત્તતું હોય છે, ત્યારે જ અત્ર પ્રસ્તુત ગુણગણની પ્રાપ્તિ હોય છે, અને ત્યારે જ અત્રે મુખ્ય-નિરુપચરિત એવું પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે, અર્થાત્ ઉપચારરૂપ નહિં પણ ખરેખર 'ગુણના સ્થાનરૂપ' એવું યથાર્થનામા પહેલું 'ગુણસ્થાનક' હોય છે.

"કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોવે, સુયશ વિલાસનું ટાણું રે.
વીર જિનેસર દેશના."

—શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિસજ્ઝાય

તાત્પર્ય કે-છેલ્લા યથાપ્રવૃત્તકરણરૂપ અપૂર્વ ભાવ પામી જ્યારે જીવનો અપૂર્વ આત્મપુરુષાર્થ×જાગે છે, ત્યારે જ તેને સાચો રંગ લાગે છે. પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજી**ના અમર શબ્દોમાં કહીએ તો—

"જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ."

## ૨

## 'તથા રે ભવપરિણતિ પરિપાક'

આમ જ્યારે જીવને ચરમાવર્ત્ત અને તેમાં પણ ચરમ કરણ વર્ત્તે છે, ત્યારે તેને પ્રસ્તુત ગુણગણની પ્રાપ્તિ થાય

× "यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः ।
अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥"

—શ્રી પૂજ્યપાદસ્વામીજીકૃત સમાધિશતક.

છે. અને આ ચરમાવર્ત્ત તથા ચરમ કરણની પ્રાપ્તિ પણ **તથાભવ્યત્વ**ના પરિપાકને આધીન છે, એટલા માટે જ અત્રે કહ્યું–'તથા રે ભવપરિપતિ પરિપાક.' એટલે કે જ્યારે જીવમાં તથાપ્રકારની ભવ્યતા પાકે, તેવા પ્રકારની યોગ્યતા–પાત્રતા પરિપકવ થાય ત્યારે મિથ્યાત્વરૂપ વિષની કડવાશ દૂર થાય અને કંઈક સંવેગરૂપ માધુર્યની–મીઠાશની સિદ્ધિ સાંપડે. કહ્યું છે કે—

" **योग्यता चेह विज्ञेया बीजसिद्ध्याद्यपेक्षया ।**
**आत्मनः सहजा चित्रा तथाभव्यत्वमित्यतः ॥ २७८ ॥** "

શ્રી યોગબિન્દુ

અર્થાત્–બીજસિદ્ધિ વગેરેની અપેક્ષાએ જે સહજ એવી નાના પ્રકારની યોગ્યતા તે **તથાભવ્યત્વ** કહેવાય છે.

**જીવોની તેવા તેવા પ્રકારની સહજ યોગ્યતા તે 'તથાભવ્યત્વ'**

જીવોની તેવા તેવા પ્રકારની યોગ્યતા તેનું નામ તથાભવ્યત્વ. પ્રત્યેક જીવની વ્યક્તિત્વરૂપ (Individuality) તથાભવ્યતા ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે, અને તેથી કરીને જ આ ચેતન જગતના ચિત્રવિચિત્રપણાનો તાત્ત્વિક ખુલાસો થઈ જાય છે. આ અંગે તલસ્પર્શી ચર્ચા **શ્રી હરિભદ્રાચાર્યજીએ યોગબિન્દુ**માં કરી છે. જિજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવી.×

---

× " सांसिद्धिकमिदं ज्ञेयं सम्यक्चित्रं च देहिनाम् ।
तथा कालादिभेदेन बीजसिद्ध्यादिभावतः ॥
सर्वेषामेव सत्त्वानां तत्स्वाभाव्यनियोगतः ।
नान्यथा संविदे तेषां सूक्ष्मबुद्ध्या विभाव्यताम् ॥ "

—શ્રી યોગબિન્દુ.

યથાયોગ્ય યોગ્યતા—પાત્રતા વિના કોઇ કાર્ય બનવું સંભવતું નથી. એટલે જ્યાં લગી જીવમાં તેવા પ્રકારની તથારૂપ યોગ્યતા—પાત્રતા ન આવી હોય ત્યાં લગી તેને તથારૂપ ગુણની પ્રાપ્તિ થવી શક્ય નથી. પ્રભુભક્તિ વગેરે ઉત્તમ યોગબીજની પ્રાપ્તિ થવી, એ કાંઇ જેવી તેવી કે નાનીસૂની વાત નથી, પણ જીવના મોટા ભાગ્યની વાત છે. એવો ભાગ્યોદય તો જીવનો જ્યારે છેલ્લો ભવફેરો હોય ત્યારે સાંપડે છે; કારણ કે ત્યારે જીવની તથા પ્રકારની ભવ્યતા—યોગ્યતા× પરિપકવ થાય છે, એટલે મિથ્યાત્વરૂપ ઝેરની કડવાશનું પ્રમાણ ઓછું થાય છે, અને પરિણામની કંઈક મીઠાશ નીપજે છે, જેથી કરીને પ્રભુ પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ સ્ફુરે છે.

**યોગ્યતાથી જ યોગબીજ પ્રાપ્તિ**

અને આ ઉપરથી એટલું પણ ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે કે—કાળસ્થિતિ પાકશે, ભવપરિણતિ પરિપાક થશે, ભવની મુદત પૂરી થશે ત્યારે આપણે માર્ગ પામશું, માટે આપણે તો તેની રાહ જોયા કરશું! એવું ખોટું મિથ્યા આલંબન પકડી આળસુ—પ્રમાદી થવા યોગ્ય નથી, પાદપ્રસારિકા અવલંબવા યોગ્ય નથી, હાથ જોડી બેસી રહી પુરુષાર્થહીન થવા યોગ્ય નથી. જ્ઞાની પુરુષોએ કાળલબ્ધિપરિપાક વગેરે કહ્યા છે, તેનો

**ભવિસ્થિતિ આદિ ખોટા આલંબન છોડી દેવા**

× " चरमे पुद्‌गलावर्त्ते तथाभव्यत्वपाकतः ।
संशुद्धमेतन्नियमान्नान्यदापीति तद्विदः ॥ "
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

ઊલટો અનર્થકારી અર્થ કરવા યોગ્ય નથી. જ્ઞાની પુરુષનો ઉપદેશ કદી પણ પુરુષાર્થહીનતા પ્રેરે જ નહિં, પુરુષાર્થની જાગ્રતિ જ પ્રેરે; માટે તેનો આશય સમજવો જોઇએ.

આપણી પોતાની તથાભવ્યતા કેવી છે, તે આપણે જાણતા નથી (unknown factor), પણ તે ભવ્યતાનો પરિપાક કરવાનો પુરુષાર્થ તો આપણા હાથમાં છે. એટલે કે આપણી ભવ્યતા–યોગ્યતા કેમ જલદી પકાવવી તેનો પ્રયાસ આપણે કરી શકીએ એમ છીએ. આપણી પાત્રતા–યોગ્યતા વધારીએ, એટલે એની મુદત એની મેળે પાકશે, આપણે એની ચિંતા કરવાની જરૂર નથી. દાખલા તરીકે–મગમાં પાકવાની યોગ્યતા છે, પણ તે ચૂલે ચઢાવીએ તો પાકે, એની મેળે કોઇ કાળે પાકે નહિ; તેમ ભવ્ય એવા આત્મામાં પણ ભવ્યતા–યોગ્યતા આણવાનો પ્રયાસ ન કરીએ, તો એની મેળે યોગ્યતા આવે નહિં.

**યોગ્યતા વધારવાનો પ્રયાસ**

એટલા માટે જો પરમાર્થની ઇચ્છા હોય, તો કાળસ્થિતિ જેમ પાકે, ભવપરિણતિ પરિપાક થાય, આત્મામાં યોગ્યતા–પાત્રતા જેમ આવે, તેવા ઉપાય લેવાનો **સત્ય પુરુષાર્થ** કરવો જોઇએ; અને તેવા ઉપાયોમાં પ્રાથમિકમાં પ્રાથમિક જે ઉપાય–દયા આદિ અહીં પૂર્વે સ્પષ્ટ બતાવ્યા છે, તેનો આશ્રય કરી આત્માર્થ સાધવો જોઇએ; શુદ્ધ નિમિત્ત કારણના અવલંબનથી ઉપાદાન પ્રગટાવવું જોઇએ કે જેથી

**'કરો સત્ય પુરુષાર્થ'**

કરીને ભવપરિણતિ છેલ્લા પુદ્ગલાવર્ત્તમાં આવી ઊભી રહે, ભવનો છેલ્લો ફેરો બાકી રહે, ને તેમાં પણ જેમ બને તેમ ઓછા ભવ કરવા પડે આમ અત્રે ધ્વનિ છે. આની સાથે સંવાદી એવા પરમપુરુષાર્થ પ્રેરક વીરગર્જનારૂપ સત્ય વચનો વર્ત્તમાન યુગના પરમ સંત-ભાવયોગી **શ્રીમદ્ રાજચંદ્રજી** જેવા જ્ઞાનાવતાર પુરુષે ઉચ્ચાર્યા છેઃ—

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહિ આત્માર્થ.
દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય"

**શ્રી આત્મસિદ્ધિ.**

**અર્થાત્**—તમે જો પરમાર્થને ઇચ્છતા હો, તો પુરુષાર્થ કરો, અને ભવસ્થિતિ આદિના નામ લઈ આત્માર્થનો છેદ ન કરો. દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ લક્ષણો મુમુક્ષુના ઘટમાં-અંતરૂમાં સદાય 'સુજાગ્ય'-અત્યંત જાગ્રત હોય.

માટે તથાભવ્યતાના પરિપાકરૂપ યોગ્યતા-પાત્રતા પામવા માટે જ્ઞાનીપુરુષેએ નિર્દિષ્ટ કરેલા ઉક્ત વ્યવહારુ લક્ષણો આત્મામાં પ્રગટાવવા પ્રત્યેક આત્મહિતાર્થીએ નિરંતર પ્રયત્નશીલ થવું જોઇએ, એ જ અત્ર સાર બોધ પ્રાપ્ત થાય છે.

અથવા આ સર્વનું તાત્પર્ય સંક્ષેપમાં કહીએ તો ચરમાવર્ત્તના વર્ણનમાં કહ્યા પ્રમાણે આ લક્ષણો-ગુણો આત્મામાં પરિણમવા જોઇએ :

**તાત્પર્ય : યોગ્ય-પાત્ર જીવના લક્ષણ**

દુઃખીની અત્યંત દયાથી હૃદયને કોમળ-આર્દ્ર કરવું જોઇએ, ગુણ-અદ્વેષથી ચિત્તભૂમિ ચોકખી કરવી

જોઈએ, ને સર્વ જીવની યથોચિત સેવા કરી વિશ્વવત્સલ બનવું જોઈએ; તેમજ ભવાભિનંદીપણું અને લોકપંક્તિનો પરિત્યાગ કરી માત્ર મોક્ષની અભિલાષા ધરાવવારૂપ સાચું મુમુક્ષુપણું પ્રાપ્ત કરવું જોઈએ. આ ગુણ–લક્ષણો જ્યારે આત્મ-પરિણામી વર્ત્તતા હોય, ત્યારે જ જીવનો છેલ્લો પુદ્ગલ-પરાવર્ત્ત-ભવનો છેલ્લો ફેરો છે એમ સમજાય. તથા અપૂર્વ ભાવ ઉલ્લાસ, અપૂર્વ આત્મજાગ્રતિ, અપૂર્વ પુરુષાર્થની સ્ફુરણા જ્યારે વર્ત્તે ત્યારે જ આ જીવ ચરમકરણનું વ્યવહારુ લક્ષણ પામ્યો કહેવાય. તથા માત્ર મોક્ષની તીવ્રવેગી અભિ-લાષારૂપ ( Most ardent & earnest desire ) સંવેગના માધુર્યવડે કરીને જ્યારે મિથ્યાત્વ વિષની અથવા વિષયકષાયરૂપ ઝેરની કટુતા અલ્પ–અલ્પતર થતી જતી હોય, ત્યારે આ જીવ તથાભવ્યત્વ પરિણતિપરિપાકના ભાવ–લક્ષણને પામ્યો કહી શકાય.

" મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. "

**શ્રીમદ્ રાજચંદ્રજી**

અને આમ દયા, ગુણપ્રમોદ, સાચો નિષ્કપટ નિર્દંભ સેવાભાવ, વિશ્વવાત્સલ્ય આદિ ગુણગણથી અલંકૃત થયેલો જીવ, અપૂર્વ આત્મવીર્યની સ્પુરણારૂપ અપૂર્વ પુરુષાર્થ જાગ્રતિને પામી, દૃઢ સંવેગરંગથી રંગાયેલો વર્તતો હોઇ, '**ચરમાવર્ત્ત હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક**' એ સૂત્રવચનના યથાર્થ ભાવને પામેલો, હોય, ત્યારે—

# પંચમ પરિચ્છેદ :

## દૃષ્ટિઉન્મીલન અને પ્રવચનવાક્પ્રાપ્તિ

'દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે,
પ્રાપતિ પ્રવચન વાક....સંભવદેવ તે ધુર સેવો સવે રે.'

**અર્થાત્**—(૧) દોષ ટળે, (૨) દૃષ્ટિ ખૂલે, (૩) અને પ્રવચન વાણીની પ્રાપ્તિ થાય.

'દોષ ટળે'

આમાં '**દોષ ટળે**' એટલે કે આગલી ગાથામાં કહેલા ભય-દ્વેષ-ખેદરૂપ ચિત્તદોષ ટળે; અથવા 'દોષ અબોધ લખાવ' એ પદમાં કહેલ અબોધરૂપ—અજ્ઞાનરૂપ દોષ ટળે—દૂર થાય; અને અબોધરૂપ આધાર ટળે એટલે તેના આધારે રહેલા ભય-દ્વેષ-ખેદરૂપ દોષ પણ આપોઆપ ટળે, અને આમ **અભય-અદ્વેષ-અખેદરૂપ 'સેવન કારણ પહેલી ભૂમિકા'** ની પ્રાપ્તિ થાય.

'વળી દૃષ્ટિ ખૂલે ભલી રે'

અને આ અબોધરૂપ-અજ્ઞાનરૂપ દોષ પણ શાથી ટળે ? તે માટે કહ્યું કે '**વળી દૃષ્ટિ ખૂલે ભલી રે.**' અર્થાત્ ભલી-રૂડી-સમ્યક્ એવી 'દૃષ્ટિ' ખૂલે તેથી. અને આ દૃષ્ટિ પણ શાથી ખૂલે ? તે માટે કહ્યું-'પ્રાપતિ પ્રવચન વાક' અર્થાત્ પ્રવચન વાણીની પ્રાપ્તિ થાય તેથી. આમ આ પરમ અર્થગંભીર

'સૂત્ર' પદોનો પૂર્વાપર કાર્યકારણ સંબંધ છે. હવે આ પદોની પૃથક્કરણાત્મક ( analytical ) વિવક્ષા કરીએ:—

૧.

## 'દૃષ્ટિ ખૂલે ભલી રે'

અત્રે ત્રણ પદનો વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે: (૧) દૃષ્ટિ, (૨) ખૂલે, (૩) ભલી. આ સંબંધી સવિસ્તર વિવરણ આ વિવેચનલેખકે **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય સવિવેચન** ગ્રંથમાં કરેલ છે. અત્રે તો પુનઃ પ્રસંગથી તેમાંથી અંગુલીનિર્દેશરૂપ સંક્ષેપ વિચાર કરીએ. દૃષ્ટિ એટલે યથાર્થ સત્શ્રદ્ધાસંગત બોધ, સમ્યગ્દર્શન, આ દૃષ્ટિ તે અત્ર '**યોગદૃષ્ટિ**' વિવક્ષિત છે, અને બોધપ્રકાશની તરતમતા પ્રમાણે તે સામાન્યથી આઠ પ્રકારની છે. (૧) મિત્રા, (૨) તારા, (૩) બલા, (૪) દીપ્રા, (૫) સ્થિરા, (૬) કાંતા, (૭) પ્રભા, (૮) પરા. આ દૃષ્ટિભેદ કેમ પડે છે તે સમજવા માટે ×ઓઘદૃષ્ટિનું દૃષ્ટાંત આપ્યું છે.

**ઓઘ દૃષ્ટિ**

કોઈ એક દૃશ્ય હોય તે-(૧) મેઘલી રાતે ઘણું ઘણું ઝાંખું કંઈક દેખાય, (૨) તેના કરતાં કંઈક વધારે મેઘ વિનાની રાતે દેખાય, (૩) તેના કરતાં પણ ઘણું વધારે મેઘલા દિવસે દેખાય, (૪) અને તેના કરતાં પણ ઘણું ઘણું વધારે મેઘ વગરના દિવસે દેખાય. અને

× "समेघामेघरात्र्यादौ सग्रहाद्यर्भकादिवत् ।
ओघदृष्टिरिह मिथ्यादृष्टीतराश्रया ॥" —શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

તેમાં પણ (૫) દૃષ્ટા—જોનારો જો ભૂત વગેરે ગ્રહથી અથવા ચિત્તવિભ્રમ વગેરે ગ્રહથી ગ્રહાયેલો હોય તો તેના દેખવામાં, (૬) અને તેવા ગ્રહરહિત જોનારના દેખવામાં પણ ચોકખો ભેદ—ફેર પડે; (૭) અથવા દેખનારો બાળક હોય તો તેના દેખવામાં (૮) અને પુખ્ત ઉમરનો હોય તો તેના દેખવામાં પણ વિવેકના ઓછાવત્તા પ્રમાણને લીધે તફાવત હોય; અથવા (૯) કાચ ( પડલ–મોતીઓ ) વગેરે આડો હોવાથી દેખનારની દૃષ્ટિ જો અવરાઈ–ઢંકાઈ હોય તો તેના દેખવામાં, (૧૦) અને કાચ (પડલ) આડો ન હોય, તેના દેખવામાં પણ જરૂર ફેર પડે. આમ એક જ દૃશ્યમાં–જોવાની વસ્તુમાં પણ વિચિત્ર ઉપાધિભેદને લીધે જૂદા જૂદા દૃષ્ટિભેદ થાય છે. આ દૃષ્ટાંત પ્રમાણે લૌકિક પદાર્થને લૌકિક દૃષ્ટિએ દેખવાના જે ભેદ છે, તે તે ઓઘદૃષ્ટિના પ્રકાર છે.

" સઘન અઘન દિન રયણિમાં, બાલ વિકલ ને અનેરા રે;
અર્થ જુએ જેમ જૂજૂઆ, તિમ ઓઘ નજરના ફેરા રે.
વીર જિનેસર દેશના. "

**શ્રી યશોવિજયજીકૃત યોગ. દ. સજ્ઝાય. ૧–૨**

'**ઓઘદૃષ્ટિ**' એટલે સામાન્ય દૃષ્ટિ, સામાન્ય દર્શન. ઓઘ એટલે પ્રવાહ. પ્રવાહપતિત દૃષ્ટિ તે ઓઘદૃષ્ટિ. આમ અનાદિ સંસારપ્રવાહમાં તણાઈ રહેલા અને તેમાં જ રાચનારા એવા ભવાભિનંદી સામાન્ય કોટિના જીવોની દૃષ્ટિ, તે ઓઘદૃષ્ટિ છે. લોકપ્રવાહને અનુસરતા પ્રાકૃત જનોનું જે લૌકિક પદાર્થ સંબંધી સામાન્ય દર્શન તે ઓઘદૃષ્ટિ છે.

(Commonplace vision of a layman). અને આ ઓઘદૃષ્ટિ પણ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય વગેરે કર્મના ભિન્ન ભિન્ન ક્ષયોપશમને લીધે ન્યૂનાધિકતાને લીધે જૂદા જૂદા પ્રકારની, વિચિત્ર પ્રકારની હોય છે.

આમ એક જ લૌકિક-દૃશ્ય દેખવામાં પણ, જૂદી જૂદી જાતની બાહ્ય ઉપાધિને લીધે જેમ ઓઘદૃષ્ટિના ભેદ પડે છે,

યોગદ્રષ્ટિ

તેમ પરલોક સંબંધી જ્ઞેયમાં-આત્મતત્ત્વ આદિ જ્ઞાનવિષયમાં પણ, **ક્ષયોપશમ**ની વિચિત્રતાને કારણે, જૂદા જૂદા પ્રકારનો માન્યતાભેદ-દૃષ્ટિભેદ હોય છે, દર્શનભેદ હોય છે. જેમ કેમેરાનો પડદો ( Diaphragm ) ઓછોવત્તો ખુલ્લે તેમ દૃષ્ટિમર્યાદાનું ક્ષેત્ર ( Field of vision ) વધઘટ થાય છે; તે જ પ્રકારે જેવી ક્ષયોપશમની વધઘટ-તરતમતા હોય, જેટલું કર્મનું આવરણ ખસ્યું હોય-કર્મનો પડદો ખૂલ્યો હોય, તેટલું ઓછુંવત્તું દર્શન યોગદૃષ્ટિ-વાળા સમકિતી પુરુષને થાય છે. આમ '**યોગદૃષ્ટિ**' એટલે યોગ સંબંધી દૃષ્ટિ, યોગમાર્ગને અનુસરતી એવી દ્રષ્ટા યોગીની-સમ્યગ્દૃષ્ટિ પુરુષની દૃષ્ટિ ( Vision of Yogi ) ઓઘદૃષ્ટિ ને યોગદૃષ્ટિનો આમ પ્રકટ ભેદ છે:—

"દર્શન જે થયા જુજુઆ, તે ઓઘ નજરને ફેરે રે;
ભેદ થિરાદિક ચારમાં, સમકિત દૃષ્ટિને હેરે રે.
વીર જિનેસર દેશના."

**શ્રી યોગ. દ. સજ્ઝાય. ૧-૩**

## ઓઘદૃષ્ટિ ને યોગદૃષ્ટિની તુલના: કોષ્ટક

| મુદ્દો | ઓઘદૃષ્ટિ | યોગદૃષ્ટિ |
|---|---|---|
| દ્રષ્ટા પાત્ર | સામાન્ય ભવાભિનંદી જીવ | યોગી સમ્યગ્‌દૃષ્ટિ મુમુક્ષુ પુરુષ |
| દૃશ્ય વિષય | લૌકિક | અલૌકિક |
| દર્શન પદ્ધતિ | લૌકિક—વ્યાવહારિક, પ્રવાહ-પતિત, ગાડરીઆ પ્રવાહ જેવી | અલૌકિક, પારમાર્થિક, યોગમાર્ગાનુ-સારિણી, તત્ત્વગ્રાહિણી |
| ભેદ કારણ | ક્ષયોપશમની વિચિત્ર તરતમતા | ક્ષયોપશમની વિચિત્ર તરતમતા |
| વિશેષતા | દર્શનભેદ બાબત વિવાદનો સંભવ | દર્શનભેદ બાબત વિવાદનો અસંભવ. |

**શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય સવિવેચન** ગ્રંથના આ લેખકે કરેલ વિવેચનમાંથી આપેલ પ્રકૃતોપયોગી ( Relevant ) અલ્પ અંશના અનુસંધાનમાં,—ગ્રંથકારે કહેલી આ ‘ દૃષ્ટિ ’ની શાસ્ત્રીય વ્યાખ્યા આ છે:—

“ सच्छ्रद्धासंगतो बोधो दृष्टिरित्यभिधीयते ।
असत्प्रवृत्तिव्याघातात्सत्प्रवृत्तिपदावहः ॥ ”

—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય. શ્લો. ૧૭

અર્થાત્ સત્‌શ્રદ્ધાથી સંગત એવો જે બોધ તે ‘ દૃષ્ટિ ’ કહેવાય છે; અને તે અસત્ પ્રવૃત્તિના વ્યાઘાતથી—અટકવાથી સત્‌પ્રવૃતિપદાવહ એટલે સત્‌પ્રવૃત્તિ પદ પમાડનારો એવો હોય છે.

આમ **સત્‌શ્રદ્ધાથી યુક્ત** એવો જે **બોધ** તેનું નામ ‘દૃષ્ટિ’ છે. અહીં ‘સત્‌શ્રદ્ધા’ એમ ખાસ કરીને કહ્યું તે અસત્‌શ્રદ્ધાનો અપવાદ-નિષેધ કરવા માટે છે. સત્‌શાસ્ત્રનો આધાર છોડી, પોતાના અભિપ્રાયે કરીને-પોતાના સ્વચ્છંદે કરીને, પોતાની મતિકલ્પના પ્રમાણે જ્યાં અસત ખોટા તર્કવિતર્ક-વિકલ્પ કરવામાં આવે છે, એવી શાસ્ત્રબાહ્ય જે શ્રદ્ધા, તે અસત્‌શ્રદ્ધા છે. આવી અસતશ્રદ્ધા આ ‘દૃષ્ટિ’માં હોતી નથી. એમાં તો સત્‌શાસ્ત્રના આધારવાળી, સત્‌શાસ્ત્રને અનુકૂળ, આપ્ત પુરુષની આગમરૂપ આજ્ઞાને અનુસરનારી, એવી સત્‌શ્રદ્ધા-સાચી શ્રદ્ધા જ હોય છે. આવી સતશ્રદ્ધા હોય તો જ તે બોધને ‘દૃષ્ટિ’ નામ ઘટે છે.

સતશ્રદ્ધાસંગત બોધ તે ‘દૃષ્ટિ’

દૃષ્ટિ એટલે દર્શન-દેખવું તે છે. આમાં નિષ્પ્રત્યપાયપણું હોય છે, કોઇ પણ આડખીલી હોતી નથી, એટલા માટે તે દર્શન અથવા દૃષ્ટિ કહેવાય છે. પછી આ ભલે થોડી ઉઘડી હોય કે ઝાઝી ઉઘડી હોય, પણ તે ખૂલતાં જે કાંઇ દેખાય છે તે દેખાય છે, દીઠું એટલે બસ દીઠું, તેમાં કોઇ પ્રત્યવાય નડતો નથી. આ ‘દૃષ્ટિ’ એટલે ‘દર્શન’ એમ કહ્યું તે યથાર્થ છે. આ બરાબર સમજવા આંખનો-ચર્મચક્ષુનો દાખલો લઇએ:—

આંખ બંધ હોય તો કાંઇ દેખાતું નથી, પછી આંખ **જરાક** ઉઘડે તો પાસેનો પદાર્થ ઝાંખો ઝાંખો દેખાય છે,

**આંખનું દૃષ્ટાંત**

પછી વધારે ઉઘડે તો તેથી વધારે દેખાય છે; એમ જેમ જેમ આંખ ખૂલતી જાય તેમ તેમ વધારે ને વધારે દેખાતું જાય છે. છેવટે સંપૂર્ણ આંખ ખૂલતાં અનંત આકાશ પણ તે નાની સરખી આંખથી દેખાય છે. તેમ આ આંતરૂચક્ષુરૂપ 'યોગદૃષ્ટિ' પણ જેમ જેમ ઉઘડતી જાય છે, ઉન્મીલન પામતી જાય છે, ખૂલતી જાય છે, તેમ તેમ તેની દૃષ્ટિમર્યાદાનું ક્ષેત્ર વધતું જાય છે, વધારે ને વધારે વિશાળ '**દર્શન**' થતું જાય છે, ને છેવટે સંપૂર્ણ દૃષ્ટિ ખૂલતાં અનંત 'દર્શન' થાય છે. પણ આ થોડું કે ઝાઝું જે કાંઈ દેખાય છે, તે બધુંય 'દર્શન' અથવા 'દૃષ્ટિ' કહેવાય છે; એમાં માત્ર માત્રાનો–અંશનો ભેદ ( Difference of degree ) છે, દર્શનભેદ નથી. આ દર્શનની જાતિ એક છે, એટલા માટે '**जातौ एकवचनं**' એ સૂત્ર પ્રમાણે 'દૃષ્ટિ' એમ એકવચનનો પ્રયોગ કર્યો છે. આમ યોગદૃષ્ટિ અથવા દર્શન એક છતાં તેના ઉન્મીલન અંશ પ્રમાણે–ઉઘડવા પ્રમાણે તેના વિભાગ પાડયા છે. આવું દર્શન કે દૃષ્ટિ કયારે ઉઘડી કહેવાય ? તેની અત્ર મર્યાદા બતાવી છે કે જ્યારે સત્‌શાસ્ત્રની શ્રદ્ધાવાળો બોધ હોય ત્યારે.

આથી ઉલટું સત્‌શ્રદ્ધા વિનાનો જે બોધ છે અથવા સ્વછંદ કલ્પનારૂપ અસત્ શ્રદ્ધાવાળો જે બોધ છે, તે 'દૃષ્ટિ' અથવા 'દર્શન' કહી શકાય નહિં;

**દૃષ્ટિઅંધપણું :**

કારણ કે આંખ ઉઘડી ન હોય ત્યાંસુધી જેમ અંધપણું જ છે,

દેખવાપણું નથી, દર્શન નથી, તેમ સત્‌શાસ્ત્રશ્રદ્ધાયુક્ત બોધથી જ્યાંલગી આંતર્ દૃષ્ટિ ઉઘડી નથી, ઉન્મીલન પામી નથી, ત્યાંલગી દૃષ્ટિઅંધપણું જ છે, દેખવાપણું નથી, દર્શન નથી.

આ જીવને નેત્રરોગીની ઉપમા ઘટે છે. નેત્રરોગી એટલે કે જેને આંખનો રોગ છે એવો પુરુષ આંખ ઉઘાડી શકતો નથી, આંખ મીંચી જ રાખે છે, તેને ઉજાસ પણ ગમતો નથી. તેની જો કોઇ નિષ્ણાત નેત્રવૈદ્ય (Eye-specialist) બરાબર ચિકિત્સા કરી યથાયોગ્ય અંજન વગેરે આંજીને દવા (Treatment) કરે, તો ધીરે ધીરે તેનો રોગ મટવાનો સંભવ છે. તે સદ્વૈદ્યનો ને તેને આધીન ઔષધનો જોગ ન બને ત્યાંસુધી તેનો રોગ કેમે કરીને મટે નહિં.

**નેત્રરોગીનું દૃષ્ટાંત**

તેમ આ જીવને દૃષ્ટિઅંધપણાનો—મિથ્યાદૃષ્ટિપણાનો ગાઢ રોગ લાગુ પડયો છે. તે આંખ મીંચીને જ પડયો છે! તેનાથી જ્ઞાન—પ્રકાશ પણ દેખી શકાતો નથી! હવે તેને કોઈ મહાપુણ્યના જોગાનુજોગે કોઇ તેવા સદ્ગુરુરૂપ નિષ્ણાત સદ્વૈદ્યનો જોગ મળે, ને તેના રોગનું બરાબર નિદાન કરી, યોગ્ય ચિકિત્સા કરે, જ્ઞાનરૂપ અંજન આંજે, તો ધીરે ધીરે તે દૃષ્ટિઅંધની દૃષ્ટિ ખૂલતી જાય, ને છેવટે તે નેત્રરોગ તદ્દન મટી જાય. પણ આમાં માત્ર શરત એટલી જ છે કે સાચા સદ્ગુરુરૂપ સદ્વૈદ્યને શોધી કાઢી (નહિં કે અસદ્ગુરુને અથવા પોતાની માની લીધેલા ગુણવિહીન કુલધર્મના ગુરુને,

કારણ ઊંટવૈદ્ય ( Quack ) તો આંખ જ ફોડી નાંખે અથવા દૃષ્ટિરાગી બનાવી દીએ ! )–તેની દવા દૃઢ શ્રદ્ધાથી, યથાવિધિ પથ્ય અનુપાન સાથે કરવામાં આવે, તો જ તે આત્મભ્રાંતિ-રૂપ મોટામાં મોટો રોગ જાય. તે આ પ્રમાણે:—

" આત્મભ્રાંતિ સમ રોગ નહિં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિં, ઔષધ વિચાર ધ્યાન."

શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રીઆત્મસિદ્ધિ

" अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै सद्‌गुरवे नमः ॥ "

"પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન....જિનેસર;
હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન....જિનેસર !"

શ્રી આનંદઘનજી.

અત્રે સત્‌શાસ્ત્રની શ્રદ્ધા કહી છે, તેમાં તે શાસ્ત્રના મૂળ પ્રણેતા આપ્ત પુરુષની, તેમજ તે શાસ્ત્રનો આશય સમજાવનારા સદ્‌ગુરુની શ્રદ્ધા પણ

**'બિના નયન પાવે નહિં'**

ગર્ભિતપણે સમાઇ જાય છે; કારણ કે જાગતી જ્યોત જેવા ભાવયોગી સદ્‌ગુરુ વિના તે શાસ્ત્ર સમજાવશે કોણ ? શાસ્ત્ર કાંઇ એની મેળે સમજાઇ જતું નથી ! તે તો જેને દિવ્ય જ્ઞાનદૃષ્ટિ ઉઘડી છે, એવા પ્રગટ યોગી સ્વરૂપ જ્ઞાની સદ્‌ગુરુ મુખેથી સમજવામાં આવે, તો જ સમજાય તેવા ગુરુગમ વિના તે આગમ તો અગમ થઇ પડે છે ! કારણ 'બિના નયનકી બાત,' 'બિના નયન'–સદ્‌ગુરુની દોરવણી વિના સમજાય

નહિં; ને તે '**દિવ્ય નયન**' તો સદ્‌ગુરુના ચરણ સેવે તો સાક્ષાત્ ખૂલે.

" બિના નયન પાવે નહિં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત.
બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિં ગુરુગમ બિના, યેહી અનાદિ સ્થિત. "

—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

" ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઇએ રે, નયન તે દિવ્ય વિચાર....
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે. " **શ્રી આનંદઘનજી**

" **इयं चावरणापायभेदादष्टविधा स्मृता ।**
**सामान्येन विशेषास्तु भूयांसः सूक्ष्मभेदतः ॥** "

—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય, ૧૮

આમ સામાન્યપણે 'દૃષ્ટિ'નો કંઈક વિચાર કર્યો. હવે તે 'ખુલે' એટલે શું ? તે વિચારીએ. દૃષ્ટિ ખુલે એટલે યોગદૃષ્ટિનું ઉઘડવું, ઉન્મીલન પામવું, વિકસન થવું તે. આવરણ ટળવાના ભેદને લીધે સામાન્યથી તેના ઉન્મીલનના–વિકાસના આઠ સ્થૂલ ભેદ ( Broad divisions ) પડે છે, બાકી સૂક્ષ્મ ભેદથી જોઈએ તો વિશેષ ભેદ તો ઘણા ઘણા છે. દાખલા તરીકે:—

**દૃષ્ટિ ખૂલવાના–વિકાસના આઠ ભેદ**

આંખ આડેનો પડદો જેમ જેમ દૂર થતો જાય, તેમ

તેમ વધારે ને વધારે ચોકખું દેખાતું જાય છે, છેવટે સંપૂર્ણ પડદો ટળી જતાં પૂરેપૂરું દેખાય છે; આમ પડદો દૂર થવાની અપેક્ષાએ એક જ દૃષ્ટિના-દર્શનના જૂદા જૂદા ભેદ પડે છે. તે જ પ્રકારે કર્મપ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય આદિ પ્રમાણે જેમ જેમ કર્મનું આવરણ ખસતું જાય છે, પડદો દૂર થતો જાય છે, તેમ તેમ વધારે ને વધારે સ્પષ્ટ નિર્મલ દર્શન થતું જાય છે, ને છેવટે સંપૂર્ણ આવરણ-પડદો ટળી જતાં સંપૂર્ણ દર્શન થાય છે આમ આવરણ ટળવાના ભેદથી આ દૃષ્ટિના આઠ સ્થૂલ ભેદ સામાન્યથી પડ્યા છે.

પણ સૂક્ષ્મભેદની અપેક્ષાએ જો બારીકીથી જોઇએ, તો તેના વિશેષ ભેદ ઘણા ઘણા છે, અનંત છે, કે જેનો કહેતાં પાર ન આવે; કારણ કે મિત્રાથી માંડી પરા દૃષ્ટિ સુધી કર્મના ક્ષયોપશમ આદિ પ્રમાણે, દર્શનના પ્રકાર અનંત છે. ષટ્સ્થાનપતિત

**સૂક્ષ્મભેદ અનંતઃ ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિ**

ષડ્ગુણવૃદ્ધિનો નિયમ અહીં લાગુ પડે છે. જેમકે-(૧) અનંત ભાગવૃદ્ધિ, (૨) અસંખ્યાત ભાગવૃદ્ધિ, (૩) સંખ્યાત ભાગવૃદ્ધિ, (૪) સંખ્યાત ગુણવૃદ્ધિ, (૫) અસંખ્યાત ગુણવૃદ્ધિ, (૬) અનંત ગુણવૃદ્ધિ. આમ મિત્રાના કનિષ્ઠમાં કનિષ્ઠ પ્રકારમાં ઓછામાં ઓછું (minimum) એક અંશ (Unit) દર્શન માનીએ, તો પછી તેમાં આ નિયમ પ્રમાણે વૃદ્ધિના અનંત સંયોગો (Permutations & Combinations) થતાં, અનંત ભેદ થાય. આમ યોગના સ્થાન પણ અસંખ્ય છે.

" અલ્પ વીર્ય ક્ષયોપશમ અછે, અવિભાગ વર્ગણારૂપ રે;
ષટ્ ગુણ એમ અસંખ્યથી, થાયે યોગસ્થાન સ્વરૂપ રે.
....મન મોહ્યું અમારું પ્રભુ ગુણે.
સુક્ષ્મ નિગોદી જીવથી, જાવ વર સન્ની પજ્જત્ત રે;
યોગના ઠાણ અસંખ્ય છે, તરતમ મોહે પરાયત્ત રે. મન૦"

અને આમ દૃષ્ટિના સ્થૂળ ભેદરૂપ જે આઠ વિકાસ તબક્કા (stages), તે જ મિત્રાદિ આઠ દૃષ્ટિ. આ સદ્દૃષ્ટિની

**આઠ દૃષ્ટિની યથાર્થ ઉપમા**

અષ્ટધા દૃષ્ટિમાં બોધવિકાસ કેવો થતો જાય છે, બોધપ્રકાશની તરતમતા કેવી હોય છે, તેનો સાધર્મ્યથી અવબોધ થવા માટે મહર્ષિ **હરિભદ્રાચાર્યજીએ** ઉત્તમ ઉપમાની યોજના કરી છે, કે જેના પરથી સુગમતાથી તે તે દૃષ્ટિના સ્વરૂપનો ઘણો બોધ થઈ જાય છે. આ આઠ દૃષ્ટિને અનુક્રમે (૧) તૃણ* અગ્નિકણની, (૨) છાણાના અગ્નિકણની, (૩) કાષ્ઠના અગ્નિકણની, (૪) દીપકની પ્રભાની, (૫) રત્નપ્રભાની. (૬) તારાપ્રભાની, (૭) સૂર્યપ્રભાની, (૮) અને ચંદ્રપ્રભાની,—એમ ઉપમા આપી છે. તૃણ અગ્નિથી માંડીને ચંદ્રપ્રભા સુધી ઉત્તરોત્તર પ્રકાશની તરતમતા છે, તેમ **મિત્રા** દૃષ્ટિથી માંડીને **પરા** દૃષ્ટિ સુધી ઉત્તરોત્તર બોધરૂપ પ્રકાશની તરતમતા છે. આમ આ આઠ દૃષ્ટિને યથાયોગ્ય ઉપમા આપી શાસ્ત્રકાર મહર્ષિએ થોડા શબ્દોમાં ઘણું રહસ્ય ચમત્કારિક રીતે બતાવી દીધું છે, તેનું

---

* " तृणगोयमकाष्ठाग्निकणदीपप्रभोपमा ।
रत्नातारार्कचन्द्राभाः सद्दृष्टेर्दृष्टिरष्टधा ॥ "—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

સવિસ્તર દર્શન આ વિવેચનલેખકે પ્રસ્તુત શ્રી **યોગદૃષ્ટિ-સમુચ્ચય** ગ્રંથના વિવેચનમાં કરાવ્યું છે. અત્રે વિસ્તારભયથી અંગુલીનિર્દેશમાત્ર કર્યો છે.

**યોગદૃષ્ટિને આત્માના 'થર્મોમીટર'ની ઉપમા**

મહાસમર્થ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** આ યોગદૃષ્ટિને થર્મોમીટરની ( Thermometer ) ઉષ્ણુતામાપક યંત્રની ઉપમા આપી છે, તે પણ યથાયોગ્યપણે અત્યંત બંધબેસતી છે. જેમ થર્મોમીટરથી શરીરની ઉષ્ણુતાનું-ગરમીનું માપ થઇ શકે છે, તેમ આ યોગદૃષ્ટિ પરથી આત્માની આધ્યાત્મિક પ્રગતિનું, આત્મદશાનું, આત્માના ગુણસ્થાનનું માપ નીકળી શકે છે. હું પોતે કઈ દૃષ્ટિમાં વર્ત્તું છું ? મારામાં તે તે દૃષ્ટિના કહ્યા છે તેવા લક્ષણ છે કે નહિં ? ન હોય તો તે પ્રાપ્ત કરવા મ્હારે કેમ પ્રવર્ત્તવું ? ઇત્યાદિ પ્રકારે અંતર્મુખનિરીક્ષણ ( Introspection ) કરી, આત્મગુણવૃદ્ધિની પ્રેરણા પામવા માટે આ 'યોગદૃષ્ટિ' આત્માર્થી મુમુક્ષુને પરમ ઉપયોગી છે, પરમ ઉપકારી છે.

**પહેલી ચાર દ્રષ્ટિ સુધી મિથ્યાત્વ 'ગુણસ્થાનક'**

આમાં પ્રથમ ચાર દૃષ્ટિ સુધી 'ગુણસ્થાનક' શબ્દનાં ખરેખરા અર્થમાં મુખ્ય એવું પહેલું 'મિથ્યાત્વ ગુણસ્થાનક' હોય છે, પાંચમી દૃષ્ટિથી માંડીને સમ્યક્ત્વ હોય છે. તેમાં પણ તે પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ-પરાકાષ્ઠા છેલ્લામાં છેલ્લી હદ ચોથી દૃષ્ટિમાં

પ્રાપ્ત થાય છે. એટલે **મિત્રા** વગેરે ચાર દૃષ્ટિમાં ઉત્તરોત્તર મિથ્યાત્વનું પ્રમાણ ઘટતું જાય છે, ને તેથી ઉપજતા ગુણનું પ્રમાણ વધતું જાય છે. આમ ચોથી દૃષ્ટિમાં મિથ્યાત્વની માત્રા ઓછામાં ઓછી ને તજ્જન્ય ગુણની માત્રા વધારેમાં વધારે હોય છે. એટલે **દીપ્રા** દૃષ્ટિમાં ઓછામાં ઓછા મિથ્યાત્વવાળું ઊંચામાં ઊંચું 'મિથ્યાત્વ ગુણસ્થાનક' હોય છે. ત્યારપછી પાંચમી **સ્થિરા** દૃષ્ટિથી માંડીને મિથ્યાત્વનો સર્વથા અભાવ ને સમ્યક્ત્વનો સદ્ભાવ હોય છે.

" કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોવે, સુયશવિલાસનું ટાણું રે.
વીર જિનેસર દેશના. "

**—શ્રી યોગદૃષ્ટિ સજ્ઝાય. ૧-૧૫**

આમ દૃષ્ટિ 'ખૂલે' એ પદનો વિવેક કર્યો; હવે 'ભલી' શબ્દનો વિચાર કરીએ. ભલી એટલે રૂડી, યથાર્થ, સમ્યક્, સત્. આ મિત્રા આદિ દૃષ્ટિ તે ભલી, રૂડી, સમ્યક્, સત્ દૃષ્ટિ છે.

**આ દૃષ્ટિને 'ભલી' કેમ કહી ?**

અત્રે **શંકા** થવાનો સંભવ છે કે-સદ્દૃષ્ટિપણું-સમ્યગ્દૃષ્ટિપણું તો ગ્રંથિભેદ થયા પછી હોય છે, અને તે ગ્રંથિભેદ તો હજુ આગળ ઉપર ઘણા લાંબા વખત પછી થવાનો છે, કારણ કે તે તો પાંચમી **સ્થિરા** દૃષ્ટિમાં થાય છે. એટલે **મિત્રા** વગેરે ચાર તો મિથ્યાદૃષ્ટિ છે, તો પછી તેને પણ સદ્દૃષ્ટિમાં કેમ ગણવામાં આવી ? તેનું **સમાધાન**—

જે **મિત્રા** વગેરે ચાર દૃષ્ટિઓ છે, તે સમ્યગ્દૃષ્ટિના

અમોઘ–અચૂક કારણરૂપ થાય છે, તેટલા માટે **કારણમાં કાર્યના ઉપચારથી** તે **મિત્રા** વગેરેનું પણ સમ્યગ્દૃષ્ટિ-પણું ઘટે છે, એટલે જ એને સમ્યગ્દૃષ્ટિની અંદર ગણી છે. આ સમજવા માટે આ દૃષ્ટાંત છે:—

**શેરડીમાંથી શુદ્ધ સાકરનું દૃષ્ટાંત**

શુદ્ધ સાકરના ચોસલાની–ખડી સાકરની બનાવટમાં તેની આગલી આગલી અવસ્થાઓ પણ કામની છે. કારણ કે ખડી સાકર બને છે, તે એમ ને એમ બની જતી નથી. શેરડીથી માંડીને શુદ્ધ સાકર સુધીની સઘળી પ્રક્રિયામાંથી તેને પસાર થવું પડે છે, ત્યારે જ ખડી સાકરની પ્રાપ્તિ થાય છે. તે આ પ્રકારે:– (૧) પ્રથમ તો શેરડી હોય, (૨) પછી તેનો રસ કાઢવામાં આવે, (૩) તેને ઉકાળીને કાવો બનાવાય, (૪) તેમાંથી ગોળ બને, (૫) ત્યાર પછી તેને શુદ્ધ કરતાં કરતાં તેમાંથી બારીક ખાંડ થાય, (૬) પછી શર્કરા–ઝીણી સાકર બને, (૭) અશુદ્ધ સાકરના ગઠ્ઠા–પિંડા થાય, (૮) અને છેવટે શુદ્ધ સાકરના ચોસલા–ખડી સાકર ( Refined crystallised sugar ) બને આમ શુદ્ધ સાકરની અવસ્થાએ પહોંચતાં પહેલાં જૂદી જૂદી પ્રક્રિયામાંથી ( Various Processes ) પસાર થવું જ પડે છે.

તેમાં શેરડીથી માંડીને ગોળ બનવા સુધીની ચાર અવસ્થાઓ બરાબર **મિત્રા** વગેરે પહેલી ચાર દૃષ્ટિઓ છે; અને ખાંડથી ખડી સાકર સુધીની ચાર અવસ્થાઓ બરાબર

**સ્થિરા** વગેરે છેલ્લી ચાર દૃષ્ટિઓ છે. એટલે જેમ શુદ્ધ સાકરની બનાવટમાં શેરડીથી માંડીને બધી અવસ્થાઓ ખપની–કામની છે, તેમ શુદ્ધ આત્મસિદ્ધિને માટે **મિત્રા** દૃષ્ટિ વગેરે અવસ્થાઓ પણ તેવા તેવા પ્રકારે ઉપયોગની છે; કારણ કે તે સમ્યગ્દૃષ્ટિનું કારણ થાય છે. આમ આ **મિત્રા** વગેરે દૃષ્ટિને અત્રે યોગદૃષ્ટિમાં પોતપોતાનું યથાયોગ્ય સ્થાન છે જ.

આ **મિત્રા** વગેરે અવસ્થાઓ ખરેખર ! ઇક્ષુ–શેરડી વગેરે જેવી છે, કારણ કે તેમાંથી **સંવેગરૂપ માધુર્ય**ની–મીઠાશની પ્રાપ્તિ થાય છે. મૂળ શેરડી જ ન હોય તો રસ ક્યાંથી નીકળે ? રસ ન હોય તો ગોળ કેમ બને ? મીઠી સાકર કેમ નીપજે ? પણ આ **મિત્રા** વગેરે તો શેરડી વગેરે જેવી હોઈ, તેમાંથી અવશ્ય પરમાર્થપ્રેમરૂપ રસાદિની નિષ્પત્તિ થાય છે, ને મીઠી સાકર જેવા–પરમ અમૃત જેવા **સંવેગની** મધુરતાનો અનુભવ થાય છે.

**અભવ્યો મિત્રાઆદિ દૃષ્ટિ પામવા અયોગ્ય–અપાત્ર**

આથી ઊલટું અભવ્યો તો નલ જેવા–બરૂ જેવા છે, તેથી કરીને જ તેમને કોઈ કાળે સંવેગરૂપ માધુર્ય નીપજતું નથી. 'નલ' તો સાવ નીરસ હોય છે, એટલે એને ગમે તેટલો પીલો તોપણ તેમાંથી રસ નીકળતો નથી, તો પછી તેમાંથી મીઠી સાકરની પ્રાપ્તિ તો ક્યાંય દૂર રહી ! તેમ આ અભવ્યો પણ તેવા જ નીરસ, 'કોરા ધાકોડ' હોય છે, તેમને ગમે તેટલા બોધથી પણ પરમાર્થપ્રેમરૂપ

રસ ઉપજતો નથી, તો પછી સંવેગરૂપ મીઠી સાકરની આશા ક્યાંથી હોય ? આવા અભવ્યો ભલે પરમાર્થપ્રેમ વિનાની નીરસ–સાવ સુક્કી એવી અનંત દ્રવ્ય ક્રિયા કર્યા કરે, અથવા તો 'ખૂબ શાસ્ત્રો* ભણી મોટા પંડિત શ્રુતધર બને, પણ તેઓ પોતાની પ્રકૃતિને કદી છોડતા નથી,–ગોળવાળું દૂધ પીને પણ સાપ નિર્વિષ થાય નહિં તેમ.' કારણ કે તેઓના હૃદયમાં કદી પણ પરમાર્થરસનો અંકુર ફૂટતો નથી, આમ હોવાથી તેઓ મોક્ષમાર્ગ પામવાને સર્વથા અયોગ્ય છે, એટલા માટે જ તે 'અભવ્ય' કહેવાય છે. એટલે અર્થાપત્તિ ન્યાયથી તેવા પુરુષો આ **મિત્રા** વગેરે દૃષ્ટિ પામવાને પણ યોગ્ય નથી હોતા, કારણ કે જો તે પામે તો તે 'અભવ્ય' ક્યાંથી રહે ?

આમ આ મિત્રા વગેરે દૃષ્ટિ પામે તે ભવ્ય જ હોય, અભવ્ય હોય જ નહિં, એટલા માટે એની પ્રાપ્તિને

**'દૃષ્ટિ ખૂલે ભલી રે'**

અત્રે 'ભલી' કહી છે તે યથાર્થ છે. કારણ કે તે આત્માનું ખરેખરૂં ભલું કરનારી, કલ્યાણ કરનારી–કલ્યાણમાર્ગે ચઢાવનારી છે.

ઇત્યાદિ પ્રકારે યોગદૃષ્ટિ સંબંધી આ સમસ્ત આશય હૃદયમાં રાખી પરમ ઉદાર આશયગંભીર મહાત્મા **આનંદઘનજીએ**

---

* " ण मुयइ पयडिमभव्वो सुट्ठुवि अज्झाइऊण सत्थाणि ।
गुडदुद्धंपि पिबंता ण पण्णया णिव्विसा हुंति ॥ "

—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત સમયસાર ગા૦ ૩૧૭

'દૃષ્ટિ ખૂલે ભલી રે' એવો પરમ અર્થગર્ભ શબ્દપ્રયોગ કર્યો છે; અને તે અત્યંત મહત્ત્વનો હોવાથી તે પરિસ્ફુટપણે સમજાવવા માટે અને તેની પૂર્વપશ્ચાત્ યથાયોગ્ય ભૂમિકા (proper perspective) દર્શાવવા માટે આટલું પ્રાસંગિક વિવેચન કરવું પડ્યું. અસ્તુ ! હવે આગળ વધીએ !

૨.

## 'પ્રાપતિ પ્રવચન વાક'—

અગાઉ 'દૃષ્ટિ ખૂલે ભલી રે' એનો પરમાર્થ વિચાર્યો, તો આ ભલી દૃષ્ટિ કેમ ખૂલે ? તે માટે કહ્યું કે '**પ્રાપતિ પ્રવચન વાક**' અર્થાત્ પ્રવચન વાણીની પ્રાપ્તિ થાય તો દૃષ્ટિ ખૂલે. આ '**પ્રવચન**' શબ્દ સમજવા જેવો છે. હાલમાં તો લોકો વિવેક

**'પ્રવચન' શબ્દનો પરમાર્થ**

વિના ગમે ત્યાં ને ગમે તેવા પ્રસંગમાં આ મહાન્ શબ્દનો શિથિલ (Loose) પ્રયોગ કરે છે. સામાન્ય પ્રાકૃત જનનું (Layman) સામાન્ય વિષયક (Common-place) ભાષણ કે વકતવ્ય પણ 'પ્રવચન' કહેવાય છે ! પણ અત્ર તો ખરેખરા પરમાર્થથી તેનો પ્રયોગ કર્યો છે. પ્રવચન એટલે પ્રકૃષ્ટ વચન, પ્રમાણભૂત આપ્તપુરુષનું વચન. જે વચન સર્વથી પર છે ને જેનાથી પર કોઈ નથી એવું પ્રકર્ષ પામેલું (supreme & sublime) વચન તે પ્રવચન. આવું પરમાર્થે પરમ વિશ્વાસ યોગ્ય, પરમ પ્રમાણભૂત, 'તહત્તિ' કરવા

યોગ્ય પ્રકૃષ્ટ વચન કોનું હોય ? વીતરાગ સર્વજ્ઞનું જ. રાગ, દ્વેષ અને મોહ એ ત્રિદોષ જેને સર્વથા નિવૃત્ત થયા છે, એવા પરમ પુરુષોત્તમ સર્વજ્ઞ વીતરાગનું વચન તે જ વાસ્તવિક 'પ્રવચન' કહેવા યોગ્ય છે.

**'પ્રાપ્ત' તે આપ્ત**

કારણ કે જેના દોષ* ને આવરણ ટળ્યા છે, અર્થાત્ રાગ-દ્વેષ-મોહાદિ દોષ અને જ્ઞાન-દર્શન આવરણ ટળ્યા છે, તે જ પુરુષ 'આપ્ત' (વિશ્વાસપાત્ર) હોવા યોગ્ય છે; કારણ કે જ્ઞાનને આવરણ હોય તો અપૂર્ણ જ્ઞાનને લીધે તેનું વચન અસત્ય પણ હોય, એટલે તેના પર વિશ્વાસ મૂકી શકાય નહિં; અને રાગ-દ્વેષ-મોહાદિ હોય તો તેથી પણ અસત્ય વદવાનો પ્રસંગ આવે, એટલે પણ વિશ્વાસ રાખી શકાય નહિં. પણ નિરાવરણ જ્ઞાન હોય અને રાગદ્વેષરહિતપણું-નિર્દોષપણું હોય, તો જ તેનું વચન સંપૂર્ણ સત્ય હોઈ વિશ્વાસપાત્ર-આપ્ત હોય. જે જે વિષયમાં નિષ્ણાત હોય તે વિષયમાં તેનું વચન જ પ્રમાણભૂત (Authority) ગણાય, તે સામાન્ય નિયમ પ્રમાણે અતીન્દ્રિય એવા આત્માદિ વિષયમાં અતીન્દ્રિય જ્ઞાની એવા સર્વજ્ઞ આપ્ત પુરુષ પ્રમાણભૂત હોઈ, તેનું જ વચન પ્રમાણ છે; કારણ કે તે યોગીશ્વરે આત્મસ્વરૂપનું સાક્ષાત્ દર્શન કરી તેની પ્રાપ્તિ કરી છે, અને તથારૂપ અનુભવ કરી પોતે સહજ આત્મસ્વરૂપ એવા સાક્ષાત્ 'પ્રભુ' બન્યા છે; અને જેવું આત્મસ્વરૂપ તેમણે દીઠું તેવું યથાર્થપણે

* "दोषावरणयोर्हानिर्निःशेषास्त्यतिशायनात् ।
क्वचिद्यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः ॥"
—શ્રી સમંતભદ્રાચાર્યકૃત આપ્તમીમાંસા.

તેમણે કહી દેખાડયું છે. ('जहट्ठिय वत्थुवाइणो'). એટલે આવા આ આત્મદ્રષ્ટા નિર્દોષ આત્માનુભવી 'પ્રાપ્ત' પુરુષ આ બાબતમાં* પ્રમાણભૂત છે, આપ્ત છે, પરમ વિશ્વાસ કરવા યોગ્ય છે. લોકવ્યવહારમાં પણ જેમ કોઈ સાચા પ્રમાણિક મનુષ્યનો વગર વિચાર્યે પણ વિશ્વાસ રાખે, તેમ પરમાર્થમાં પણ આ સાચા પ્રમાણિક નિર્દોષ સત્પુરુષ વગર વિચાર્યે પણ (વિચારીને તો વિશેષે કરીને) વિશ્વાસ રાખવા યોગ્ય છે, 'તહત્તિ' કરવા યોગ્ય છે. પરમ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** ભાખ્યું છે કે—

"તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું,
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું."

**શ્રી મોક્ષમાળા**, પાઠ ૬૭.

આમ પરમ નિર્દોષ વીતરાગ સર્વજ્ઞ જ આપ્ત છે, અને આ આપ્ત પુરુષનું વચન એ જ પ્રવચન છે, એ જ આગમ છે, અને એ જ પરમ વિશ્વાસપાત્ર એવું શાસ્ત્ર છે. 'શાસ્ત્ર' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ પણ ઉપરોક્ત સર્વ ભાવને પુષ્ટ કરે છે. કારણ કે જીવને કાર્યાકાર્ય સંબંધી જે શાસન–આજ્ઞા કરે, અને તે નિર્દોષ શાસનવડે કરીને જે જીવનું ત્રાણ એટલે સંસારભયથી રક્ષણ કરે, તે 'શાસ્ત્ર' છે એમ તેનો વ્યુત્પત્તિ અર્થ છે. અને આવું શાસ્ત્ર તો નિર્દોષ એવા વીતરાગ સર્વજ્ઞનું જ વચન હોઈ શકે–બીજા કોઈનું નહિં.

---

* "तमेव सच्चं निःसंकं ज जिणेहिं पवेइअं ।
आज्ञासिद्धं हि तद्ग्राह्यं नान्यथावादिनो जिनाः ॥"
—**શ્રી આચારાંગ સૂત્ર.**

" शासनात्त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य तच्च नान्यस्य कस्यचित् ॥ "
—શ્રી યશોવિજયજીપ્રણીત અધ્યાત્મોપનિષદ્.

**પ્રવચનસારઃ પ્રવચન-પ્રયોજન.**

અને આવા આ પ્રવચનનું પણ પ્રવચન, પ્રકૃષ્ટ વચન, પ્રથમ વચન, પ્રમુખ વચન શું છે? આ પ્રવચનવાણી મુખ્યપણે શું બોધે છે? સમસ્ત પરભાવથી વ્યાવૃત્ત કરી આત્માને સ્વભાવમાં આણવો એ જ જિન ભગવાન્‌ની મુખ્ય 'આણા'–આજ્ઞા છે, એ જ શાસનસર્વસ્વ છે, એ જ પ્રવચનસાર છે, એ જ સૂત્રપરમાર્થ છે. વિભાવરૂપ અધર્મમાંથી નિવૃત્તિ કરાવી **સ્વભાવરૂપ ધર્મ** પમાડવો એ જ જિનપ્રવચનનું મુખ્ય પ્રયોજન છે, એ જ ઉદ્દેશ છે, એ જ ઉપદેશ છે, એ જ આદેશ છે; અને એ જ 'वत्थुसहावो धम्मो' વસ્તુનો સ્વભાવ તે ધર્મ એ પરમ સૂત્ર પ્રમાણે આત્માનો વાસ્તવિક ધર્મ છે; એ જ મહાગીતાર્થ **આનંદઘનજીએ** સંગીત કરેલો 'ધરમ પરમ અરનાથનો' છે; અને એ જ '**परधर्मो भयावहः**' ભયાવહ પરધર્મમાંથી જીવને પરમ અભય આપનારો સ્વધર્મ–'સ્વસમય' છે. સમસ્ત દ્વાદશાંગી પણ આ મુખ્ય આજ્ઞારૂપ પ્રવચનના વિવરણરૂપ છે. મહામુનીશ્વર **પદ્મનંદિજીએ**× કહ્યું છે કે–' શ્રી જિનેશ્વરે દ્વાદશાંગી કહી છે તેમાં પણ એક આત્મા જ આદેય-ગ્રહણ કરવા યોગ્ય છે

× " उक्तं जिनैर्द्वादशभेदमङ्गं, श्रुतं ततोऽप्यन्यदनेकभेदम् ।
तस्मिन्नुपादेयतया चिदात्मा, शेषं तु हेयत्वमिगाभ्यधायि ॥ "
—શ્રી પદ્મનંદિપંચવિંશતિકા.

અને બાકી બીજું બધુંય હેય–ત્યાગવા યોગ્ય છે.'–એ જ પરમ સારભૂત મુખ્ય વાત કહી છે. જિનપદની અને નિજપદની એકતા છે; જેવું જિન ભગવાનનું સ્વરૂપ છે તેવું જ આ આત્માનું સ્વરૂપ છે, એમાં કાંઈ પણ ભેદભાવ નથી;— આ વસ્તુનો લક્ષ થવા માટે જ આ સર્વ સુખદાયી શાસ્ત્રો કહ્યાં છે. અનંત ગુણરત્નોનો 'પરમ નિધાન' એવો આ આત્મા 'પ્રગટ મુખ આગળે' પડયો છે, તે આ અજ્ઞાની જગત્ ઉલ્લંઘીને ચાલ્યું જાય છે: તેને આ પરમ નિધાનનું ભાન કરાવનાર આ જગદીશ જિન ભગવાનની પ્રવચન જ્યોતિ છે.

"જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ"
—શ્રીમદ્ રાજચંદ્રજી.

"પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય;
જ્યોતિ વિના જુઓ! જગદીશની, અંધોઅંધ પલાય....
ધર્મજિનેસર ગાઉં રંગશું"
—શ્રી આનંદઘનજી.

આવી સ્વ–પરના ભેદરૂપ વિવેક કરાવનારી મહામહિમાવાન અમૂલ્ય પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય, તો જીવની 'દૃષ્ટિ' ખૂલે. જેમ નેત્રરોગીને સદ્અંજન આંજવામાં આવતાં તેનો નેત્રરોગ દૂર થાય ને દૃષ્ટિ ખૂલે; તેમ જેને મિથ્યાદર્શનરૂપ અથવા દૃષ્ટિરાગરૂપ નેત્રરોગ લાગુ પડયો છે, એવા આ જીવને પ્રવચન–અંજનના પ્રયોગથી–જ્ઞાનાંજનશલાકાથી તે

**'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે'**

દૃષ્ટિઅંધપણારૂપ દૃષ્ટિરોગ નષ્ટ થાય છે, અને આંતરદૃષ્ટિરૂપ દિવ્ય ચક્ષુ—'દિવ્ય નયન' ખૂલે છે, આધ્યાત્મિક એવી યોગદૃષ્ટિ ઉન્મીલન પામે છે, એટલે મેરુ સમા મહિમાવાળો જે 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે' છે એવા જગધણી આત્માનું—પરમાત્માનું તેને હૃદય—નયનથી દર્શન થાય છે.

"પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન;
હૃદય—નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન."
—શ્રી આનંદઘનજી.

**'જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે'**

આમ પ્રવચનવાણીનો મહિમા મેરુ સમો મહાન્ છે. આ જિન પ્રવચનને જ્ઞાનીઓએ 'સમુદ્ર'ની ઉપમા આપી છે તે પણ અત્યંત યથાર્થ છે, કારણ કે તેનો બોધ અગાધ છે, પરમ પરમાર્થગંભીર છે, 'बोधागाधं', સુપદ પદવીરૂપ જલપૂરથી તે સુંદર છે, અહિંસારૂપ વિપુલ લહરીઓથી તે અગાહ દેહવાળો છે, તે ચૂલારૂપ વેલાવાળો અને ગુરુગમરૂપ મણિથી સંકુલ—ભરપૂર છે. આવા પ્રવચન—સમુદ્રનો પાર પામવો દુષ્કર છે. (જુઓ શ્રી હરિભદ્રસૂરિકૃત સંસારદાવા૦ સ્તુતિ). આવી આ પ્રવચન વાણીને જેટલી ઉપમા આપવામાં આવે તેટલી ઓછી છે, '**ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ.**' આવી અનુપમ ગુણકારિણી જિનવાણીનો બાલ જીવો ખ્યાલ નથી પામતા, તે ગુણખાણી વાણી તો જેણે જાણી તેણે જ જાણી છે, '**જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે**'. અને તેવા પ્રકારે જૈન-

દર્શનની અપૂર્વ પરમ પ્રભાવના કરનારા **મોક્ષમાળા** ગ્રંથમાં '**જિનેશ્વરની વાણી**'ની મુક્તકંઠે પ્રશંસા કરતાં **શ્રીમદ્ રાજચંદ્રજીએ** અનન્ય ભાવથી સંગીત કર્યું છે:-

" અનંતઅનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગતહિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઇ મેં માની છે;
અહો! **રાજ્યચંદ્ર**! બાલ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે. "

**—શ્રીમદ્ રાજચંદ્રજી**

**॥ इति महागीतार्थ महर्षि श्री आनंदघनजी संगीते श्री संभवजिनस्तवने मनसुखनंदनेन भगवानदासेन विरचितं तृतीयगाथाविवरणम् ॥ ३ ॥**

## ૫૪ પરિચ્છેદ :

### સત્સંગ અને ભાવમલની ક્ષીણતા

પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય, તો દોષ ટળે ને દૃષ્ટિ ખૂલે એમ ઉપરમાં કહ્યું. તો આ પ્રવચનવાણીની પ્રાપ્તિ પણ કેમ થાય ? તે માટેની પરમ અર્થગંભીર કારણપરંપરાનો ભક્ત કવિ **આનંદઘનજી** ઉપન્યાસ કરે છેઃ—

**પરિચય પાતક ઘાતક સાધુ શું રે,**
**અકુશલ અપચય ચેત;**
**ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે,**
**પરિશિીલન નય હેત....**
**સંભવ દેવ તે ધુર સેવો સવે રે. ૪**

**અર્થ**:—પાતકનો-પાપનો ઘાત-નાશ કરનાર એવા પાતકઘાતક સાધુ સાથે પરિચય, અકુશલ-અશુભ ભાવના અપચયવાળું (ક્ષીણમલવાળું) ચિત્ત, અને અધ્યાત્મ ગ્રંથનું શ્રવણ-મનન કરી તેનું નય-હેતુપૂર્વક પરિશીલન,- (આમ કારણપરંપરા છે).

### વિવેચન

અત્રે પ્રવચનપ્રાપ્તિમાં કારણભૂત ત્રણ સંકલનાબદ્ધ કારણનો ઉલ્લેખ છેઃ (૧) પાતકઘાતક સાધુનો પરિચય, (૨) ક્ષીણમલવાળું ચિત્ત, (૩) અધ્યાત્મ ગ્રંથના શ્રવણ-મનનાદિ આનો અનુક્રમે વિચાર કરીએઃ—

## ૧.

## ‘ પરિચય પાતક ઘાતક સાધુશું ’

પાતકનો-પાપનો ઘાત-નાશ કરે, પાપ-દોષને હણી નાંખે એવા સાધુ પુરુષનો પરિચય થાય તો પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય. પ્રાપ્ત હોય તેની પાસેથી પ્રાપ્તિ થાય. ઐશ્વર્યવંત હોય તે દારિદ્ર-ફેડે. ‘ કૂવામાં હોય તો હવાડામાં આવે.’ જેને પ્રવચનવાણી

**પાતક ઘાતક સાધુનો પરિચય**

પ્રાપ્ત હોય અર્થાત્ આત્મપરિણામ પામી હોય, એવા ‘પ્રાપ્ત’ પરિણત ભાવિતાત્મા સાધુપુરુષ જ તેની પ્રાપ્તિમાં આપ્ત ગણાય. સાધુ કોણ ? અને કેવા હોય ? તે વિચારવા યોગ્ય છે. સાધુના કપડાં પહેર્યાં, દ્રવ્ય લિંગ ધારણ કર્યું, એટલે સાધુ બની ગયા એમ નહિં, પણ આદર્શ સાધુગુણસંપન્ન હોય તે સાધુ, જેનો આત્મા સાધુત્વગુણે ભૂષિત હોય તે સાધુ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને સમ્યક્પણે સાધે તે સાધુ, જે આત્મજ્ઞાની ને ખરેખરા આત્મારામી હોય તે સાધુ, એ વાર્ત્તા સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે. અત્રે આવા ભાવસાધુ જ મુખ્યપણે વિવક્ષિત છે. ‘ આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે,’ તેમજ ‘મુનિગણ આતમરામી રે’ ઈત્યાદિ **આનંદઘનજી**ના અન્ય વચનો પણ આ જ સૂચવે છે. દ્રવ્યાચાર્ય-દ્રવ્યસાધુ વગેરે તો ખોટા રૂપીઆ જેવા છે, તેને માનવા તે તો કૂડાને રૂડા માનવા જેવું છે અને તે રૂડું નથી, માટે ભાવાચાર્ય-ભાવસાધુ આદિનું જ માન્યપણું શાસ્ત્રકારે સંમત કરેલું છે. આવશ્યકનિર્યુક્તિમાં ધાતુ અને

છાપના દૃષ્ટાંતે **શ્રી ભદ્રબાહુસ્વામીએ** અને યોગદૃષ્ટિ-સમુચ્ચયમાં યોગબીજ પ્રસંગે **શ્રી હરિભદ્રસૂરિએ** એ જ વાત કરી છે. નમસ્કાર મંત્રમાં પણ પંચ પરમેષ્ઠિ મધ્યે જેને ગૌરવભર્યું સ્થાન આપ્યું છે તે મુખ્યપણે યથોક્ત ગુણગણગુરુ ભાવાચાર્ય-ભાવસાધુને અનુલક્ષીને.

**સાધુગુણભૂષિત ભાવસાધુનું જ માન્યપણું**

આમ સ્પષ્ટ શાસ્ત્રસ્થિતિ છતાં અજ્ઞ ×બાલ જીવોની દૃષ્ટિ તો પ્રાયઃ લિંગ-બાહ્ય વેષ પ્રત્યે હોય છે, એટલે તે તો મુગ્ધ હોઇ ભોળવાઈ જઇ વેષમાં જ સાધુપણું કલ્પે છે. પણ પ્રાજ્ઞ જન તો આગમતત્ત્વનો વિચાર કરે છે; અર્થાત્ આગમાનુસાર, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે, યથાસૂત્ર આચરણરૂપ તાત્ત્વિક સાધુત્વ છે કે કેમ તેની સમીક્ષા કરે છે, અને જેનામાં યથોક્ત આદર્શ નિર્ગ્રંથ શ્રમણપણું દૃશ્ય થાય તેનો જ સાચા સાધુપણે સ્વીકાર કરે છે. આવા જે વિચક્ષણ જનો છે તે તો ભાવવિહીન દ્રવ્યલિંગને* પ્રાયઃ કંઈ પણ વજૂદ આપતા નથી; તેઓ તો

× "बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥"

—**શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક.**

* "बाह्यं लिङ्गमसारं तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।
धारयति कायवशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥
बाह्यग्रन्थत्यागान्न चारु नन्वत्र तदितरस्यापि ।
कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ॥"

—**શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક.**

મુખ્યપણે ભાવ-આત્મપરિણામ પ્રત્યે જ દૃષ્ટિ કરે છે, ભાવિતાત્મા એવા ભાવલિંગીને જ મહત્ત્વ આપે છે; દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આદિ આત્મભાવના પ્રગટપણાના અને નિષ્કષાયપણાના અવિસંવાદી માપ ઉપરથી મૂલ્યાંકન કરે છે, સાચા નગદ રૂપીઆને જ સ્વીકારે છે. કારણ કે તે સારી પેઠે જાણે છે કે-ધાતુ ખોટી અને છાપ ખોટી, અથવા ધાતુ ખોટી અને છાપ સાચી, એ બે પ્રકાર કલાઇના રૂપીઆ જેવા બનાવટી ( Counterfeit ) મૂલ્યહીન દ્રવ્યલિંગી સાધુઓના છે, તે તો સર્વથા અમાન્ય-અસ્વીકાર્ય છે; અને ધાતુ સાચી પણ છાપ ખોટી, અથવા ધાતુ સાચી અને છાપ પણ સાચી, એ બે પ્રકાર ચાંદીના રૂપીઆ જેવા સાચા મૂલ્યવાન ભાવલિંગી સાધુજનોના છે, અને તે જ સર્વથા માન્ય છે. એટલે દ્રવ્યથી તેમજ ભાવથી જે સાધુ છે, અથવા દ્રવ્યથી નહિં છતાં ભાવથી જે સાધુ છે,-એ બન્ને પ્રકારના **ભાવસાધુને** જ તે માન્ય કરે છે. અમુક પુરુષમાં કેટલો આત્મગુણ પ્રગટ્યો છે ? તે યોગમાર્ગે કેટલો આગળ વધ્યો છે ? તે કેવી યોગદશામાં વર્ત્તે છે ? તેનું ગુણસ્થાન કેવું છે ? તેની અંદરની મુંડ ( કષાયમુંડનરૂપ ) મુંડાઇ છે કે નહિ ? તેનો આત્મા પરમાર્થે 'સાધુ' 'મુનિ' બન્યો છે કે નહિં ? ઈત્યાદિ તે તપાસી જુએ છે. કારણ કે તેના લક્ષણનું તેને બરાબર ભાન છે. તે જાણે છે કે-જે આત્મજ્ઞાની સમદર્શી વીતરાગ પુરુષ હોય, જે પૂર્વ પ્રારબ્ધ પ્રમાણે સર્વથા ઇચ્છારહિતપણે અપ્રતિબંધ ભાવથી વિચરતા હોય, અને પરમશ્રુત એવા જે પુરુષની વાણી કદી પૂર્વે ન સાંભળી હોય એવી અપૂર્વ હોય,

તે જ સાચા સદ્‌ગુરુ છે. 'छत्तीस गुणो गुरु मज्झ।' તે જાણે છે કે-જે આત્મજ્ઞાની આત્માનુભવી હોય, જે નિરંતર આત્મભાવમાં રમણ કરનારા આત્મારામી હોય, જે વસ્તુગતે વસ્તુનું સ્વરૂપ પ્રકાશનારા હોય, જ્ઞાની સત્પુરુષોના સનાતન સંપ્રદાયને અનુસરનારા જે સદા અવંચક હોય, અને જે સમકિતી પુરુષ સારભૂત એવી સંવર ક્રિયાના આચરનારા હોય, તે જ સાચા શ્રમણ છે, તે જ સાચા સાધુ છે, તે જ સાચા મુનિ છે, તે જ સાચા નિર્ગ્રંથ છે, બાકી બીજા તો 'દ્રવ્યલિંગી' વેષધારીઓ છે. આમ તે જાણતા હોઈ, મુખ્યપણે તેવા સાચા ભાવયોગીઓને જ, ભાવાચાર્ય આદિને જ તે માને છે, તેમના આદર-ભક્તિ કરે છે.

" આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે.
...વાસુપૂજ્ય."

" આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે. શાંતિજિન"
શ્રી આનંદઘનજી

" આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વવાણી પરમ શ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. "
—શ્રીમદ્ રાજચંદ્રજી

" जं संमंति पासह, तं मोणंति पासह ! "-શ્રી આચારાંગસૂત્ર.

આવા ભાવસાધુને જ મુખ્યપણે લક્ષગત રાખી અત્રે 'પાતક-ઘાતક' એવો સૂચક શબ્દપ્રયોગ કર્યો છે.

' पातक-घातक ' साधु केवा होय ?

' पातकघातक ' कोण होइ शके ? जेणे पोते पापनो घातक कर्यो होय ते ज अन्यना पापनो घातक होइ शके, पण पोताना पापनो घात नथी कर्यो एवो जे श्री उत्तराध्ययन अने दशवैकालिक सूत्रमां वर्णवेल ' पापश्रमण ' होय ते पातकघातक केम होइ शके ? एटले एवा पापश्रमणनी वात तो क्यांय दूर रही ! जेणे पापनो घात-नाश कर्यो छे एवा निष्पाप पुण्यात्मा साधु, कल्याणसंपन्न पुण्यमूर्त्ति साचा संतपुरुष ज पातकघातक होय. आवा सत्पुरुष दर्शनथी पण पावन **' दर्शनादपि पावनाः '** होय छे, एमना दर्शन करतां पण आत्मा पावन थइ जाय एवा ते परम पवित्रात्मा होय छे. एमना पवित्र आत्मचारित्रनो कोई एवो अद्भुत मूक प्रभाव पडे छे के बीजा जीवोने देखतां वेंत ज तेनी अजब जादूइ असर थाय छे. आवा कल्याणमूर्त्ति, दर्शनथी पण पावन, निर्दोष, निर्विकार वीतराग एवा ज्ञानी सत्पुरुष, एमनी सहज दर्शनमात्रथी पण पावनकारिणी चमत्कारिक प्रभावताथी साचा मुमुक्षु योगीओने शीघ्र ओळखाई जाय छे. कारण के तेवा मौन मुनिनुं दर्शन पण हजारो वागाडंबरी वाचस्पतिओना लाखो व्याख्यानो करतां अनंतगणो सचोट बोध आपे छे. स्वदेहमां पण निर्मम एवा आ अवधूत वीतराग मुनिनुं सहज गुणस्वरूप ज एवुं अद्भुत होय छे. जेमके—

" शांतिके सागर अरु, नीतिके नागर नेक,
दयाके आगर ज्ञान ध्यानके निधान हो;

શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, સુખ બાનિ પૂર્ણ પ્યારી,
સબનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો.
રાગદ્વેષસેં રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
**રાયચંદ** ધૈર્ય પાળ, ધર્મ ઢાલ ક્રોધ કાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો. ”

**શ્રીમદ્ રાજચંદ્રજી**

**સૂત્રકૃતાંગમાં વર્ણવેલું નિર્ગ્રંથ મુનિનું આદર્શ સ્વરૂપ**

શ્રી **સૂત્રકૃતાંગના**× દ્વિ. શ્રુ. સ્કં. ના ૭૦ મા સૂત્રમાં **નિર્ગ્રંથ મુનિનું** આ પ્રકારે પરમ સુંદર હૃદયંગમ વર્ણન કર્યું છે-'તે અણગાર ભગવંતો ઈર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાનભંડમાત્રનિક્ષેપણા સમિત, પારિષ્ઠાપનિકા સમિત, મનસમિત, વચનસમિત, કાયસમિત, મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધ, અમાન, અમાય, અલોભ, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિર્વૃત, અનાશ્રવ, અગ્રંથ, છિન્નશ્રોત, નિરુપલેપ, કાંસ્યપાત્ર જેવા મુક્તજલ, શંખ જેવા નિરંજન, જીવ જેવા અપ્રતિહતગતિ, ગગનતલ જેવા નિરાલંબન, વાયુ જેવા અપ્રતિબંધ, શારદજલ જેવા શુદ્ધ હૃદય, પુષ્કર પત્ર જેવા નિરૂપલેપ, કૂર્મ જેવા ગુપ્તેંદ્રિય, વિહગ જેવા વિપ્રમુક્ત, ગેંડાના શીંગડા જેવા એકજાત, ભારંડપક્ષી જેવા અપ્રમત્ત, કુંજર જેવા શૌંડીર, વૃષભ જેવા સ્થિર, સિંહ જેવા દુર્ધર્ષ,

× " से जहा णामए अणगारा भगवतो इरियासमिया भासासमिया "—इ.

મંદર જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્ય લેશ્યાવંત, સૂર્ય જેવા દીપ્તતેજ, જાત્ય સુવર્ણ જેવા જાતરૂપ, વસુંધરા જેવા સર્વસ્પર્શવિષહ, સુહુત હુતાશન જેવા તેજથી જ્વલંત હોય છે. તે ભગવંતોને કયાંય પણ પ્રતિબંધ હોતો નથી.'

આવા ગુણનિધાન પાતક-ઘાતક સાધુપુરુષનો 'પરિચય' એટલે શું ? પરિચય એટલે સમાગમ, સત્સંગ, સંસર્ગ, ઓળખાણ, સ્વરૂપપિછાન, તથાદર્શન.

**પરિચય એટલે શું ?**

એવા પરમ નિર્દોષ, પરમ નિર્વિકાર, વીતરાગ જ્ઞાની સત્પુરુષને-સાધુ સંતજનને તેના યથાર્થ ગુણસ્વરૂપે ઓળખવા, તેમનું જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે સ્વરૂપે તેમનું 'તથાદર્શન' કરવું, સત્પુરુષનું સત્પુરુષ સ્વરૂપે જેમ છે તેમ યથાસ્થિત દર્શન કરવું, તે જ વાસ્તવિક પરિચય અથવા ઓળખાણ છે. આ સતપુરુષ 'સત્' છે, પ્રત્યક્ષ સત્સ્વરૂપને પ્રાપ્ત થયેલા સાચા સદ્ગુરુ છે; શાસ્ત્રોક્ત સકલ સાધુગુણથી શોભતા આ સાધુચરિત સાચા ભાવસાધુ છે; શુદ્ધ સુવર્ણ જેવા શુદ્ધ, પરમ અમૃત જેવા મધુર અને શુદ્ધ સ્ફટિક જેવા નિર્મલ પરમ પવિત્ર પુરુષ છે. સર્વ પરભાવ-વિભાવનો સંન્યાસ-ત્યાગ કરનારા આત્મારામી એવા આ સાચા 'સંન્યાસી'-ધર્મસંન્યાસ યોગી છે; બાહ્યાભ્યંતર ગ્રંથથી-પરિગ્રહથી રહિત એવા સાચા નિર્ગ્રંથ-ભાવશ્રમણ* છે; પરભાવ પ્રત્યે મૌન

---

* " सुविदिदपदत्थसुत्तो संजमतवसंजुदो विगतरागो ।
समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगोत्ति ॥ "
—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત શ્રી પ્રવચનસાર

એવા આત્મજ્ઞાની વીતરાગ જ્ઞાની 'મુનિ' છે; સહજ આત્મસ્વરૂપ પદનો જેને સાક્ષાત્ યોગ થયો છે એવા યથાર્થ ભાવયોગી છે. સ્વરૂપવિશ્રાંત એવા આ શાંતમૂર્તિ 'સંત' છે. એમના 'સત્' નામ પ્રમાણે 'સત્'–સાચા છે; આત્માના પ્રત્યક્ષ પ્રગટ સત્સ્વરૂપથી યુક્ત એવા 'સત્' છે–ઇત્યાદિ પ્રકારે સત્પુરુષની સત્પુરુષ સ્વરૂપે પીછાન થવી તે 'પરિચય' છે.

**સત્સંગનો અનન્ય મહિમા**

આવો પરિચય કાંઈ એકદમ થઈ જતો નથી, પણ જેમ જેમ સંતસમાગમ–સત્સંગના બળથી સદ્બોધનો પ્રસંગ વધતો જાય છે, તેમ તેમ સંતસ્વરૂપની પીછાન વધતી જાય છે; અને જેમ જેમ સદ્બોધવૃદ્ધિથી સંતસ્વરૂપની પીછાન થતી જાય છે, તેમ તેમ જીવના પાતકની ઘાત થઈ આત્મગુણવિકાસરૂપ 'ધર્મલાભ'ની પ્રાપ્તિ વધતી જાય છે. આવા ગાઢ પરિચયરૂપ સત્સંગ પ્રસંગની વાત તો દૂર રહો! પણ સાચા સંતપુરુષની સન્નિધિ પણ પાપનાશિની હોય છે;–'**प्रीणाति पद्मसरसः-सरसोऽनिलोऽपि ।**' પદ્મસરનો સરસ વાયુ પણ પ્રસન્નતા અર્પે છે, તેની જેમ. શ્રી **શંકરાચાર્ય** કહે છે કે– '**क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका।**' એક ક્ષણ પણ સજ્જનની સંગતિ ભવાર્ણવ તરવામાં નૌકા બની જાય છે. આ સત્સંગનો મહિમા જ્ઞાનીઓએ અત્યંત ગાયો છે. શ્રી **યશોવિજયજી** કહે છે કે 'સજ્જન' શબ્દના અક્ષર તો થોડા છે, અને ગુણ ઘણા છે તે લખ્યા

લખાય એમ નથી, પણ ગુણાનુરાગરૂપ પ્રેમથી મનમાં પરખાય છે.

" અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. "

**—શ્રી યશોવિજયજી.**

" ઉપાસના જિન ચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. "

**—શ્રીમદ્ રાજચંદ્રજી.**

આ 'મુનિજન સંગતિ રતિ અતિ' રૂપ સત્સંગની મુક્તકંઠે પ્રશંસા કરતાં **શ્રીમદ્ રાજચંદ્રજી** વદે છે કેઃ—

" સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે. સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ છે. બધા કાળમાં તેનું દુર્લભપણું છે, અને આવા વિષમ કાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાની પુરુષોએ જાણ્યું છે. જે પુરુષ સદ્ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિરધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ ગણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે. "

(જુઓ) **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૧૮૧-૪૨૮-૫૧૮ ઇ.

## ૨.

# 'અકુશલ અપચય ચેત'

આમ 'પરિચય પાતક ઘાતક સાધુશું' થાય એટલે 'અકુશલ અપચય ચેત' થાય, અકુશલ ભાવના અપચયવાળું ચિત્ત થાય. અર્થાત્ ચિત્તમાંથી અશુભ ભાવ ઓછો ઓછો થતો જાય, આત્માનો માંહીનો મેલ ધોવાતો જાય, ભાવમલની અલ્પતા થાય; કારણ કે સત્સંગનો મહિમા અનન્ય છે. સર્વ જ્ઞાની પુરુષોએ આ સત્સંગને ખૂબ ખૂબ વખાણ્યો છે. સત્સંગ એ જીવને તરવાનું ઉત્તમ સાધન છે. સત્સંગથી જીવના સ્વચ્છંદાદિ દોષ સહેજે દૂર થાય છે ને આત્મગુણની વૃદ્ધિ થાય છે. સત્સંગનો આશ્રય જીવને પરમ આધારરૂપ, અવષ્ટંભરૂપ, ઓથરૂપ થઇ પડે છે, ને તેના અવલંબને સંસારસાગર ખાબોચિયા જેવો થઇ જઈ લીલાથી પાર ઉતરાય છે. જીવના પરમ બાંધવરૂપ આ સત્સંગની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે, માટે તેમાં સર્વાત્માથી આત્માર્પણ કરવું યોગ્ય છે એમ સત્પુરુષો ઉપદેશે છે.

**અકુશલ ભાવના અપચયવાળું ચિત્ત**

"માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો. અને પછી 'સત'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું. તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. આ જે વચનો લખ્યા છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ

રક્ષકરૂપ છે. અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમ પદને આપે એવાં છે. એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્ દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે રહ્યું છે.

" સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે, સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ છે. ××× અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ ગણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મ-સાક્ષાત્કાર છે." (જુઓ **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૧૮૧-૪૨૮-૫૧૮૯૦)

**ભાવમલ અલ્પતા**

અથવા બીજી અપેક્ષાએ વિચારીએ તો 'પરિચય પાતક ઘાતક સાધુ શું' ક્યારે થાય ? '**અકુશલ અપચય ચેત**' થાય ત્યારે. ચિત્ત અકુશલ ભાવના અપચયવાળું થાય, ચિત્તનો અશુભ ભાવ ઓછો થાય, ત્યારે ઉત્તમ સાચા સાધુ પુરુષની-ભાવયોગીરૂપ સાચા સદ્‌ગુરુની સંગતિનો લાભ મળે. જ્યારે જીવનો અંદરનો મેલ (આત્મમલિનતા) ધોવાઇ જઇને ઓછો થાય, ભાવમલની અલ્પતા× થાય, ત્યારે તેવો 'જોગ' જીવને બાઝે. આવા 'પુણ્ય પંડૂર જ્યારે પ્રકટે' ત્યારે સત્પુરુષનો સમાગમયોગ થાય. રત્નનો મલ જેમ જેમ દૂર

× " एतच्च सत्प्रणामादिनिमित्तं समये स्थितम् ।
अस्य हेतुश्च परमस्तथा भावमलाल्पता ॥ "
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

થાય, તેમ તેમ તેની કાંતિ-ચળકાટ ઝળહળી ઊઠે છે; તેમ જીવનો અંતર્ગત ભાવમલ જેમ જેમ ધોવાતો જાય છે, તેમ તેમ તેની ધર્મપ્રાપ્તિની યોગ્યતારૂપ કાંતિ ઓર ને ઓર ખીલતી જાય છે, આત્મપ્રકાશ ઓર ને ઓર ઝળકતો જાય છે. આમ માંહેનો મલ ધોવાતાં જેમ જેમ આત્મા નિર્મલ બને, ચિત્ત ચોકખું બને, તેમ તેમ તેનામાં સન્માર્ગ પામવાની પાત્રતા આવતી જાય છે; અને તે પાત્રતારૂપ લોહચુંબકથી આકર્ષાઈને તેને સત્પુરુષના જોગરૂપ ઉત્તમ નિમિત્ત સાંપડે છે.

" કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવા ઘટે છે. તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે, અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. **મળ, વિક્ષેપ અને અજ્ઞાન** એ અનાદિ જીવના ત્રણ દોષ છે. જ્ઞાની પુરુષોનાં વચનની પ્રાપ્તિ થયે તેનો યથાયોગ્ય વિચાર થવાથી અજ્ઞાનની નિવૃત્તિ હોય છે. × × × સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પ પરિગ્રહ એ આદિ મલ મટવાનાં સાધન છે. જ્ઞાની પુરુષની અત્યંત ભક્તિ એ વિક્ષેપ મટવાનું સાધન છે. "—**શ્રીમદ્ રાજચંદ્ર.**

કારણ કે આ **ભાવમલની** જ્યારે ઘનતા* હોય, ગાઢપણું-પ્રબલપણું હોય ત્યારે સત્પુરુષો પ્રત્યે તેવી મહોદયવાળી પ્રતીતિ હોય નહિં, શ્રદ્ધા-આસ્થા ઉપજે નહિં. આત્માનો અંદરનો મેલ જ્યાંસુધી ગાઢ હોય ત્યાંસુધી

* " नास्मिन् घने यतः सत्सु तत्प्रतीतिर्महोदया ।
किं सम्यग् रूपमादत्ते कदाचिन्मन्दलोचनः ॥

સંતની પ્રત્યે વિશ્વાસ બેસે નહિં. જ્યાંસુધી જીવ ગુરુકર્મી-ભારેકર્મી હોય ત્યાંસુધી સત્પુરુષની તેવી પીછાન, ઓળખાણ થાય નહિં. અત્રે દૃષ્ટાંત છે કે-જેની આંખનું તેજ મંદ છે, ઓછું છે, જે દૃષ્ટિદોષથી ઝાંખું ઝાંખું દેખે છે, એવો મંદલોચનવાળો પુરુષ શું બરાબર વસ્તુસ્વરૂપ દેખી શકે ખરો? ન જ દેખી શકે. તેમ ભાવમલ ઘણો હોવાથી જેના ભાવ-ચક્ષુ ઉઘડ્યા નથી, તે સત્પુરુષના સ્વરૂપને બરાબર ન ઓળખી શકે, ન પીછાની શકે; ને ઓળખે નહિં તો પ્રતીતિ પણ ક્યાંથી કરે? આમ 'સત્પુરુષો પ્રત્યે સત્પણાની બુદ્ધિ તીવ્ર મલ હોય ત્યાંસુધી ઉપજે નહિં; કારણ કે ઘણા ઊંચા ઝાડની શાખાને પાંગળો કદી આંગળીથી સ્પર્શી શકે નહિં.'

આથી ઊલટું **ભાવમલની અલ્પતા** થાય ત્યારે સત્પ્રતીતિ અને સંતસેવા ઉપજ્યા વિના રહે નહિં. અત્રે અલ્પ વ્યાધિવાળા પુરુષનું દૃષ્ટાંત છે: કોઈ એક મનુષ્ય છે. તે મોટી બીમારીમાંથી ઊઠયો છે, તેનો રોગ લગભગ નષ્ટ થયો છે, તે લગભગ સાજો થઈ ગયો છે; માત્ર ખૂજલી વગેરે નાનાસૂના ક્ષુદ્ર નજીવા મામૂલી વિકારો બાકી છે, પણ તે રહ્યાસહ્યા તુચ્છ વિકારો

**હિતપ્રવૃત્તિઃ**
**અહિતનિવૃત્તિ**

---

"अल्पव्याधिर्यथा लोके तद्विकारैर्न बाध्यते ।
चेष्टते चेष्टसिद्धयर्थं वृत्त्यैवायं तथा हिते ॥" —**શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.**

"सत्सु सत्त्वधियं हन्त मले तीव्रे लभेत कः ।
अङ्गुल्या न स्पृशेत् पङ्गुः शाखां सुमहतस्तरोः ॥"
—શ્રી યશોવિજયજી.

તેને ઝાઝી બાધા કરતા નથી, બહુ હેરાન કરતા નથી, તેમજ તેના રોજના કામમાં આડખીલી—અટકાયત કરતા નથી; અને આવો અલ્પ વ્યાધિવાળો, લગભગ સાજો થઇ ગયેલો પુરુષ પોતાના કુટુંબના ભરણપોષણ ખાતર રાજસેવા, વેપાર વગેરે ઈષ્ટ કાર્યની સિદ્ધિ અર્થે પ્રવર્ત્તે છે.તે જ પ્રકારે અલ્પ મલવાળો પુરુષ પણ સ્વતઃ વૃત્તિથી જ સંત-સેવાદિ આત્મહિતમાં પ્રવૃત્તિ કરે છે; શુભ વૃત્તિઓને પોષતો રહી, દુષ્ટ અશુભ વૃત્તિઓને રોકે છે, ને આત્માનું કલ્યાણ થાય એવા શુભ કાર્ય કરે છે. તે યથાશક્તિ દાન દીએ છે, સદાચાર આદિરૂપ શીલ પાળે છે, અને 'સર્વ જગતનું કલ્યાણ થાઓ! સર્વ પ્રાણીગણો પરહિતનિરત થાઓ! સર્વ દોષો નાશ પામો! સર્વત્ર લોકો સુખી થાઓ!' ઇત્યાદિ શુભ ભાવના તે ભાવે છે. રાજસી, તામસી વૃત્તિ પરિહરી તે સાત્ત્વિકી વૃત્તિને ભજે છે. અહિત પ્રવૃત્તિમાંથી નિવર્ત્તી તે હિતપ્રવૃત્તિમાં પ્રવર્ત્તે છે. આમ તે પ્રતિદિન અકુશલ અપચય કરતો રહે છે.

# સપ્તમ પરિચ્છેદ :

## અધ્યાત્મ ગ્રંથના શ્રવણ મનન પરિશીલન

અને આમ ' અકુશલ અપચય ચેત ' થતાં સંતનો પરિચય થાય ત્યારે **' ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે પરિશીલન નય હેત '** થાય. જ્યારે સંતસમાગમ થાય ત્યારે જ તેના મુખેથી અધ્યાત્મગ્રંથનું શ્રવણ થાય, તે પછી તેનું મનન થાય, અને પછી નય હેતુ અપેક્ષાએ તેનું પરિશીલન થાય. આનો હવે પદચ્છેદથી વિશેષ વિચાર કરીએઃ–

૧.

### ' ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે. '

**અજ્ઞાની કે શુષ્કજ્ઞાની અધ્યાત્મ ગ્રંથના ઉપદેશદાનના અનધિકારી**

અધ્યાત્મગ્રંથનો ઉપદેશ કોણ આપી શકે ? જે અધ્યાત્મ યોગને જાણતા નથી કે તેના અનુભવરસને જેણે ચાખ્યો નથી, તે તેનો ઉપદેશ ન આપી શકે એ તો પ્રગટ સમજી શકાય એવી વાત છે. એટલે ' અંધ્યાત્મ ' એમ કહી અધ્યાત્મની હાંસી ઉડાવનારા અબૂઝ કે અધ્યાત્મરસપરિણતિ વિના અધ્યાત્મ-યોગની દાંભિક વાતો કરનારા શુષ્કજ્ઞાનીઓ તેના ઉપદેશ દાનના અધિકારી હોતા નથી. તેમજ યોગગ્રંથના ભાવને જે જાણતા નથી અથવા તો પોતાના માયાચારની પોલ પકડાઈ

જવાની બીકે જે પ્રકાશતા નથી. અને ખોટી મોટાઈમાં જે મ્હાલે છે, એવા અજ્ઞાની ગુરુઓ પણ તેના ઉપદેશ દાનના અધિકારી થવા સમર્થ નથી. જે પરપરિણતિને પોતાની માની આર્ત્તધ્યાનમાં વર્ત્તે છે અને જે ક્રોધ–માનાદિ કષાયથી ભરેલા છે એવા મોહમૂઢ અસદ્ગુરુઓ પણ તેના ઉપદેશદાનના અધિકારી સંભવતા નથી.

“ યોગગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોગટ મોટાઈ મન રાખે, તસ ગણુ દૂર નાસે.
....ધન્ય તે મુનિવરા રે.

પરપરિણતિ પોતાની માને, વરતે આરતધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે.
....ધન્ય તે મુનિવરા રે. ”

શ્રી યશોવિજયજીકૃત સા. ત્ર. ગાથાનું સ્તવન.

**આત્મજ્ઞાની સદ્ગુરુ સત્પુરુષ જ સદુપદેષ્ટા**

અધ્યાત્મ યોગનો ઉપદેશ દેવાને જો કોઈ પણ યોગ્ય હોય તો મૂર્ત્તિમાન્ યોગસ્વરૂપ એવા શ્રી સદ્ગુરુ સત્પુરુષ જ છે, કારણ કે જેનામાં **સદુપદેષ્ટા સદ્ગુરુમાં** અવશ્ય હોવા યોગ્ય આત્મજ્ઞાન–વીતરાગતા આદિ ગુણો પ્રગટ ઝળહળે છે, એવા આ સત્પુરુષ સાક્ષાત્ ભાવયોગી, અધ્યાત્મરસપરિણત આત્મા છે. એટલે અધ્યાત્મ યોગ જેનામાં અત્યંત આત્મપરિણામી થયો છે, એવા પરિણત ગીતાર્થ સત્પુરુષ જ અધ્યાત્મયોગનો ઉપદેશ દેવાને પરમ યોગ્ય છે. આમ આવા ભાવિતાત્મા

મહાત્માના મુખેથી જ અધ્યાત્મ ગ્રંથના શ્રવણનો લાભ મળી શકે.

**અધ્યાત્મ ગ્રંથ એટલે શું ?**

હવે **અધ્યાત્મ ગ્રંથ** એટલે શું ? જે ક્રિયા નિજ સ્વરૂપને સાધે તે અધ્યાત્મ, જે ક્રિયા કરી ચતુર્ગતિ સાધે તે અધ્યાત્મ નહિ. અર્થાત્ મોહનો અધિકાર જેના પરથી ચાલ્યો ગયો છે એવા મુમુક્ષુ પુરુષની, આત્માને અધિકૃત કરી જે અંતરાત્મપરિણતિ-રૂપ શુદ્ધ ક્રિયા તેનું નામ 'અધ્યાત્મ'. અને આવા અધ્યાત્મ યોગનું જ્યાં મુખ્યતાએ ગુંથણીરૂપ ગ્રથન કર્યું છે, આત્માને પુરસ્કૃત–આગળ કરી તેના નિરંતર લક્ષપૂર્વકનો જ્યાં ઉત્તમ બોધ કર્યો છે, તેનું નામ અધ્યાત્મ ગ્રંથ. આવું અધ્યાત્મશાસ્ત્ર સર્વ શાસ્ત્રમાં શિરોમણિ છે. **શ્રી યશોવિજયજી** કહે છે કે–'અન્ય શાસ્ત્રને જાણનારો ક્લેશ જાણે છે, અને અધ્યાત્મ શાસ્ત્ર જાણનારો રસ જાણે છે; ચંદનનો ભાર ખર વહે છે, પણ તેનો ભોગ તો ભાગ્યશાળી જ પામે છે.'×

"નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ કહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ લહિયે રે."

—**શ્રી આનંદઘનજી.**

---

× "गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥
वेदान्यशास्त्रवित्क्लेशं, रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद्भोगमाप्नोति, वहते चन्दनं खरः ॥"

—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મસાર.

**શુશ્રૂષાપૂર્વક શ્રવણ**

આવા મહામહિમાવાન અધ્યાત્મગ્રંથનું શશ્રૂષાદિ ગુણસંપન્ન જિજ્ઞાસુ પુરુષને પ્રથમ તો **શ્રવણ** થાય આ શ્રવણ તીવ્ર **શુશ્રૂષા**—સાંભળવાની ઇચ્છાપૂર્વક હોવું જોઈએ. કારણ કે આ શુશ્રૂષા બોધજલપ્રવાહની સરવાણી સમાન છે, આ શુશ્રૂષા વિનાનું શ્રવણ સરવાણી વિનાની ભૂમિમાં કૂવો *ખોદવા જેવું વ્યર્થ છે. જેમ કૂવામાં સરવાણી હોય તો તે વાટે પાણી આવ્યા જ કરે, તેમ ઉત્કટ શ્રવણેચ્છારૂપ સરવાણી જો હોય, તો તે વાટે બોધરૂપ પાણીનો પ્રવાહ એકધારો અક્ષયપણે આવ્યા જ કરે. પણ કૂવામાં સરવાણી ન હોય તો પાણી આવે નહિં, તેમ જો આવી શુશ્રૂષારૂપ અક્ષય સરવાણી ન હોય, તો બોધરૂપ પાણીનો પ્રવાહ આવે જ નહિં, ને જ્ઞાનરૂપી કૂવો ખાલી જ રહે. આમ શુશ્રૂષા વિનાનું બધું શ્રવણ કર્યું તે ધૂળ થાય છે, સાંભળ્યું ન સાંભળ્યા જેવું થાય છે, એક કર્ણછિદ્રથી પેસી સોંસરૂં બીજેથી નીકળી જાય છે, હૃદયમાં પ્રવેશતું નથી, ફોગટ જાય છે. જેમ કોઈ એવી બરડ ભૂમિ—કે જેમાં પાણીની સરવાણી આવતી ન હોય, તે ભૂમિમાં ગમે તેટલો ઊંડો કૂવો ખોદ્યા કરીએ ( Tapping ) તો પણ પાણી આવે જ નહિં, કૂવો ખોદવો ન ખોદ્યા બરાબર જ થાય, શ્રમમાત્ર જ ફળ મળે, મહેનત માથે પડે; તેમ સાચી શુશ્રૂષા વિનાનું બધુંય શ્રવણ નિષ્ફળ જાય છે,

---

* " बोधाम्भःस्रोतसश्चैषा सिरातुल्या सतां मता ।
अभावेऽस्याः श्रुतं व्यर्थमसिरावनिकूपवत् ॥ "
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

બોધરૂપ ફળ આપતું નથી, એળે જાય છે; તેવા શ્રવણમાં તો વાયુના તરંગોથી ( Air-waves ) શબ્દો કર્ણપટ પર અથડાઈ પાછા વાયુમાં–હવામાં મળી જાય છે !

**શુશ્રૂષા વિનાનું શ્રવણ વ્યર્થ**

જેમ કોઈ એક રાજા રાત્રે શયન કરતી વેળાએ વાર્ત્તા સાંભળતો હોય, ઊંઘમાં ને ઊંઘમાં તે હોંકારો પણ દેતો જાય, પણ તેનું લક્ષ તેમાં હોય નહિં, શું સાંભળ્યું તે તેના ખ્યાલમાં રહે નહિં ! અને સવારે ઊઠીને બાપુ પૂછે કે–અલ્યા ! રાત્રે કઈ વાર્ત્તા કરી હતી ? તેમ પ્રસ્તુત શુશ્રૂષા વિનાનું શ્રવણ કરતો હોય તે જાણે ઊંઘમાં હોય એમ સાંભળે છે ! તે મોટેથી ઘાંટો પાડી ‘ જી ! મહારાજ ! ’ એમ હોંકારો પણ દે છે ! પણ શું સાંભળ્યું તેનું તેને ભાન હોતું નથી ! તે ઘેર આવીને પૂછે કે આજ મહારાજ વખાણમાં શી વાત કરતા હતા ! આમ સાચી શુશ્રૂષા વિનાનું શ્રવણ ફોગટ–નકામું છે, હૃદયને સ્પર્શતું નથી, એક કાનથી બીજે કાને કાઢી નાંખ્યા જેવું થાય છે. ઉત્કટ શ્રવણેચ્છા વિનાનું જે શ્રવણ તે નામમાત્ર શ્રવણ છે. એમ તો આ જીવે અનંત વાર કથા–વાર્ત્તા સાંભળી છે; ને સાંભળી સાંભળીને તેના કાન પણ ફૂટી ગયા છે ને મહારાજોના ઘાંટા પણ બેસી ગયા છે ! તો પણ હજુ તેને બ્રહ્મજ્ઞાન–સાચું આત્મજ્ઞાન થયું નથી ! **અખા** ભક્તે કહ્યું છે તેમ ‘ કથા સુણી સુણી ફૂટયા કાન, તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન. ’ કારણ કે તેણે અંતરાત્માથી શ્રવણ કર્યું નથી. ખરૂં શ્રવણ તો ત્યારે થાય કે જ્યારે મન રીઝે–પ્રસન્નતા

પામે, તન ઉલ્લસે–શરીરમાં રોમાંચ રૂંવાડા ઊભા થાય. એવી શ્રવણેચ્છા વિના જે ગુણકથા સાંભળવામાં આવે, તે બહેરા માણસ આગળ સંગીત કરવા બરાબર છે ! ભેંસ આગળ ભાગવત છે ! અંગ્રેજી કહેવત પ્રમાણે–ડુક્કર પાસે મોતીનો ચારો નાંખવો બરાબર છે ! 'Casting pearls beforc swine.'

"સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણુ શ્રુત થલ કૂપ;
શ્રવણ સમીહા તે કિસીજી ? શયિત સુણે જિમ ભૂપ....
રે જિનજી ! ધન ધન તુજ ઉપદેશ.
મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;
એ ઇચ્છા વિણુ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે. જિનજી !"
— શ્રી યશોવિજયજીકૃત યો. દ. સજ્ઝાય

શ્રવણેચ્છા કેવી ઉત્કટ હોવી જોઇએ તે માટે તરુણ સુખી પુરુષનું દૃષ્ટાંત છે. રમણીય રમણીથી યુક્ત એવા તરુણને જેવી દિવ્ય સંગીત સાંભળવાની ઇચ્છા થાય, તેના કરતાં પણ વધારે ઉલ્લાસથી તત્ત્વ અમૃતનું શ્રવણેંદ્રિયદ્વારા પાન કરવાની ઇચ્છા મુમુક્ષુને હોય. ( વિશેષ માટે જુઓ આ લેખકે સવિસ્તર વિવેચન કરેલ **યોગદષ્ટિસમુચ્ચય** ).

" તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જિમ ચાહે સુર ગીત;
ત્યમ સાંભળવા તત્ત્વનેજી, એહ દૃષ્ટિ સુવિનીત....રે જિનજી !"
—યો. દ. સજ્ઝાય.

આમ સાચી અંતરંગ શ્રવણેચ્છાવાળું હોય તે જ વાસ્તવિક શ્રવણ છે. આ શ્રવણ એટલે માત્ર શબ્દનું કર્ણદ્વાર પર અથડાવું એમ નહિં, પણ તેની સાથે અર્થગ્રહણ પણ કરી લેવું તેનું નામ શ્રવણ છે. વિદ્વદ્વર્ય

**શ્રવણ એટલે શું ?**

શ્રી આનંદશંકર ધ્રુવ કહે છે કે—

"કેટલીક વાર ભૂલ તો એ થાય છે કે તે શ્રવણનો અર્થગ્રહણ સાથેનો તાત્ત્વિક સંબંધ વસ્તુતઃ ધ્યાનમાં લેવાતો જ નથી. 'શ્રવણ' એટલે સાંભળવું અને સાંભળવું એટલે કાનમાં શબ્દો પડવા દેવા; અને આટલું થતાં શ્રવણ થયું એમ ઘણીવાર કૃતકૃત્યતા માની લેવાય છે. ××× શબ્દને કર્ણમાં લઈ તેની સાથે અર્થગ્રહણ પણ કરી લેવું તેનું નામ 'શ્રવણ', એમ શ્રવણ શબ્દનો વાસ્તવિક અને પ્રાચીન શાસ્ત્રસંમત અર્થ છે."

અને આ જે શ્રવણ છે તેમાં પરની અપેક્ષા રહે છે, કારણ કે સાંભળવાનું બીજાના બોલ્યા કે ઉપદેશ્યા વિના સંભવે નહિં; માટે શ્રવણ અન્યદ્વારા, અન્ય મુખે હોય છે. એટલે કે મુખ્યપણે તે 'શ્રુત' શ્રવણ પુરુષવિશેષરૂપ બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ મુખે કરવાનું હોય છે; અને તેનો જોગ ન હોય તો પૂર્વકાલીન મહાત્માઓના સત્‌શાસ્ત્રમુખે શ્રવણ કરવાનું છે, કારણ કે મહાયોગબલસંપન્ન એવા તે તે મહાગુરુઓનો ચૈતન્યસ્વરૂપ આત્મા 'અક્ષર' સ્વરૂપે વ્યક્ત થઈ, તેમની કૃતિઓમાં પ્રગટપણે અક્ષર સ્વરૂપે રહ્યો છે. પ્રત્યક્ષ આત્મજ્ઞાની સદ્ગુરુના અભાવે, આવા પરોક્ષ આત્મારામી સદ્ગુરુઓના વચનનું અવલંબન જ શ્રેયસ્કર થઈ પડે છે, પરમ ઉપકારી આધારભૂત થઈ પડે છે. સાચા સદ્ગુરુના અભાવે, અન્ય સામાન્ય કોટિના જે તે પ્રાકૃત જનને ગુરુ

સદ્ગુરુમુખે વા સત્‌શાસ્ત્રમુખે શ્રવણ

સ્થાપી–માની બેસી તેના મુખે શ્રવણ કરવા કરતાં, આવા પરોક્ષ સદ્‌ગુરુઓના સદ્‌ગ્રંથ મુખે શ્રવણ કરવું, તે અનેકગણું વધારે લાભદાયી છે, એમ વિદ્વાનોનું માનવું છે. તથારૂપ ગુરુગુણ રહિત ગમે તેને ગુરુ કલ્પવા કરતાં, આમ કરવું તે જ યોગ્ય છે.

"કેવળ સાધારણ વર્ગના પુરુષ પાસેથી પ્રત્યક્ષ ઉપદેશ લેવો એ ઠીક, કે અસાધારણ પુરુષ પાસેથી એના ગ્રંથોદ્વારા જે પરોક્ષ ઉપદેશ મળે એ ઠીક ? આ પ્રશ્નનો એક જ ઉત્તર ઘટે છે. અસાધારણ પુરુષો પોતાના અનુપમ આત્માને ગ્રંથમાં કેવી સારી રીતે સંક્રાંત કરી શકે છે, એ વાત જો ધ્યાનમાં લેવામાં આવે તો સહજ સમજાય એમ છે કે આ બીજો માર્ગ જ ઉત્તમ છે." —પ્રો. આનંદશંકર ધ્રુવ

"આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિં, ત્યાં આધાર સુપાત્ર.
અથવા સદ્‌ગુરુએ કહ્યા, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવા, કરી મતાંતર ત્યાજ."

—શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.

**અધ્યાત્મ મનન**

આત્મારામી સદ્‌ગુરુ મુખે જે અધ્યાત્મ ગ્રંથનું અપૂર્વ શુશ્રૂષારસથી શ્રવણ થયું, તે શ્રુતબોધનું પછી મુમુક્ષુ પુરુષ મનન કરે છે, મનથી પુનઃ પુનઃ તત્ત્વચિંતન કરે છે, મીમાંસન કરે છે, તલસ્પર્શી સદ્વિચારણા કરે છે,

અહોનિશ ઊહાપોહ કરે છે, નિત્ય નિદિધ્યાસન કરે છે જેમ કોઈ ખોરાક ખાય તે બરાબર રસપૂર્વક ચાવે તો હોજરીમાં પાચક રસની બરાબર ઉત્પત્તિ થાય ને તેની પાચનક્રિયા ઉત્તમ થાય, અને પછી તે રસ લોહીમાં એકરસ થઈ સર્વ અંગને માંસલ કરે, પુષ્ટ–ભરાવદાર બનાવે; તેમ સમ્યક્ બોધરૂપ આહાર પણ રસપૂર્વક બરાબર ચાવવામાં આવે, પુનઃ પુનઃ ચર્વણ–મનન કરવામાં આવે, તો ઉત્તમ ભાવરૂપ રસની નિષ્પત્તિ થાય ને શુદ્ધ આત્મપરિણતિરૂપ ઉત્તમ પાચન ક્રિયા થાય, અને પછી તે પરિણત રસ આત્માના અંગે અંગમાં–પ્રદેશ પ્રદેશમાં વ્યાપ્ત થઈ તેને શુદ્ધ આત્મધર્મની પુષ્ટિથી માંસલ કરે, પુષ્ટ ભરાવદાર બનાવે. માટે શ્રવણ પર જેટલો ભાર મૂકવામાં આવે છે તેના કરતાં અનેકગણો ભાર મનન–મીમાંસન પર મૂકવા યોગ્ય છે; પરંતુ વર્ત્તમાનમાં તેથી ઊલટી જ પરિસ્થિતિ દૃશ્ય થાય છે હાલમાં વાંચન–શ્રવણ ખૂબ વધ્યું છે પણ મનનશક્તિ જાણે કુંઠિત થઈ ગયેલી જણાય છે; તેથી કરીને જ ઘણા લોકોનું જ્ઞાન પણ ઊંડા અવગાહનવાળું તલસ્પર્શી હોવાને બદલે પ્રાયઃ છીંછરું, ઉપરછલ્લું ને ઉપરચોટિયું પ્રતિભાસે છે અને તેથી કરીને જ ગંભીર વિચારશીલ તત્ત્વ નવનીત સમા સાહિત્યને બદલે ક્ષુલ્લક છાસબાકળા જેવા સત્ત્વહીન નિર્માલ્ય સાહિત્ય પ્રત્યે વિશેષ અભિરુચિ દૃષ્ટિગોચર થાય છે. મહાત્મા **દેવચંદ્રજી** મહામુનિ પોકારી ગયા છે કે—

“ તત્ત્વ રસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ;
જાણો છો જિનરાજજી રે, એ સબલો વિખવાદ....
ચંદ્રાનન જિન!”

## ૨.

## પરિશીલન : ભાવનાજ્ઞાન

**અધ્યાત્મ પરિશીલન**

અધ્યાત્મ તત્ત્વનું મનન થાય એટલે પછી તેનું પરિશીલન થાય–પરિભાવન થાય. પરિ–સર્વથા, શીલન–સ્વભાવભૂતપણું. શ્રુતબોધનું સર્વથા આત્મસ્વભાવભૂતપણું. અંતરાત્મ-પરિણામીપણું, ભાવિતાત્મપણું થવું તે પરિશીલન. આવું પરિશીલન જેને થાય છે તેના હૃદયમાં અધ્યાત્મ તત્ત્વ વજ્રલેપ દૃઢ અંકિત થાય છે; ને તે અધ્યાત્મ યોગીને અહોનિશ સૂતાં બેસતાં જાગતાં ઊઠતાં નિરંતર તે પરમાર્થ વિષયનું જ અનુસ્મરણ રહ્યા કરે છે. આ અંગે પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** સ્વાનુભવ વચન છે કે–'રાત્રી અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મિંજાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે.' (**શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૧૨૦).–આમ પરિશીલનવડે કરીને પરમાર્થ જેના આત્મામાં પરિણત થયો છે, તે યોગી પુરુષનું ચિત્ત અન્ય કાર્ય કરતાં પણ આત્મધર્મમાં જ લીન હોય,–સંસાર સંબંધી બીજાં કામ કરતાં પણ પતિવ્રતા સ્ત્રીનું ચિત્ત પોતાના પ્રિયતમમાં જ લીન હોય તેમ.

આ શ્રવણ, મનન ને પરિશીલન જે કહ્યા તે જ બીજા શબ્દોમાં શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન ને ભાવનાજ્ઞાન કહી શકાય.

**શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન ને ભાવનાજ્ઞાન.**

વાક્યાર્થમાત્ર વિષયવાળું મિથ્યાભિનિવેશ રહિત જે જ્ઞાન તે **શ્રુતજ્ઞાન***; તે કોઠીમાં નાંખેલા દાણાની પેઠે જેમનું તેમ રહે છે, વૃદ્ધિગત થતું નથી. મહાવાક્યાર્થજન્ય જ્ઞાન જે અતિ સૂક્ષ્મ સુયુક્તિ ચિંતાથી યુક્ત છે તે **ચિંતાજ્ઞાન**; તે જલમાં તેલ-બિન્દુની જેમ ફેલાય છે. ઐદંપર્યગત–પરમાર્થભૂત જે જ્ઞાન વિધિ આદિમાં અત્યંતપણે યત્નવંતું છે તે **ભાવનાજ્ઞાન**; અને તે અશુદ્ધ સદ્‌રત્નની દીપ્તિ-કાંતિ સમું ઝળહળે છે. આ ત્રણ પ્રકારના જ્ઞાનમાં ભાવનાજ્ઞાન જ વાસ્તવિક જ્ઞાન છે અને તે જ ઉત્તમ છે. ઉક્ત સ્વરૂપવાળા શ્રુતજ્ઞાનની સર્વત્ર વિપુલતા હોય છે, પણ ભાવનાજ્ઞાનવાળો ભાવિતાત્મા તો ક્વચિત્ વિરલો જ દૃષ્ટિગોચર થાય છે. આ અંગે **મહર્ષિ હરિભદ્રસૂરિજી** શ્રી **ધર્મબિન્દુમાં** સ્પષ્ટપણે પ્રકાશે છે કે–

---

* " वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसन्निभं ज्ञानम् ।
श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥
यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् ।
उदक इव तैलबिन्दुर्विसर्पि चिन्तामयं तत् स्यात् ॥
ऐदंपर्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः ।
एतत्तु भावनामयमशुद्धसद्रत्नदीप्तिसमम् ॥ "

—શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક.

'×શ્રુતમયી પ્રજ્ઞાથી જાણ્યું તે જાણ્યું નથી, ભાવનાથી દીઠું-જાણ્યું તે ખરેખરું જાણ્યું છે; કારણ કે શ્રુતજ્ઞાનથી જે જાણપણું તેનું ઉપરાગ માત્રપણું છે; અર્થાત્ જેમ સ્ફટિકમાં સન્નિહિત પુષ્પાદિની ઉપરાગરૂપ ઝાંઇ જ પડે છે, પણ અંતઃપ્રવેશ હોતો નથી, તેમ શ્રુતમયી પ્રજ્ઞામાં બહિરંગ ઉપરછલો (superficial, skin-deep) બોધ માત્ર જ હોય છે, પણ અંતઃપરિણતિ હોતી નથી. અને તેનું કારણ પણ એ છે કે હાડોહાડ (Bone-deep) રંગ લાગ્યો છે એવો ભાવનાજ્ઞાનવાળો પુરુષ જેમ દૃષ્ટ અનર્થોમાંથી નિવર્તે છે, તેમ શ્રુતમયી પ્રજ્ઞાવાળો અનર્થરૂપ અપાયોમાંથી નિવર્ત્તતો નથી. આમ ભાવનાનુગત જ્ઞાનનું તત્ત્વથી જ્ઞાનપણું છે. '**भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वात् ।**' એટલા માટે જ ભાવિતાત્મા શ્રી **હરિભદ્રસૂરિજી** કહે છે કે-મુમુક્ષુએ સર્વત્ર ભાવનામાં જ યત્ન કરવો શ્રેય છે. '**इति मुमुक्षोः सर्वत्र भावनायामेव यत्नः श्रेयान् ।**'

## ૩.

## 'પરિશીલન નય હેત'

આ ભાવનામય પરિશીલન અધ્યાત્મ પરત્વે નય અને હેતુ સંબંધી કરવાનું અત્ર વિવક્ષિત છે. '**પરિશીલન**

× "नहि श्रुतमय्या प्रज्ञया, भावनादृष्टज्ञातं ज्ञातं नामेति ।
उपरागमात्रत्वादिति । दृष्टवदपायेभ्योऽनिवृत्तेरिति ।"
—શ્રીધર્મબિન્દુ, અ. ૬.

**અધ્યાત્મમાં નય પરિશીલન**

**નય હેત.**' અધ્યાત્મમાં નયનું પરિશીલન–પરિભાવન કેમ કરવું તે વિચારવા યોગ્ય છે. જ્ઞાની પુરુષોએ વસ્તુસ્વરૂપ સમજવા માટે જે નય–અપેક્ષાવિશેષો કહ્યા છે, તેનો પરમાર્થ અધ્યાત્મમાં–આત્મામાં ભાવન કરવો તે અધ્યાત્મ નય પરિશીલન છે. જ્ઞાનીઓએ જે કાંઇ ઉપદેશ કર્યો છે તે જીવને પરમાર્થ પમાડવા માટે અમુક અમુક અપેક્ષાવિશેષના પ્રધાનપણાથી કર્યો છે. '**उवएसो सो णओ णाम।**' એટલે ઉપદેશ છે તે નય–અપેક્ષાવિશેષથી જીવને સન્માર્ગે દોરવણીરૂપ છે, 'સમજાવવાની શૈલી'રૂપ છે. 'ની' (નય્ to lead) ધાતુ પરથી વસ્તુ-સ્વરૂપ અંશ પ્રત્યે દોરી જાય તે નય,–એ શબ્દનો વ્યુત્પત્ત્યર્થ પણ એ જ સૂચવે છે. એટલે પાત્રભેદે કે પ્રસંગભેદે જો નિત્ય દેશના ઉપકારી લાગી તો ત્યાં જ્ઞાનીઓએ દ્રવ્યાસ્તિક નયના પ્રધાનપણે ઉપદેશ કર્યો, જો અનિત્ય દેશના ઉપકારી લાગી તો ત્યાં પર્યાયાસ્તિક નયની મુખ્યતાથી ઉપદેશ કર્યો; અથવા અન્ય કોઇ અપેક્ષા કાર્યકારી લાગી, તો ત્યાં તેને પ્રધાનપદ આપી ઉપદેશ કર્યો. આમ તે તે નયને–અપેક્ષા-વિશેષને આશ્રીને તેઓએ સર્વત્ર તેવી તેવી ઉપદેશપદ્ધતિ અંગીકાર કરી છે, કારણ કે ગમે તેમ કરી જીવની આત્મભ્રાંતિ દૂર કરી, તેને નિજ આત્મસ્વરૂપનો લક્ષ કરાવી '**ઠેકાણે આણવો**' પરમાર્થ પમાડવો એ જ એક એમનો મુખ્ય ઉદ્દેશ હતો. નયચક્રના સમસ્ત આરા અનેકાન્ત વસ્તુસ્વરૂપ ધરી સાથે સંકળાયેલા હોઇ, પરમાર્થરૂપ

**અનેકાંત પરમાર્થ પ્રત્યે દોરી જાય તે નયઃ એકાંત તે નયાભાસ**

મધ્યબિન્દુની આસપાસ પ્રદક્ષિણા ફરે છે, અને પરમાર્થ પ્રત્યે દોરી જાય છે. પિતાની સર્વ તનયો પ્રત્યે સમદૃષ્ટિ હોય, તેમ અનેકાંત× પરમાર્થની સર્વ નયો પ્રત્યે સમદૃષ્ટિ જ હોય છે. ચક્રની પરિધિ પરનું કોઇપણ બિન્દુ મધ્યબિન્દુથી સમાંતર ( Equi-distant ) હોય, તેમ નયચક્રનો પ્રત્યેક નય અનેકાંત પરમાર્થરૂપ મધ્યબિન્દુથી સમાંતર હોય છે, અને સર્વ નયનું મિલન-સ્થાન પણ પુષ્પની કર્ણિકાની જેમ પરમાર્થરૂપ મધ્યબિન્દુ છે. પરંતુ છૂટા છૂટા વિશૃંખલ, વ્યસ્ત, **પરસ્પર** નિરપેક્ષ નય તો મિથ્યાત્વરૂપ હોઇ દુર્નય અથવા **નયાભાસ** છે. એક શૃંખલાબદ્ધ, સમસ્ત, એક પરમાર્થ પ્રત્યે લઇ જનારા **પરસ્પર** સાપેક્ષ નય સમ્યક્‌ત્વરૂપ હોઇ **સુનય** છે. એટલા માટે જ નિરાગ્રહ એવી અનેકાંતદૃષ્ટિ જેણે સમ્યક્‌પણે ઝીલી છે, એવા પરમાર્થદૃષ્ટિ પુરુષો અધ્યાત્મમાં નય પરિશીલન એવું સમ્યક્‌પણે કરે છે કે તેઓ દુર્નયને સુનયપણે ચલાવી, એકત્વ અભેદપણે ધ્યાવી, તે સર્વને પરમાર્થમાં સમાવી, તેનો વર્તનભેદ દૂર કરે છે, અર્થાત્ તે સર્વને પરમાર્થપ્રત્યયી બનાવે છે. **મહામુનિ દેવચંદ્રજી**એ ગાયું છે કે—

× " यस्य सर्वत्र समता नयेषु तनयेष्विव ।
तस्यानेकान्तवादस्य क्व न्यूनाधिकशेमुषी ॥ "

—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્.

**" દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયા;**
**તે સવિ પરમાર્થે સમાયા, તસુ વર્ત્તન ભેદ ગમાયા**
**....મનમોહના જિનરાયા. "**

આ નયવાદ માત્ર શાસ્ત્રીય રસનો કે વાદવિવાદ માટેનો વિષય નથી, પણ વસ્તુસ્વરૂપ સમજવા અને પરમાર્થ પામવા માટેની અનુપમ યુક્તિવાળી સર્વ સમન્વયકારી સુંદર યોજના છે; અને એ જ એની વ્યવહારુ ઉપયોગિતા ( Practical utility ) છે. દા. ત. સપ્તભંગી નય, એ કંઈ કંઈ ભંગજાલમાત્ર નથી, પણ તત્ત્વનો અવિસંવાદી યથાર્થ વિનિશ્ચય દૃઢ કરાવનારી પરમ સુંદર યુક્તિ છે. તેનું અધ્યાત્મ પરિશીલન કરી આત્મા પર ઉતારીએ તો આત્મા **स्वरूपेण अस्ति, पररूपेण नास्ति,** આત્મા સ્વરૂપથી છે, પરરૂપથી નથી, ઈત્યાદિ પ્રકાર ફલિત થાય છે. અર્થાત્ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા નથી; આમ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા ભિન્ન છે એવું તત્ત્વવિનિશ્ચયરૂપ ભેદજ્ઞાન આથી વજ્રલેપ દૃઢ થાય છે.

**તત્ત્વવિનિશ્ચય માટે નયવાદની વ્યવહારુ ઉપયોગિતા**

તેમજ-નય શબ્દના પરમાર્થ પ્રમાણે આગળ ને આગળ વસ્તુસ્વરૂપ પ્રત્યે દોરી જાય તે નય; અને નૈગમાદિ×

× एषु पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः परः परस्तु परिमितविषयः ।
—શ્રી નયપ્રદીપ

ઉત્તરોત્તર સૂક્ષ્મ વસ્તુ બોધ પ્રત્યે દોરી જાય તે નય

નય પ્રકાર ઉત્તરોત્તર સૂક્ષ્મગોચર છે, એટલે આ નયનો પ્રયોગ વસ્તુના ઉત્તરોત્તર સૂક્ષ્મ બોધરૂપ પરમાર્થ પ્રત્યે લઈ જવા માટે આત્માર્થીને અવશ્ય ઉપયોગી–ઉપકારી થઈ પડે છે. આત્માની ગુણદશારૂપ વિકાસક્રમમાં અને પ્રભુભક્તિથી પ્રાપ્ત ભાવસેવારૂપ* આત્મપ્રગતિ આદિમાં નૈગમાદિ સાતે નયની સુંદર રસપ્રદ અને બોધપ્રદ પરમાર્થ ઘટના કરી શકાય છે. **શ્રીમદ્ રાજચંદ્રજીએ** આ સપ્ત નયો સ્વઆત્મા પર અદ્‌ભુત રીતે ઘટાવ્યા છે; તે અધ્યાત્મ નય–પરિશીલનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. તે આ પ્રકારે–

૪.

## આત્મામાં સપ્ત નયની અદ્‌ભુત પરમાર્થ ઘટના

"એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર; ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર. નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર; એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર. સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા; એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર. વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા; એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા; એવંભૂત દૃષ્ટિથી

---

* જુઓ શ્રી **દેવચંદ્રજીકૃત** ચંદ્રપ્રભજિન સ્તવન તથા શિવગતિ જિન સ્તવન.

શબ્દ નિર્વિકલ્પ કર. સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક; એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર. એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા; એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ."— **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૫૪૧.

આ સપ્ત નયની ગહન અર્થઘટનાવાળા **શ્રીમદ્ રાજચંદ્રજીના** ઉપરોક્ત સૂત્રો પરમ આશય ગંભીર છે. આ નયસૂત્રોનો જે યત્કિંચિત્ સ્વલ્પ પરમાર્થ મને યથામતિ સમજાયો, તે એક મુનિની જિજ્ઞાસાથી તેમના સમાધાનાર્થે મેં લખી મોકલ્યો હતો, તે પ્રસ્તુત અધ્યાત્મ નયપરિશીલનમાં સુવિચારણાર્થે પ્રાસંગિક જાણી અત્ર આપું છું.

**૧. 'એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર.'**— જેવા પ્રકારે શુદ્ધ નિશ્ચયથી આત્માની એવંભૂત શુદ્ધ સ્વરૂપ સ્થિતિ છે, તે દૃષ્ટિ લક્ષમાં રાખી ઋજુસૂત્રપણે—વર્ત્તમાન પર્યાયમાં તથાપ્રકારે સ્થિતિ કર! એટલે કે વર્ત્તમાનમાં શુદ્ધ સ્વરૂપમાં વર્ત્ત.

૧. 'એવંભૂત દ્રષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર' ઇ.

**'ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.'**—અને વર્ત્તમાન પર્યાયની—ઋજુસૂત્રની દૃષ્ટિએ પણ જેવા પ્રકારે આત્માનું એવંભૂત શુદ્ધ નિશ્ચય સ્વરૂપ છે, તેવા પ્રકારે સ્થિતિ કર! અથવા વર્ત્તમાન વ્યવહારરૂપ આચરણની દૃષ્ટિએ પણ જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિ કર! શુદ્ધ સ્વરૂપસ્થ થા!

**૨. 'નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.'**—

૨. 'નૈગમ દ્રષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર' ઈ.

નૈગમ દૃષ્ટિથી એટલે કે જેવા પ્રકારે ચૈતન્યલક્ષણથી આત્મા લોકપ્રસિદ્ધ વ્યવહારથી વ્યવહારાય છે, તે દૃષ્ટિથી–તે દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત શુદ્ધ ચૈતન્યસ્વરૂપે સ્થિતિ કર! અથવા નૈગમ એટલે જેવા પ્રકારે વીતરાગ ભક્તિ, વૈરાગ્ય આદિ મોક્ષસાધક વ્યવહાર લોકપ્રસિદ્ધ છે, તે દૃષ્ટિથી એવંભૂત એટલે કે જેવા પ્રકારે આત્મસ્વરૂપ છે તેવા પ્રકારે થા! આ લોકપ્રસિદ્ધ વ્યવહાર આચરીને પણ નિરંતર એવંભૂત–યથોક્ત આત્મસ્વરૂપ પામવાનો જ લક્ષ રાખ! '**એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.**'–અને એવંભૂત દૃષ્ટિથી એટલે સાધ્ય એવા શુદ્ધ આત્મસ્વરૂપને નિરંતર લક્ષમાં રાખી નૈગમથી ચૈતન્યલક્ષણ આત્માને વિશુદ્ધ કર! અથવા લોકપ્રસિદ્ધ મોક્ષસાધક વ્યવહારને વિશુદ્ધ કર!

૩. '**સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા.**'—સામાન્યગ્રાહી એવા સંગ્રહ નયની દૃષ્ટિથી એવંભૂત થા! સંગ્રહનયની દૃષ્ટિની અપેક્ષાએ સર્વ જીવ સત્તાથી સિદ્ધ સમાન છે. '**સર્વ જીવ છે સિદ્ધ સમ.**'–આ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત થા! અર્થાત્ જેમ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિને પામેલો થા! એવો સ્વરૂપસ્થ થા! '**એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.**'–એવંભૂત અર્થાત્ જેવું યથાસ્થિત શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવી દૃષ્ટિથી–તે અપેક્ષા દૃષ્ટિસન્મુખ રાખી

૩. 'સંગ્રહ દ્રષ્ટિથી એવંભૂત થા' ઈ.

સંગ્રહ અર્થાત્ જે પોતાની સ્વરૂપસત્તા છે તે વિશુદ્ધ કર! એટલે કે શુદ્ધ નિશ્ચય સ્વરૂપ લક્ષમાં રાખી તેને અનુકૂળ શુદ્ધ વ્યવહારનું એવું અનુષ્ઠાન કર, કે જેથી કરીને-જે સાધનવડે કરીને તે એવંભૂત આત્મારૂપ સાધ્ય સિદ્ધ થાય.

૪. વ્યવહાર દ્રષ્ટિથી એવંભૂત પ્રત્યે જા' ઇ.

**૪. 'વ્યવહાર દષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.'**—વ્યવહાર દૃષ્ટિથી એટલે પરમાર્થસાધક વ્યવહાર દૃષ્ટિથી એવંભુત પ્રત્યે જા! શુદ્ધ સ્વરૂપ પ્રત્યે જા! કારણુ કે સર્વ વ્યવહાર-સાધનનું એક જ સાધ્ય સ્વરૂપસિદ્ધિ છે. **'એવંભૂત દષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર.'**—એવંભૂત નિશ્ચયરૂપ શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિ લક્ષમાં રાખી વ્યવહાર વિનિવૃત્તિ કર! એવી ઉત્તરોત્તર ચઢતી આત્મદશા ઉત્પન્ન કરતો જા, કે જેથી પછી વ્યવહાર-સાધનની વિનિવૃત્તિ થાય, અપેક્ષા ન રહે. (કારણ કે સમસ્ત વ્યવહાર નિશ્ચયની સિદ્ધિ માટે છે. તેની સિદ્ધિ થતી જાય છે, તેમ તેમ વ્યવહારની નિવૃત્તિ થાય છે.)

૫. 'શબ્દ દ્રષ્ટિથી એવંભૂત પ્રત્યે જા' ઇ.

**૫. શબ્દ દષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.'**—શબ્દદૃષ્ટિથી એટલે આત્મા શબ્દના ખરેખરા અર્થમાં એવંભૂત-શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે જા! દાખલા તરીકે-જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રત્યે ગમન-પરિણમન કરે તે આત્મા, એમ 'આત્મા' શબ્દનો અર્થ છે. આ શબ્દના યથાર્થ અર્થરૂપ દૃષ્ટિ

લક્ષમાં રાખી એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ આત્મસ્વરૂપને પામ! '**એવંભૂત દષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.**'– એવંભૂત–શુદ્ધ સ્વરૂપલક્ષી દૃષ્ટિથી શબ્દને–યથાર્થ અર્થરૂપ 'આત્મા' નામધારી શબ્દને નિર્વિકલ્પ કર! અર્થાત્ 'આત્મા' સિવાય જ્યાં બીજો કાંઇ પણ વિકલ્પ વર્તતો નથી એવો કર! નિર્વિકલ્પ આત્મધ્યાનને–શુકલધ્યાનને પામ!

૬. '**સમભિરૂઢ દષ્ટિથી એવંભૂત અવલોક.**'— સમભિરૂઢ–નિશ્ચય સ્વરૂપની સાધનામાં સમ્યક્પણે અભિરૂઢ– અતિ ઊંચે ચઢેલ, ઉચ્ચ ગુણસ્થાન સ્થિતિને પામેલ એવી દૃષ્ટિથી, એવંભૂત અવલોક! એવંભૂત એટલે જેવા પ્રકારે મૂળ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે અવલોક! જો! કારણ કે સમભિરૂઢ સ્થિતિવાળાને પ્રત્યક્ષ પ્રગટ એવંભૂત આત્મદર્શન–કેવલદર્શન થાય છે. '**એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર**' એવંભૂત–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી સમભિરૂઢ–આત્મસ્વરૂપમાં સમ્યક્પણે અત્યંત આરૂઢ, એવી પરમ યોગદશાસંપન્ન સ્થિતિ કર! સ્વરૂપારૂઢ થા! યોગારૂઢ સ્થિતિ કર!

**૬. 'સમભિરૂઢ દ્રષ્ટિથી એવંભૂત અવલોક' ઈ.**

૭. '**એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા.**'— એવંભૂત દૃષ્ટિથી–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી– લક્ષમાં રાખી એવંભૂત થા! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં જેણે સ્થિતિ કરી છે એવો સ્વરૂપસ્થિત થઈ જા! '**એવંભૂત સ્થિતિથી**

**૭. 'એવંભૂત દ્રષ્ટિથી એવંભૂત થા.' ઈ.**

**એવંભૂત દૃષ્ટિ શમાવ.**' અને આવા પ્રકારે એવંભૂત સ્થિતિથી—યથાસ્થિત શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિથી એવંભૂત અર્થાત્ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિ શમાવ ! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ જે ત્હારું સાધ્ય, ધ્યેય, લક્ષ હતું, તે શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં તો તું હવે સ્થિત થઇ ચૂક્યો છે, એટલે હવે જૂદી એવી એવંભૂત દૃષ્ટિ રહી નથી. દૃષ્ટિ અને સ્થિતિ બંને એકરૂપ—એકાકાર થઇ ગયા છે, એકમેકમાં સમાઇ ગયા છે, તન્મય થઇ ગયા છે; એટલે હવે એનું અલગ—જૂદું ગ્રહણ કરવાપણું રહ્યું નથી, 'દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ' તેં ઉત્પન્ન કરી દીધી છે, માટે હે પરંબ્રહ્મ ! હવે તે એવંભૂત દૃષ્ટિને પણ સમાવી દે, કારણ કે તે તું જ છે. દૃષ્ટિ અને સ્થિતિની એકરૂપતારૂપ, પરમ સિદ્ધ અભેદરૂપ, પરમ નિશ્ચયરૂપ, તે જ પરમ યોગદશાને તું પામ્યો છે.

ઇત્યાદિ પ્રકારે અત્ર પ્રસંગથી અધ્યાત્મ નય પરિશીલનનું દિગ્દર્શન કર્યું. હવે **અધ્યાત્મ હેતુ પરિશીલનનો** કંઇક વિચાર કરીએ:—સાધ્યનો અવિનાભાવી, એટલે સાધ્યને સાધ્યા વિના ન રહે—અવશ્ય સાધે જ તે **હેતુ** કહેવાય છે. નિજ સ્વરૂપની સાધક અધ્યાત્મક્રિયાના સાધનભૂત હેતુનું પરિભાવન કરવું તે અધ્યાત્મ હેતુ પરિશીલન. જેમકે—

**અધ્યાત્મ હેતુ પરીશીલન**

---

* યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચકનું વિશેષ સ્વરૂપ સમજવા માટે જુઓ આ લેખકે વિવેચિત કરેલ **યોગદૃષ્ટિસમુચ્ચય** પૃ.૧૫૮ થી ૧૬૪.

સત્ સાધ્ય લક્ષમાં રાખી, સત્ સાધન સેવે, તો સત્સિદ્ધિ થાય. શુદ્ધ આત્મસ્વરૂપનો નિરંતર લક્ષ્ય રાખી શુદ્ધ આત્મસાધન સેવે, તો શુદ્ધ આત્મસિદ્ધિ થાય. અર્થાત સત એવા આત્મસ્વરૂપનો અવંચક યોગ–યોગાવંચક* સાધી, તે આત્મસ્વરૂપની સાધક એવી સત અવંચક યોગ ક્રિયા–ક્રિયાવંચક કરે, તો શુદ્ધ આત્મસિદ્ધિરૂપ સત અવંચકની પ્રાપ્તિ થાય. આ ઉપરથી આ પરમાર્થ ફલિત થાય છે કે યોગસાધન કરવા ઇચ્છતા આત્માર્થી સાધકે એટલું અવશ્ય ગવેષવા યોગ્ય છે કે આપણે જે આ સાધન સેવીએ છીએ તે ખરેખર મોક્ષહેતુરૂપ થઇ પડે છે કે કેમ? ઇષ્ટ આત્મસિદ્ધિરૂપ સાધ્ય મધ્યબિન્દુ પ્રત્યે લઇ જાય છે કે કેમ? સાધ્ય લક્ષ્યબિન્દુ ચૂકી જઇ, લક્ષ્ય વિનાના બાણની પેઠે, આ મ્હારા યોગ–ક્રિયા–ફલ વંચક તો નથી થઇ પડતાને? અવંચક જ રહે છે ને?

## ઉપસંહાર

આમ જ્યારે પાતકઘાતક સાધુનો–સાધુચરિત સત્પુરુષનો પરિચય થાય, ચિત્તમાંથી અકુશલ અપચય થાય–અશુભ ભાવ દૂર થઇ ભાવમલની અલ્પતા થાય, નય–હેતુપૂર્વક અધ્યાત્મ ગ્રંથનું, શ્રવણ મનન ને પરિશીલન થાય, અને જ્યારે તેવા સત્સમાગમથી જીવને પ્રવચન વાણીની પ્રાપ્તિ થાય, ત્યારે તથાભવ્યત્વનો પરિપાક થયે અર્થાત્ આત્મપરિણામની શુદ્ધતારૂપ આંતરશુદ્ધિવડે આત્માની તથારૂપ યોગ્યતા પરિપાક પામ્યે,

ચરમાવર્ત્તમાં આવેલો જીવ ચરમકરણવડે અપૂર્વ પુરુષાર્થની સ્ફુરણા કરીને અપૂર્વ ભાવ-ઉલ્લાસને પામે, અને ત્યારે જીવના ભય, દ્વેષ, ખેદ એ આદિ અંતર્ગત દોષ ટળી યોગની પ્રથમ દૃષ્ટિ-મિત્રા દૃષ્ટિ ખૂલે, 'દોષ ટળે ને દૃષ્ટિ ખૂલે ભલી રે,' અને ત્યારે જ જીવને અભય-અદ્વેષ-અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકાની પ્રાપ્તિ થાય.

॥ इति महागीतार्थ महर्षि श्री आनंदघनजी संगीते श्री संभवजिनस्तवने मनसुखनंदनेन भगवानदासेन विरचितं चतुर्थगाथाविवरणम् ॥

# અષ્ટમ પરિચ્છેદ :

## કારણયોગે કાર્યસિદ્ધિ : નિમિત્ત અને ઉપાદાન

આવી ઉક્ત કારણપરંપરાનું કથન કરી હવે મહાગીતાર્થ મહાત્મા **આનંદઘનજી** અર્થાન્તર ન્યાસથી ( Corroboration by general statement ) તેનું સમર્થન કરતાં સર્વસામાન્ય નિયમનો ઉપન્યાસ કરે છે—

**કારણ જોગે હો કારજ નીપજે, એમાં કોઇ ન વાદ;**
**પણ કારણ વિણ કારજ સાધિયે, એ નિજ મતઉન્માદ.**
**સંભવ દેવ તે ધુર સેવો સવે રે. ૫.**

**અર્થ:**—કારણના યોગે કરીને કાર્ય નીપજે છે, એ બાબતમાં કોઇ વાદ નથી, પણ કારણ વિના જે કાર્ય સાધવાની વાત કરવી, તે તો પોતાના મતનો ઉન્માદ જ છે.

### વિવેચન.

" જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;
મિલતાં કારજ નીપજે રે, કર્ત્તાતણે પ્રયોગ....
અજિત જિન ! તારજો દીનદયાળ ! "–**શ્રી દેવચંદ્રજી.**

**પાંચ સમવાય કારણ**

જે જે કાર્યનું જે જે કારણ હોય છે, તે તે સ્વ કારણ-કલાપનું સંમિલન થયે, સમગ્ર સામગ્રીનો સંયોગ મળ્યે, તે તે કાર્ય તેના કર્ત્તાના પ્રયોગે કરીને સિદ્ધ થાય છે, એ નિર્વિવાદ વાત છે. પણ કારણ વિના જે કાર્યની

નિષ્પત્તિ થાય એમ કહેવું તે તો મૂળ વિના વૃક્ષની ઉત્પત્તિ જેવું હોઈ નિજ મતનો ઉન્માદ જ છે, અર્થાત્ ગ્રહાવિષ્ટ મનુષ્યના ઉન્મત્ત પ્રલાપની જેમ તે મતાભિનિવેશથી ઉદ્ભવતો ઉન્મત્ત-પ્રલાપ જ છે. કારણ કે કોઇ પણ કાર્ય કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ એ પાંચ સમવાય કારણ ( Federation of causal factors or Aetiology ) મળ્યે થાય છે. તેમ જીવની પ્રથમ યોગદૃષ્ટિ ( મિત્રા દૃષ્ટિ ) ખૂલી તેને અભય-અદ્વેષ-અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકાની પ્રાપ્તિ પણ યથોક્ત પાંચ સમવાય કારણના સંયોગથી હોય છે, કારણ કે ઉપરમાં વિવરીને બતાવ્યું તેમ જ્યારે ચરમાવર્તરૂપ કાળ પ્રાપ્ત થાય, તથાભવ્યત્વરૂપ જીવના નિયતિ સ્વભાવનો પરિપાક થાય, અમુક પ્રતિબંધક કર્મનો અપગમ થઇ ચરમકરણની પ્રાપ્તિથી અપૂર્વ આત્મપુરુષાર્થની સ્ફુરણા થાય અને પાતકઘાતક સાધુનો પરિચય તથા અધ્યાત્મ ગ્રંથના શ્રવણ, મનનાદિ સત્પુષાર્થનું જીવ સેવન કરે, ત્યારે જીવના અંતર્ગત દોષ ટળી આધ્યાત્મિક યોગદૃષ્ટિ ઉઘડે ને અભય-અદ્વેષ-અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થાય.*

## ૧. પુરુષાર્થનું પ્રાધાન્ય : કર્તા અને ચાર કારણ

આ પાંચ કારણકલાપમાં પુરુષાર્થ મુખ્ય છે, પુરુષાર્થનું પ્રાધાન્ય છે, પુરુષાર્થની સ્ફુરણા થતાં ઇતર કારણોની પ્રાપ્તિ

---

* આ બધુંય સવિસ્તર સમજવા માટે જુઓ મેં વિવેચન કરેલ **યોગદૃષ્ટિસમુચ્ચય** પૃ. ૧૭૦ તથા આકૃતિ ૭ આદિ. અત્રે તો પ્રકૃતમાંથી કિંચિત્ સંગત ભાગ સંક્ષેપમાં મૂકયો છે.

પુરુષાર્થનું પ્રાધાન્ય

પણ સુલભ થાય છે. આખો માર્ગ જીવના પુરુષાર્થને આધીન છે ને તે પુરુષાર્થ પણ પુરુષને (આત્માને) પોતાને સ્વાધીન છે. જીવ જેવા ભાવે પરિણમવા ધારે તેવા ભાવે પરિણમી શકવાને તે સમર્થ છે. રાગાદિ વિભાવભાવે પરિણમે તો તે કર્મનો કર્ત્તા હોય છે ને જ્ઞાનાદિ સ્વભાવભાવે પરિણમે તો તે જ કર્મનો હર્ત્તા હોય છે. એ વિભાવ ભાવરૂપ ભાવ કર્મપરિણામે નહિ પરિણમવાની બ્રેક( Brake ) દબાવવારૂપ પુરુષાર્થની રહસ્ય ચાવી ( Master-key ) પુરુષના ( આત્માના ) પોતાના ગજવામાં જ છે. તાત્પર્ય કે–જીવ પરભાવ નિમિત્તે રાગ–દ્વેષ–મોહ ન કરે, વિભાવભાવે ન પરિણમે તો મોક્ષ હથેળીમાં જ છે. આમ કર્મનિબદ્ધ આત્માના ( પુરુષના ) પુરુષાર્થનો માર્ગ સદાય સાવ ખુલ્લો પડયો છે. ભવસ્થિતિ આદિ ખોટા બ્હાના છોડી દઇ જીવ સત્ય પુરુષાર્થ કરે એટલી જ વાર છે. ‘ પાંચમો આરો કઠણ છે ’ તેથી કાંઈ લાંબા થઇને સૂઇ રહેવું એવો અર્થ નથી, પણ ઓર વિશેષ જાગતા રહી અપૂર્વ પુરુષાર્થ બળ કેળવવા યોગ્ય છે એ જ પરમાર્થ ઘટાવવા યોગ્ય છે. કારણ કે જ્ઞાની પુરુષનો ઉપદેશ કદી પણ પુરુષાર્થહીનતા પ્રેરે જ નહિં, પુરુષાર્થની જાગ્રતિ જ પ્રેરે. જ્ઞાનીઓ કહે છે કે–જીવ પુરુષાર્થ સ્ફુરાવે તો અનંત કાળના કર્મને પણ એક જ ભવમાં–અરે ! એક અંતર્મુહૂર્ત્તમાં નષ્ટ કરવાનું સામર્થ્ય આત્મામાં છે. માત્ર આત્મા ઊઠવો જોઇએ. **શ્રીમદ્ રાજચંદ્રજીએ** વીરગર્જના કરી છે તેમ ‘ જબ જાગેંગે

આતમા, તબ લાગેગે રંગ.' એવી જ પુરુષાર્થપ્રરક ગર્જના તેમણે આત્મસિદ્ધિમાં કરી છે:—

" જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિં આત્માર્થ. "

શ્રી આત્મસિદ્ધિ.

કર્ત્તા વિના કર્મ હોય નહિં, એટલે કાર્યસિદ્ધિ કર્તાને (પુરુષને) વશ છે, અને સર્વ કારણ પણ તેને સ્વાધીન છે. એટલા માટેજ આ વિવેચનના મથાળે ટાંકેલા સુભાષિત પદમાં ભાવિતાત્મા **દેવચંદ્રજી**એ 'કર્ત્તાતણે પ્રયોગ' એ સૂચક વચનપ્રયોગ કર્યો છે. તે જ મહામુનિ અન્યત્ર વદે છે કે—

" કર્ત્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી,
કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી.
પ્રણમો શ્રી અરનાથ શિવપુર સાથ ખરોરી. "

અર્થાત્ કર્ત્તા કારણના યોગે કાર્યસિદ્ધિ પામે છે, માટે કાર્યાર્થી હોય તે અનુપમ એવા આ ચાર કારણ ગ્રહે—ઉપાદાન, નિમિત્ત, અસાધારણ અને અપેક્ષા. (૧) જે કારણ છે તે જ પૂર્ણતા અવસરે કાર્ય બને તે ઉપાદાન કારણ. જેમકે—માટી છે તે ઘટમાં ઉપાદાન કારણ છે. (૨) ઉપાદાનથી જે ભિન્ન—જુદું છે, અને જેના વિના કાર્ય થાય નહિં તેમજ જે પોતે કાર્યરૂપ હોય નહિં તે નિમિત્ત કારણ છે. જેમકે—ઘટની બનાવટમાં ચક્ર—દંડાદિક; આ નિમિત્તનું કારણપણું કર્ત્તાના વ્યવસાયે કરીને છે, અર્થાત્ કર્ત્તા તેના

**કર્ત્તા અને ચાર કારણ**

પ્રયોગવડે ઉપાદાન કારણને કાર્યરૂપે કરતો હોય ત્યારે જ ઘટે છે, નહિં તો નહિં. (૩) વસ્તુથી–ઉપાદાનથી અભેદ સ્વરૂપ છે, અને જે કાર્યપણું ગ્રહતું નથી તે અસાધારણ કારણ છે. જેમકે–ઘટની બનાવટમાં સ્થાસ આદિ અવાંતર અવસ્થાઓ (Intermediate products). (૪) જેનો વ્યાપાર–પ્રયોગ કરવો પડતો નથી, જે વસ્તુથી ભિન્ન છે, જે નિયત નિશ્ચય હોવું જોઈએ અને બીજા અનેક કાર્યોમાં પણ જેનું હોવાપણું છે, તે અપેક્ષા કારણ. જેમકે–ઘટની બનાવટમાં ભૂમિ, કાલ, આકાશ આદિનો સદ્ભાવ (હોવાપણું) છે.

આ કાર્યકારણમીમાંસા આત્મામાં ઘટાવીએ તો–આત્મદ્રવ્ય કર્તા છે, સિદ્ધિપણું તે કાર્ય છે, આત્માનો નિજસત્તાગત ધર્મ તે ઉપાદાન છે. યોગ, સમાધિવિધાન, વિધિઆચરણા, ભક્તિ આદિ જેનાવડે કરીને આત્મસિદ્ધિરૂપ નિજ કાર્ય સધાય છે તે અસાધારણ કારણ છે. મનુષ્ય ગતિ, પ્રથમ સંઘયણ આદિ અપેક્ષા કારણ છે; અને તે નિમિત્તાશ્રિત ઉપાદાન પ્રગટાવવામાં આવે તો જ લેખે છે અર્થાત્ તેની અપેક્ષા કારણરૂપે ગણના છે, નહિં તો નહિં. સમતા અમૃતની ખાણરૂપ જિનરાજ તે નિમિત્ત કારણ છે,–જે પ્રભુના અવલંબને નિયમા સિદ્ધિ હોય છે એમ કહ્યું છે.

“ કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિપણોરી,
નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી....પ્રણમો.

નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી,
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી....પ્રણુમો. ”
—શ્રી દેવચંદ્રજી.

## ૨. ઉપાદાન અને નિમિત્ત

આ ચાર કારણુમાં અપેક્ષા કારણુનો નિમિત્તમાં અને અસાધારણુ કારણુનો ઉપાદાનમાં અંતર્ભાવ થઇ શકે છે; એટલે નિમિત્ત અને ઉપાદાન એ બે મુખ્ય કારણુ છે, અને તેનો પરસ્પર સાપેક્ષ સંબંધ બરાબર સમજી લેવા યોગ્ય છે. ઉપાદાનરૂપ આત્મા પોતે ઉપાદાનકારણુપણે ન પ્રગટે ત્યાં સુધી કાર્યસિદ્ધિરૂપ વસ્તુસ્વરૂપ પ્રગટતું નથી, અને ઉપાદાન કારણુ પણુ નિમિત્તકારણુ વિના પ્રગટતું નથી. અર્થાત્ કર્ત્તાના પ્રયોગે નિમિત્ત કારણુના અવલંબન–ઉપકરથી ઉપાદાન ઉપાદાનપણે પરિણુમે છે અને તેથી જ કાર્યસિદ્ધિ થાય છે. વળી ઉપાદાનકારણુપણું ન થતું હોય તો નિમિત્તનું નિમિત્તકારણુપણું પણુ રહેતું નથી, અર્થાત્ નિમિત્ત નિમિત્તકારણુ કહેવાતું નથી. જ્યારે તથારૂપ ઉપાદાન કારણુ પ્રગટતું જતું હોય, ત્યારે જ તે ખરેખરું નિમિત્ત કારણુ કહેવાય છે, નહિં તો નહિં. આમ કર્ત્તા પોતે કાર્યરુચિ થઈ કાર્ય કરવા પ્રવર્ત્તે–પુરુષાર્થ કરે અને શુદ્ધ પુષ્ટ નિમિત્ત કારણુનો વિધિપૂર્વક આશ્રય કરતો રહી, ઉપાદાનને ઉપાદાન-કારણુપણે પ્રગટાવતો જાય તો કાર્યસિદ્ધ થાય; નિમિત્ત અને ઉપાદાનના સહકાર–સહયોગથી જ કાર્ય નીપજે.

"ઉપાદાન ઉપાદાન પરિણુતિ નિજ વસ્તુની રે,
પણ કારણ નિમિત્ત આધીન;
પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે,
ગ્રાહક વિધિ આધીન....મુનિસુવ્રત.
ઉપાદાન આતમા સહી રે, પુષ્ટાલંબન દેવ....જિનવર પૂજો;
ઉપાદાન કારણ પણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ....શ્રી સંભવ."

શ્રી દેવચંદ્રજી.

દાખલા તરીકે—ઘડો બનાવવામાં માટી છે તે ઉપાદાન છે, પણ દંડ-ચક્ર વગેરે નિમિત્ત ન મળે તો તે એની મેળે ઉપાદાનકારણપણે પરિણમે નહિં અને માટીમાંથી ઘડો કદી પણ બને નહિં. તેમ જીવનો નિજ સત્તાગત ધર્મ તે ઉપાદાન છે. નિજ સત્તાએ સર્વ જીવ સિદ્ધ સમા છે, પણ તે શક્તિથી છે. ઉપાદાનની વ્યક્તિ માટે-પ્રગટપણા માટે અર્થાત્ ઉપાદાન ઉપાદાનકારણપણે પરિણમે તે માટે તો નિમિત્ત કારણની અવશ્ય જરૂર છે. જેનામાં શુદ્ધ આત્મારૂપ ઉપાદાન પ્રગટ્યું છે, એવા જિન ભગવાનરૂપ પુષ્ટ નિમિત્ત કારણ વિધિપૂર્વક ન સેવે તો અનંતકાળે પણ કદી સિદ્ધિ થાય નહિં, ઉપાદાન પ્રગટે નહિં; તેમજ ઉપાદાનનું દુર્લક્ષ્ય કરી માત્ર નિમિત્ત સેવ્યાથી પણ કાર્યસિદ્ધિ થાય નહિં. બન્નેના સહકારથી જ સિદ્ધિ નીપજે, પણ ઉપાદાનનું નામ લઇ જે એ નિમિત્ત છોડી દીએ, તેઓ સિદ્ધિ પામતા નથી ને ભ્રાંતિમાં ભૂલા ભમે છે. આ અચલ સિદ્ધાંત જ્ઞાની પુરુષોએ કહ્યો છે. સદ્ગુરુની આજ્ઞા, જિનદશા એ આદિ નિમિત્ત કારણ છે, તે

સેવ્યા વિના આત્મજાગ્રતિ આવે નહિં. આ અંગે **પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—

" સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય.
ઉપાદાનનું નામ લઈ, જે એ ત્યજે નિમિત્ત;
પામે નહિં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. "

**—શ્રી આત્મસિદ્ધિ.**

આ ગાથાનો અર્થ સ્પષ્ટ કરતાં **શ્રીમદ્‌જી** સ્વયં વદે છે કે—" સદ્‌ગુરુ આજ્ઞા આદિ તે આત્મસાધનના નિમિત્તકારણ છે, અને આત્માનાં જ્ઞાનદર્શનાદિ ઉપાદાન કારણ છે; એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેમ ઉપાદાનનું નામ લઈ જે કોઇ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે, અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે, કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારું સાચું નિમિત્ત મળ્યા છતાં કામ નહીં થાય, માટે સાચું નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું અને પુરુષાર્થ રહિત ન થવું; એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે." **—શ્રીમદ્ રાજચંદ્રજી.**

આમ શાસ્ત્રમાં ઉપાદાનની વાત કહી છે તે વાત ખરી, પણ તે કાંઇ નિમિત્તનો નિષેધ કરવા માટે કે તેનું ઓછું મૂલ્યંકન કરવા માટે કહી નથી, પણ જીવને પુરુષાર્થજાગ્રતિ અર્થે સાપેક્ષપણે કહી છે. એટલે કે શુદ્ધ નિમિત્તના પ્રબળ અવલંબનપૂર્વક આત્મપુરુષાર્થ જાગ્રત

**નિમિત્તનો ઉપકાર**

રાખવા માટે કહી છે. તે એટલે સુધી કે શ્રુતજ્ઞાનનું—આજ્ઞાનું અથવા જિન ભગવાનનું અવલંબન બારમા ગુણઠાણાના છેલ્લા સમય પર્યંત કહ્યું છે. તે પણ શુદ્ધ નિમિત્તનું સેવન કેટલું પ્રશસ્ત ને ઉપકારી છે એ સૂચવે છે. માટે યુક્ત પક્ષ એ છે કે—શુદ્ધ નિમિત્તના આશ્રયથી ઉપાદાનની શુદ્ધિ પ્રગટ કરતા રહી જીવે આગળ વધવું જોઇએ, આત્મવિકાસ સાધવો જોઇએ. અને એ જ જિન ભગવાનનો સનાતન રાજમાર્ગ છે. આ અંગે શ્રી વિશેષાવશ્યકમાં પ્રજ્ઞાનિધિ **શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણજીએ** તથા શ્રી અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત જિન સ્તવનોમાં પરમ અધ્યાત્મરસપરિણત **મહાત્મા દેવચંદ્રજી મહામુનિએ** સૂક્ષ્મ મીમાંસા કરી સાંગોપાંગ નિર્ણય બતાવ્યો છે, તે મુમુક્ષુને અત્યંત મનનીય છે. અત્રે વિસ્તારભયથી તેનો પ્રાસંગિક નિર્દેશ માત્ર કર્યો છે.

**ઉપાદાનને ઉપાદાનકારણપણે પ્રગટાવવા પણ પુષ્ટ નિમિત્તની જરૂર**

કેટલાક લોકો સમજ્યા વિના ઉપાદાનની વાતો કર્યા કરે છે અને જાણ્યે—અજાણ્યે નિમિત્તની એકાંતે ગૌણતા ગણી તેનો અપલાપ—નિહ્નવ કરે છે. તે તેમની અણસમજરૂપ મિથ્યા ભ્રાંતિનો દોષ છે, કારણ કે ઉપાદાન અને નિમિત્ત એ કાંઈ પરસ્પર વિરોધી નથી કે પ્રતિપક્ષી નથી, પણ અવિરુદ્ધ સહકારી અને સહયોગી છે. ઉપાદાનની જાગૃતિ અને શુદ્ધિ તો અવશ્ય કર્ત્તવ્ય છે, અને શુદ્ધ નિશ્ચયના સેવનનો ઉદ્દેશ—લક્ષ્ય પણ તે જ છે, પણ ઉપાદાનની શુદ્ધિ—જાગૃતિ અર્થે, ઉપાદાનને ઉપાદાનકારણપણે પ્રગટાવવા અર્થે પણ જિનભક્તિ આદિ પરમ ઉપકારી નિમિત્ત કારણના અવલંબનની

અનિવાર્ય આવશ્યકતા છે, એ આ મહાનુભાવો ભૂલી જાય છે. પ્રભુસેવા એ આત્મારૂપ ઉપાદાનને ઉપાદાનકારણપણે પ્રગટાવવા પુષ્ટ આલંબનરૂપ પુષ્ટ નિમિત્ત છે. ઉપરમાં કહ્યું તેમ શાસ્ત્રકારે તો પોકારી પોકારીને કહ્યું છે કે–સમતા અમૃતની ખાણ એવા જિનરાજ જ પરમ નિમિત્તહેતુ છે, અને તેના અવલંબને જ 'નિયમા' સિદ્ધિ હોય છે.

## ૩. ભક્તિમય અધ્યાત્મ અથવા અધ્યાત્મમય ભક્તિ

આવા પ્રબલ નિમિત્ત અવલંબન વિના સીધેસીધું (Directly) સ્વરૂપશ્રેણીએ ચઢવું અતિ અતિ દુષ્કર છે. પણ જેને પ્રગટ આત્મસ્વરૂપ પ્રગટ્યું છે એવા સાક્ષાત્ સહજાત્મસ્વરૂપી અર્હંત–સિદ્ધ પ્રભુના ધ્યાનાલંબનથી તે શ્રેણીએ ચઢવું સુગમ થઇ પડે છે; કારણ કે **શ્રીમદ્ રાજચંદ્રજીએ** કહ્યું છે તેમ 'ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થ દૃષ્ટિવાન પુરુષોને ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે. જેવું સિદ્ધ ભગવંતનું આત્મસ્વરૂપ છે, તેવું સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે; તે માટે ભવ્ય જીવોએ સિદ્ધત્વને વિષે રુચિ કરવી જો યથાર્થ મૂળ દૃષ્ટિથી જોઇએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું પૂજન છે.'

**શ્રી દેવચંદ્રસ્વામીએ** કહ્યું છે કે 'જિનવર પૂજા રે તે નિજ પૂજના રે.' કોઇ કહેશે કે આ નિમિત્તનું શું કામ છે? આપણે તો સીધા ઉપાદાન આત્માને જ વળગીએ, માત્ર અધ્યાત્મસ્વરૂપનું જ ચિંતન કરીએ. પણ આ તેમનું માનવું ભૂલભરેલું

**નિરાલંબન અધ્યાત્મ-ચિંતનના ભયસ્થાનો**

છે, કારણ કે આલંબન વિનાનું તેવું અધ્યાત્મ સ્વરૂપ ચિંતન તો અતિ ઉચ્ચ અપ્રમત્ત દશાને પામેલા ઉત્તમ અધિકારીઓ માટે છે. પણ તેવી તથારૂપ ઉચ્ચ અધિકાર દશા વિના અને આશય સમજ્યા વિના અધ્યાત્મશાસ્ત્રો સ્વમતિકલ્પનાએ વાંચી, ઉપાદાનને નામે માત્ર અધ્યાત્મસ્વરૂપ ચિંતનની વાતો કરવામાં અનેક દોષરૂપ ભયસ્થાનો રહેલા છે. જેમકે–કવચિત તેથી જીવને વ્યામોહ ઉપજે છે. પોતાની તેવી આત્મદશા થઇ નહિં છતાં પોતાની તેવી દશાની 'કલ્પનારૂપ' ભ્રાંતિ ઉપજે છે, 'અહં બ્રહ્માસ્મિ'ને બદલે ભ્રમાસ્મિ થઇ જાય છે! કવચિત ભક્તિરસની આર્દ્રતાના અભાવે શુષ્કતા આવી જાય છે, શુષ્ક અધ્યાત્મીપણું થાય છે; બંધ–મોક્ષ તો કલ્પના છે એમ વાણીમાં બોલે છે, પણ પોતે તો મોહાવેશમાં વર્ત્તે છે, એવું શુષ્કજ્ઞાનીપણું ઉપજે છે; અને તેથી સ્વચ્છંદાચારપણું હોય છે, અથવા જ્ઞાનના અજીર્ણરૂપ–અપરિણમનરૂપ ઉન્મત્ત પ્રલાપ થાય છે. અંતરનો મોહ છૂટયો નથી, 'સકલ જગત્ તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન' જાણ્યું નથી, અને એવી અમોહરૂપ જ્ઞાનદશા ઉપજી નથી, છતાં ઉન્મત્તની જેમ 'વાચાજ્ઞાન' દાખવે છે કે 'હમ તો જ્ઞાની હૈ, બંધેલા જ નહિં તો મુક્ત કૈસે હોવે?' તેમજ કૃત્રિમતા, દાંભિકતાદિ દોષ પણ ઉપજે છે. ઇત્યાદિ પ્રકારે અનેક દોષની ઉપપત્તિ એકલા નિરાલંબન અધ્યાત્મ ચિંતનમાં સંભવે છે. પણ ભગવદ્‌ભક્તિના આલંબનથી તેવા કોઇ પણ દોષની સંભાવના નથી હોતી, અને આત્મા સ્વાભાવિક એવી અધ્યાત્મ ગુણશ્રેણીએ આરોહણ કરતો જાય છે.

**ભક્તિમય અધ્યાત્મથી સહજ અધ્યાત્મ દશા**

**મહર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રવચનસારમાં કહ્યું છે કે ‘ જે ભગવાન અર્હતનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચયે કરીને મોહ નાશ પામે. ’ એટલે આમ ભક્તિમય અધ્યાત્મ અથવા અધ્યાત્મમય ભક્તિના માર્ગે ચઢતાં ઉક્ત દોષરૂપ પતનસ્થાનો (Pitfalls) નથી હોતા. ભક્તિપ્રધાનપણે વર્ત્તતાં જીવ અનુક્રમે ઉચ્ચ ઉચ્ચ અધ્યાત્મ ગુણસ્થાનો સ્પર્શતો જાય છે, વ્યક્ત ગુણીના ગુણગ્રામથી ‘ સહજ ’ અધ્યાત્મદશા પ્રગટે છે, અને છેવટે પૂર્ણ આત્મગુણવિકાસને પામે છે. આમ ‘ **પુષ્ટ નિમિત્ત** ’રૂપ પ્રભુનું આલંબન-ધ્યાન આત્માને સ્વરૂપારોહણ કરવાનો સુગમ ને શ્રેષ્ઠ ઉપાય છે, રાજમાર્ગ છે. વાટ દીવાની ઉપાસના કરતાં પોતે દીવો બને છે, તેમ આત્મા પરમાત્માની ઉપાસના કરતાં સ્વયં પરમાત્મા થાય છે. ઉપાસ્યની ઉપાસનાથી ઉપાસક પોતે ઉપાસ્ય બને છે—‘ નમો મુજ ! નમો મુજ ! ’ એવી **મહાજ્ઞાની આનંદઘનજીએ** ગાયેલી પરમ ધન્ય દશા પ્રાપ્ત થાય છે. જે સંસાર સમુદ્ર સમાન તરવો અતિ દુસ્તર છે, તે પ્રભુના અવલંબને ગોષ્પદ સમાન બની જાય છે ! એટલા માટે **શ્રી દેવચંદ્રજી** જેવા ભક્તશિરોમણિ જ્ઞાની પુરુષ ગાઈ ગયા છે કે—‘ જિન-આલંબની નિરાલંબતા પામી નિજ આલંબની થાય છે, ’ તેથી અમે તો તે સમર્થ પ્રભુનું પ્રબળ અવલંબન ગ્રહી નિજગુણના શુદ્ધ નંદનવનમાં રમશું; તે એટલે સુધી કે નિજ સંપદાયુક્ત આત્મતત્ત્વ જ્યાં સુધી

સંપૂર્ણ નહિં થાય ત્યાં સુધી આ જગગુરુ દેવના ચરણ સદાય સેવ્યા કરશું, યાવત્ બારમા ક્ષીણમોહ ગુણસ્થાનના અંત પર્યંત તેનું અવલંબન છોડશું નહિં.

" અતિ દુસ્તર જે જલધિ સમો સંસાર જો,
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો;
જિન આલંબની નિરાલંબની થાયે જો,
તિણે હમ રમશું નિજ ગુણ શુદ્ધ નંદનવને રે લો "
—**શ્રી દેવચંદ્રજી.**

'પણ કારણ વિણ કારજ સાધિયે, એ નિજ મત ઉન્માદ'

આમ કારણ વિના કાર્ય થાય જ નહિં, આ સનાતન નિયમ છે, પણ એ કારણ વિના કાર્ય સાધવાની જે વાત કરે છે, તે તો કેવળ પોતાના મતનો ઉન્માદ જ છે. છતાં કેટલાક લોકો અસમંજસ ભાવે ઉપાદાન અને નિમિત્તના યથાયોગ્ય વિભાગ-સંબંધની મર્યાદાનું ભાન નહિં હોવાથી, અથવા બાંધી લીધેલા ભ્રામક ખ્યાલને લીધે ઊંધું વિપર્યસ્ત સમજતા હોવાથી એકાંતિક પક્ષ ગ્રહીને, ઉપાદાન ને નિમિત્ત જાણે એક બીજાના-વિરોધી પ્રતિસ્પર્ધી હોય, એમ અર્થવિહીન શુષ્કજ્ઞાનરૂપ વાતોથી કે મહા અનર્થકારક અનિષ્ટ પ્રરૂપણા શૈલીથી પરમ ઉપકારી નિમિત્તનો અપલાપ કરતા રહી, 'ઉપાદાન ઉપાદાન' એમ શબ્દ માત્ર કહેતા ફરે છે, તે **શ્રી આનંદઘનજી**ના શબ્દોમાં 'નિજ મત ઉન્માદ' જ છે. કારણ કે એકલા ઉપાદાનનો કે એકલા નિમિત્તનો એકાંતિક પક્ષ-આગ્રહ કરવો તે કેવલ વિપર્યાસરૂપ-

ભ્રાંતિરૂપ પ્રગટ મિથ્યાત્વ જ છે. જે એવો એકાંતિક પક્ષ ગ્રહે છે, તે ઉપાદાન ને નિમિત્તનો પરસ્પર સાપેક્ષ પૂર્ણ અવિરોધ સહકારરૂપ સંબંધ જાણતો જ નથી, અને એકાંતિક મિથ્યા અસત્ ઉત્સૂત્રપ્રરૂપણા કરી જ્ઞાનીના સનાતન માર્ગનો લોપ કરે છે–તીર્થનો ઉચ્છેદ કરે છે. કારણ કે ઉપાદાનને ભૂલી એકલા નિમિત્તને પકડયાથી જેમ કાંઇ વળતું નથી, તેમ નિમિત્તને છોડી એકલા ઉપાદાનથી પણ કાંઈ વળતું નથી. અલં પ્રસંગેન !

" કારણથી કારજ સધે હો, એહ અનાદિકી ચાલ—લલના૦
દેવચંદ્ર પદ પાઇયે હો, કરત નિજ ભાવ સંભાલ—લલના૦ "
—શ્રી દેવચંદ્રજી.

॥ इति महागीतार्थ महर्षि श्री आनंदघनजी संगीते श्री संभवजिनस्तवने मनसुखनंदनेन भगवानदासेन विरचितं पंचमगाथाविवरणम् ॥

# નવમ પરિચ્છેદ :

## અગમ અનૂપ પ્રભુસેવા અને છેવટની પ્રાર્થના

આમ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પણ આવી વિકટ છે અને તેને પ્રાપ્ત કરવાની કારણપરંપરા પણ આવી મહાન્ અને દુર્ઘટ છે, તો પછી આ પ્રભુસેવાની ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ ભૂમિકાઓ તો કેવી વિકટ અને દુર્ગમ હોવી જોઈએ? એ અર્થાપત્તિન્યાયથી પ્રાપ્ત થતું સામાન્ય નિગમન કરતાં **મહામુનીશ્વર શ્રી આનંદઘનજી** ઉપસંહાર કરે છે—

**મુગધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;**
**દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસરૂપ.**
**સંભવ દેવ તે ધુર સેવો સવે રે ૬.**

**અર્થ**:—જે મુગ્ધજનો છે તે આ ભગવાનનું સેવન સુગમ જાણીને આદરે છે, પણ તે સેવન તો અગમ અને અનુપમ છે. હે આનંદઘન રસરૂપ ભગવાન્! આ સેવક આપની તથારૂપ આનંદઘન-રસરૂપ સેવાની યાચના કરે છે, તે કદાચિત્ આપ દેજો!

### વિવેચન—

"શિવગતિ જિનવર દેવ, સેવ આ દોહલી હો લાલ;
પરપરિણતિ પરિત્યાગ, કરે તસુ સોહલી હો લાલ."
—તત્ત્વરંગી મહામુનિ દેવચંદ્રજી.

ઉપરમાં વિવરીને બતાવ્યું તેમ અભય-અદ્વેષ-અખેદ

**પશ્ચાદ્દભૂમિકાનું દિગ્દર્શન** એ પ્રભુસેવાની પ્રાથમિક ભૂમિકા છે. આ પ્રાથમિક ભૂમિકારૂપ ગુણ યોગની પ્રથમ દૃષ્ટિ–**મિત્રા દૃષ્ટિ** ખૂલ્યે જીવના અંગમાં આવે છે. અને સર્વ જગત્ પ્રત્યે જ્યાં નિર્મત્સર અદ્વેષભાવયુક્ત મૈત્રીભાવ વર્ત્તે છે, એવી આ યથાર્થનામા '**મિત્રા**' નામક યોગદૃષ્ટિની પ્રાપ્તિ પણ ચરમાવર્ત્તમાં ચરમ કરણને યોગે હોય છે,–જેની પ્રાપ્તિ વળી અંતર્ગત ભાવમલની અલ્પતાથી તથાભવ્યત્વનો પરિપાક થયે જીવની આધ્યાત્મિક યોગ્યતાને આધીન છે. જીવની આ આધ્યાત્મિક યોગ્યતા પ્રગટાવવા અને વિકસાવવા માટે સાચા સાધુગુણસંપન્ન (માત્ર વેષધારી નહિં) એવા મોક્ષમાર્ગસાધક મહામુમુક્ષુ સાધુપુરુષોનો સત્સંગ, તેમજ અધ્યાત્મ ગ્રંથના શ્રવણમનનાદિ સત્નિમિત્ત કારણના અવલંબને આત્માના સત્પુરુષાર્થની સ્ફુરણાવડે ઉપાદાનકારણની જાગૃતિ, એ આદિ કારણપરંપરાનું સેવન અનિવાર્ય આવશ્યક છે. આ સમસ્ત ઉપરમાં સવિસ્તર વિવેચિત થઇ ચૂકયું છે. એટલે તેનું પિષ્ટપેષણ નહિં કરતાં માત્ર સંક્ષેપમાં વિવેકી વાંચકની સ્મૃતિને સતેજ કરી, આ સર્વ પ્રતિપાદનનો ફલિતાર્થ અત્ર વિચારશું અને તેમાં પ્રથમ **આનંદઘનજી**ના આ ઉદ્ગારની પશ્ચાદ્દભૂમિકાનું ( Background ) કિંચિત્ દિગ્દર્શન કરશું.

## ૧. પશ્ચાદ્દ ભૂમિકાનું દિગ્દર્શન દિવ્ય યોગદૃષ્ટિથી દિવ્ય જિનમાર્ગ દર્શન

જિનદેવ એ લોકોત્તર દેવ છે અને આ જિનદેવને

**લોકોત્તર દેવ લોકોત્તર માર્ગ**

ભજવાનો ભક્તિમાર્ગ પણ લોકોત્તર માર્ગ છે. એટલે આ જિનદેવનું અને એના આ ભક્તિમાર્ગનું યથાર્થ દર્શન પણ લોકોત્તર દૃષ્ટિથી જ થઈ શકે; કારણ કે દૃષ્ટિ વિના જેમ બહિરંગ માર્ગનું દર્શન થઈ શકે નહિં, તેમ આધ્યાત્મિક દૃષ્ટિ વિના અંતરંગ ભાવમાર્ગનું દર્શન થાય નહિ. અને જિનમાર્ગ તો મુખ્યપણે અધ્યાત્મપ્રધાન ભાવમાર્ગ છે; એટલે તેનું નિરૂપણ કરવાને અલૌકિક એવી આધ્યાત્મિક યોગદૃષ્ટિ જ જોઈએ, બાહ્ય લૌકિક દૃષ્ટિ–ઓઘદૃષ્ટિ તેમાં કામ આવે નહિ. અર્થાત્ આ દિવ્ય જિનમાર્ગનું દર્શન યોગદૃષ્ટિરુપ દિવ્ય નયનથી જ થઈ શકે, ગાડરીઆ પ્રવાહ જેવી બહિરંગ ઓઘદૃષ્ટિથી ન જ થઈ શકે.

અત્રે આ ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિનો સ્પષ્ટ તફાવત સમજી લેવાની ખાસ જરૂર છે.

**ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિ**

ઓઘદૃષ્ટિ એટલે સામાન્ય, પ્રાકૃત, ગતાનુગતિક ભવાભિનંદી જનની દૃષ્ટિ; યોગદૃષ્ટિ એટલે તત્ત્વમાર્ગને અનુસરનારા સમ્યગ્દૃષ્ટિ મુમુક્ષુ યોગી પુરુષની દૃષ્ટિ. ઓઘદૃષ્ટિ લૌકિક, લોક વ્યાવહારિક, પ્રવાહપતિત, ગાડરીઆ પ્રવાહ જેવી છે; યોગદૃષ્ટિ અલૌકિક, પારમાર્થિક, યોગમાર્ગાનુસારિણી, તત્ત્વગ્રાહિણી છે. ઓઘદૃષ્ટિમાં અંધશ્રદ્ધા છે, યોગદૃષ્ટિમાં સત્ય શ્રદ્ધા છે. '**सत्श्रद्धासंगतो बोधो दृष्टिरित्यभिधीयते ।**' ઓઘદૃષ્ટિવાળા અંધશ્રદ્ધાળુ જનો દર્શનભેદ બાબત પરસ્પર વાદ વદે છે,

ધર્મને નામે મિથ્યા ઝગડા કરે છે, કદાગ્રહ–ગચ્છ–વાડા–સંપ્રદાય આદિમાં સચે છે; યોગદૃષ્ટિવાળા જનો પરસ્પર દર્શનભેદ બાબત વિવાદ કરતા નથી, પરંતુ સર્વ દર્શનને એક શુદ્ધ આત્મદર્શનના અથવા જિનદર્શનના અંગભૂત માની તેને આત્મબંધુત્વપણે માને છે. આમ યોગદૃષ્ટિ અને ઓઘદૃષ્ટિનો સ્પષ્ટ તફાવત છે.

**દિવ્યદૃષ્ટા યોગીશ્વરો**

એટલા માટે લોકોની આ ગતાનુગતિક ગાડરીઆ પ્રવાહ જેવી અંધકારરૂપ લૌકિક ઓઘદૃષ્ટિ દૂર કરાવી, તેમને દિવ્ય જિન-માર્ગના યથાર્થ દર્શનાર્થે સતશ્રદ્ધારૂપ આધ્યાત્મિક યોગદૃષ્ટિ અર્પવા માટે જ **શ્રી હરિભદ્રજી, શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી** આદિ જાગતી જ્યોત જેવા દિવ્યદૃષ્ટા જોગીરાજોએ નિષ્કારણ કરુણાથી અંધશ્રદ્ધાની આંધી ટાળનારી યોગદૃષ્ટિનો દિવ્ય પ્રકાશ રેલાવ્યો છે; અને મત-દર્શનના આગ્રહરૂપ કૂપમંડૂક દશા છોડાવવા સર્વ દર્શન-સમન્વયકારિણી સાગરવરગંભીરા વિશાલ અનેકાન્ત તત્ત્વદૃષ્ટિ સમર્પવાનો ભગીરથ પ્રયત્ન કરી જનસમાજ પર અનન્ય ઉપકાર કર્યો છે. કારણ કે તેવી દૃષ્ટિના અભાવે અલૌકિક આધ્યાત્મિક જિનમાર્ગને પણ ગતાનુગતિક લોકો લૌકિક દૃષ્ટિએ–ઓઘદૃષ્ટિએ અવલોકે છે! **મહાત્મા આનંદઘનજી** પોકારી ગયા છે કે—

"ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયન તે દિવ્ય વિચાર."

**શ્રી યશોવિજયજી** જેવા પણ પોકારી ગયા છે કે—"ધૂમધામે ધમાધમ ચલી, મોક્ષમાર્ગ રહ્યો દૂર રે." પણ જિનનો રત્નત્રયીરૂપ મૂળ માર્ગ તો અધ્યાત્મપ્રધાન છે ને તે આધ્યાત્મિક એવી યોગદૃષ્ટિથી જ દેખી શકાય, તે માર્ગ દેખવા માટે યોગદૃષ્ટિરૂપ દિવ્ય નયન જ જોઈએ. "જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર."

**દૃષ્ટિ તેવી સૃષ્ટિ : દર્શન તેવું સર્જન**

આ માર્ગના સમ્યગ્દર્શનને અર્થે સમ્યગ્દૃષ્ટિની બહુ બહુ જરૂર છે, કારણ કે દૃષ્ટિ તેવી સૃષ્ટિ ને દર્શન તેવું સર્જન. દૃષ્ટિ સમ્યગ્ હોય તો દર્શન સમ્યગ્ હોય ને સર્જન પણ સમ્યગ્ હોય, દૃષ્ટિ મિથ્યા હોય તો દર્શન મિથ્યા હોય ને સર્જન પણ મિથ્યા હોય. **ભગવાન મહાવીરદેવે શ્રી ગૌતમસ્વામીને** સમ્યગ્ નેત્ર આપ્યા તો વેદના અર્થ પણ સમ્યક્પણે સમજાયા. દૃષ્ટિ સમ્યક્ હોય તો મિથ્યાદૃષ્ટિના શાસ્ત્ર પણ સમ્યક્પણે પરિણમે ને દૃષ્ટિ મિથ્યા હોય તો સમ્યગ્-દૃષ્ટિના શાસ્ત્ર પણ મિથ્યાપણે પરિણમે. માટે સમ્યગ્દૃષ્ટિની—યોગદૃષ્ટિની ઉપયોગિતા જીવનમાં ઘણી ઘણી છે.

**આત્મનિરીક્ષણ Introspection**

કારણ કે આત્મદશામાપક થર્મોમીટર જેવી યોગદૃષ્ટિનો સ્વાધ્યાય જે કરશે, તે વિચારશે કે હું પોતે કઈ દૃષ્ટિમાં વર્ત્તું છું? મારામાં તે તે દૃષ્ટિનાં કહ્યાં છે તે યથોક્ત ગુણલક્ષણ છે કે કેમ? ન હોય તો તે પ્રાપ્ત કરવા મારે કેમ પ્રવર્ત્તવું? ઇત્યાદિ

પ્રકારે અંતર્મુખનિરીક્ષણ ( Introspection ) કરતાં સુજ્ઞ વિચક્ષણને તત્ક્ષણ પોતાની આત્મદશા કેવી છે ને પોતે ક્યાં ઊભો છે તેનું ભાન થશે; તેમજ વિશેષ* અવલોકન કરતાં જણાશે કે અભય, અદ્વેષ, અખેદ એ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકારૂપ ગુણ યોગની પ્રથમ દૃષ્ટિ–મિત્રા દૃષ્ટિના અંગભૂત છે; અને શાસ્ત્રમાં જે 'મિથ્યાદૃષ્ટિ' નામનું પ્રથમ 'ગુણસ્થાન' કહ્યું છે, તે અહીં મિત્રા દૃષ્ટિમાં મુખ્યપણે ઘટે છે; અર્થાત્ આ મિત્રાદૃષ્ટિની દશામાં સાચેસાચું પ્રથમ 'ગુણસ્થાન'–ગુણના સ્થાનરૂપ ગુણસ્થાન તે શબ્દના ખરેખરા અર્થમાં નિરુપચરિતપણે ઘટે છે. આવા તથારૂપ ગુણોની પ્રાપ્તિનું મંડાણ–પ્રારંભ પ્રથમ દૃષ્ટિમાં થાય છે, યોગમાર્ગમાં પ્રવેશનું શુભ મુહૂર્ત આ પ્રથમ દૃષ્ટિ છે, સન્માર્ગ પ્રાપ્તિની યોગ્યતાનું આ મંગલાચરણ છે, મોક્ષની નીસરણીનું આ પહેલું પગથિયું છે; મહાન્ યોગ–પ્રાસાદની આ પ્રથમ ભૂમિકા છે. અત્રે મિત્રાદૃષ્ટિમાં જો કે હજુ મિથ્યાત્વ ટળ્યું નથી ને સમ્યક્ત્વ મળ્યું નથી, છતાં પણ કેવા અદ્‌ભુત ઉત્તમ ગુણો અત્રે પ્રગટે છે, આ ગુણો ઉપર પુખ્ત વિચાર કરી, પોતાના આત્મામાં તેવા તેવા ગુણો પ્રગટ્યા છે કે નહિં, તેનું જો આત્મનિરીક્ષણ કરવામાં આવે તો પોતાનામાં તેવા ગુણ નહિં પ્રગટ્યા છતાં પોતાનું સમકતીપણું કે છઠ્ઠા ગુણઠાણાપણું માની બેસનારા લોકોના કેટલાક ભૂલભરેલા મિથ્યા ભ્રાંત ખ્યાલો દૂર થવાનો સંભવ છે સમ્યગ્દૃષ્ટિની મંજલ તો હજી

---

* આ અંગે વિશેષ જિજ્ઞાસુએ આ લેખકે સાંગોપાંગ વિસ્તૃત વિવેચન કરેલ શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય સવિવેચન ગ્રંથનું અવલોકન કરવું.

ઘણી લાંબી છે, પણ પ્રવાસની શરૂઆત પણ હજુ થઈ છે કે નહિં, 'પાશેરામાં પણ પહેલી પૂણી' કંતાઈ છે કે નહિં, પહેલા ગુણઠાણાનું પણ ઠેકાણું છે કે નહિં, તે આ મિત્રા દૃષ્ટિ અને તેના અંગભૂત આ અભય-અદ્વેષ-અખેદ આદિ ગુણ પરથી ગૃહસ્થ કે સાધુ કોઈ પણ આત્માર્થીએ આત્મ-સાક્ષીએ નિરભિમાનપણે વિચારવાનું છે. જેમકે-કોઈની પણ સુકૃતિ દેખી જેને ગુણપ્રમોદ ઉપજવાને બદલે ગુણદ્વેષ-મત્સર ઉપજતો હોય છે, તે ભલે ગૃહસ્થ હોય કે સાધુવેષ-ધારી હોય તો પણ તે આ પરથી આત્મનિરીક્ષણ કરતાં શીઘ્ર સમજી શકે છે કે હું તો મિત્રાદૃષ્ટિનું અદ્વેષ લક્ષણ પણ પામ્યો નથી, એટલે યોગની આ પ્રથમ ભૂમિકામાં પણ મારો પ્રવેશ નથી, માટે મારું મિથ્યાભિમાન ખોટું છે. આમ જે સરલ આત્માર્થી વિચારે છે તે સ્વદોષ દૂર કરી ગુણને પામે છે. આથી ઉલટું-યોગ ગ્રંથના ભાવનું જેને ભાન નથી ને જાણે તો જે પ્રકાશતા નથી, અને તથારૂપ ગુણપ્રાપ્તિ વિના જે પોતાની ફોકટ મોટાઈનો ફાંકો મનમાં રાખે છે, તેવાઓ અંગે **શ્રીયશોવિજયજી**ના વેધક વચનો છે કે-

"નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો ન રહે વ્રત પંચે.
યોગ ગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોકટ મોટાઈ મન રાખે, તસ ગુણ દૂરે નાશે.
પરપરિણતિ પોતાની જાણે, વરતે આરતધ્યાને
બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહેલે ગુણઠાણે."

—**સાડા ત્રણસો ગાથાનું સ્તવન.**

તેમજ અત્રે એ પણ સમજવા યોગ્ય છે કે આ અભય-અદ્વેષ અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા જેને પ્રાપ્ત થાય છે, તે ચરમાવર્ત્તમાં વર્ત્તતો જીવ અવશ્ય અપુનર્બંધક જ હોય. અને આ અપુનર્બંધકને જ લલિતવિસ્તરા, યોગબિન્દુ, પંચાશકાદિ

**અપુનર્બંધકથી માંડી માર્ગનો અધિકારી**

શાસ્ત્રોમાં સર્વત્ર **શ્રીહરિભદ્રસૂરિએ** ડિંડિમનાદથી ઉદ્‌ઘોષીને જિનમાર્ગનો પ્રાથમિક અધિકારી કહ્યો છે, તે વસ્તુ પણ આ ઉપરોક્ત સર્વ વિધાનને પુષ્ટ કરે છે. શ્રી લલિતવિસ્તરામાં **શ્રીહરિભદ્રસૂરિજીની** હરિગર્જના છે કે—

" **व्यवस्थितश्चायं महापुरुषाणां क्षीणप्रायकर्म्मणां विशुद्धाशयानां भवाबहुमानिनां अपुनर्बन्धकादीनामिति । अन्येषां पुनरिहानधिकार एव, शुद्धदेनाऽनर्हत्वात् । शुद्धदेशना हि क्षुद्रसत्त्वमृगयूथसंत्रासनसिंहनादः ।** "

( અર્થાત ) અને આ–શ્રેયોમાર્ગ મહાપુરુષ, ક્ષીણપ્રાય કર્મવાળા, વિશુદ્ધ આશયી, ભવઅબહુમાની એવા અપુનર્બન્ધકાદિનો વ્યવસ્થિત છે; અન્યોનો પુન: અહીં અનધિકાર જ છે,–શુદ્ધ દેશનાના અનર્હપણાને ( અયોગ્યપણાને ) લીધે. શુદ્ધ દેશના ખરેખર ! ક્ષુદ્રસત્ત્વવાળા મૃગયૂથને સંત્રાસન સિંહનાદ છે.

તે જ મહર્ષિ પંચાશકમાં પ્રકાશે છે કે—

" **एते अहिगारिणो इह ण उ सेसा दव्वओ वि जं एसा ।**
**इयरीए जोग्गयाए सेसाण उ अप्पहाण त्ति ॥**
**ण य अपुणबंधगाओ परेण इह जोग्गया वि जुत्त त्ति ।**
**ण य ण परेण वि एसा जमभव्वाणं वि णिद्दिट्ठा ॥** "

(અર્થાત્) આ—અપુનર્બંધકાદિ અહીં અધિકારીઓ છે, પણ શેષ તો દ્રવ્યથી પણ અધિકારી નથી; કારણ કે આ દ્રવ્ય વંદના ઈતરની—ભાવ વંદનાની યોગ્યતા સતે હોય છે, અને તે દ્રવ્ય વંદના શેષને અર્થાત્ અપુનર્બંધક સિવાયનાને અપ્રધાન હોય છે. અને અપુનર્બંધકથી પરને અર્થાત્ સકૃદ્બંધકાદિને અહીં યોગ્યતા પણ યુક્ત નથી, અને એથી પરને—સકૃદ્બંધકાદિને પણ આ અપ્રધાન દ્રવ્યવંદના નથી એમ નથી અર્થાત્ હોય છે જ, કારણ કે તે અભવ્યોને પણ કહી છે. તાત્પર્ય કે—સાચા મુમુક્ષુ આત્માર્થી એવા અપુનર્બન્ધકથી માંડીને જ જિનમાર્ગનું અધિકારીપણું કહ્યું છે.

"અપુનર્બંધકથી માંડીને, જાવ ચરમ ગુણઠાણ;
ભાવ અપેક્ષાએ જિન આણા, મારગ ભાષે જાણ."

—શ્રી યશોવિજયજી કૃત સાડા ત્ર. ગા. સ્ત.

## ૨. 'મુગ્ધ સુગમ કરી સેવન આદરે'

આટલી પ્રાસંગિક પશ્ચાદ્ભૂમિકા પરથી 'મુગ્ધ સુગમ કરી આદરે' ઈત્યાદિ આ ગાથાના વક્તવ્યનું યથાર્થપણું સમજવું સુગમ થઈ પડશે. જેણે દિવ્ય યોગદૃષ્ટિથી જિનમાર્ગનું સમ્યગ્દર્શન કર્યું છે, એવા આર્ષ દ્રષ્ટા **મહર્ષિ આનંદઘનજીએ** લોકોમાં દિવ્ય નયનરૂપ યોગદૃષ્ટિનો પ્રાયઃ અભાવ દેખી, 'પંથડો

'મુગ્ધ સુગમ કરી સેવન આદરે'

નિહાળું રે બીજા જિનતણો રે ' એ બીજા સ્તવનમાં તીવ્ર આત્મસંવેદનમય ખેદનો ચીત્કાર વ્યક્ત કર્યો હતો કે ' ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર, ' ' પુરુષ-પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય.' ઇત્યાદિ.

લોકોની અંધશ્રદ્ધાપ્રધાન દશા નિહાળી સાચી શાસનદાઝથી ખિન્ન થયેલા તેઓનો અત્રે પણ ચીત્કાર નીકળી પડયો છે કે ' મુગધ સુગમ કરી સેવન આદરે. ' અર્થાત્ અલૌકિક જિનમાર્ગનું જેને ભાન નથી ને તે દિવ્યમાર્ગને યથાર્થપણે દેખવાની અલૌકિક સમ્યગ્ યોગદૃષ્ટિ જેને લાધી નથી, તે મુગ્ધ જનો, મૂઢ અજ્ઞાની બાલ ભોળા જીવો ભગવાનનું સેવન જાણે સુગમ હોય એમ જાણી આદરે છે. પણ ઉપરમાં વિવરી બતાવ્યું છે તેમ અભય–અદ્વેષ–અખેદરૂપ આધ્યાત્મિક ગુણયોગ્યતાની પ્રાપ્તિ એ જ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા છે; અને તે પણ જો આવી વિકટ ને દુર્ગમ છે, તો પછી આગળ આગળની ભૂમિકાઓ તો અતિ અતિ દુર્ગમ હોય એમાં પૂછવું જ શું ?

અત્રે ' મુગ્ધ ' શબ્દનો પ્રયોગ કર્યો છે તે સૂચક છે. મુગ્ધ એટલે શું ? મુગ્ધ એટલે બાલ, ભોળા, મૂઢ, મૂર્ખ, અબૂઝ. જેને પરમાર્થનું ભાન નથી ને તત્ત્વનું જ્ઞાન નથી, એવા ગતાનુગતિક ગાડરીઆ પ્રવાહ જેવા અંધશ્રદ્ધાળુ પ્રાકૃત લોકો તે મુગ્ધજન છે; જેને યોગદૃષ્ટિનો દિવ્ય બોધપ્રકાશ સાંપડયો નથી ને ઓઘદૃષ્ટિના અજ્ઞાન અંધકારમાં નિમગ્ન રહી જે

**' મુગધ સુગમ કરી સેવન આદરે '**

લોકસંજ્ઞાના ઓઘમાં–પ્રવાહમાં તણાયા કરે છે, એવા બહિર્દષ્ટિ ભવાભિનંદી જનો તે મુગ્ધજન છે. આ મુગ્ધજનો પ્રાયઃ લૌકિક ભાવથી આ લોકોત્તર દેવની સેવા કરે છે– **શ્રી દેવચંદ્રજીએ** પોકાર્યું છે તેમ 'જેહ લોકોત્તર દેવ નમું લૌકિકથી !'–પણ આ લોકોત્તર દેવનું અને તેની અધ્યાત્મપ્રધાન લોકોત્તર સેવાનું સ્વરૂપ સમજતા નથી, છતાં આ પ્રભુની સેવા તો સુગમ છે અને અમે તે કરીએ છીએ એમ આત્મસંતોષ અનુભવી પોતાના મનને મનાવે છે, એ જ તેમનું મુગ્ધપણું, ભોળપણું, બાલપણું છે. મુગ્ધ બાલ જેમ રમકડાથી ભોળવાઈ ફોસલાઈ જાય, તેમ આ મુગ્ધ બાલ જીવો પણ પોતે માનેલી ઉપરછલા દેખાવવાળી સેવામાં જ પર્યાપ્તિ માની ફોસલાઇ–ભોળવાઇ જાય છે.

'કપટ રહિત થઈ આતમ અરપણા'

પણ પ્રભુ કાંઇ એવા ભોળા નથી ને એની સેવા પણ સ્હેલી–સોહલી નથી, પણ ઘણી જ દોહલી છે; કારણ કે અવિરાધકપણું થાય નહિં ને જીવના 'દિલનું કપટ' જાય નહિં ત્યાંલગી પ્રભુ પ્રસન્ન થાય નહિં ને તે પરમ કરુણાળુની કરુણા* ફળે નહિં. પરભાવ પ્રત્યેની

---

* આ ઉપચરિત કથન છે. આ અંગે શ્રી દેવચંદ્રજીનું સુભાષિત છે કે—

" તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાજ !
પણ અવિરાધક જીવને રે, કારણ સફળો થાય...
ચંદ્રાનન જિન ! "

પ્રીતિરૂપ વિરાધકપણું ત્રોડાય નહિં, ત્યાં લગી પ્રભુ સાથે પ્રીતિરૂપ આરાધકપણું જોડાય નહિં. **શ્રી દેવચંદ્રજીએ** કહ્યું છે તેમ 'પ્રીતિ અનંતી પર થકી, જે ત્રોડે તે જોડે એહ.' **શ્રી આનંદઘનજીએ** પણ પ્રથમ સ્તવનમાં એવા જ ભાવથી સ્પષ્ટ પ્રકાશ્યું છે કે 'કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.' કપટ રહિત થઇ પ્રભુના ચરણે આત્માર્પણ કરવું એ જ આનંદઘનપદ પામવાની રેખા છે. પણ પોતાનો આત્મા અન્યત્ર પરભાવમાં અર્પિત હોય ને કહેવું કે હું આત્માર્પણ કરું છું વા પ્રભુને ભજું છું, તો તે પ્રગટ કપટ છે, આત્મવંચન છે. ( જુઓ પરિશિષ્ટ ) આવું પરભાવમાં આસક્તિરૂપ કપટ ન ત્યજે ત્યાં લગી પ્રભુને ભજવાનું કે પ્રભુચરણે આત્માર્પણ કરવાનું કયાંથી બને ? આ કપટરૂપ માતૃસ્થાનથી–માયાથી જેની અંતરંગ પરિણતિ અને વૃત્તિ પરભાવ-વિભાવમાં રાચી રહી છે, તે મુગ્ધજન બહિરંગ વૃત્તિથી સેવાની ગમે તેવી ચેષ્ટા કરે, તો પણ તે સાચી કાર્યસાધક વા સમ્યક્× કેમ બને ? શ્રી **દેવચંદ્રજીનું** માર્મિક રહસ્યપૂર્ણ વચન છે કે—

" દ્રવ્ય ક્રિયા સાધન વિધિ યાચી, જે જિન આગમ વાંચી;
પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તિણે નવિ થાયે સાચી. "

મુગ્ધજનોનું આ મુગ્ધપણું–મૂઢપણું–અબૂઝપણું અનેક પ્રકારે આવિષ્કાર પામે છે. જેમકે–આ પૂજનાદિ હું કરું છું

---

× " लब्ध्यादिनिमित्तं मातृस्थानतः सम्यक्करणेऽपि
शुभभावानुपपत्तिरिति, न–तस्य सम्यक्करणत्वासिद्धेः । ઇત્યાદિ. "

**—શ્રી હરિભદ્રસૂરિકૃત લલિતવિસ્તરા.**

**મુગ્ધપણાના આવિષ્કાર : વિષ—ગર અનુષ્ઠાન અને અનનુષ્ઠાન**

તેથી હું ધાર્મિક ગણાઇશ, ધર્મના થાંભલામાં કે ધર્મી જીવડામાં ખપીશ, લોકો મારી વાહ વાહ કરશે, અથવા મ્હારું આ સાંસારિક કામ પાર પડશે તો હું આ આ માનતા માનીશ,—ઈત્યાદિ પ્રકારે આ લોક સંબંધી ધન—કીર્તિ—લાભ આદિ તુચ્છ ફલની કામનાથી જે આ મેરુ સમા મહામહિમાવંત મહત્ અનુષ્ઠાનનું લઘુત્વસંપાદન કરી, તેને આત્માને વિષરૂપે પરિણમતા એવા **વિષ અનુષ્ઠાનમાં*** ફેરવી નાંખે છે, તે જીવ ભલે પંડિત કહેવાતો હોય તોપણ તે તેનું મુગ્ધપણું—મૂર્ખપણું જ દાખવે છે. અથવા આ પૂજનાદિનું મને દિવ્ય ભોગાદિ ફળ મળો, એમ પરલોક સંબંધી ફલકામનાવડે કરીને જે તે જ કારણથી આત્માને ગરરૂપે ( slow poison ) પરિણમતું એવું **ગર અનુષ્ઠાન** આદરે છે, તે પણ જીવનું તેવુંજ મુગ્ધપણું સૂચવે છે. અથવા તત્ત્વસમજણ વગર જે મુગ્ધચિત્ત જન, સંમૂર્ચ્છિમની જેમ, યંત્રવત્ ક્રિયાજડપણે—અનુપયોગપણે કર્યું ન કર્યા બરાબર એવું **અનનુષ્ઠાન** કરે છે, તે તો પ્રગટ મુગ્ધપણું પ્રકાશે છે.

---

* " विषं लब्ध्याद्यपेक्षातः इदं सच्चित्तमारणात् ।
महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापादनात्तथा ॥
दिव्यभोगाभिलाषेण गरमाहुर्मनीषिणः ।
एतद्विहितनीत्यैव कालान्तरनिपातनात् ॥
अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते ।
संप्रमुग्धं मनोऽस्येति ततश्चैतद्यथोदितम् ॥ " —શ્રી યોગબિન્દુ.

અને આમ મુગ્ધ જીવ હાલાહલ વિષ જેવા આત્મઘાતક વિષ અને ગર એ બન્ને પ્રકારના વિક્રિયારૂપ અનુષ્ઠાનને આદરે છે, અથવા તો કર્યું ન કર્યા બરાબર એવા અક્રિયારૂપ અનનુષ્ઠાનને આદરે છે; પણ આત્માને અમૃતરૂપે પરિણમતા એવા સતક્રિયારૂપ–અમૃતક્રિયારૂપ **અમૃત અનુષ્ઠાનનું**+ કે તેના પ્રશસ્ત હેતુરૂપ **તદ્હેતુ અનુષ્ઠાનનું** તો તેને ભાન જ નથી હોતું; અને ક્વચિત્ હોય તો પણ જનમનરંજનાર્થે મલિન અંતરાત્માથી ધર્મક્રિયા કરવાવડે લોકપંક્તિમાં* બિરાજનારા આ ભવાભિનંદી મુગ્ધજનો લોકૈષણાથી પોતાની વાહવાહના નગારાં વગડાવવા આદિરૂપ માનાર્થના એટલા બધા ભૂખ્યા હોય છે, કે અમૃતક્રિયારૂપ અમૃતાનુષ્ઠાનની અત્ર–તત્રથી શીખેલી શાબ્દિક વાતો 'માત્ર શબ્દની માંહ્ય' કરવા છતાં, તેઓ તે શુદ્ધ આત્માર્થરૂપ દિવ્ય આધ્યાત્મિક સન્માર્ગે ભાગ્યે જ સંચરતા હોય છે, એ જ તેઓના મુગ્ધપણાની પરાકાષ્ઠા બતાવે છે.

"આતમ સાખે ધર્મ જ્યાં, ત્યાં જનનું શું કામ ?
જનમનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ."
—શ્રી ચિદાનંદજી.

---

+ "एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः ।
सदनुष्ठानभावस्य शुभभावांशयोगतः ॥
जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥" —શ્રી યોગબિન્દુ.

* "लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।
क्रियते सत्क्रिया सात्र लोकपंक्तिरुदाहृता ॥"—શ્રી યોગબિન્દુ.

## ૩. 'સેવન અગમ અનૂપ' : છેવટની પ્રાર્થના

ઇત્યાદિ અનેક પ્રકારે વ્યંજિત થતું આ મુગ્ધપણું સમાજમાં વિપુલપણે પ્રવર્ત્તતું દેખી શ્રી **આનંદઘનજીનો** અત્રે આ ખેદઉદ્ગાર નિકળી પડ્યો

**'સેવન અગમ અનૂપ'**

છે કે 'મુગધ સુગમ કરી સેવન આદરે.' અસ્તુ ! મુગ્ધજનો ભલે ગમે તેમ માનતા હોય, પણ વાસ્તવિક રીતે આ સેવાનું સ્વરૂપ વિચારીએ તો 'સેવન અગમ અનૂપ' આ સેવન અગમ અને અનુપમ છે. તરવારની ધાર પર સ્થિતિ કરવી સોહલી છે, પણ જિન ભગવાનની ચરણસેવા દોહલી છે; તરવારની ધાર પર બાજીગરો નાચતા દેખાય છે, પણ આ ચરણસેવાની ધારા પર દેવો પણ રહી શકતા નથી. અને તેવા પ્રકારે સ્વયં શ્રી **આનંદઘનજીએ** ચૌદમા સ્તવનમાં કહ્યું છે:—

"ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમા જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા."

દ્રવ્યથી અને ભાવથી આ ચરણસેવાનું કેવું દુર્ગમપણું છે, તે તેનું સામાન્ય સ્વરૂપ વિચારવાથી પણ સમજી શકાશે.

**દ્રવ્ય-ભાવસેવા**

પ્રભુના સ્વરૂપાચરણ ચરણના સ્મરણપૂર્વક તેમના ચરણકમળ પ્રત્યે વંદન, પૂજન, નમન, ગુણસ્તવન એ આદિ દ્રવ્ય ચરણસેવા છે. પ્રભુ સાથે અભેદ થવાની ઇચ્છા, 'આનંદઘનરસરૂપ' થવાની ભાવના, પરભાવમાં નિષ્કામપણું, વિભાવ છાંડી સ્વભાવમાં વર્ત્તવું, આશ્રવ ત્યજી

સંવર ભાવ ભજવો, આત્મામાં જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ તથારૂપ આત્મગુણ–ભાવનું પરિણમવું–પ્રગટપણું થવું, અર્થાત પ્રભુના સ્વરૂપધ્યાનના આલંબને આત્માનું સ્વરૂપાચરણની શ્રેણીએ ચઢતા જવું, યાવત્ યથાખ્યાત ચારિત્રરૂપ પરિપૂર્ણ સ્વરૂપાચરણને પામવું તે સર્વ ભાવચરણસેવા છે. અત્રે દ્રવ્ય સેવાનો પ્રત્યેક પ્રકાર પણ ભાવ પર આરોહવા માટે જ છે, ને તેમ થાય તો જ ભાવજનનયોગ્ય તે 'દ્રવ્ય' એ વ્યાખ્યાનુસાર તેનું સફળપણું છે; નહિં તો ભાવનું ઠામ–ઠેકાણું ન હોય તો '**अनुपयोगो द्रव्यं**' અનુપયોગ તે દ્રવ્ય એ બીજી વ્યાખ્યાનુસાર તેનું પરમાર્થનિષ્ફળપણું છે. એટલે જ ભાવના અનુસંધાનવાળી દ્રવ્ય સેવાને પણ જ્ઞાનીઓએ પ્રશંસી છે.

"દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી;
ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિઃકામોજી.

"શ્રી ચંદ્રપ્રભ× જિન પદ સેવા, હેવાએ જે હળિયાજી;
આતમ અનુભવ ગુણથી મળિયા, તે ભવભયથી ટળિયાજી."

"દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;
પરમ ઇષ્ટ વાલ્હા ત્રિભુવનધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ"

**શ્રી દેવચંદ્રજી.**

× વિશેષ માટે જુઓ **શ્રી દેવચંદ્રજીકૃત** ચંદ્રપ્રભ જિન સ્તવન. અત્રે પ્રભુભક્તિમાં સપ્ત નયની અપવાદ–ઉત્સર્ગથી ચમત્કારિક ઘટના કરી, **મહાત્મા શ્રી દેવચંદ્રજી**એ પરમાત્માના ભક્તિ અવલંબને આત્મા ભાવસેવાની અધ્યાત્મ ગુણશ્રેણીએ કેવી રીતે આરોહે છે, તે તેમની અનુપમ લાક્ષણિક શૈલીમાં વર્ણવી પોતાના પ્રજ્ઞાતિશયનો પરિચય આપ્યો છે.

આવી આ સેવા અગમ છે એટલું જ નહિં, પણ અનુપમ છે, અર્થાત્ એવું કોઇ ઉપમાન નથી કે જેની તેને ઉપમા આપી શકાય; કારણ કે આ ભગવાનનું સ્વરૂપ અનુપમ છે ને તેની ચરણસેવા કરે છે તે પણ તેવા જ અનુપમ આત્મસ્વરૂપને પામે છે, એટલે તે સેવા પણ અનુપમ છે. પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે–"જિનપદ નિજ પદ એકતા, ભેદભાવ નહિ કાંઇ; લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયી." મહામુનિશ્રી **દેવચંદ્રજીએ** પણ ભાખ્યું છે કે "જિનવર પૂજા રે તે નિજ પૂજના." સિંહને દેખીને જેમ અજકુલગત સિંહશિશુને નિજ સ્વરૂપનું ભાન થાય છે તેમ જિનસ્વરૂપના દર્શને મુમુક્ષુ ભક્ત આત્માને 'દર્પણ જિમ અવિકાર' પ્રભુના રૂપ દર્પણમાં નિજ સ્વરૂપનું દર્શન થાય છે. દીપકને* ઉપાસી વાટ જેમ દીવો બને છે, તેમ આ આનંદઘનરસરૂપ પરમાત્માના ચરણની ઉપાસનાથી આત્મા પણ સ્વરૂપાચરણની શ્રેણીએ ચઢી તેવો જ આનંદઘનરસરૂપ પરમાત્મા થાય છે. એટલે જ અત્રે છેવટે સ્તવનકર્ત્તા **મહર્ષિ શ્રી આનંદઘનજી** પ્રાર્થે છે કે—હે

---

* **જિન ઉપાસી જિન થાય જીવો, દીપ ઉપાસી વાટ જયું દીવો;**
**જિન સહજાત્મસ્વરૂપી એવા, ભગવાન્ દાસના શરણ સુદેવા.**

**જય જિન દેવા ! જય જિન દેવા !**

**—શ્રી પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા. ( ડૉ. ભગવાનદાસ કૃત**

આનંદઘનરસરૂપ પ્રભુ ! આ આનંદઘનનો આત્મા આપના આનંદઘન સ્વરૂપમાં એકરસ એવો આનંદઘનરસરૂપ થઈ જાઓ ! આ સેવક **આનંદઘનની** આ યાચના કદાચિત્ સફળ કરજો !

"દેજો કદાચિત સેવક યાચના, આનંદઘનરસરૂપ."

॥ इति महागीतार्थ महर्षि श्री आनंदघनजी संगीते श्री संभवजिनस्तवने मनसुखनंदनेन भगवानदासेन विरचितं षष्ठगाथाविवरणम् ॥ इति श्री संभवजिनस्तवनविवरणम् ॥

॥ ઇતિ મહાગીતાર્થ મહર્ષિ શ્રી આનંદઘનજીએ સંગીત કરેલા ત્રીજા શ્રીસંભવજિન સ્તવનનું શ્રીહેમદેવીસુત ભગવાનદાસે વિરચેલું વિવરણ સમાપ્ત ॥

# પરિશિષ્ટ

## શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત
## શ્રી ઋષભજિન સ્તવન વિવેચન*

### (૧)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રિઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋ. ૧.

નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવજી તીર્થંકર તે મારા પરમ વહાલા છે. જેથી હું બીજા સ્વામીને ચાહું નહીં. એ સ્વામી એવા છે કે પ્રસન્ન થયા પછી કોઈ દિવસ સંગ છોડે નહીં. જ્યારથી સંગ થયો ત્યારથી આદિ છે, પણ તે સંગ અટળ હોવાથી અનંત છે. ૧.

---

* પરમતત્ત્વદષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ આનંદઘનજી ચોવિશી વિવેચન** પ્રારંભેલ, પરંતુ તે વિવેચન બીજા સ્તવનના બે પદ સુધીનું જ પ્રાપ્ત થયેલ છે. તે પૈકી પ્રથમ **શ્રી ઋષભજિન સ્તવનનું** તેઓશ્રીએ આલેખેલું—પદે પદે પરમ ભક્તિ અમૃતરસ નિર્ઝરતું પરમ સુંદર, પરમ પરમાર્થગંભીર, પરમ અદ્‌ભુત તત્ત્વદર્શી, અનન્ય અદ્વિતીય વિવેચન,—જે આનંદઘનજીના અન્ય સ્તવનો વિચારવા માટે તેમજ ભક્તિમાર્ગનું અનુપમ તત્ત્વરહસ્ય સમજવા માટે મુમુક્ષુને અપૂર્વ માર્ગદર્શક થઇ પડે એમ છે, તે અત્ર સુજ્ઞ જિજ્ઞાસુ આત્માર્થીની સુવિચારણાર્થે ઉપયોગી અને ઉપકારી જાણી મૂકયું છે. (વિશેષ—અજિતજિનસ્તવન પ્રથમ બે ગાથાના વિવેચન માટે જુઓ **શ્રીમદ્ રાજચંદ્ર** અં. ૬૯૨)—**ભગવાનદાસ.**

**વિશેષાર્થ**:—જે સ્વરૂપજિજ્ઞાસુ પુરુષો છે, તે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા ભગવાનના સ્વરૂપમાં પોતાની વૃત્તિ તન્મય કરે છે; જેથી પોતાની સ્વરૂપદશા જાગ્રત થતી જાય છે અને સર્વોત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત થાય છે. જેવું ભગવાનનું સ્વરૂપ છે, તેવું જ શુદ્ધ નયની દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ છે. આ આત્મા અને સિદ્ધ ભગવાનના સ્વરૂપમાં ઔપાધિક ભેદ છે. સ્વાભાવિક સ્વરૂપથી જોઇએ તો આત્મા સિદ્ધ ભગવાનની તુલ્ય જ છે. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિરાવરણ છે; અને વર્ત્તમાનમાં આ આત્માનું સ્વરૂપ આવરણ સહિત છે, અને એ જ ભેદ છે; વસ્તુતાએ ભેદ નથી. તે આવરણ ક્ષીણ થવાથી આત્માનું સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

અને જ્યાંસુધી તેવું સ્વાભાવિક સિદ્ધસ્વરૂપ પ્રગટયું નથી, ત્યાં સુધી સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા સિદ્ધભગવાનની ઉપાસના કર્ત્તવ્ય છે; તેમ જ અર્હંતભગવાનની ઉપાસના પણ કર્ત્તવ્ય છે, કેમકે તે ભગવાન્ સયોગીસિદ્ધ છે. સયોગરૂપ પ્રારબ્ધને લઇને તેઓ દેહધારી છે; પણ તે ભગવાન્ સ્વરૂપસમવસ્થિત છે. સિદ્ધભગવાન્ અને તેમના જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં કે વીર્યમાં કંઈ પણ ભેદ નથી; એટલે અર્હંત ભગવાનની ઉપાસનાથી પણ આ આત્મા સ્વરૂપલયને પામી શકે છે. પૂર્વ મહાત્માઓએ કહ્યું છે કેઃ—

**जे जाणइ अरिहंते, दव्व गुण पज्जवेहिं य;**
**सो जाणइ निय अप्पा, मोहो खलु जाईय तस्स लयं.**

**જે ભગવાન અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચયે કરીને મોહ નાશ પામે.**

તે ભગવાનની ઉપાસના કેવા અનુક્રમથી જીવોને કર્ત્તવ્ય છે, તે નવમા સ્તવનમાં શ્રી આનંદઘનજી કહેવાના છે.

ભગવાન સિદ્ધને નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્ય એ કર્મોનો પણ અભાવ છે; તે ભગવાન્ કેવળ કર્મરહિત છે. ભગવાન અર્હંતને આત્મસ્વરૂપને આવરણીય કર્મોનો ક્ષય છે, પણ ઉપર જણાવેલાં ચાર કર્મનો પૂર્વબંધ, વેદીને ક્ષીણ કરતાં સુધી, તેમને વર્ત્તે છે. જેથી તે પરમાત્મા સાકાર ભગવાન્ કહેવા યોગ્ય છે.

તે અર્હંત ભગવાનમાં જેઓએ 'તીર્થંકરનામકર્મ'નો શુભયોગ પૂર્વે ઉત્પન્ન કર્યો હોય છે, તે 'તીર્થંકર ભગવાન્' કહેવાય છે; જેમનો પ્રતાપ, ઉપદેશબળ, આદિ મહત્ પુણ્ય-યોગના ઉદયથી આશ્ચર્યકારી શોભે છે.

ભરતક્ષેત્રમાં વર્ત્તમાન અવસર્પિણી કાળમાં તેવા ચોવીશ તીર્થંકર થયા; શ્રી ઋષભદેવથી શ્રી વર્દ્ધમાન.

વર્ત્તમાનમાં તે ભગવાન્ સિદ્ધાલયમાં સ્વરૂપસ્થિતપણે વિરાજમાન છે. પણ 'ભૂતપ્રજ્ઞાપનીય નય'થી તેમને વિષે 'તીર્થંકર પદ'નો ઉપચાર કરાય છે. તે ઔપચારિક નયદૃષ્ટિથી તે ચોવીશ ભગવાનની સ્તવનારૂપે આ ચોવીશ સ્તવનોની રચના કરી છે.

સિદ્ધભગવાન્ કેવળ અમૂર્ત્તપદે સ્થિત હોવાથી તેમનું સ્વરૂપ સામાન્યતાથી ચિંતવવું દુર્ગમ્ય છે. અર્હંત્ ભગવાનનું

સ્વરૂપ મૂળદૃષ્ટિથી તો તેવુંજ દુર્ગમ્ય છે, પણ સયોગીપદના અવલંબનપૂર્વક ચિંતવતા સામાન્ય જીવોને પણ વૃત્તિ સ્થિર થવાને કંઇક સુગમ ઉપાય છે, જેથી અર્હંત્ ભગવાનની સ્તવનાથી સિદ્ધપદની સ્તવના થયા છતાં, આટલો વિશેષ ઉપકાર જાણી શ્રી આનંદઘનજીએ આ ચોવીશી ચોવીશ તીર્થંકરની સ્તવનારૂપે રચી છે. નમસ્કારમંત્રમાં પણ અર્હંતપદ પ્રથમ મુકવાનો હેતુ એટલોજ છે કે તેમનું વિશેષ ઉપકારીપણું છે.

ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થદૃષ્ટિવાન પુરુષોને ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે. 'સિદ્ધપ્રાભૃત'માં કહ્યું છે કે—

**जारिस सिद्ध सहावो, तारिस सहावो सव्व जीवाणं;**
**तह्मा सिद्धंतरुई, कायव्वा भव्व जीवेहिं.**

જેવું સિદ્ધભગવાનનું આત્મસ્વરૂપ છે, તેવું સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે; તે માટે ભવ્ય જીવોએ સિદ્ધત્વને વિષે રુચિ કરવી.

તેમજ શ્રી દેવચંદ્ર સ્વામીએ શ્રી વાસુપૂજ્યના સ્તવનમાં કહ્યું છે કે જિનપૂજારે તે જિનપૂજના.

જો યથાર્થ મૂળ દૃષ્ટિથી જોઇએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે.

**સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિન-ભગવાનની તથા સિદ્ધભગવાનની ઉપાસના સ્વરૂપ-પ્રાપ્તિનો હેતુ જાણ્યો છે.** ક્ષીણમોહ ગુણસ્થાનકપર્યંત તે સ્વરૂપ ચિંતવના જીવને પ્રબળ અવલંબન છે.

વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપ ચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારિપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્તપ્રલાપ દશા ઉત્પન્ન કરે છે. ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે, અને અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે. જેથી શુષ્કતા, સ્વેચ્છા–ચારિપણું અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી. આત્મદશાબળ થવાથી સ્વાભાવિક અધ્યાત્મપ્રધાનતા થાય છે. આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે, એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતા નથી; અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતા નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે. જ્યાં અર્હંતાદિના સ્વરૂપધ્યાનાવલંબન વગર વૃત્તિ આત્માકારતા ભજે છે, ત્યાં [ ચોવીશીની આ પ્રસ્તાવના અપૂર્ણ પ્રાપ્ત ]

(૨)

*** વીતરાગોને વિષે ઈશ્વર એવા ઋષભદેવ ભગવાન્ મારા સ્વામી છે. તેથી હવે હું બીજા કંથની ઇચ્છા કરતી નથી, કેમકે તે પ્રભુ રિઝયા પછી છોડતા નથી. તે પ્રભુનો**

* શ્રી ઋષભજિન સ્તવન.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહું રે કંત;
રિઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋ૦(૧)

કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવ કહિયેં સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋ૦(૩)

યોગ પ્રાપ્ત થવો તેની આદિ છે; પણ તે યોગ કોઈવાર પણ નિવૃત્તિ પામતો નથી, માટે અનંત છે.

જગતના ભાવોમાંથી ઉદાસીન થઈ ચૈતન્ય વૃત્તિ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ–સમવસ્થિત ભગવાનમાં પ્રીતિમાન થઈ તેનો હર્ષ આનંદઘનજી દર્શાવે છે.

પોતાની શ્રદ્ધા નામની સખીને આનંદઘનજીની ચૈતન્ય વૃત્તિ કહે છે, કે હે સખી ! મેં ઋષભદેવ ભગવાનથી લગ્ન કર્યું છે અને તે ભગવાન્ મને સર્વથી વાહાલા છે. એ ભગવાન્ મારા પતિ થવાથી હવે હું બીજા કોઈ પણ પતિની ઈચ્છા કરૂંજ નહીં. કેમકે બીજા બધા જન્મ, જરા, મરણાદિ દુઃખે કરીને આકુળ વ્યાકુળ છે; ક્ષણવાર પણ સુખી નથી; તેવા જીવને પતિ કરવાથી મને સુખ ક્યાંથી થાય ? ભગવાન્ ઋષભદેવ તો અનંત અવ્યાબાધ સુખસમાધિને પ્રાપ્ત થયા છે. માટે તેનો આશ્રય કરૂં તો મને તે જ વસ્તુની પ્રાપ્તિ થાય. તે યોગ વર્ત્તમાનમાં પ્રાપ્ત થવાથી હે સખી ! મને પરમ શીતલતા થઈ. બીજા પતિનો તો કોઈ કાળે વિયોગ પણ થાય, પણ આ મારા સ્વામીનો તો કોઈ પણ કાળે વિયોગ થાય જ નહીં. જ્યારથી તે સ્વામી પ્રસન્ન થયા ત્યારથી

---

કોઈ પતિરંજન અતિઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મેળાપ. ઋ૦(૪)
કોઇ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋ૦(૫)
ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. ઋ૦(૬)

કોઇપણ દિવસ સંગ છોડતા નથી. એ સ્વામીના યોગનો સ્વભાવ સિદ્ધાંતમાં ' સાદિ અનંત ' એટલે તે યોગ થવાની આદિ છે, પણ કોઈ દિવસ તેનો વિયોગ થવાનો નથી, માટે અનંત છે એમ કહ્યો છે; તેથી હવે મારે કોઇપણ દિવસ તે પતિનો વિયોગ થશે જ નહીં. ૧.

હે સખી ! જગતને વિષે પતિનો વિયોગ ન થાય તે અર્થે જે સ્ત્રિયો નાના પ્રકારના ઉપાય કરે છે તે ઉપાય સાચા નથી; અને એમ મારા પતિની પ્રાપ્તિ થતી નથી તે ઉપાયનું મિથ્યાપણું જણાવવા તેમાંના થોડાએક તને કહું છું:

કોઇ એક તો પતિની સાથે કાષ્ઠમાં બળવા ઇચ્છે છે, કે જેથી તે પતિની સાથે મેળાપ જ રહે. પણ તે મેળાપનો કંઇ સંભવ નથી, કેમકે તે પતિ તો પોતાના કર્માનુસાર જે સ્થળને પ્રાપ્ત થવાનો હતો ત્યાં થયો, અને સતી થઇને મળવા ઇચ્છે છે એવી તે સ્ત્રી પણ મેળાપને અર્થે એક ચિતામાં બળી મરવા ઇચ્છે છે, તોપણ તે પોતાના કર્માનુસાર દેહને પ્રાપ્ત થવાની છે; બન્ને એક જ સ્થળે દેહ ધારણ કરે, અને પતિપત્નીરૂપે યોગ પામીને નિરંતર સુખ ભોગવે એવો કંઈ નિયમ નથી. એટલે તે પતિનો વિયોગ થયો, વળી તેના યોગનો પણ અસંભવ રહ્યો, એવો પતિનો મેળાપ તે મેં ખોટો ગણ્યો છે, કેમકે તેનું ઠામ ઠેકાણું કંઇ નથી.

( અથવા પ્રથમ પદનો અર્થ એવો પણ થાય છે કે ) પરમેશ્વરરૂપ પતિની પ્રાપ્તિને અર્થે કોઇ કાષ્ઠ ભક્ષણ કરે છે, એટલે પંચાગ્નિની ધુણિયો સળગાવી તેમાં કાષ્ઠ હોમી તે અગ્નિનો પરિષહ સહન કરે છે અને તેથી એમ સમજે છે કે

પરમેશ્વરરૂપ પતિને પામીશું, પણ તે સમજવું ખોટું છે; કેમકે પંચાગ્નિ તાપવામાં તેની પ્રવૃત્તિ છે. તે પતિનું સ્વરૂપ જાણી, તે પતિને પ્રસન્ન થવાનાં કારણો જાણી, તે કારણોની ઉપાસના તે કરતા નથી માટે તે પરમેશ્વરરૂપ પતિને ક્યાંથી પામશે ? તેની મતિ જેવા સ્વભાવમાં પરિણમી છે, તેવા જ પ્રકારની ગતિને તે પામશે, જેથી તે મેળાપનું કંઇ ઠામ ઠેકાણું નથી. ૩.

હે સખી ! કોઇ પતિને રિઝવવા માટે ઘણા પ્રકારનાં તપ કરે છે, પણ તે માત્ર શરીરને તાપ છે; એ પતિને રાજી કરવાનો માર્ગ મેં ગણ્યો નથી; પતિને રંજન કરવાને તો બન્નેની ધાતુનો મેલાપ થવો તે છે.

કોઇ સ્ત્રી ગમે તેટલાં કષ્ટથી તપશ્ચર્યા કરી પોતાના પતિને રિઝવવા ઇચ્છે તોપણ જ્યાં સુધી તે સ્ત્રી પોતાની પ્રકૃતિ પતિની પ્રકૃતિના સ્વભાવાનુસાર કરી ન શકે ત્યાં સુધી પ્રકૃતિના પ્રતિકૂળપણાને લીધે તે પતિ પ્રસન્ન ન જ થાય અને તે સ્ત્રીને માત્ર શરીરે ક્ષુધાદિ તાપની પ્રાપ્તિ થાય.

તેમ કોઇ મુમુક્ષુની વૃત્તિ ભગવાનને પતિપણે પ્રેમ કરવાની હોય તો તે ભગવાનના સ્વરૂપાનુસાર વૃત્તિ ન કરે અને **અન્ય સ્વરૂપમાં રુચિમાન છતાં અનેક પ્રકારનો તપ તપીને કષ્ટ સેવે, તો પણ તે ભગવાનને પામે નહીં.** કેમકે જેમ પતિપત્નીનો ખરો મેલાપ, અને ખરી પ્રસન્નતા ધાતુના એકત્વમાં છે, તેમ હે સખી ! ભગવાનમાં આ વૃત્તિને પતિપણું સ્થાપન કરી તે અચળ રાખવું હોય તો તે ભગવાનની સાથે ધાતુમેલાપ કરવો જ યોગ્ય છે; અર્થાત્ તે

ભગવાન્ જે શુદ્ધચૈતન્યધાતુપણે પરિણમ્યા છે તેવી શુદ્ધ ચૈતન્યવૃત્તિ કરવાથી જ તે ધાતુમાંથી પ્રતિકૂળ સ્વભાવ નિવૃત્તવાથી ઐક્ય થવાનો સંભવ છે; અને તે જ ધાતુ-મેલાપથી તે ભગવાનરૂપ પતિની પ્રાપ્તિનો કોઈપણ કાળે વિયોગ થવાનો નથી ૪.

હે સખી! કોઇ વળી એમ કહે છે કે આ જગત, જેનું સ્વરૂપ ઓળખવાનો લક્ષ ન થઈ શકે તેવા, ભગવાનની લીલા છે; અને તે અલક્ષ ભગવાન્ સૌની ઇચ્છા પૂર્ણ કરે છે; તેથી તે એમ સમજીને આ જગત, ભગવાનની લીલા માની, તે ભગવાનનો તે સ્વરૂપે મહિમા ગાવામાં જ પોતાની ઇચ્છા પૂર્ણ થશે, એટલે ભગવાન્ પ્રસન્ન થઇને તેને વિષે લગ્નતા કરશે એમ માને છે. પણ તે ખોટું છે, કેમકે તે ભગવાનના સ્વરૂપના અજ્ઞાનથી એમ કહે છે.

જે ભગવાન અનંત જ્ઞાનદર્શનમય સર્વોત્કૃષ્ટ સુખ-સમાધિમય છે, તે ભગવાનને આ જગતનું કર્ત્તાપણું કેમ હોય? અને લીલાને અર્થે પ્રવૃત્તિ કેમ હોય? લીલાની પ્રવૃત્તિ તો સદોષમાં જ સંભવે છે. જે પૂર્ણ હોય તે કંઈ ઇચ્છે જ નહીં. ભગવાન્ તો અનંત અવ્યાબાધ સુખે કરીને પૂર્ણ છે; તેને વિષે બીજી કલ્પના ક્યાંથી અવકાશ પામે? લીલાની ઉત્પત્તિ કુતૂહલ વૃત્તિથી થાય. તેવી કુતૂહલવૃત્તિ તો જ્ઞાનસુખના અપરિપૂર્ણપણાથી જ થાય. ભગવાનમાં તો તે બન્ને (જ્ઞાન, સુખ) પરિપૂર્ણ છે, માટે તેની પ્રવૃત્તિ જગત રચવારૂપ લીલા પ્રત્યે ન જ થાય એ લીલા તો દોષનો વિલાસ છે; સરાગીને જ તેનો સંભવ છે. જે સરાગી હોય

તેને સદ્વેષતા હોય, અને જેને એ બન્ને હોય તેને ક્રોધ, માન, માયા, લોભ આદિ સર્વ દોષનું પણ સંભવિતપણું છે. જેથી યથાર્થ રીતે જોતાં તો લીલા દોષનો જ વિલાસ છે; અને એવો દોષવિલાસ તો અજ્ઞાની જ ઇચ્છે. વિચારવાન મુમુક્ષુઓ પણ તેવો દોષવિલાસ ઇચ્છતા નથી, તો અનંત જ્ઞાનમય ભગવાન્ તે કેમ ઇચ્છે? જેથી તે ભગવાનનું સ્વરૂપ લીલાના કર્તૃત્વપણાથી ભાવે જે સમજે છે તે ભ્રાંતિ છે; અને તે ભ્રાંતિને અનુસરીને ભગવાનને પ્રસન્ન કરવાનો તે જે માર્ગ લે છે તે પણ ભ્રાંતિમય જ છે; જેથી તે ભગવાનરૂપ પતિની તેને પ્રાપ્તિ થતી નથી ૫.

હે સખી! પતિને પ્રસન્ન કરવાના તો ઘણા પ્રકાર છે. અનેક પ્રકારના શબ્દસ્પર્શાદિ ભોગથી પતિની સેવા કરવામાં આવે છે એવા ઘણા પ્રકાર છે, પણ તે સૌમાં ચિત્તપ્રસન્નતા એ જ સૌથી ઉત્તમ સેવા છે, અને કયારે પણ ખંડિત ન થાય એવી સેવા છે. કપટરહિત થઇને આત્મા અર્પણ કરીને પતિની સેવા કરવાથી ઘણા આનંદના સમૂહની પ્રાપ્તિનો ભાગ્યોદય થાય.

ભગવાનરૂપ પતિની સેવાના પ્રકાર ઘણા છે. દ્રવ્ય પૂજા, ભાવપૂજા, આજ્ઞાપૂજા. દ્રવ્ય પૂજાના પણ ઘણા ભેદ છે. પણ તેમાં સર્વોત્કૃષ્ટ પૂજા તો ચિત્તપ્રસન્નતા એટલે તે ભગવાનમાં ચૈતન્યવૃત્તિ પરમહર્ષથી એકત્વને પ્રાપ્ત કરવી તે જ છે; તેમાં જ સર્વ સાધન શમાય છે. તે જ અખંડિત પૂજા છે, કેમકે ચિત્ત ભગવાનમાં લીન હોય તો બીજા યોગ પણ ચિત્તાધીન હોવાથી ભગવાનને આધીન જ છે, અને ચિત્તની લીનતા

ભગવાનમાંથી ન ખસે તો જ જગત્‌ના ભાવોમાંથી ઉદાસીનતા વર્ત્તે, અને તેમાં ગ્રહણત્યાગરૂપ વિકલ્પ પ્રવર્ત્તે નહીં; જેથી તે સેવા અખંડ જ રહે.

જ્યાંસુધી ચિત્તમાં બીજો ભાવ હોય ત્યાં સુધી તમારા શિવાય બીજામાં મારે કંઇ પણ ભાવ નથી એમ દેખાડીએ તો તે વૃથા જ છે અને કપટ છે; અને જ્યાં સુધી કપટ છે ત્યાંસુધી ભગવાનના ચરણમાં આત્માનું અર્પણ ક્યાંથી થાય? જેથી સર્વ જગત્‌ના ભાવ પ્રત્યે વિરામ પમાડી, વૃત્તિને શુદ્ધચૈતન્ય ભાવવાળી કરવાથી જ તે વૃત્તિમાં અન્યભાવ રહ્યો ન હોવાથી શુદ્ધ કહેવાય અને તે નિષ્કપટ કહેવાય. એવી ચૈતન્યવૃત્તિ ભગવાનમાં લીન કરવામાં આવે તે જ આત્મઅર્પણતા કહેવાય.

ધનધાન્યાદિક સર્વ ભગવાનને અર્પણ કર્યાં હોય, પણ જો આત્મા અર્પણ ન કર્યો હોય એટલે તે આત્માની વૃત્તિ ભગવાનમાં લીન કરી ન હોય તો તે ધનધાન્યાદિકનું અર્પણ કરવું સકપટ જ છે; કેમકે અર્પણ કરનાર આત્મા અથવા તેની વૃત્તિ તો બીજે સ્થળે લીન છે. **જે પોતે બીજે સ્થળે લીન છે, તેના અર્પણ થયેલા બીજા જડ પદાર્થ ભગવાનમાં અર્પણ ક્યાંથી થઇ શકે? માટે ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા એ જ આત્મ-અર્પણતા છે.** અને એ જ આનંદઘનપદની રેખા એટલે પરમ અવ્યાબાધ સુખમય મોક્ષપદની નિશાની છે. અર્થાત્‌ જેને એવી દશાની પ્રાપ્તિ થાય તે પરમ આનંદઘન સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત થશે, એવાં લક્ષણ તે લક્ષણ છે. ૬.

**इति श्री ऋषभजिनस्तवन.**

# શુદ્ધિ પત્રક

| પૃ. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૯ | ૧૫ | ક્રિયાજડ તે | ક્રિયાજડ ને |
| ૬૭ | ૨૨ | मत्स्याण्ड | मत्स्याण्ड |
| ૯૧ | ૨૨ | સાયલ | સયલ |
| ૯૭ | ૫ | જીવના | જીવનો |
| ૯૭ | ૧૦ | બધ | બંધ |
| ૧૩૦ | ૨૦ | सिद्धसथ | सिद्धयर्थ |
| ૧૫૩ | ૨૨ | सयलंम वि | सयलंमि वि |
| ૧૫૯ | ૧૮ | કરવા | કરવાના |
| ૧૭૧ | ૪ | लोपपंत्तया | लोकपंत्तया |
| ૧૯૪ | ૧૮ | રતિ | રવિ |
| ૨૦૦ | ૧૨ | સાથી | સૌથી |
| ૨૦૭ | ૮ | મનુષ્પપણાને | મનુષ્યપણાને |
| ૨૦૭ | ૨૧ | पुद्गलावत्त | पुद्गलावर्त्त |
| ૨૦૭ | ૨૨ | तस्यचेतद् | तस्यैवेतद् |
| ૨૩૪ | ૩ | ભવપરિપતિ | ભવપરિણતિ |
| ૨૩૫ | ૧૭ | ભવિસ્થિતિ | ભવસ્થિતિ |
| ૨૪૦ | ૨૨ | घभकादिवत् | घर्मकादिवत् |
| ૨૪૦ | ૨૩ | રિહ પછી ઉમેરો— | ज्ञेया |
| ૩૦૧ | ૧૫ | સત્પુષાર્થ | સત્પુરુષાર્થ |